
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી મહાવીરસ્વામી ભગવાન
(કોબા -ગાંધીનગર)

દિવ્યઆશિષ

પરમ પૂજ્ય
યોગનિષ્ઠ આચાર્ય
શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચરણોની સેવા નિત-નિત ચાહું....


પ્રેરક : મુનિશ્રી પ્રશાંતસાગરજી,
પૂજ્ય મુનિશ્રી પુનિતપદ્મસાગરજી.

આવૃત્તિ : પ્રથમ

પ્રતિ : ૧૦૦૦

વીર સં. : ૨૫૩૨

વિ. સં. : ૨૦૬૨

ઈ. સન્ : ૨૦૦૫

મૂલ્ય : ૩૦.૦૦

સૌજન્ય : વોરા જસવંતલાલ મણિલાલ પરિવાર

પ્રાપ્તિ સ્થાન : શ્રી કલ્પેશભાઈ જે. શાહ
ઋષભબંગલો, આબુસ્ટ્રીટ, રામનગર
સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫
ફોન નં. ૨૭૫૦૬૧૮૦

મુકેશ એસ. સંઘવી
બી-૧૧૨, પહેલામાળે પ્રભુઆશિષ એપાર્ટમેન્ટ,
જયઅંબે માતા મંદિર રોડ
ભાયંદર (વેસ્ટ), મુંબઈ- ૪૦૧૧૦૧
ફોન નં. ૨૮૧૯૯૪૭૦

ટાઈટલડ-ચિત્ર : જલમંદીર - પાવાપુરી - બિહાર
(ચરમ તીર્થંકર ભગવાન મહાવીર પ્રભુનાં ચરણ પગલાંઓ)
(ચરમ તીર્થંકર મહાવીર ભગવાન - ક્ષત્રિયકુંડ)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચરણોની સેવા નિત-નિત ચાહું....

(પ્રભુદર્શનવિધિ, અષ્ટપ્રકારીપૂજા, સ્તુતિ, ચૈત્યવંદનો,
સ્તવનો, થોયો તથા સંધ્યાભક્તિ ગીતો)

સંપાદક

શ્રુતસમુદ્ધારક રાષ્ટ્રસંત આચાર્યદેવ
શ્રીમદ્ પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજાના
શિષ્યરત્ન મુનિશ્રી પદ્મરત્નસાગરજી

પ્રકાશક - પ્રાપ્તિસ્થાન

શ્રુતસરિતા (બુકસ્ટોલ)
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા-ગાંધીનગર-૩૮૨૦૦૯.
ફોન નં. ૨૩૨૭૬૨૦૪, ૨૩૨૭૬૨૦૫, ૨૩૨૭૬૨૫૨

વિશ્વમૈત્રીધામ, જૈનતીર્થ, બોરીજ - ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૫૫૭૨૭૧૮૧, ૨૩૨૪૩૧૮૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકાશકીય...

## ભક્તિ અર્થાત્ ભક્ત હૃદયની સંવેદના

એ સંવેદના જ્યારે પ્રબલતમ બને ત્યારે ઇલિકા ભ્રમરી ન્યાયથી ભક્ત સ્વયં ભગવાન રૂપે પરિવર્તિત થાય છે, જિન કથિત મોક્ષમાર્ગના અસંખ્ય યોગોમાં ભક્તિયોગ પણ આત્માને અનન્ત અનન્ત પાપ બન્ધનોથી મુક્ત કરવા સક્ષમ છે, છતા શર્ત એ છે કે એ ભક્તિ વિવેક પ્રધાન હોવી જોઈએ

વિવેક વગરની ભક્તિ સ્વ-કાર્ય કરવામાં સશક્ત નથી.

સર્વથા દોષ રહિત જિનેશ્વર દેવની વિવેકસભર ભક્તિ જ્યારે પ્રચુર માત્રામાં આત્માની શુદ્ધિ હોય ત્યારે જ સંભવ છે,

અપ્રાપ્ત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને પ્રાપ્ત સમ્યગ્દર્શનની શુદ્ધિ જ ભક્તિનું પ્રમુખ કાર્ય છે.

આ વાતની સાક્ષી ઉપમિતિ ગ્રંથ, સિરિ સિરિવાલ કહા અને ત્રિષષ્ટી ચરિત્ર વિગેરે ગ્રંથોથી મળે છે.

પંડિતવર્ય શ્રી **નવીનભાઈ જૈને** ભક્તિ મંજુષાના ક્રમ આયોજનમાં સરાહનીય સહયોગ પ્રદાન કર્યો તેથી તેઓ પણ સાધુવાદને પાત્ર છે. પ્રસ્તુત ભક્તિ મંજુષા નું કંપોઝ **શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર** કોબા સ્થિત **શ્રી કૈલાસસાગરસૂરિ** જ્ઞાનમંદિરના કમ્પ્યૂટર વિભાગમાં થયેલ છે, તે વિભાગમાં કાર્યરત શ્રી કેતનભાઈ શાહ તથા સંજયભાઈ ગુર્જરે અથાક પરિશ્રમ લઈને

પ્રસ્તુત ગ્રંથને સુંદર બનાવ્વામાં યોગદાન રહેલું છે.તે પણ અહીં સ્મરણીય છે.

પૂજ્યપાદ શ્રુતસમુદ્ધારક વરમ વાગીશ **ગુરુદેવશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ. સા.** ના અંન્તેવાસી **પૂ. મુનિશ્રી પદ્મરત્નસાગરજી મ. સા.** દ્વારા સંપાદિત ભક્તિ મંજુષા અનેક આત્માઓંના સમ્યગ્દર્શનની વિશુદ્ધિનું કારણ બને એ જ મંગલકામના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


જિનમંદિર પ્રવેશ વિધિ અને પૂજાક્રમ........................૧
પ્રભુ દર્શન સમયે બોલવાના દુહા તથા સ્તુતી................૨
અષ્ટપ્રકારી પૂજા વિધિ....................................૧૦
ચૈત્યવંદન વિધિ વિભાગ................................૧૪-૬૪
સ્તવન વિભાગ.........................................૬૫-૧૪૨
શ્રી મહાવીરસ્વામી હાલરડું..............................૧૪૬
સામાન્ય જિન સ્તવન......................................૧૫૧
દીપાવલી પર્વ સ્તવન.....................................૧૮૩
સ્તુતિ વિભાગ.......................................૧૮૪-૨૨૯
આરાધના વિભાગ....................................૨૩૦-૨૮૦

શ્રી ઋષભ જિન ચૈત્યવંદન ....................................૨૩
શ્રી અજિતનાથ ભગવાનનું ચૈત્યવંદન............................૨૫
શ્રી સંભવનાથ ભગવાનનું ચૈત્યવંદન............................૨૫
શ્રી અભિનંદન ભગવાનનું ચૈત્યવંદન............................૨૬
શ્રી સુમતિનાથ ભગવાનનું ચૈત્યવંદન............................૨૭
શ્રી પદ્મપ્રભસ્વામીનું ચૈત્યવંદન...................................૨૭
શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન............................૨૮
શ્રી ચંદ્રપ્રભસ્વામીનું ચૈત્યવંદન...................................૨૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


શ્રી શીતલનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૩૦
શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૩૧
શ્રી વાસુપૂજ્યસ્વામીનું ચૈત્યવંદન..............................૩૨
શ્રી વિમલનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૩૩
શ્રી અનંતનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૩૩
શ્રી ધર્મનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૩૪
શ્રી શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૩૫
શ્રી કુંથુનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૩૭
શ્રી અરનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૩૮
શ્રી મલ્લિનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૩૯
શ્રી મુનિસુવ્રતસ્વામીનું ચૈત્યવંદન..............................૩૯
શ્રી નમિનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૪૦
શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન..............................૪૨
શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન..............................૪૫
શ્રી પંચ પરમેષ્ઠિ ચૈત્યવંદન ..............................૪૮
શ્રી સીમંધર જિન ચૈત્યવંદન ..............................૫૨
તિથિનું ચૈત્યવંદન..............................૫૮
પર્યુષણનું ચૈત્યવંદન..............................૬૨
દીપાવલી પર્વનું ચૈત્યવંદન..............................૬૪


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


શ્રી ઋષભદેવ સ્તવન........................................૬૧

શ્રી સંભવનાથ સ્તવન........................................૭૭

શ્રી અભિનંદન સ્તવન........................................૭૯

શ્રી સુમતિનાથ સ્તવન........................................૮૧

તિથિનું સ્તવન........................................૧૭૦

પર્યુષણ પર્વ સ્તવન........................................૧૭૯

દીપાવલી પર્વ સ્તવન........................................૧૮૩

શ્રી ઋષભદેવ સ્તુતિ ........................................૧૮૪

પદ્મપ્રભુની થોય........................................૧૯૧

શાંતિનાથ સ્તુતિ........................................૧૯૭

નેમિનાથ સ્તુતિ........................................૨૦૩

પાર્શ્વનાથ ભગવાનની થોય........................................૨૦૫

મહાવીર સ્વામી સ્તુતિ........................................૨૦૭

સીમંધર જિન સ્તુતિ ........................................૨૧૩

સિદ્ધાચલની સ્તુતિ........................................૨૧૪

નવપદ સ્તુતિ........................................૨૧૭

પર્યુષણ પર્વ સ્તુતિ........................................૨૨૧

તિથિ સ્તુતિ ........................................૨૨૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનમંદિર પ્રવેશ વિધિ અને પૂજાક્રમ

૧. નિસીહિ બોલીને પ્રવેશ કરવો.
૨. પરમાત્માનું મુખ દેખતાં 'નમો જિણાણં' બોલવું.
૩. અર્ધાવનત પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા કરવી.
૪. મધુર કંઠે સ્તુતિ બોલવી.
૫. બીજી નિસીહિ બોલીને ગર્ભગૃહમાં પ્રવેશ કરવો.
૬. પ્રતિમાજી ઉપરથી નિર્માલ્ય ઉતારવું.
૭. પ્રતિમાજી પર મોરપીંછી કરવી.
૮. પાણીનો કળશ કરવો.
૯. મુલાયમ વસ્ત્રથી કેસરપોથો કરવો. (વાળાકૂંચીનો ઉપયોગ ન કરવો હિતાવહ ગણાશે.)
૧૦. પંચામૃતથી અભિષેક કરવો, શુદ્ધ જળથી સ્વચ્છ કરવા.
૧૧. અભિષેક વખતે ઘંટનાદ, શંખનાદ આદિ કરવું.
૧૨. પબાસણ પર પાટલૂછણાં કરવાં. (પાટલૂછણાં બે રાખવાં)
૧૩. પરમાત્માને ત્રણ અંગલૂછણાં કરવાં.
૧૪. જરૂર પડે તો તાંબાકૂંચીનો ઉપયોગ કરવો.
૧૫. બરાસથી વિલેપન પૂજા કરવી.
૧૬. ચંદનપૂજા, પુષ્પપૂજા, ધૂપપૂજા, દીપકપૂજા ક્રમશઃ કરવી.
૧૭. ચામરનૃત્ય કરવું, પંખો ઢાળવો.
૧૮. ભગવાનને અરીસો ધરવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૯. અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા અને ફળપૂજા કરવી.
૨૦. નાદપૂજા રૂપે ઘંટનાદ કરવો.
૨૧. યથાસ્થાને અવસ્થાત્રિક ભાવવી.
૨૨. ત્રીજી નિસીહિ બોલી, ત્રણ વાર ભૂમિપ્રમાર્જન કરી ચૈત્યવંદન કરવું.
૨૩. દિશાત્યાગ, આલંબન મુદ્રા, અને પ્રણિધાન ત્રિકનું પાલન કરવું.
૨૪. વિદાય થતાં સ્તુતિઓ બોલવી.
૨૫. પૂજાનાં ઉપકરણો યથાસ્થાને મૂકી દેવાં.
૨૬. પૂંઠ ન પડે તે રીતે બહાર નીકળવું.
૨૭. ઓટલે બેસી ૩ નવકારનું સ્મરણ કરી ભક્તિભાવોને સ્થિર કરવા.
૨૮. પરમાત્માના વિયોગથી દુઃખાતા હૃદયે ગૃહ તરફ વિદાય થવું.

## પ્રભુ દર્શન સમયે બોલવાના દુહા તથા સ્તુતીઓ

પ્રભુ દરિશન સુખ સંપદા, પ્રભુ દરિશન નવ-નિધ.
પ્રભુ દરિશનથી પામીએ, સકલ પદારથ સિદ્ધ. ૧
ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન.
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવલ-જ્ઞાન. ૨
જીવડા! જિનવર પૂજીએ, પૂજાનાં ફલ હોય.
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફૂલડાં કેરા બાગમાં, બેઠા શ્રી જિનરાય.
જેમ તારામાં ચન્દ્રમા, તેમ શોભે મહારાય. ૪
ત્રિ-ભુવન નાયક તું ધણી, મહી મોટો મહારાજ.
મોટે પુણ્યે પામીયો, તુમ દરિશન હું આજ. ૫
આજ મનોરથ સવિ ફલ્યા, પ્રગટ્યા પુણ્ય કલ્લોલ.
પાપ કરમ દૂરે ટલ્યાં, નાઠાં દુઃખ દંદોલ. ૬
પંચમ કાલે પામવો, દુલહો પ્રભુ દેદાર.
તો પણ તેના નામનો, છે મોટો આધાર. ૭
પ્રભુ નામની ઔષધિ, ખરા ભાવથી ખાય.
રોગ શોક આવે નહીં, સવિ સંકટ મિટ જાય. ૮
પાંચ કોડીને ફૂલડે, પામ્યા દેશ અઢાર.
રાજા કુમારપાલનો, વર્ત્યો જય-જય-કાર. ૯
છે પ્રતિમા મનોહારિણી, દુઃખહરી શ્રી વીર જિણંદની;
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચાંદની.
આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને, જે માણસો ગાય છે;
પામી સઘલાં સુખ તે જગતનાં, મુક્તિ ભણી જાય છે. ૧૦
આવ્યો શરણે તમારા જિનવર! કરજો આશ પૂરી અમારી;
નાવ્યો ભવપાર મારો તુમ વિણ જગમાં સાર લે કોણ મારી?.
ગાયો જિનરાજ! આજે હરખ અધિકથી પરમ આનંદકારી;
પાયો તુમ દર્શ નાસે ભવ-ભય-ભ્રમણા નાથ! સર્વે અમારી. ૧૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આદીશ્વર શાંતિ નેમિ જિનને, શ્રીપાર્શ્વ વીર પ્રભુ;
એ પાંચે જિનરાજ આજ પ્રણમું, હેજે ધરી એ વિભુ.
કલ્યાણે કમલા સદૈવ વિમલા, વૃદ્ધિ પમાડો અતિ;
એહવા ગૌતમ સ્વામી લબ્ધિ ભરીઆ, આપો સદા સન્મતિ. ૧૨
સુણ્યા હશે પૂજ્યા હશે નિરખ્યા હશે પણ કો ક્ષણે;
હે જગત-બંધુ! ચિત્તમાં ધાર્યા નહિ ભક્તિપણે. ૧૩
જન્મ્યો પ્રભુ તે કારણે દુઃખપાત્ર આ સંસારમાં;
હા! ભક્તિ તે ફલતી નથી જે ભાવ શૂન્યાચારમાં. ૧૪
જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે;
જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે.
પીએ મુદા વાણી સુધા, તે કર્ણ-યુગને ધન્ય છે;
તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને નિત ધન્ય છે. ૧૫
સરસ-શાંતિ-સુધારસ-સાગરં, શુચિતરં ગુણ-રત્ન-મહાગરમ્.
ભવિક-પંકજ-બોધ દિવાકરં,
પ્રતિ-દિનં પ્રણમામિ જિનેશ્વરમ્. ૧૬
અદ્ય મે કર્મ-સંઘાતં, વિનષ્ટં ચિર-સંચિતમ્.
દુર્ગત્યાપિ નિવૃત્તોહં, જિનેન્દ્ર! તવ દર્શનાત્. ૧૭
દર્શનં દેવ-દેવસ્ય, દર્શનં પાપ-નાશનમ્.
દર્શનં સ્વર્ગ-સોપાનં, દર્શનં મોક્ષ-સાધનમ્. ૧૮
અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ.
તસ્માત્ કારુણ્ય-ભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર!. ૧૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમઃ પ્રભુઃ;
મંગલં સ્થૂલભદ્રાદ્યા, જૈનો ધર્મોસ્તુ મંગલમ્. ૨૦
નમો દુર્વાર-રાગાદિ, વૈરિ-વાર-નિવારિણે;
અર્હતે યોગિ-નાથાય, મહાવીરાય તાયિને. ૨૧
પન્નગે ચ સુરેન્દ્રે ચ, કૌશિકે પાદ-સંસ્પૃશિ;
નિર્વિશેષ-મનસ્કાય, શ્રીવીર-સ્વામિને નમઃ. ૨૨
પૂર્ણાનન્દ-મયં મહોદય-મયં, કૈવલ્ય-ચિદ્દૃઙ્મયમ્;
રૂપાતીત-મયં સ્વરૂપ-રમણં, સ્વાભાવિકી-શ્રીમયમ્.
જ્ઞાનોદ્દ્યોત-મયં કૃપા-રસ-મયં, સ્યાદ્વાદ-વિદ્યાલયમ્;
શ્રી સિદ્ધાચલ-તીર્થરાજ-મનિશં, વન્દેહ-માદીશ્વરમ્. ૨૩
નેત્રાનન્દ-કરી ભવોદધિ-તરી, શ્રેયસ્તરોર્મંજરી;
શ્રીમદ્ધર્મ-મહા-નરેન્દ્ર-નગરી, વ્યાપલ્લતા-ધૂમરી.
હર્ષોત્કર્ષ-શુભ-પ્રભાવ-લહરી, રાગ-દ્વિષાં જિત્વરી;
મૂર્તિઃ શ્રીજિન-પુંગવસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહિનામ્. ૨૪
અદ્યા-ભવત્ સફલતા નયન-દ્વયસ્ય;
દેવ! ત્વદીય-ચરણાંબુજ-વીક્ષણેન.
અદ્ય ત્રિલોક-તિલક! પ્રતિ-ભાસતે મે;
સંસાર-વારિધિ-રયં ચુલુક-પ્રમાણઃ. ૨૫
તુભ્યં નમસ્ત્રિ-ભુવનાર્તિ-હરાય નાથ;
તુભ્યં નમઃ ક્ષિતિતલા-મલ-ભૂષણાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુભ્યં નમસ્ત્રિ-જગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન! ભવોદધિ-શોષણાય. ૨૬
પ્રશમ-રસ-નિમગ્નં, દૃષ્ટિ-યુગ્મં પ્રસન્નમ્;
વદન-કમલ-મંકઃ, કામિની-સંગ-શૂન્યઃ.
કર-યુગમપિ યત્તે, શસ્ત્ર-સંબંધ-વંધ્યમ્;
તદસિ જગતિ દેવો, વીતરાગ-સ્ત્વમેવ. ૨૭
અદ્ય મે સફલં જન્મ, અદ્ય મે સફલા ક્રિયા;
અદ્ય મે સફલં ગાત્રં, જિનેંદ્ર! તવ દર્શનાત્. ૨૮
કલ્યાણ-પાદ-પારામં, શ્રુત-ગંગા-હિમાચલમ્;
વિશ્વાંભોજ-રવિં દેવં, વંદે શ્રી-જ્ઞાત-નન્દનમ્. ૨૯
દર્શનાદ્ દુરિત-ધ્વંસી, વંદનાદ્ વાંછિત-પ્રદઃ;
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ. ૩૦
દેખી મૂર્તિ શ્રી પાર્શ્વજિનની નેત્ર મારા ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ, ધ્યાન તારું ધરે છે,
આત્મા મારો પ્રભુ તુજ કને, આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં, માહરી આશ એ છે. ૩૧
ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગુ છું દેવાધિદેવા,
સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી. ૩૨
અર્હન્તો ભગવંત ઇન્દ્રમહિતા, સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,
આચાર્યા જિનશાસનોન્નતિકરા, પૂજ્યા ઉપાધ્યાયકા;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકા,
પંચૈ તે પરમેષ્ઠિનં પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલં. ૩૩
ૐકારં બિન્દુ સંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ,
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમઃ. ૩૪
પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાનિ ભૂતલે,
સ્વર્ગેપિ યાનિ બિંબાનિ, તાનિં વંદે નિરંતરમ્. ૩૫
નમસ્કાર સમો મંત્ર, શત્રુંજય સમો ગિરિ,
વીતરાગ સમો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ. ૩૬
દયા સિંધુ દયા સિંધુ, દયા કરજે દયા કરજે,
હવે આ જંજીરોમાંથી, મને જલ્દી છૂટો કરજે;
નથી આ તાપ સહેવાતો, ભભૂકી કર્મની જ્વાળા,
વરસાવી પ્રેમની ધારા, હૃદયની આગ બુઝવજે. ૩૭
હે દેવ તારા દિલમાં, વાત્સલ્યનાં ઝરણાં ભર્યા,
હે નાથ તારા નયનમાં, કરુણાતણાં અમૃત ભર્યા;
વીતરાગ તારી મીઠી મીઠી, વાણીમાં જાદુ ભર્યા,
તેથી જ તારા શરણમાં, બાળક બની આવી ચડયા. ૩૮
દાદા તારી મુખમુદ્રાને, અમિય નજરે નિહાળી રહ્યો,
તારા નયનોમાંથી ઝરતુ, દિવ્ય તેજ હું ઝીલી રહ્યો;
ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો,
તુજ મૂર્તિમાં મસ્ત બનીને, આત્મિક આનંદ માણી રહ્યો. ૪૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહુકાળ આ સંસાર ગારમાં, પ્રભુ! હું સંચર્યો;
થઈ પુણ્યરાશિ એકઠી, ત્યારે જિનેશ્વર તું મળ્યો;
પણ પાપકર્મ ભરેલ મેં, સેવા સરસ નવ આદરી,
શુભ યોગને પામ્યા છતાં, મેં મૂર્ખતા બહુ યે કરી. ૪૧
શત કોટી કોટી વાર વંદન, નાથ મારા હે તને,
હે તરણ તારણ નાથ તું, સ્વીકાર મારા નમનને;
હે નાથ શું જાદુ ભર્યા, અરિહંત અક્ષર ચારમાં,
આફત બધી આશિષ બને, તુજ નામ લેતા વારમાં. ૪૨
પ્રભુ જેવો ગણો તેવો, તથાપિ બાળ તારો છું,
તને મારા જેવા લાખો, પરંતુ એક મારે તું;
નથી શક્તિ નીરખવાની, નથી શક્તિ પરખવાની,
નથી તુજ ધ્યાનની લગની, તથાપિ બાળ તારો છું. ૪૩
સાગર દયાના છો તમે, કરુણા તણા ભંડાર છો,
ને પતિતોને તારનારા, વિશ્વના આધાર છો;
તારે ભરોસે જીવનનૈયા, આજ મેં તરતી મૂકી,
કોટી કોટી વંદન કરું, જિનરાજ તુજ ચરણે ઝૂકી. ૪૪
આબુ અષ્ટાપદ ગિરનાર, સમેતશિખર શત્રુંજય સાર,
એ પાંચે તીરથ ઉત્તમ ઠામ, સિદ્ધિ ગયા તેને કરું પ્રણામ. ૪૫
પ્રભુ માહરા પ્રેમથી નમું, મૂર્તિ તાહરી જોઈને ઠરું,
અરર ઓ પ્રભુ પાપ મેં કર્યા, શું થશે હવે માહરી દશા,
માટે પ્રભુજી તુમને વિનવું, તારજો હવે જિનજીને સ્તવું,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દીનાનાથજી દુઃખ કાપજો, ભવિક જીવને સુખ આપજો.
પાર્શ્વનાથજી સ્વામિ માહરા, ગુણ ગાઉ હું નિત્ય તાહરા. ૪૬
અંતરના એક કોડિયામાં, દીપ બળે છે ઝાંખો,
જીવનના જ્યોતિર્ધર એને, નિશદિન જલતો રાખો,
ઊંચે ઊંચે ઉડવા કાજે, પ્રાણ ચાહે છે પાંખો,
તમને ઓળખું નાથનિરંજન, એવી આપો આંખો. ૪૭
અસત્યો માંહેથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ પરમ તેજે તું લઈ જા,
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,
તું, હીણો હું છું તો, તુજ દરશનના દાન દઈ જા. ૪૮
અંતરમાં છે એક ઝંખના, તારા જેવા થવાની,
રાગી મટીને તારા જેવા વીતરાગી બનવાની,
વિશ્વપિતા છો બાલક હું છું આપ કને શું માંગું?
મારા આતમને અજવાળી દેજો એટલું માંગું. ૪૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અષ્ટપ્રકારી પૂજા વિધિ

## જલ પૂજાના દોહા

જ્ઞાન કલશ ભરી આતમા, સમતા રસ ભરપૂર.
શ્રી જિનને નવરાવતાં, કર્મ હોયે ચકચૂર. ૧
જલ પૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ.
જલ પૂજા ફલ મુજ હોજો, માગો એમ પ્રભુ પાસ. ૧

## દૂધના પક્ષાલના દોહા

મેરુ શિખર નવરાવે હો સુરપતિ, મેરુ શિખર નવરાવે;
જન્મ કાલ જિનવરજી કો જાણી, પંચ-રૂપ કરી આવે. હો.૧
રત્ન પ્રમુખ અડ જાતિના કલશા, ઔષધિ ચૂરણ મિલાવે;
ખીર સમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે. હો.૨
એણી પેરે જિન-પ્રતિમા કો ન્હવણ કરી, બોધિ-બીજ માનું વાવે;
અનુક્રમે ગુણ રત્નાકર ફરસી, જિન ઉત્તમ પદ પાવે. હો.૩

## ચંદન પૂજાના દોહા

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ.
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ. ૧

## પ્રભુજીને નવ અંગે પૂજા કરવાના દુહા

અંગૂઠે : જલભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત,
ઋષભ ચરણ અંગૂઠડે, દાયક ભવજલ અંત. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઢીંચણે : જાનુબળે કાઉસગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ,
ખડા ખડા કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ. ૨
કાંડે : લોકાંતિક વચને કરી, વરસ્યાં વરસીદાન,
કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન. ૩
ખભે : માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત,
ભુજા બલે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત. ૪
મસ્તકે : સિદ્ધશિલા ગુણ ઊજળી, લોકાંતે ભગવંત,
વસિયા તિણે કારણ ભવિ, શિરશિખા પૂજંત. ૫
કપાળે : તીર્થંકર પદ પુન્યથી, ત્રિભુવન જન સેવંત,
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત. ૬
કંઠે : સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ,
મધુર ધ્વનિ સુરનર સુણે, તિણ ગળે તિલક અમૂલ. ૭
હૃદયે : હૃદય કમલ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ,
હિમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ. ૮
નાભિ : રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ,
નાભિ કમળની પૂજના, કરતાં અવિચલ ધામ. ૯
ઉપસંહાર : ઉપદેશક નવ તત્ત્વના, તિણે નવ અંગ જિણંદ,
પૂજો બહુવિધ રાગથી, કહે શુભવીર મુણીંદ. ૧૦

## પુષ્પ પૂજાના દોહા

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ.
સુમજંતુ ભવ્ય જ પરે, કરીયે સમકિત છાપ. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ધૂપ પૂજાના દોહા

ધ્યાન ઘટા પ્રગટાવીયે, વામ નયન જિન ધૂપ.
મિચ્છત્ત દુર્ગન્ધ દૂર ટલે, પ્રગટે આત્મ સ્વરૂપ. ૧
અમે ધૂપની પૂજા કરીએ રે, ઓ મન-માન્યા મોહનજી;
અમે ધૂપ-ઘટા અનુસરીએ રે, ઓ મન...
નહીં કોઇ તમારી તોલે રે, ઓ મન...
પ્રભુ અંતે છે શરણ તમારું રે, ઓ મન... ૧

## દીપક પૂજાના દોહા

દ્રવ્ય દીપ સુ-વિવેકથી, કરતાં દુઃખ હોય ફોક.
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકા-લોક. ૧

## ચામર વીંઝવાના દોહા

બે બાજુ ચામર ઢાલે, એક આગલ વજ્ર ઉલાલે;
જઇ મેરુ ધરી ઉત્સંગે, ઇંદ્ર ચોસઠ મલીઆ રંગે.
પ્રભુજીનું મુખડું જોવા, ભવો ભવનાં પાતિક ખોવા. ૧

## દર્પણ પૂજાના દોહા

પ્રભુ દર્શન કરવા ભણી, દર્પણ પૂજા વિશાલ.
આત્મ દર્પણથી જુએ, દર્શન હોય તતકાલ. ૧

## અક્ષત પૂજાના દોહા

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નન્દાવર્ત વિશાલ.
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાલી સકલ જંજાલ. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વસ્તિક કરતી વખતે બોલવાના દોહા

દર્શન જ્ઞાન ચારિત્રના, આરાધનથી સાર.
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રી કાર. ૧
અક્ષત પૂજા કરતાં થકાં, સફલ કરૂં અવતાર.
ફલ માંગુ પ્રભુ આગલે, તાર તાર મુજ તાર. ૨
સાંસારિક ફલ માગીને, રડવડ્યો બહુ સંસાર.
અષ્ટ કર્મ નિવારવા, માગું મોક્ષ ફલ સાર. ૩
ચિહું ગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાલ.
પંચમ-ગતિ વિણ જીવ ને, સુખ નહીં ત્રિહું કાલ. ૪

## નૈવેદ્ય પૂજાના દોહા

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઇય અનન્ત.
દૂર કરી તે દીજિયે, અણાહારી શિવ સન્ત. ૧

## ફલ પૂજાના દોહા

ઇન્દ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ધરી રાગ.
પુરુષોત્તમ પૂજી કરી, માગે શિવ-ફલ ત્યાગ. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચૈત્યવંદન વિધિ વિભાગ

## (નીચે મુજબ પ્રથમ ઇરિયાવહિ કરવી)

### ઇચ્છામિ ખમાસમણ સૂત્ર

ઇચ્છામિ ખમાસમણો! વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

(ભાવાર્થ : આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રત-ધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.)

### ઇરિયાવહિયં સૂત્ર

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં ૧. ઇરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીઅક્કમણે હરિયક્કમણે, ઓસા ઉત્તિંગ પણગદગ, મટ્ટીમક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા, ૫. એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

(ભાવાર્થ : આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## તસ્સ ઉત્તરી સૂત્ર

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

(ભાવાર્થ : આ સૂત્ર દ્વારા ઇરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.)

## અન્નત્થ સૂત્ર

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧. સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવમાઈએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

(ભાવાર્થ : આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઊભા રહેવું તે બતાવેલ છે.)

(પછી એક લોગસ્સનો 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી. ૧
ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ૩
કુંથું અરં ચ મલ્લિં વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪
એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણ જરમરણા;
ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ૫
કિત્તિય-વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરૂગ્ગબોહિલાભં, સમાહિવર મુત્ત મંદિન્તુ. ૬
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭
(ભાવાર્થ : આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.)

## ચૈત્યવંદન વિધિ

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ મત્થએણં વંદામિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(આ પ્રમાણે ત્રણ ખમાસણ દઈ) ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્!
ચૈત્યવંદન કરું? ઇચ્છં. (કહી ડાબો ઢીંચણ ઊભો કરવો.)
સકલ કુશલવલ્લી, પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનુ, કલ્પવૃક્ષોપમાન.
ભવજલનિધિ પોતઃ સર્વ સંપત્તિ હેતુ;
સ ભવતુ સતતં વ, શ્રેયસે શાંતિનાથ,
શ્રેયસે પાર્શ્વનાથ.

## સામાન્ય જિન ચૈત્યવંદન

તુજ મૂરતિને નિરખવા, મુજ નયણાં તરસે,
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરખે. ૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે,
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે. ૨
એમ જાણીને સાહિબા, નેક નજર મોહી જોય,
જ્ઞાન વિમલ પ્રભુ નજરથી, તેહશું જે નવિ હોય. ૩

## જંકિંચિ

જંકિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઇં જિણ બિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ.

## નમુત્થુણં

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં આઈગરાણં તિત્થયરાણં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસસિહાણં, પુરિસવર પુંડરિયાણં પુરિસવરગંધહત્થીણં, લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં, અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ધમ્મદયાણં, ધમ્મદેસયાણં ધમ્મનાયગાણં ધમ્મસારહીણં, ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં. અપ્પડિહય વરનાણ દંસણ ધરાણં, વિયટ્ટછઉમાણં, જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં, સવ્વન્નૂણં, સવ્વદરિસીણં સિવ મયલ મરૂઅ મણંત મક્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ. સિદ્ધિગઈ નામ ધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં જિય ભયાણં. જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ.

## જાવંતિ ચેઇઆઇં.

જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ,
સવ્વાઇં તાઇં વંદે ઇહ સંતો તત્થ સંતાઇં. ૧

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણં વંદામિ.

## જાવંત કે વિ સાહૂ

જાવંત કે વિ સાહૂ, ભરહેરવય મહાવિદેહેઅ
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં. ૧

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સામાન્યજિન સ્તવન

આજ મારા પ્રભુજી, સામું જુવોને સેવક કહીને બોલાવો રે;
એટલે હું મન ગમતું પામ્યો,
રૂઠડાં બાલ મનાવો મારા સાંઈ રે. આજ ૧
પતિત પાવન શરણાગત વત્સલ, એ જસ જગમાં ચાવો રે;
મન રે મનાવ્યા વિણ નહીં મૂકું, એહીજ મારો દાવો રે. આજ ૨
કબજે આવ્યા તે નહિ મૂકું, જિહાં લગે તુમ સમ થાવો રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહીયે, તો તે દાવ બતાવો રે. આજ ૩
મહા ગોપ ને મહા નિર્યામક, એવાં બિરુદ ધરાવો રે.
તો શું આશ્રિતને ઉદ્ધરતાં, બહુ બહુ શું કહાવો? આજ ૪
જ્ઞાન વિમલ ગુરુનો નિધિ મહિમા, મંગલ એહી વધાવો રે,
અચલ અભેદપણે અવલંબી, અહોનિશ એહી દિલ ધ્યાવો રે. આજ ૫

## શ્રી ઉવસગ્ગહરં સ્તવનમ્

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મ-ઘણ મુક્કં;
વિસહર-વિસ નિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં. ૧
વિસહર-ફુલિંગ-મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ-રોગ-મારી, દુટ્ઠ જરા જંતિ ઉવસામં. ૨
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ:
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં. ૩
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાયવબ્ભહિએ;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪
ઇઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભર-નિબ્ભરેણ-હિયએણ;
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ. ૫
(બે હાથ મસ્તકે ધરવા/ બહેનોએ હાથ ઊંચા કરવા નહીં.)

## જય વીયરાય

જયવીયરાય જગગુરુ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિયા ઇટ્ઠફલ સિદ્ધિ. ૧
લોગ વિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થ કરણં ચ
સુહગુરુ જોગો તવ્વયણ-સેવણા આભવમખંડા. ૨
(પછી બે હાથ નીચા લલાટે ધરી)
વારિજ્જઈ જઈવિ નિયાણ, બંધણં વીયરાય તુહ સમયે
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિ મરણં ચ બોહિલાભો અ
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ પણામ કરણેણં. ૪
સર્વ મંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણં
પ્રધાનં સર્વ ધર્માણામ્, જૈનં જયતિ શાસનમ્. ૫
(પછી ઊભા થઈને)

## અરિહંત ચેઇયાણં

અરિહંત ચેઈયાણં, કરેમિ કાઉસ્સગ્ગં, વંદણ વત્તિયાએ,
પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિયાએ, સમ્માણ વત્તિયાએ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોહિલાભવત્તિયાએ નિરુવસગ્ગવત્તિયાએ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ. વડ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં.

## અન્નત્થ

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં. જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિયે પિત્તમુચ્છાએ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં એવમાઈએહિં, આગારેહિં, અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો, જાવ્ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

પછી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ કહી થોય કહેવી.

## શ્રી મહાવીર જિન સ્તુતિ

જય! જય! ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ;
સુર-નરના નાયક, જેહની સારે સેવ;
કરુણા રસ કંદો, વંદો આણંદ આણી,
ત્રિશલા સુત સુંદર, ગુણ-મણિ કેરો ખાણી. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાવપૂજાની પૂર્ણાહુતિ કરતાં... કરતાં... નીચેની ભાવવાહી સુંદર ભાવના ભાવવી...

આવ્યો શરણે તમારા જિનવર! કરજો, આશ પૂરી અમારી,
નાવ્યો ભવપાર મ્હારો તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ! આજે હરખ અધિકથી, પરમ આનંદકારી,
પાયો તુમ દર્શનાસે ભવભય ભ્રમણા નાથ! સર્વે અમારી. ૧
ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી. ૨
જિનેર્ભક્તિ જિનેર્ભક્તિ, જિનેર્ભક્તિ દિને દિને;
સદા મેડસ્તુ સદા મેડસ્તુ, સદા મેડસ્તુ ભવે ભવે. ૩
ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ૪
સર્વ મંગલ માંગલ્યમ્, સર્વ કલ્યાણ કારણમ્;
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચૈત્યવંદન વિભાગ

## શ્રી ઋષભ જિન ચૈત્યવંદન

આદિદેવ અલવેસરુ, વિનીતાનો રાય;
નાભિરાયા કુલ મંડણો, મરુદેવા માય. ૧
પાંચસેં ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ;
ચોરાસી લખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ૨
વૃષભ લંછન જિન વૃષભ-ધરુએ, ઉત્તમ ગુણમણી ખાણ;
તસ પદ પદ્મ સેવન થકી, લહીએ અવિચલ ઠાણ. ૩

## શ્રી ઋષભ જિન ચૈત્યવંદન

આદિનાથ અરિહંત જિન, ઋષભ દેવ જયકારી;
સંઘ ચતુર્વિધ તીર્થને, સ્થાપ્યું જગ સુખકારી. ૧
પરમેશ્વર પરમાતમા, તનુયોગે સાકાર;
અષ્ટ કર્મ દૂરે કર્યા, નિરાકાર નિર્ધાર. ૨
સાકારી અરિહંતજી એ, નિરાકારથી સિદ્ધ;
બુદ્ધિ સાગર [illegible]નાં, પ્રગટે આતમ ઋદ્ધિ. ૩

## શ્રી ઋષભ જિન ચૈત્યવંદન

સદ્‌ભક્ત્યા-નત-મૌલિ-નિર્જર-વર-ભ્રાજિષ્ણુ મૌલિ-પ્રભા-
સંમિશ્રા-રુણદીપ્તિ-શોભ-ચરણામ્ભોજ-દ્વયઃ સર્વદા;
સર્વજ્ઞઃ પુરુષોત્તમઃ સુચરિતો ધર્માર્થિનાં પ્રાણિનાં,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂયાદ્ ભૂરિ-વિભૂતયે મુનિપતિઃ શ્રીનાભિ-સૂનુર્જિનઃ. ૧
સદ્બોધોપ-ચિતાઃ સદૈવ દધતા પ્રૌઢ-પ્રતાપશ્રિયો,
યેના-જ્ઞાન-તમો-વિતાન-મખિલં વિક્ષિપ્ત-મન્તઃ-ક્ષણમ્;
શ્રી-શત્રુંજય-પૂર્વશૈલ-શિખરં ભાસ્વાનિવોદ્-ભાસયન્,
ભવ્યામ્ભોજ-હિતઃ સ એષ જયતુ શ્રી મારુદેવ-પ્રભુઃ. ૨
યો વિજ્ઞાનમયો જગત્ત્રય-ગુરુર્યં-સર્વલોકાઃ શ્રિતાઃ,
સિદ્ધિર્યેન વૃતા સમસ્ત-જનતા યસ્મૈ નતિં તન્વતે;
યસ્માન્-મોહ-મતિર્ગતા મતિભૃતાં યસ્યૈવ સેવ્યં વચો,
યસ્મિન્ વિશ્વ-ગુણાસ્તમેવ સુતરાં વન્દે યુગાદીશ્વરમ્. ૩

## શ્રી ઋષભજિન ચૈત્યવંદન

આદિનાથ અરિહંત જિન, ઋષભદેવ જયકારી;
સંઘ ચતુર્વિધ તીર્થ ને, સ્થાપ્યું જગ સુખકારી. ૧
પરમેશ્વર પરમાતમા, તનુયોગે સાકાર;
અષ્ટકર્મ દૂરે કર્યાં, નિરાકાર નિર્ધાર. ૨
સાકારી અરિહંતજી એ, નિરાકારથી સિદ્ધ;
બુદ્ધિસાગર ધ્યાવતાં, પ્રગટે આતમઋદ્ધિ. ૩

## શ્રી અજિતનાથ ભગવાનનું ચૈત્યવંદન

અજિતઅજિત પદ આપતા, ભવ્યજીવને જેહ;
પુરુષાર્થને ભાખતા હેતુ મુખ્ય છે તેહ. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જડપરિણામી યત્નથી, જડસાથે છે બન્ધ;
શુદ્ધાત્મિકપરિણામના, પુરુષાર્થે નહિ બન્ધ. ૨
પુરુષાર્થ શિરોમણિ એ, સહજયોગ શિરદાર;
શુદ્ધાતમ ઉપયોગ છે, અજિત થવા નિર્ધાર. ૩

## શ્રી અજિતનાથ ભગવાનનું ચૈત્યવંદન

અજિતનાથ પ્રભુ અવતર્યા, વિનીતાના સ્વામી,
જિતશત્રુ વિજયા તણા, નંદન શિવગામી. ૧
બહોંતેર લાખ પૂરવ તણું, પાળ્યું જિણે આય,
ગજલંછન લંછન નહીં, પ્રણમે સુરરાય. ૨
સાડા ચારશેં ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ,
પાદ પદ્મ તસ પ્રણમીયે, જિમ લહીએ શિવ ગેહ. ૩

## શ્રી સંભવનાથ ભગવાનનું ચૈત્યવંદન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ,
જિતારિ નૃપ નંદનો, ચલવે શિવ સાથ. ૧
સેનાનંદન ચંદને, પૂજો નવ અંગે;
ચારશેં ધનુષનું દેહ માન, પ્રણમો મનરંગે. ૨
સાઠ લાખ પૂરવતણું એ, જિનવર ઉત્તમ આય,
તુરગ લંછન પદ પદ્મને, નમતાં શિવ સુખ થાય ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી સંભવનાથ ભગવાનનું ચૈત્યવંદન

સંભવજિનને સેવતાં, સંભવતી નિજ ઋદ્ધિ;
ક્ષાયિક નવ લબ્ધિ મળે, થતી આત્મની શુદ્ધિ. ૧
ઘાતીકર્મના નાશથી, અર્હન પદવી પામ્યા;
આધિ વ્યાધિ ઉપાધિને, તુજ ધ્યાનારા વામ્યા. ૨
આતમા તે પરમાતમા એ, વ્યક્તિભાવે કરવા;
સંભવજિન ઉપયોગથી, ક્ષણ ક્ષણ દિલમાં સ્મરવા. ૩

## શ્રી અભિનંદન ભગવાનનું ચૈત્યવંદન

બાહ્યાંતર અતિશય ઘણી, અભિનંદન જિનરાજ;
પ્રભુ ગુણગણને પામવા, અંતરમાં બહુ દાઝ. ૧
પ્રભુ ગુણ વરવા ભક્તિ છે, સાધ્ય એજ મન ધરવું;
ઘટાટોપ શો ગુણવિના, ગુણ પ્રાપ્તિમાં પરવું. ૨
પ્રભુગુણ પોતામાં છતાં એ, આવિર્ભાવને કાજે;
અભિનંદનને વંદતાં, પ્રકટ ગુણો થૈ છાજે. ૩

## શ્રી અભિનંદન ભગવાનનું ચૈત્યવંદન

નંદન સંવર રાયના, ચોથા અભિનંદન,
કપિ લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન. ૧
સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિન તાય,
સાડા ત્રણશેં ધનુષમાન, સુંદર જસ કાય. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિનીતાવાસી વંદીએ એ, આયુ લખ પચાસ,
પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ. ૩

## શ્રી સુમતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

સુમતિનાથ સુહંકરું, કોસલ્લા જસ નયરી,
મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી. ૧
ક્રૌંચ લંછન જિનરાજિયો, ત્રણશેં ધનુષની દેહ,
ચાળીશ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણગેહ. ૨
સુમતિ ગુણે કરી જે ભર્યા એ, તર્યા સંસાર અગાધ;
તસ પદપદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ. ૩

## શ્રી સુમતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

સુમતિનાથ પંચમ પ્રભુ, સુમતિના દાતાર;
સર્વ વિશ્વનાયક વિભુ, અરિહંત અવતાર. ૧
સાત્ત્વિકગુણની શક્તિથી, બાહ્યપ્રભુતા ધારી;
ચિદાનંદ પ્રભુતા ભલી, આંતર નિત્ય છે પ્યારી. ૨
તુજમાં મનને ધારીને એ, નિઃસંગી થાનાર;
કર્મ કરે પણ નહીં કરે, તુજ ભક્તો નરનાર. ૩

## શ્રી પદ્મપ્રભસ્વામીનું ચૈત્યવંદન

નવધા ભક્તિથી ખરી, પદ્મપ્રભુની સેવા;
સેવામાં મેવા રહ્યા, આપ બને જિનદેવા. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવધા ભક્તિમાં પ્રભુ, પ્રગટપણે પરખાતા,
આઠ કર્મ પડદા હઠે, સ્વયં પ્રભુ સમજાતા. ૨
પદ્મપ્રભુને ધ્યાવતાં એ, પૂર્ણ સમાધિ થાય;
હૃદય પદ્મમાં પ્રકટતા, આત્મપ્રભુજી જણાય. ૩

## શ્રી પદ્મપ્રભસ્વામીનું ચૈત્યવંદન

કોસંબીપુર રાજિયો, ધર નરપતિ તાય,
પદ્મપ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય. ૧
ત્રીશ લાખ પૂરવતણૂં, જિન આયુ પાળી,
ધનુષ અઢીસેં દેહડી, સવિ કર્મને ટાળી. ૨
પદ્મલંછન પરમેશ્વરુ એ, જિનપદ પદ્મની સેવ,
પદ્મવિજય કહે કીજિયે, ભવિજન સહુ નિતમેવ. ૩

## શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

શ્રી સુપાર્શ્વ જિણંદ પાસ, ટાળ્યો ભવ ફેરો,
પૃથ્વી માત ઉરે જયો, તે નાથ હમેરો. ૧
પ્રતિષ્ઠિત સુત સુંદરુ, વાણારસી રાય,
વીશ લાખ પૂરવ તણું પ્રભુજીનું આય. ૨
ધનુષ બસેં જિન દેહડી એ, સ્વસ્તિક લંછન સાર,
પદ પદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

સુપાર્શ્વનાથ છે સાતમા, તીર્થંકર જિનરાજા;
પાસે પ્રભુ સુપાર્શ્વ તો, આતમ જગનો રાજા. ૧
આતમમાં પ્રભુ પાસ છે, બાહિર મૂર્ખા શોધે;
અંતરમાં પ્રભુ ધ્યાનથી, જ્ઞાની ભક્તો બોધે. ૨
દ્રવ્યભાવથી વંદીએ એ, ધ્યાઈજે પ્રભુ પાસ;
એકવાર પામ્યા પછી, ટળે નહીં વિશ્વાસ. ૩

## શ્રી ચંદ્રપ્રભસ્વામીનું ચૈત્યવંદન

અનંત ચંદ્રની જ્યોતિથી, અનંત જ્ઞાનથી જ્યોત;
ચંદ્રપ્રભુ પ્રણમું સ્તવું, કરતા જગ ઉદ્યોત. ૧
અસંખ્ય ચંદ્રો ભાનુઓ, ઇન્દ્રો જેને ધ્યાય;
પરબ્રહ્મ ચંદ્રપ્રભુ, જગમાં સત્ય સુહાય. ૨
શુદ્ધપ્રેમથી વંદતાં એ, અસંખ્યચંદ્રનો નાથ;
બુદ્ધિસાગર આતમા, ટાળે પુદ્‌ગલ સાથ. ૩

## શ્રી ચંદ્રપ્રભસ્વામીનું ચૈત્યવંદન

લક્ષ્મણા માતા જનમીયો, મહસેન જસ તાય,
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય. ૧
દશ લાખ પૂરવ આઊખું, દોઢસો ધનુષની દેહ,
સુરનરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર,
પદ્મવિજય કહે પ્રણમીએ, પ્રભુ મુજ પાર ઉતાર. ૩

## શ્રી સુવિધિનાથ ભગવાનનું ચૈત્યવંદન

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત;
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત. ૧
આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષ્યની કાય;
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય. ૨
ઉત્તમ વિધિ જેહથી લહ્યો એ, તેણે સુવિધિ જિનનામ;
નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ. ૩

## શ્રી સુવિધિનાથ ભગવાનનું ચૈત્યવંદન

સુવિધિનાથ સુવિધિ દિયે, આત્મશુદ્ધિ હેત;
શ્રાવક સાધુ ધર્મ બે, તેના સહુ સંકેત. ૧
દ્રવ્ય-ભાવ વ્યવહારને, નિશ્ચય સુવિધિ બેશ;
જૈનધર્મની જાણતાં, કરતાં રહે ન ક્લેશ. ૨
શુદ્ધાતમ પરિણામમાં એ, સર્વ સુવિધિ સમાય;
આતમ સુવિધિનાથ થૈ, ચિદાનંદમય થાય. ૩

## શ્રી શીતલનાથ ભગવાનનું ચૈત્યવંદન

આત્મિક ધર્મની શુદ્ધતા, કરીને શીતલનાથ;
સર્વ લોક શીતલ કરો, સાચા શિવપુર સાથ. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મ સુવિધિ આદરી, શીતલ થયા જિનેન્દ્ર,
સમતાથી શીતલ પ્રભુ, આતમ સ્વયં મહેન્દ્ર. ૨
સમતા શીતલતા થકી એ, શીતલ પ્રભુ થવાય;
બુદ્ધિસાગર આત્મા પૂર્ણાનંદ સુહાય. ૩

## શ્રી શીતલનાથ ભગવાનનું ચૈત્યવંદન

નંદા દૃઢરથ નંદનો, શીતલ શીતલનાથ;
રાજા ભધિલપુર તણો, ચલવે શિવપુર સાથ. ૧
લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ;
કાયા માયા ટાલીને, લહ્યા પંચમ નાણ. ૨
શ્રીવત્સ લંછન સુંદરું એ, પદ પદ્મે રહે જાસ;
તે જિનની સેવા થકી, લહિયે લીલ વિલાસ. ૩

## શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું ચૈત્યવંદન

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય,
વિષ્ણુ માતા જેહની, એંસી ધનુષની કાય. ૧
વરસ ચોરાસી લાખનું, પાલ્યું જેણે આય,
ખડ્ગી લંછન પદકજે, સિંહપુરીનો રાય. ૨
રાજ્ય તજી દીક્ષા વરી એ, જિનવર ઉત્તમ જ્ઞાન,
પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું ચૈત્યવંદન

સર્વ ભાવ શ્રેયો વર્યા, શ્રી શ્રેયાંસ જિનંદ;
આત્મશીતલતા ધારીને, ટાળ્યા મોહના ફંદ. ૧
ઉપશમ ક્ષયોપશમ અને, ક્ષાયીક ભાવે જેહ;
સત્ય શ્રેયને પામતો, સ્વયં શ્રેયાંસ જ તેહ. ૨
શ્રી શ્રેયાંસ પ્રભુ સમો એ નિજ આતમને કરવા;
વંદો ધ્યાવો ભવિજના, ધરો ન જડની પરવા. ૩

## શ્રી વાસુપૂજ્યસ્વામીનું ચૈત્યવંદન

ક્ષાયિક લબ્ધિ શ્રેયથી, વાસુપૂજ્ય જિનદેવ;
થયા હૃદયમાં જાણીને, કરો પ્રભુની સેવ. ૧
ચિદાનંદ વસુતા વર્યા, વિશ્વપૂજ્ય જિનરાજ;
વાસુપૂજ્ય નિજ આતમા, કરશો સાધી કાજ. ૨
પ્રભુમય થૈ પ્રભુ સેવતાં એ, સ્વયં પ્રભુ જિન થાય;
અનંત કેવલજ્ઞાનની, જ્યોતિ જ્યોત સુહાય. ૩

## શ્રી વાસુપૂજ્યસ્વામીનું ચૈત્યવંદન

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ. ૧
મહિષ લંછન જિમ બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ પદ્મ વચન સુણી પરમાનંદી થાય. ૩

## શ્રી વિમલનાથ ભગવાનનું ચૈત્યવંદન

કંપિલપુર વિમલપ્રભુ, શ્યામા માત મલ્હાર;
કૃતવર્મા નૃપ કુલ નભે, ઉગમિયો દિનકાર. ૧
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય;
સાઠ લાખ વરસાં તણું, આયુ સુખ સમુદાય. ૨
વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ;
તુજ પદ પદ્મ વિમલ પ્રતિ, સેવું ધરી સસનેહ. ૩

## શ્રી વિમલનાથ ભગવાનનું ચૈત્યવંદન

આત્મિક સિદ્ધિ આઠ જે, આઠ વસુના ભોગી;
આત્મવસુ પ્રગટાવીને, નિર્મલ થયા અયોગી. ૧
કરી વિમલ નિજ આતમા, થયા વિમલ જિનરાજ;
પ્રભુ પેઠે નિજ વિમલતા, કરવી એ છે કાજ. ૨
આત્મવિમલતા જે કરે એ, સ્વયં વિમલ તે થાય;
વિમલ પ્રભુ આલંબને, વિમલપણું પ્રગટાય. ૩

## શ્રી અનંતનાથ ભગવાનનું ચૈત્યવંદન

વિમલાત્મા કરીને પ્રભુ, થયા અનંત જિનેશ;
અનંત જ્યોતિર્મય વિભુ, નહીં રાગ ને દ્વેષ. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનંત જીવન જ્ઞાનમય, આનંદ સહજ સ્વભાવે;
દ્રવ્ય ક્ષેત્ર ને કાલથી, ભાવથી સત્ય સુહાવે. ૨
અનંત રત્નત્રયી વર્યા એ, અનંત જિનવર દેવ;
બુદ્ધિસાગર ભાવથી, કરવી ભક્તિ સેવ. ૩

## શ્રી અનંતનાથ ભગવાનનું ચૈત્યવંદન

અનંત અનંત ગુણ આગરુ, અયોધ્યા વાસી;
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી. ૧
સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર;
વરસ આઉખું પાલીયું, જિનવર જયકાર. ૨
લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ;
જિનપદ પદ્મ નમ્યા થકી, લહીયે સહજ વિલાસ. ૩

## શ્રી ધર્મનાથ ભગવાનનું ચૈત્યવંદન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત;
વજ્ર લંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત. ૧
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુષ પિસ્તાલીસ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીસ. ૨
ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર;
તિણે તુજ પાદ પદ્મતણી, સેવા કરું નિરધાર. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ધર્મનાથ ભગવાનનું ચૈત્યવંદન

પંદરમા શ્રી ધર્મનાથ વંદું હર્ષોલ્લાસે;
અનંત આતમ ભાખિયો, કેવલજ્ઞાન પ્રકાશે. ૧
આત્મધર્મ છે આત્મમાં, જડમાં જડના ધર્મો;
વસ્તુસ્વભાવે ધર્મ છે, સમજી ટાળો કર્મો. ૨
ચિદાનંદ ધર્મજ ખરો એ, ધર્મ ન તે જડમાંહ્યે;
આત્માવણ જડ વિષયમાં, મળે ન આનંદ ક્યાંયે. ૩

## શ્રી શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

દર્શન જ્ઞાન ચારિત્રથી, સાચી શાંતિ થાવે;
શાંતિનાથ શાંતિ વર્યા, રત્નત્રયી સ્વભાવે. ૧
તિરોભાવ નિજ શાંતિનો, આવિર્ભાવ જે થાય;
શુદ્ધાતમ શાંતિ પ્રભુ, સ્વયં મુક્તિપદ પાય. ૨
બાહ્ય શાંતિનો અંત છે એ, આતમ શાંતિ અનંત;
અનુભવે જે આત્મમાં, પ્રભુપદ પામે સંત. ૩

## શ્રી શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

શાન્તિ જિનેસર સોલમા, અચિરા-સુત વન્દો.
વિશ્વસેન-કુલ-નભમણિ, ભવિજન-સુખ-કન્દો. ૧
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ.
હત્થિણાઉર-નયરી-ધણી, પ્રભુજી ગુણ મણિ-ખાણ. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલીશ ધનુષની દેહડી, સમ-ચઉરસ સંઠાણ.
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

## શ્રી શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

સમરૂં શાંતિ જિણંદ, પુષ્પ તુજ શીષ ચડાવું.
શ્રી જિન પૂજન કાજ, નિત્ય તુજ મંદિર આવું. ૧
રંગે ગાઉં રસ ઋદ્ધિ, સુખ સંપત્તિ પાઉં.
મન વચન કાયા કરી દેવ, હું તુજને ધ્યાવું. ૨
પૂજતાં પદવી લહું, જપતાં જગ સુખી બહુ.
કવિ ઋષભ ઇમ ઉચ્ચરે, શાંતિનાથ સમરો સહુ. ૩

## શ્રી શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

જય જય શાંતિ જિણંદ દેવ, હત્થિણાઉર સ્વામી;
વિશ્વસેન કુલચંદ સમ, પ્રભુ અંતરજામી. ૧
અચિરા ઉર સર હંસ જિમ, જિનવર જયકારી;
મારી રોગ નિવારકે, કીર્ત્તિ વિસ્તારી. ૨
સોલમા જિનવર પ્રણમીયે એ, નિત ઊઠી નમી શીષ;
સુરનર ભૂપ પ્રસન્ન મન, નમતાં વાધે જગીશ. ૩

## શ્રી શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

દર્શન જ્ઞાન ચારિત્રથી, સાચી શાંતિ થાવે;
શાંતિનાથ શાંતિ વર્યા, રત્નત્રયી સ્વભાવે. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તિરોભાવ નિજ શાંતિનો, અવિર્ભાવ જે થાય;
શુદ્ધાતમ શાંતિ પ્રભુ, સ્વયં મુક્તિપદ પાય. ૨
બાહ્ય શાંતિનો અંત છે એ, આતમ શાંતિ અનંત;
અનુભવે જે આત્મમાં, પ્રભુપદ પામે સંત. ૩

## શ્રી શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

વિપુલ-નિર્મલ-કીર્તિ-ભરાન્વિતો, જયતિ-નિર્જર-નાથ-નમસ્કૃતઃ;
લઘુ-વિનિર્જિત-મોહ-ધરાધિપો,જગતિ યઃ પ્રભુ-શાન્તિ-
જિનાધિપઃ૧
વિહિત શાન્ત-સુધારસ-મજ્જનં, નિખિલ-દુર્જય-દોષ-વિવર્જિતમ્;
પરમ-પુણ્યવતાં ભજનીયતાં, ગતમનન્ત-ગુણૈઃ સહિતં સતામ્. ૨
તમ-ચિરાત્મજ-મીશ-મધીશ્વરં, ભવિક-પદ્મ-વિબોધ-દિનેશ્વરમ્;
મહિમધામ ભજામિ જગત્ત્રયે, વરમનુત્તર-સિદ્ધિ-સમૃદ્ધયે. ૩

## શ્રી કુંથુનાથ ભગવાનનું ચૈત્યવંદન

કુંથુનાથ કામિત દીએ, ગજપુરનો રાય;
સિરિ માતા ઉરે અવતર્યો, શૂર નરપતિ તાય. ૧
કાયા પાંત્રીસ ધનુષની, લંછન જસ છાગ;
કેવલજ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ. ૨
સહસ પંચાણું વરસનું એ, પાલી ઉત્તમ આય;
પદ્મવિજય કહે પ્રણમીએ, ભાવે શ્રી જિનરાય. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી કુંથુનાથ ભગવાનનું ચૈત્યવંદન

શુદ્ધ સ્વભાવે શાંતિને, પામ્યા કુંથુ જિનંદ;
કુંથુનાથ નિજ આતમા, સમજે નહિ મતિમન્દ. ૧
મનની ગતિ કુંઠિત થતાં, વૈકુંઠ મુક્તિ પાસે;
ક્રોધાદિક દૂરે કરી, વર્તે હર્ષોલ્લાસે. ૨
બાહિર દૃષ્ટિ ત્યાગથી, આતમદૃષ્ટિયોગે;
કુંથુનાથ ધ્યાવો સદા, નિજના નિજ ઉપયોગે. ૩

## શ્રી અરનાથ ભગવાનનું ચૈત્યવંદન

રાગદ્વેષારિ હણી, થયા અરિહંત જેહ.
અર જિનેશ્વર વંદતાં, કર્મ રહે નહીં રેહ. ૧
આતમના ઉપયોગથી, રાગદ્વેષ ન હોય;
સર્વકાર્ય કરતાં થકાં, કર્મ બંધ નહીં જોય. ૨
આત્મજ્ઞાન પ્રકાશથી એ, મિથ્યાતમ પલટાય;
બુદ્ધિસાગર આત્મમાં, સહુ શક્તિ પ્રગટાય. ૩

## શ્રી અરનાથ ભગવાનનું ચૈત્યવંદન

નાગપુરે અર જિનવરુ, સુદર્શન નૃપ નંદ,
દેવી માતા જનમીયો, ભવિજન સુખકંદ. ૧
લંછન નંદાવર્તનું, કાયા ધનુષ ત્રીસ,
સહસ ચોરાસી વસરનું, આયુ જાસ જગીશ. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અરુજ અજર અર જિનવરુ એ, પામ્યા ઉત્તમ ઠાણ,
તસ પદ પદ્મ આલંબતાં, લહીયે પદ નિરવાણ. ૩

## શ્રી મલ્લિનાથ ભગવાનનું ચૈત્યવંદન

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી;
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી. ૧
તાત શ્રી કુંભ નરેસરુ, ધનુષ પચવીશની કાય;
લંછન કળશ મંગલ કરુ, નિર્મમ નિરમાય ૨
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય. ૩

## શ્રી મલ્લિનાથ ભગવાનનું ચૈત્યવંદન

મલ્લ બની ભવરણવિષે, જીત્યા રાગ ને દ્વેષ;
મલ્લિ પ્રભુ તેથી થયા, ટાળ્યા સર્વે ક્લેશ. ૧
રાગદ્વેષ ન જેહને, પરમાતમ તે જાણ;
દેહ છતાં વૈદેહી તે, કેવલી છે ભગવાન્. ૨
મલ્લિનાથ પ્રભુ ધ્યાઈને એ, ભાવમલ્લતા પામી;
કર્મ કરો પ્રારબ્ધથી, બની અંતર નિષ્કામી. ૩

## શ્રી મુનિસુવ્રતસ્વામીનું ચૈત્યવંદન

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન,
પદ્મા માતા જેહની સુમિત્ર નૃપ નંદન. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજગૃહી નયરી ધણી, વીશ ધનુષ શરીર,
કર્મ નિકાચિત રેણુ વ્રજ, ઉદ્દામ સમીર. ૨
ત્રીસ હજાર વરસતણું એ, પાલી આયુ ઉદાર,
પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર. ૩

## શ્રી મુનિસુવ્રતસ્વામીનું ચૈત્યવંદન

ભાવ મુનિસુવ્રતપણું, પ્રગટાવીને જેહ;
મુનિસુવ્રત પ્રભુ જિન થયા, વંદું તે ગુણગેહ. ૧
ક્ષાયિકભાવે આત્મમાં, ક્ષાયિક લબ્ધિ ધારી;
મુનિસુવ્રતને વંદતાં, રહે ન જડની યારી. ૨
મુનિસુવ્રતપણું આત્મમાં એ, જાણી પામો ભવ્ય;
મુનિસુવ્રત જિન ઉપદિશે, એવું નિજ કર્તવ્ય. ૩

## શ્રી નમિનાથ ભગવાનનું ચૈત્યવંદન

આતમમાં પ્રણમી પ્રભુ, થયા નમિ જિનરાજ;
નમવું ઉપશમ ક્ષાયિકે, ક્ષયોપશમે સુખકાજ. ૧
નમ્યા ન જે તે ભવ ભમ્યા, નમી લહ્યા ગુણવૃંદ;
નમિ પ્રભુ ભાખિયું, સેવા છે સુખ કંદ. ૨
આતમમાં પ્રણમી રહી એ, સ્વયં નમી ઘટ જોવે;
ધ્યાનસમાધિ યોગથી, આત્મશક્તિ નહીં ખોવે. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી નેમિનાથ ભગવાનનું ચૈત્યવંદન

બાવીસમા શ્રી નેમિનાથ, ઘોર બ્રહ્મવ્રત ધારી;
શક્તિ અનંતી જેહની, ત્રણ ભુવન સુખકારી. ૧
ઇન્દ્ર ચન્દ્ર નાગેન્દ્રને, વાસુદેવો સર્વે;
ચક્રવર્તીયોને નમીને, સેવે રહી અગર્વે. ૨
કૃષ્ણાદિક ભક્તો ઘણા એ, જેની સેવા સારે;
એવા પરમેશ્વર વિભુ, સેવંતાં સુખ ભારે. ૩

## શ્રી નેમિનાથ ભગવાનનું ચૈત્યવંદન

નેમિનાથ બાવીસમા, શિવાદેવી માય;
સમુદ્ર વિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. ૧
દશ ધનુષની દેહડી, આયુ વર્ષ હજાર;
શંખ લંછન ધર સ્વામીજી, તજી રાજુલ નાર. ૨
સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાન. ૩

## શ્રી નેમિનાથ ભગવાનનું ચૈત્યવંદન

વિશુદ્ધ-વિજ્ઞાન-ભૃતાં વરેણ, શિવાત્મજેન પ્રશમાકરેણ.
યેન પ્રયાસેન વિનૈવ કામં, વિજિત્ય-વિક્રાન્ત-વરં પ્રકામમ્. ૧
વિહાય રાજ્યં ચપલ-સ્વભાવં, રાજીમતીં રાજ-કુમારિકાં ચ.
ગત્વા સલીલં ગિરિનાર શૈલં, ભેજે વ્રતં કેવલ-મુક્તિ-યુક્તમ્. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિઃશેષ યોગીશ્વર મૌલિરત્નં, જિતેન્દ્રિયત્વે વિહિત-પ્રયત્નમ્.
તમુત્ત-માનંદ-નિધાન-મેકં, નમામિ નેમિં વિલસદ્-વિવેકમ્. ૩

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

પાર્શ્વનાથ પાસે પ્રભુ, આત્મજ્ઞાનથી દેખે;
જડવણ આતમ ભાનથી, પ્રગટ પ્રભુ નિજ પેખે. ૧
જલધિસાં તારો યથા, ખાલે સ્વેચ્છાભાવે;
તતા જ્ઞાની જડ વસ્તુમાં, ખેલ જ્ઞાન સ્વભાવે. ૨
પંચ વર્ણની માટીને, ખાઈ બને છે શ્વેત;
શંખની પેઠે જ્ઞાની બહુ, નિઃસંગી સંકેત. ૩
દેખે અજ્ઞાની બહિર, અંતર દેખે જ્ઞાની;
જ્ઞાનીના પરિણામની, સાક્ષી કેવલજ્ઞાની. ૪
જ્ઞાનીને સહુ આસ્રવો, સંવરરૂપે થાય;
સંવરપણ અજ્ઞાનીને, આસ્રવ હેતુ સુહાય. ૫
પાર્શ્વ પ્રભુએ ઉપદિશ્યો એ, જ્ઞાન અજ્ઞાનનો ભેદ;
બુદ્ધિસાગર આત્મમાં, જ્ઞાનીને નહીં ખેદ. ૬

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

પાર્શ્વનાથ પાસે પ્રભુ, આત્મ જ્ઞાનથી દેખે;
જડવણ આતમ ભાનથી, પ્રગટ પ્રભુ નિજ પેખે. ૧
જલધિમાં તારો યથા, ખેલે સ્વેચ્છા ભાવે;
તથા જ્ઞાની જડ વસ્તુમાં, ખેલે જ્ઞાન સ્વભાવે. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચ વર્ણની માટીને, ખાઇ બને છે શ્વેત;
શંખની પેઠે જ્ઞાની બહુ, નિઃસંગી સંકેત. ૩
દેખે અજ્ઞાની બહિર, અંતર દેખે જ્ઞાની;
જ્ઞાનીના પરિણામની, સાક્ષી કેવલજ્ઞાની. ૪
જ્ઞાનીને સહુ આસ્રવો, સંવર રૂપે થાય;
સંવર પણ અજ્ઞાનીને, આસ્રવ હેતુ સુહાય. ૫
પાર્શ્વ પ્રભુએ ઉપદિશ્યો એ, જ્ઞાન અજ્ઞાનનો ભેદ;
બુદ્ધિ સાગર આત્મમાં, જ્ઞાનીને નહીં ખેદ. ૬

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, તોડે ભવ પાસ.
વામા માતા જનમીયા, અહિ-લંછન જાસ. ૧
અશ્વ સેન સુત સુખ-કરુ, નવ હાથની કાયા.
કાશી દેશ વાણારસી, પુણ્યે પ્રભુ આયા. ૨
એક સો વરસનું આઉખું એ, પાલી પાર્શ્વ-કુમાર.
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

જય ચિંતામણી પાર્શ્વનાથ, જય ત્રિભુવન-સ્વામી;
અષ્ટ-કર્મ રિપુ જીતીને, પંચમ ગતિ પામી. ૧
પ્રભુ નામે આનંદ-કંદ, સુખ સંપત્તિ લહીયે;
પ્રભુ નામે ભવ ભવ તણાં, પાતક સબ દહીયે. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ ह्रीँ वर्ण जोडी करी એ, જપીએ પારસ નામ;
વિષ અમૃત થઇ પરિણમે, લહીએ અવિચલ ઠામ. ૩

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

ॐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વ-ચિંતામણીયતે;
ह्रीँ ધરણેન્દ્ર વૈરોટ્યા, પદ્માદેવી-યુતાય તે. ૧
શાંતિ-તુષ્ટિ-મહાપુષ્ટિ-, ધૃતિ-કીર્તિ-વિધાયિને;
ॐ ह्रीँ દ્વિડ્‌વ્યાલ વેતાલ, સર્વાધિ-વ્યાધિ-નાશિને. ૨
જયા-જિતાખ્યા-વિજયાખ્યા-, પરાજિતયાન્વિતઃ;
દિશાં-પાલૈર્ગ્રહૈર્યક્ષૈ-, ર્વિદ્યાદેવીભિ-રન્વિતઃ. ૩
ॐ અસિઆઉસા, નમસ્તત્ર ત્રૈલોક્ય-નાથતામ્;
ચતુષ્ષષ્ટિઃ સુરેંદ્રાસ્તે, ભાસંતે છત્ર-ચામરૈઃ. ૪
શ્રી-શંખેશ્વર મંડન-પાર્શ્વજિન, પ્રણત કલ્પ-તરુ-કલ્પ;
ચૂરય દુષ્ટ-વ્રાતં, પૂરય મે વાંછિતં નાથ. ૫

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

શ્રયામિ તં જિનં સદા મુદા પ્રમાદ-વર્જિતં,
સ્વકીય-વાગ્વિલાસતો જિતોરુ-મેઘ-ગર્જિતમ્;
જગત્પ્રકામ-કામિત-પ્રદાન-દક્ષમક્ષતં,
પદં દધાન-મુચ્ચકૈર-કૈતવોપ-લક્ષિતમ્. ૧
સતામ-વદ્ય-ભેદકં પ્રભૂત-સંપદાં પદં,
વલક્ષ-પક્ષ-સંગતં જને-ક્ષણક્ષણ-પ્રદમ્;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સદૈવ યસ્ય દર્શનં વિશાં-વિમર્દિતૈનસાં,
નિહન્ત્ય-શાતજાત-માત્મભક્તિ-રક્ત-ચેતસામ્. ૨
અવાપ્ય યત્પ્રસાદ-માદિતઃ પુરુશ્રિયો નરા,
ભવન્તિ મુક્તિગામિન-સ્તતઃ પ્રભાપ્રભા-સ્વરાઃ;
ભજેય-માશ્વસેનિ-દેવદેવ-મેવ સત્પદં,
તમુચ્ચ-માનસેન શુદ્ધબોધ-વૃદ્ધિ-લાભદમ્. ૩

## શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન

સિદ્ધારથ-સુત વંદીએ, ત્રિશલાનો જાયો.
ક્ષત્રિય-કુંડમાં અવતર્યો, સુર નર પતિ ગાયો. ૧
મૃગ-પતિ લંછન પાઉલે, સાત હાથની કાયા.
બહોંતેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાયા. ૨
ખીમા-વિજય જિન-રાજના એ, ઉત્તમ ગુણ અવદાત.
સાત બોલથી વર્ણવ્યો, પદ્મ વિજય વિખ્યાત. ૩

## શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન

પ્રભુ મહાવીર જગધણી, પરમેશ્વર જિનરાજ;
શ્રદ્ધા ભક્તિ જ્ઞાનથી, સાર્યાં સેવક કાજ ૧
કાલ સ્વભાવને નિયતિ, કર્મને ઉદ્યમ જાણ;
પંચ કારણે કાર્યની, સિદ્ધિ કથી પ્રમાણ ૨
પુરુષાર્થ તેમાં કહ્યો, કાર્ય સિદ્ધિ કરનાર;
શુદ્ધાત્મા મહાવીર જિન, વંદુ વાર હજાર ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીર મહાવીર ધ્યાવતાંએ, મહાવીર આપો આપ;
બુદ્ધિસાગર વીરની, સાચી અંતર છાપ ૪

## શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન

નવ ચોમાસી તપ કર્યા, ત્રણમાસી દોય.
દોય દોય અઢીમાસી કર્યા, તેમ દોઢમાસી હોય. ૧
બહોંતેર પાસ ખમણ કર્યા, માસ ખમણ કર્યા બાર.
ષડ બેમાસી તપ આદર્યા, બાર અટ્ઠમ તપ સાર. ૨
ષડમાસી એક તપ કર્યો, પંચ દિણ ઉણ ષડ માસ.
બસો ઓગણત્રીસ છટ્ઠ ભલા, દીક્ષા દિન એક ખાસ. ૩
ભદ્ર પ્રતિમા દોય ભલી, મહાભદ્ર દિન ચાર.
દશ સર્વતો ભદ્રતા, લાગટ નિરધાર. ૪
વિણ પાણી તપ આદર્યા, પારણાદિક જાસ.
દ્રવ્યાહારે પારણા કર્યા, ત્રણસો ઓગણપચાસ. ૫
છદ્મસ્થ એણી પરે રહ્યા એ, સહ્યાં પરિષહ ઘોર.
શુક્લ ધ્યાન અનલે કરી, બાલ્યાં કર્મ કઠોર. ૬
શુક્લ ધ્યાન અંતે રહ્યાએ, પામ્યા કેવલ નાણ.
પદ્મ વિજય કહે પ્રણમતાં, લહિએ નિત્ય કલ્યાણ. ૭

## શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન

પ્રભુ મહાવીર જગધણી, પરમેશ્વર જિનરાજ;
શ્રદ્ધા ભક્તિ જ્ઞાનથી, સાર્યા સેવક કાજ. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાલ સ્વભાવ તે નિયતિ, કર્મ ને ઉદ્યમ જાણ;
પંચ કારણે કાર્યની, સિદ્ધિ કથી પ્રમાણ. ૨
પુરુષાર્થ તેમાં કહ્યો, કાર્ય સિદ્ધિ કરનાર;
શુદ્ધાત્મા મહાવીર જિન, વંદુ વાર હજાર. ૩
મહાવીરને ધ્યાવતાં એ, મહાવીર આપોઆપ;
બુદ્ધિ સાગર વીરની, સાચી અંતર છાપ. ૪

## શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન

વર્દ્ધમાન જિનવર ધણી, પ્રણમું નિત્યમેવ;
સિદ્ધારથ કુલ ચંદલો, સુર નિર્મિત સેવ. ૧
ત્રિશલા ઉદર સર હંસ સમ, પ્રગટ્યો સુખ કંદ;
કેશરી લંછન વિમલ તનુ, કંચન મય વૃંદ. ૨
મહાવીર જગમાં વડો એ, પાવાપુરી નિર્વાણ;
સુર નર ભૂપ નમે સદા, પામે અવિચલ ઠાણ. ૩

## શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન

ૐ અર્હં શ્રી મહાવીર!, વર્ધમાન! જિનેશ્વર!;
શાંતિ તુષ્ટિં મહા-પુષ્ટિં, કુરૂ સ્વેષ્ટં દ્રુતં પ્રભો!. ૧
સર્વ દેવાધિ-દેવાય, નમો વીરાય તાયિને;
ગ્રહ-ભૂત-મહામારીર્દ્રુતં નાશય! નાશય!. ૨
સર્વત્ર કુરુ મે રક્ષાં, સર્વોપદ્રવ-નાશતઃ;
જયં ચ વિજયં સિદ્ધિં, કુરુ શીઘ્રં કૃપાનિધે!. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્વન્નામ-સ્મરણાદેવ!, ફલેન્મે વાંછિતં સદા;
દૂરી-ભવન્તુ પાપાનિ, મોહં નાશય વેગતઃ. ૪
ૐ હ્રીં અર્હં મહાવીર, મંત્ર-જાપેન સર્વદા;
બુદ્ધિ સાગર-શક્તીનાં, પ્રાદુર્ભાવો ભવેદ્ ધ્રુવમ્. ૫

## શાશ્વતા અશાશ્વતા જિન ચૈત્યવંદન

શાશ્વત પ્રતિમાઓ ઘણી પ્રથમાદિ સ્વર્ગે જે રહી,
જિન ભાવસ્મૃતિથી વંદતાં ઉપયોગની શુદ્ધિ વહી;
જ્યોતિષીનાં સર્વે વિમાનો ત્યાં પ્રતિમા નિર્મળી,
વ્યંતર ભુવનમાં જે રહી વંદું હું પ્રેમે લળી લળી. ૧
જે જે જ માનવ લોકમાં તે તે જ વંદું ભાવથી,
સિદ્ધાંત આગમમાં કહી, ભાવે સ્મરું ગુણદાવથી;
ઋષભાદિ ચારે નામથી શાશ્વત પ્રતિમા ધ્યાઈએ,
શત્રુંજ્યાદિ તીર્થસ્થિત અશાશ્વતી મન લાઈએ. ૨
પાતાલ મૃત્યુ લોકમાં ને સ્વર્ગમાંહી વંદીએ;
નામાદિતીર્થો સર્વને વંદીને કર્મ નિકંદીએ;
પરમાત્મપ્રતિનિધિ તીર્થ જે આત્માર્થ ઉપશમ આદિયે,
બુદ્ધયબ્ધિ ભક્તિભાવથી ઉપયોગથી મન લાવીએ. ૩

## શ્રી પંચ પરમેષ્ઠિ ચૈત્યવંદન

બાર ગુણ અરિહન્ત દેવ, પ્રણમીજે ભાવે.
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ-દોહગ જાવે. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવજ્ઝાય.
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય. ૨
અષ્ટોત્તર-શત ગુણ મલી, એમ સમરો નવકાર.
ધીર વિમલ પણ્ડિત તણો, નય પ્રણમે નિત સાર. ૩

## પરમાત્માના ચૈત્યવંદન

પરમેસર! પરમાતમા!, પાવન! પરમિટ્ઠ!
જય જગ ગુરુ! દેવાધિ-દેવ!, નયણે મેં દિટ્ઠ!. ૧
અચલ-અકલ અવિકાર સાર, કરુણા-રસ-સિંધુ.
જગતી જન આધાર એક, નિષ્કારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરા, કિમહિ કહ્યા ન જાય.
રામ પ્રભુ જિન-ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

## પંચ તીર્થ ચૈત્યવંદન

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧
શત્રુંજય શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ રિખવ જુહાર. ૨
અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીસે જોય;
મણિમય મૂરતિ માનશું, ભરતે ભરાવી સોય. ૩
સમેત-શિખર તીરથ વડું, જિહાં વીશે જિન પાય;
વૈભાર ગિરિ ઉપરે, શ્રી વીર જિનેશ્વર રાય. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ;
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ. ૫

## ચૌવીસ જિન વર્ણ ચૈત્યવંદન

પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ.
ચન્દ્રપ્રભુ ને સુવિધિનાથ, દોય ઉજ્જ્વલ લહીએ. ૧
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નિરખ્યા.
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા. ૨
સોલે જિન કંચન સમા એ, એહવા જિન ચોવીશ.
ધીર વિમલ પણ્ડિત તણો, જ્ઞાન વિમલ કહે શિષ્ય. ૩

## તીર્થંકર ભવ ચૈત્યવંદન

પ્રથમ તીર્થંકર તણા હુવા, ભવ તેર કહીજે;
શાંતિ તણા ભવ બાર સાર, નવ ભવ નેમ લહીજે. ૧
દશ ભવ પાસ જિણંદના, સત્તાવીશ શ્રી વીર;
શેષ તીર્થંકર ત્રિહું ભવે, પામ્યા ભવ જલ તીર. ૨
જિહાંથી સમકિત ફરસિયું એ, તિહાંથી ગણીએ તેહ;
ધીર વિમલ પંડિત તણો, જ્ઞાન વિમલ ગુણગેહ. ૩

## એકસૌ સિત્તેર જિનવર્ણ ચૈત્યવંદન

સોલે જિનવર શામલા, રાતા ત્રીશ વખાણું;
લીલા મરકત મણિ સમા, આડત્રીશે ગુણ ખાણું. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પીલા કંચન વર્ણ સમા, છત્રીશે જિનચંદ;
શંખ વરણ સોહામણું, પચાશે સુખકંદ. ૨
સીત્તેર સો જિન વંદીયે એ, ઉત્કૃષ્ટા સમકાલ;
અજિતનાથ વારે હુવા, વંદું થઇ ઉજમાલ. ૩
નામ જપંતાં જિન તણું, દુર્ગતિ દૂરે જાય;
ધ્યાન ધ્યાતાં પરમાત્માનું, પરમ મહોદય થાય. ૪
જિનવર નામે જશ ભલો, સફલ મનોરથ સાર;
શુદ્ધ પ્રતીતિ જિન તણી, શિવ સુખ અનુભવ ધાર. ૫

## સિદ્ધ પરમાત્માના ચૈત્યવંદન

સિદ્ધ સકલ સમરું સદા, અવિચલ અવિનાશી;
થાશે ને વલી થાય છે, થયા અડ કર્મ વિનાશી. ૧
લોકાલોક પ્રકાશ ભાસ, કહેવા કોણ શૂરો;
સિદ્ધ બુદ્ધ પારંગત, ગુણથી નહિં અધૂરો. ૨
અનંત સિદ્ધ એણી પરે નમું એ, વલી અનંત અરિહંત,
જ્ઞાન વિમલ ગુણ સંપદા, પામ્યા તે ભગવંત. ૩

## શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો. ૧
સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સયલ સંગ છંડી કરી, ચારિત્ર લેઈશું,
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું. ૩
એ અલજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ;
ઇહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪
કર જોડીને વિનવું એ, સામો રહી ઈશાન;
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સમકિત દાન. ૫

## શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

શ્રી સીમન્ધર વીતરાગ!, ત્રિભુવન તુમે ઉપકારી;
શ્રી શ્રેયાંસ પિતા કુલે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછને વિરાજમાન, વંદે નર નારી. ૨
ધનુષ પાંચસેં દેહડી એ, સોહીએ સોવન વાન;
કીર્તિ વિજય ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

## શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

વંદું જિનવર વિહરમાન, સીમંધર સ્વામી.
કેવલ કમલા કાંત દાંત, કરુણા રસ ધામી. ૧
કંચન ગિરિ સમ દેહ કાંત, વૃષભ લંછન પાય.
ચોરાશી લખ પૂર્વ આયુ, સેવિત સુર રાય. ૨
છટ્ઠ ભત્ત સંયમ લિયો એ, પુંડરીકિણી ભાણ.
પ્રભુ દ્યો દરિશન સંપદા, કારણ પરમ કલ્યાણ. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

જયતુ જિન જગદેક-ભાનુ, કામ કશ્મલ-તમ-હરં;
દુરિત-ઓઘ વિભાવ-વર્જિતં, નૌમિ શ્રી જિન-મંધરં. ૧
પ્રભુ-પાદ પદ્મે ચિત્ત-લયને, વિષય-દોલિત નિર્ભરં;
સંસાર-રાગ અસાર-ઘાતિકં, નૌમિ... ૨
અતિ-રોષ-વહ્નિ-માન મહીધર, તૃષ્ણા-જલધિ-હિતકરં;
વચનોર્જિત-જંતુ-બોધકં, નૌમિ... ૩
અજ્ઞાન-તર્જિત-રહિત-ચરણં, પરગુણો મે મત્સરં;
અરતિ-અર્દિત-ચરણ-શરણં, નૌમિ... ૪
ગંભીર-વદનં ભવતુ દિન દિન, દેહિ મે પ્રભુ-દર્શનં;
ભાવવિજય શ્રી દદતુ મંગલં, નૌમિ... ૫

## સિદ્ધાચલ તીર્થ ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધ-ક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે.
ભાવ ધરીને જે ચઢે, તેને ભવ-પાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય.
પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિયા પ્રભુ પાય. ૨
સૂરજ-કુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ.
નાભિરાયા-કુલ-મંડણો, જિનવર કરૂં પ્રણામ. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સિદ્ધાચલ તીર્થ ચૈત્યવંદન

વિમલ-કેવલ-જ્ઞાન-કમલા-કલિત, ત્રિભુવન હિતકરં.
સુરરાજ-સંસ્તુત-ચરણ-પંકજ, નમો આદિ જિનેશ્વરં. ૧
વિમલ-ગિરિવર-શૃંગ-મણ્ડન, પ્રવર-ગુણગણ-ભૂધરં.
સુર-અસુર-કિન્નર-કોડિ-સેવિત, નમો આદિ જિનેશ્વરં. ૨
કરતી નાટક કિન્નરી-ગણ, ગાય જિન-ગુણ મનહરં.
નિર્જરાવલી નમે અહો નિશ, નમો આદિ જિનેશ્વરં. ૩
પુણ્ડરીક ગણપતિ સિદ્ધિ સાધી, કોડી પણ મુનિ મનહરં.
શ્રી વિમલ ગિરિવર-શૃંગ સિદ્ધા, નમો આદિ જિનેશ્વરં. ૪
નિજ સાધ્ય-સાધક સુર-મુનિવર, કોડિ અનન્ત એ ગિરિવરં.
મુક્તિ-રમણી વર્યા રંગે, નમો આદિ જિનેશ્વરં. ૫
પાતાલ-નર-સુર-લોકમાંહી, વિમલ ગિરિવર તો પરં.
નહિ અધિક તીર્થ તીર્થપતિ કહે, નમો આદિ જિનેશ્વરં. ૬
ઇમ વિમલ ગિરિવર-શિખર-મણ્ડણ, દુઃખ-વિહણ્ડન ધ્યાઈયે.
નિજ શુદ્ધ-સત્તા-સાધનાર્થં, પરમ જ્યોતિ નિપાઈયે. ૭
જિત-મોહ-કોહ-વિછોહ નિદ્રા, પરમ-પદ-સ્થિતિ જયકરં.
ગિરિરાજ-સેવા-કરણ તત્પર, પદ્મ વિજય સુહિતકરં. ૮

## સિદ્ધાચલ તીર્થ ચૈત્યવંદન

સિદ્ધાચલ ગિરિ વંદીએ, દ્રવ્ય ભાવથી બેશ;
દ્રવ્ય ભાવ ગિરિ જાણતાં, રહે ન મનમાં ક્લેશ. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાત નયોથી જાણીને, વિમલાચલ ધ્યાનાર;
અવશ્ય મુક્તિપદ લહે, શુદ્ધાતમ પદ સાર. ૨
નિર્વિકલ્પ સ્વભાવથી એ, તીર્થજ આપોઆપ;
બુદ્ધિસાગર સંપજે, રહે ન દુવિધા તાપ. ૩

## સિદ્ધાચલ તીર્થ ચૈત્યવંદન

જય! જય! નાભિ નરિંદ નંદ, સિદ્ધાચલ મંડણ;
જય! જય! પ્રથમ જિણંદ ચંદ, ભવ-દુઃખ વિહંડણ. ૧
જય! જય! સાધુ સૂરિંદ વૃંદ, વંદિઅ પરમેસર;
જય! જય! જગદાનંદ કંદ, શ્રી ઋષભ જિનેસર. ૨
અમૃત સમ જિન ધર્મનો એ, દાયક જગમાં જાણ;
તુજ પદ પંકજ પ્રીતધર, નિશ-દિન નમત કલ્યાણ. ૩

## શ્રી રાયણ પગલાંનું ચૈત્યવંદન

એહ ગિરિ ઉપર આદિ દેવ, પ્રભુપ્રતિમા વંદો;
રાયણ હેઠે પાદુકા, પૂજીને આણંદો. ૧
એહ ગિરિનો મહિમા અનંત, કુણ કરે વખાણ;
ચૈત્રી પૂનમને દિને, તેહ અધિકો જાણ. ૨
એહ તીરથ સેવો સદા, આણી ભક્તિ ઉદાર;
શ્રી શત્રુંજય સુખદાયકો, દાન વિજય જયકાર. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન

આદીશ્વર જિનરાયનો ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરીક જાસ, મહીમાંહે મહંત. ૧
પંચ કોડી સાથે મુણીંદ, અણસણ તિહાં કીધ;
શુક્લધ્યાન ધ્યાતા અમૂલ, કેવલ વર લીધ. ૨
ચૈત્રી પૂનમને દિને એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીકગિરિ, નામ દાન સુખકંદ. ૩

## નવપદ ચૈત્યવંદન

શ્રી સિદ્ધચક્ર આરાધીયે, આસો ચૈતર માસ.
નવ દિન નવ આંબિલ કરી, કીજે ઓલી ખાસ. ૧
કેશર ચંદન ઘસી ઘણા, કસ્તુરી બરાસ.
જુગતે જિનવર પૂજિયે, જિમ મયણા શ્રીપાલ. ૨
પૂજા અષ્ટ પ્રકારની, દેવ-વંદન ત્રણ કાલ.
મંત્ર જપો ત્રણ કાલને, ગુણણું દોય હજાર. ૩
કષ્ટ ટલ્યું ઉંબર તણું, જપતાં નવપદ ધ્યાન.
શ્રી શ્રીપાલ નરિંદ થયા, વાધ્યો બમણો વાન. ૪
સાતસો કોઢી સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ.
પુણ્યે મુક્તિ-વધૂ વર્યા, પામ્યા લીલ વિલાસ. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવપદ ચૈત્યવંદન

જો ધુરિ સિરિ અરિહંત-મૂલ-દઢ-પીઠ-પઇટ્ઠિઓ,
સિદ્ધ-સૂરિ-ઉવજ્ઝાય-સાહુ ચિહું પાસ-ગરિટ્ઠિઓ. ૧
દંસણ-નાણ-ચરિત્ત-તવહિ પડિસાહા-સુન્દરો,
તત્તક્ખર-સરવગ્ગ-લદ્ધિ-ગુરુ-પય-દલ-દુમ્બરો. ૨
દિસિવાલ-જક્ખ-જક્ખિણી-પમુહ-સુર-કુસુમેહિં અલંકિઓ,
સો સિદ્ધ-ચક્ક-ગુરુ કપ્પતરૂ અમ્હ મણ-વંછિય-ફલ-દિઓ. ૩

## નવપદ ચૈત્યવંદન

શ્રી સિદ્ધચક્ર મહા મંત્રરાજ, પૂજા પરસિદ્ધ;
જાસ નમનથી સંપજે, સંપૂર્ણ સિદ્ધ. ૧
અરિહંતાદિક નવપદ, નિત્ય નવનિધિ દાતા;
એ સંસાર અસાર, સાર હોએ પાર વિખ્યાતા. ૨
અમલાચલ પદ સંપજે, પૂરે મનના કોડ;
મોહન કહે વિધિયુત કરો, જિમ હોય ભવનો છોડ. ૩

## બીજ તિથિનું ચૈત્યવંદન

દુવિધ બંધને ટાલીએ, જે વલી રાગ ને દ્વેષ;
આર્ત રૌદ્ર દોય અશુભ ધ્યાન, નવિ કરો લવલેશ. ૧
બીજ દિને વલી બોધિ બીજ, ચિત ઠાણે વાવો;
જેમ દુઃખ દુર્ગતિ નવિ લહો, જગમાં જશ ચાવો. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવો રૂડી ભાવના એ, વાધો શુભ ગુણઠાણ;
જ્ઞાન વિમલ તપ તેજ થી, હોય કોડી કલ્યાણ. ૩

## બીજ તિથિનું ચૈત્યવંદન

દુવિધ ધર્મ જેણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન;
બીજે જન્મ્યા તે પ્રભુ, ભવદુઃખ નિકંદન. ૧
દુવિધ ધ્યાન તમે પરિહરો, આદરો દોય ધ્યાન;
એમ પ્રકાશ્યું સુમતિ જિને, તે ચવીયા બીજ દિન. ૨
દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીએ;
મુજ પરે શીતલ જિન કહે, બીજ દિન શિવ ભજીએ. ૩
જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ;
બીજ દિને વાસુપૂજ્ય પરે, લહો કેવલ નાણ. ૪
નિશ્ચય ને વ્યવહાર દોય, એકાંતે ન ગ્રહીએ;
અરજિન બીજ દિને ચવી, એમ જન આગલ કહીએ. ૫
વર્તમાન ચોવીશીએ, એમ જિન કલ્યાણ;
બીજ દિન કેઇ પામીયા, પ્રભુ નાણ નિરવાણ. ૬
ઇમ અનંત ચોવીશીએ, હુવા બહુ કલ્યાણ;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખઠાણ. ૭

## પંચમી તિથિનું ચૈત્યવંદન

શ્યામલ વાન સોહામણુ, શ્રી નેમિ જિનેશ્વર;
સમવસરણ બેઠા કહે, ઉપદેશ સોહંકર. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચમી તપ આરાધતાં, લહે પંચમ નાણ;
પાંચ વરસ પંચ માસનો, એ છે તપ પરિમાણ. ૨
જિમ વરદત્ત ગુણમંજરી એ, આરાધ્યો તપ એહ;
જ્ઞાન વિમલ ગુરુ એમ કહે, ધન ધન જગમાં તેહ. ૩

## પંચમી તિથિનું ચૈત્યવંદન

ત્રિગડે બેઠા વીર જિન, ભાખે ભવિજન આગે;
ત્રિકરણશું ત્રિહું લોક જન, નિસુણો મન રાગે. ૧
આરાધો ભલી ભાતસેં, પંચમી અજુવાલી;
જ્ઞાન આરાધન કારણે, એહી જ તિથિ નિહાલી. ૨
જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર. ૩
જ્ઞાન રહિત કિરિયા કહી, કાશ કુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પ્રધાન. ૪
જ્ઞાની શ્વાસો-શ્વાસમાં, કરે કર્મનો છેહ;
પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની કરે તેહ. ૫
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬
પંચ માસ લઘુ પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટિ;
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટિ. ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકાવન હી પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાલો ભવ ફેરો. ૮
એણી પેરે પંચમી આરાધીએ, આણી ભાવ અપાર;
વરદત્ત ગુણમંજરી પરે, રંગ વિજય લહો સાર. ૯

## અષ્ટમી તિથિનું ચૈત્યવંદન

મહા શુદિ આઠમ દિને, વિજયા સુત જાયો;
તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આયો. ૧
ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચન્દ. ૨
માધવ શુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ૩
એહી જ આઠમ ઊજલી, જન્મ્યા સુમતિ જિણંદ;
આઠ જાતિ કલશે કરી, નવરાવે સુર ઇંદ. ૪
જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમ અષાડ શુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી. ૫
શ્રાવણ વદની આઠમે, નમિ જન્મ્યા જગ ભાણ;
તેમ શ્રાવણ શુદિ આઠમે, પાસજીનું નિર્વાણ. ૬
ભાદરવા વદી આઠમ દિને, ચવીયા સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ. ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## એકાદશી તિથિનું ચૈત્યવંદન

અંગ અગ્યાર આરાધિયે, એકાદશી દિવસે.
એકાદશ પ્રતિમા વહો, સમકિત ગુણ વિકસે. ૧
એકાદશી દિવસે થયા, દીક્ષાને નાણ.
જન્મ લહીયા કેઇ જિનવરા, આગમ પરમાણ. ૨
જ્ઞાન વિમલ ગુણ વાધતાએ, સકલ કલા ભંડાર.
અગિયારસ આરાધતાં, લહિયે ભવજલ પાર. ૩

## એકાદશી તિથિનું ચૈત્યવંદન

શાસન નાયક વીરજી, પ્રભુ કેવલ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહાસેન વન આયો. ૧
માધવ સિત એકાદશી, સોમિલ દ્વિજ યજ્ઞ;
ઇંદ્રભૂતિ આદે મલ્યા, એકાદશ વિજ્ઞ. ૨
એકાદશસેં ચઉગુણો, તેહનો પરિવાર;
વેદ અરથ અવલો કરે, મન અભિમાન અપાર. ૩
જીવાદિક સંશય હરી, એકાદશ ગણધાર;
વીરે સ્થાપ્યા વંદીએ, જિન શાસન જયકાર. ૪
મલ્લી જન્મ અર મલ્લી, પાસ વર ચરણ વિલાસી;
ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લી ઘનઘાતી વિનાશી. ૫
પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવ ભવના તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘલી જોડી. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશ ક્ષેત્રે ત્રિહું કાલનાં, ત્રણસેં કલ્યાણ;
વરસ અગ્યાર એકાદશી, આરાધો વર નાણ. ૭
અગીયાર અંગ લખાવીયે, એકાદશ પાઠાં;
પુંજણી ઠવણી વીંટણી, મસી કાગલ ને કાઠાં. ૮
અગીયાર અવ્રત છાંડવા એ, વહો પડિમા અગિયાર;
ખિમા વિજય જિન શાસને, સફલ કરો અવતાર. ૯

## એકાદશી તિથિનું ચૈત્યવંદન.

આજ ઓચ્છવ થયો મુજ ઘરે, એકાદશી મંડાણ;
શ્રી જિનનાં ત્રણસે ભલાં, કલ્યાણક વર જાણ. ૧
સુરતરુ સુરમણિ સુરઘટ, કલ્પવેલી ફલી મ્હારે;
એકાદશી આરાધતાં, બોધિ બીજ ચિત્ત ઠારે. ૨
નેમિ જિનેશ્વર પૂજતાં એ, પહોંચે મનના કોડ;
જ્ઞાન વિમલ ગુણથી લહો, પ્રણમો બે કરજોડ. ૩

## પર્યુષણનું ચૈત્યવંદન

પર્વ પર્યુષણ ગુણ નીલો, નવ કલ્પ વિહાર;
ચાર માસાન્તર થિર રહે, એહીજ અર્થ ઉદાર. ૧
અષાઢ શુદી ચઉદસ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમેં, પડિક્કમતાં ચૌમાસ. ૨
શ્રાવક પણ સમતા ધરે, કરે ગુરુના બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભલે થઈ એક તાન. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનવર ચૈત્ય જુહારીયે, ગુરુ ભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીયે શિવ વરમાલ. ૪
દર્પણથી નિજ રૂપનો, જુએ સુદૃષ્ટિ રૂપ;
દર્પણ અનુભવ અર્પણો, જ્ઞાન રમણ મુનિ ભૂપ. ૫
આતમ સ્વરૂપ વિલોકતાં એ, પ્રગટ્યો મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬
નવ વખાણ પૂજી સુણો, શુક્લ ચતુર્થી સીમા;
પંચમી દિન વાંચે સુણે, હોય વિરાધક નિયમા. ૭
એ નહીં પર્વ પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરૂ મુનિ માનશે, ભાખ્યું અરિહા નાથે. ૮
શ્રુત કેવલી વયણા સુણી, લહી માનવ અવતાર;
શ્રી શુભ વીર ને શાસને, પામ્યા જય જય કાર. ૯

## પર્યુષણ પર્વનું ચૈત્યવંદન

વડા કલ્પ પૂરવ દિને, ઘરે કલ્પને લાવો.
રાત્રિ જાગરણ પ્રમુખ કરી, શાસન સોહાવો. ૧
હય ગય શણગારી કુમર, લાવો ગુરુ પાસે.
વડા કલ્પ દિન સાંભલો, વીર ચરિત ઉલ્લાસે. ૨
છઠ દ્વાદશ તપ કીજિયે, ધરીએ શુભ પરિણામ.
સાધર્મી વત્સલ પ્રભાવના, પૂજા અભિરામ. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિન ઉત્તમ ગૌતમ પ્રત્યે એ, કહે જો એકવીસ વાર.
ગુરુ મુખ પદ્મે ભાવશું, સુણતાં પામે પાર. ૪

## પર્યુષણ પર્વનું ચૈત્યવંદન

કલ્પ-તરુવર કલ્પસૂત્ર, પૂરે મન વાંછિત;
કલ્પધરે ધુરથી સુણો, શ્રી મહાવીર ચરિત. ૧
ક્ષત્રિયકુંડે નરપતિ, સિદ્ધારથ રાય;
રાણી ત્રિશલા તણી કૂખે, કંચન સમ કાય. ૨
પુષ્પોત્તર વરથી ચવ્યા એ, ઊપજ્યા પુણ્ય પવિત્ર;
ચતુરા ચૌદ સુપન લહે, ઊપજે વિનય વિનીત. ૩

## દીપાવલી પર્વનું ચૈત્યવંદન

શ્રી સિદ્ધારથ નૃપ કુલ તિલો, ત્રિશલા જસ માત.
હરિ લંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત. ૧
ત્રીસ વરસ ગૃહવાસ છંડી, લીએ સંયમ ભાર.
બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવલ સાર. ૨
ત્રીસ વરસ એમ સવિ મલી એ, બહોંતેર આયુ પ્રમાણ.
દીવાલી દિન શિવ ગયા, કહે નય તેહ ગુણ ખાણ. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્તવન વિભાગ

## શ્રી ઋષભદેવ સ્તવન

માતા મરુદેવીના નન્દ, દેખી તાહરી મૂરતિ.
મારું મન લોભાણુંજી, કે મારું ચિત્ત-ચોરાણું જી.
કરુણા-નાગર કરુણા-સાગર, કાયા-કંચન-વાન.
ધોરી-લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસેં માન. માતા.૧
ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર.
યોજન ગામિની વાણી મીઠી, વરસન્તી જલધાર. માતા.૨
ઊર્વશી રૂડી અપસરાને, રામા છે મનરંગ.
પાયે નેપૂર રણઝણે કાંઈ, કરતી નાટારમ્ભ. માતા.૩
તુંહી બ્રહ્મા, તુંહી વિધાતા, તું જગ-તારણહાર.
તુજ સરીખો નહિ દેવ જગતમાં, અડવડિયા આધાર. માતા.૪
તુંહી ભ્રાતા, તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ.
સુર-નર-કિન્નર-વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા.૫
શ્રી સિદ્ધાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ.
કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાલો ભવ-ભય ફંદ. માતા.૬

## શ્રી ઋષભદેવ સ્તવન

પ્રથમ જિનેસર પ્રણમીએ, જાસ સુગન્ધી રે કાય.
કલ્પવૃક્ષ પરે, તાસ ઇન્દ્રાણી નયન જે, ભૃંગ પરે લપટાય.પ્રથમ.૧.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોગ-ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ.
તેહથી પ્રતિહત તેહ, માનું કોઇ નવિ કરે,
જગમાં તુમશું રે વાદ. પ્રથમ.૨.
વગર ધોઇ તુજ નિરમલી, કાયા કંચન વાન.
નહીં પ્રસ્વેદ લગાર, તારે તું તેહને,
જેહ ધરે તાહરું ધ્યાન. પ્રથમ.૩.
રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય.
રુધિર આમિષથી, રાગ ગયો તુજ જન્મથી,
દૂધ-સહોદર હોય. પ્રથમ.૪.
શ્વાસોચ્છ્‌વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત.
દેખે ન આહાર નિહાર, ચરમ ચક્ષુ ધણી,
એહવા તુજ અવદાત. પ્રથમ.૫.
ચાર અતિશય મૂલથી, ઓગણીશ દેવના કીધ.
કર્મ ખપ્યાથી અગિયાર, ચોત્રીશ એમ અતિશયા,
સમવાયાંગે પ્રસિદ્ધ. પ્રથમ.૬.
જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ.
પદ્મ વિજય કહે, એહ સમય પ્રભુ પાલજો,
જેમ થાઉં અક્ષય અભંગ. પ્રથમ.૭.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આદિનાથ જિન સ્તવન

આદિજિનં વન્દે ગુણસદનં સદનન્તામલબોધં રે;
બોધકતાગુણવિસ્તૃતકીર્તિ કીર્તિત-પ્રથમવિરોધં રે આદિ૦ ૧
રોધ-રહિત વિસ્ફુરદુપયોગં યોગં દધતમભઙ્ગં રે;
ભઙ્ગં નય-વ્રજપેશલ-વાચં વાચંયમસુખસઙ્ગં રે આદિ૦ ૨
સંગત-પદ-શુચિ-વચન-તરઙ્ગં રઙ્ગં જગતિ દદાનં રે;
દાન-સુર-દ્રુમ-મંજુલ-હૃદયં હૃદયંગમગુણભાનં રે આદિ૦ ૩
ભાઽઽનન્દિત-સુરવર-પુન્નાગં નાગર-માનસ-હંસં રે;
હંસગતિં પંચમ-ગતિ-વાસં વાસવવિહિતાશંસંરે આદિ૦ ૪
શંસંતં નય-વચનમનવમં નવ-મઙ્ગલ-દાતારં રે;
તાર-સ્વરમઘ-ઘન-પવમાનં માન-સુભટ જેતારં રે આદિ૦ ૫

(વસન્તતિલકા છન્દ)

ઇત્થં સ્તુતઃ પ્રથમતીર્થપતિઃ પ્રમોદા-
च्छ्रीमद्यशोविजयवाचकपुङ्गवेन;
શ્રી પુણ્ડરીક-ગિરિરાજ-વિરાજમાનો,
માનોન્મુખાનિ વિતનોતુ સતાં સુખાનિ.

## શ્રી ઋષભદેવ સ્તવન

ઋષભજિનેશ્વર! વંદના, હોશો વારંવાર;
પુરુષોત્તમ ભગવાન નિરાકાર સંત છો, ગુણપર્યાયઆધાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્પત્તિ-વ્યય ધ્રુવતા, એક સમયમાંહી જોય;
પર્યાયાર્થિકનયથી વ્યય-ઉત્પત્તિ છે, દ્રવ્યથકી ધ્રુવ હોય. ઋ૦ ૧
સત્ કરતાં સામર્થ્યના, હોય પર્યાય અનન્ત;
અગુરૂલઘુની શક્તિ તે તેહમાં જાણીએ, અનન્ત શક્તિ સ્વતંત્ર. ૨
પરમભાવ ગ્રાહક પ્રભુ, તેમ સામાન્ય વિશેષ;
જ્ઞેય અનન્તનું તોલ કરે પ્રભુ! તાહરો, ક્ષાયિક એક પ્રદેશ. ઋ૦ ૩
સ્થિરતા ક્ષાયિકભાવથી, મુખથી કહી નહિ જાય;
અનન્તગુણ નિજ કાર્ય કરે લહી શક્તિને, ઉત્પત્તિ-વ્યય પાય.ઋ૦ ૪
ગુણ અનન્તની ધ્રુવતા, દ્રવ્યપણે છે અનાદિ;
ગુણની શુદ્ધિ અપેક્ષી પર્યાયે કરી, ભંગની સ્થિતિ છે સાદી.ઋ૦ ૫
સાદિ અનંતિ મુક્તિમાં, સુખ વિલસો છો અનંત;
સુખ જ્ઞેયાદિક જ્ઞાનમાં જ્ઞાતા જગગુરુ, જ્ઞાન અનંત વહંત.ઋ૦ ૬
રાગદ્વેષ-યુગલ હણી, થઈયા જગ મહાદેવ;
બુદ્ધિસાગર અવસર પામી ભક્તિથી, પામે અમૃતમેવ. ઋ૦ ૭

## શ્રી ઋષભદેવ સ્તવન

જગ જીવન જગ વાલહો, મરુદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઊપજે, દરિશન અતિહિ આનંદ લાલ રે. જગ.૧.
આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલ રે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે. જગ.૨.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિકે, અભ્યન્તર નહિ પાર લાલ રે. જગ.૩
ઇન્દ્ર ચન્દ્ર રવિ ગિરિતણા, ગુણ લઈ ઘડિયું અંગ લાલ રે;
ભાગ્ય કિહાં થકી આવિયું?, અચરિજ એહ ઉતંગ લાલ રે.જગ.૪
ગુણ સઘલા અંગીકર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
વાચક યશ વિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે. જગ.૫

## શ્રી ઋષભદેવ સ્તવન

પ્રથમ જિનેસર પ્રણમીએ, જાસ સુગન્ધી રે કાય.
કલ્પવૃક્ષ પરે, તાસ ઇન્દ્રાણી નયન જે, ભૃંગ પરે લપટાય.પ્રથમ.૧
રોગ-ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ.
તેહથી પ્રતિહત તેહ, માનું કોઇ નવિ કરે,
જગમાં તુમશું રે વાદ. પ્રથમ.૨
વગર ધોઇ તુજ નિરમલી, કાયા કંચન વાન.
નહીં પ્રસ્વેદ લગાર, તારે તું તેહને,જેહ ધરે તાહરું ધ્યાન.પ્રથમ.૩
રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય.
રુધિર આમિષથી, રાગ ગયો તુજ જન્મથી,
દૂધ-સહોદર હોય. પ્રથમ.૪
શ્વાસોચ્છ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત.
દેખે ન આહાર નિહાર, ચરમ ચક્ષુ ધણી,
એહવા તુજ અવદાત. પ્રથમ.૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાર અતિશય મૂલથી, ઓગણીશ દેવના કીધ.
કર્મ ખપ્યાથી અગિયાર, ચોત્રીશ એમ અતિશયા,
સમવાયાંગે પ્રસિદ્ધ. પ્રથમ.૬
જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ.
પદ્મ વિજય કહે, એહ સમય પ્રભુ પાલજો,
જેમ થાઉં અક્ષય અભંગ. પ્રથમ.૭

## શ્રી ઋષભદેવ સ્તવન

તુમ દરિસણ ભલે પાયો, પ્રથમ જિન તુમ.;
નાભિ નરેસર નંદન નિરુપમ, માતા મરુદેવા જાયો. તુમ.૧
આજ અમીરસ જલધર વૂઠ્યો, માનું ગંગાજલે નાહ્યો.
સુરતરુ સુરમણિ પ્રમુખ અનોપમ, તે સવિ આજ મેં પાયો. તુમ.૨
યુગલા ધર્મ નિવારણ તારણ, જગ જસ મંડપ છાયો.
પ્રભુ તુજ શાસન વાસન સમકિત, અંતર વૈરી હઠાયો. તુમ.૩
કુગુરુ કુદેવ કુધર્મ નિવાસે, મિથ્યા-મતમેં ફસાયો.
મેં પ્રભુ આજથી નિશ્ચય કીનો, સભી મિથ્યાત્વ ગમાયો. તુમ.૪
બેર બેર કરૂં વિનતિ ઇતની, તુમ સેવા રસ પાયો.
જ્ઞાન વિમલ પ્રભુ સાહિબ નજરે, સમકિત પૂરણ સવાયો. તુમ.૫

## શ્રી ઋષભદેવ સ્તવન

ઋષભ દેવ હિતકારી, જગત ગુરુ ઋષભ દેવ હિતકારી.
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિ વ્રતધારી. જગત.૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વરસી-દાન દેઈ તુમ જગ મેં, ઈલતિ ઈતિ નિવારી.
તૈસી કાહી કરતુ નહિ કરુણા, સાહિબ બેર હમારી. જગત.૨
માગત નહીં હમ હાથી ઘોડે, ધન કન કંચન નારી.
દીઓ મોહે ચરણ-કમલકી સેવા,યાહિ લાગત મોહે
પ્યારી.જગત.૩
ભવલીલા વાસિત સુર ડારે, તું પર સબહિ ઉવારી.
મેં મેરો મન નિશ્ચય કીનો, તુમ આણા શિર ધારી. જગત.૪.
ઐસો સાહિબ નહિ કોઈ જગમેં, યાસું હોય દિલદારી.
દિલ હી દલાલ પ્રેમ કે બિચેં, તિહાં હઠ ખેંચે ગમારી. જગત.૫.
તુમ હો સાહિબ મૈં હૂં બંદા, યા મત દીઓ વિસારી.
શ્રી નય વિજય વિબુધ સેવક કે,તુમ હો પરમ ઉપકારી.જગત.૬.

## શ્રી ઋષભદેવ સ્તવન

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કન્ત.
રીઝીયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ-અનન્ત.ઋષભ.૧
પ્રીત-સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત-સગાઈ ન કોય.
પ્રીત-સગાઈ રે નિરુપાધિક કહી રે,સોપાધિક ધન ખોય.ઋષભ.૨
કોઈ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરે રે, મિલશું કન્તને ધાય.
એ મેલો નવિ કહીએ સંભવે રે, મેલો ઠામ ન ઠાય. ઋષભ.૩
કોઈ પતિ-રંજન અતિ ઘણું તપ કરે રે, પતિ-રંજન તનુ તાપ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ પતિ-રંજન મેં નવિ ચિત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ.ઋષભ.૪
કોઈ કહે લીલા રે અલખ-અલખ તણી રે, લખ પૂરે મન આશ.
દોષ-રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. ઋષભ.૫.
ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખણ્ડિત એહ.
કપટ રહિત થઈ આતમ અરપણા રે,આનન્દઘન પદ રેહ.ઋષભ.૬

## શ્રી ઋષભદેવ સ્તવન

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,
ગુણ નીલો જેણે તુજ નયણ દીઠો;
દુઃખ ટલ્યાં સુખ મલ્યાં સ્વામી તુજ નિરખતાં,
સુકૃત સંચય હુઓ પાપ નીઠો. ઋષભ.૧.
કલ્પશાખી ફલ્યો કામઘટ મુજ મલ્યો,
આંગણે અમીયનો મેહ વૂઠો
મુજ મહીરાણ મહીભાણ તુજ દર્શને,
ક્ષય ગયો કુમતિ અંધાર જૂઠો. ઋષભ.૨.
કવણ નર કનક મણિ છોડી તૃણ સંગ્રહે,
કવણ કુંજર તજી કરહ લેવે;
કવણ બેસે તજી કલ્પતરુ બાઉલે,
તુજ તજી અવર સુર કોણ સેવે?. ઋષભ.૩.
એક મુજ ટેક સુવિવેક સાહિબ સદા,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુજ વિના દેવ દૂજો ન ઈહું;
તુજ વચન રાગ સુખ સાગરેં ઝીલતો,
કર્મભર ભ્રમ થકી હું ન બીહું. ઋષભ.૪.
કોડી છે દાસ વિભુ! તાહરે ભલભલા,
માહરે દેવ તું એક પ્યારો;
પતિત પાવન સમો જગત ઉદ્ધારકર,
મહેર કરી મોહે ભવજલધિ તારો. ઋષભ.૫.
મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબલ પ્રતિબંધ લાગો;
ચમક પાષાણ જિમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો. ઋષભ.૬.
ધન્ય! તે કાય જેણે પાય તુજ પ્રણમિયા,
તુજ થુણે જેહ ધન્ય! ધન્ય! જીહા;
ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતાં,
ધન્ય તે રાત ને ધન્ય! દીહા. ઋષભ.૭.
ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિમાસો
રયણ એક દેત શી હાણ રયણાયરે,
લોકની આપદા જેણે નાસો. ઋષભ.૮.
ગંગ સમ રંગ તુજ કીર્તિ કલ્લોલિની,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રવિ થકી અધિક તપતેજ તાજો;
નય વિજય વિબુધ સેવક હું આપનો,
જસ કહે અબ મોહે ભવ નિવાજો. ઋષભ.૯.

## શ્રી ઋષભદેવ સ્તવન

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું,
પ્રભુ પાખે ક્ષણ એકે મન ન સુહાય જો;
ધ્યાનની તાલી રે લાગી નેહશું,
જલદ ઘટા જિમ શિવ સુત વાહન દાય જો. પ્રીત.૧.
નેહ ઘેલું મન મારૂં રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો;
મારે તો આધાર રે સાહિબ રાવલો,
અંતરગતની પ્રભુ આગલ કહું ગુંજ જો. પ્રીત.૨.
સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે સહજે સુધારે કાજ જો;
એહવે રે આચરણે કેમ કરીને રહું,
બિરુદ તમારું તારણ તરણ જહાજ જો. પ્રીત.૩.
તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભલી,
તે ભણી હું આવ્યો છું દીનદયાલ જો;
તુજ કરુણાની લહેરે રે મુજ કારજ સરે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શું ઘણું કહીએ જાણ આગલ કૃપાલ જો. પ્રીત.૪.
કરુણા દૃષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવ ભવ ભાવટ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મન વાંછિત ફલીયાં રે તુજ આલંબને,
કર જોડીને મોહન કહે મનરંગ જો. પ્રીત.૫.

## શ્રી અજિતનાથ સ્તવન

અજિતજિનેશ્વર સેવનાંરે, કરતાં પાપ પલાય;
જિનવર સેવો. સેવો સેવોરે ભવિકજન! સેવો,
પ્રભુ શિવદુખદાયક મેવો, પ્રભુ સેવે સિદ્ધિ સુહાય. જિનવર.
મિથ્યા-મોહ નિવારીને રે, ક્ષાયિક-રત્ન ગ્રહાય;
ચારિત્ર-મોહ હઠાવતાંરે, સ્થિરતા ક્ષાયિક થાય. જિનવર૦ ૧
ક્ષપક-શ્રેણિ આરોહીને રે, શુક્લ-ધ્યાનપ્રયોગ;
જ્ઞાનાવરણીયાદિક હણીરે, ક્ષાયિક નવગુણ-ભોગ. જિનવર૦ ૨
અષ્ટકર્મના નાશથીરે, ગુણ-અષ્ટક પ્રગટાય;
એક સમય સમશ્રેણીએ રે, મુક્તિસ્થાન સુહાય. જિનવર૦ ૩
નાત્યંતાભાવ મુક્તિનોરે, જડિમમયી નહિ ખાસ;
વ્યોમપરે નહિ વ્યાપીનીરે, નહિ વ્યાવૃત્તિ-વિલાસ. જિનવર૦ ૪
સાદી અનંત સ્થિતિથીરે, સિદ્ધ બુદ્ધ ભગવંત;
ઝળહળ જ્યોતિ જ્યાં ઝગમગેરે, જ્ઞેયતણો નહિ અંત.જિનવર૦ ૫
પરજ્ઞેય ધ્રુવતા ત્રિકાલમાંરે, ઉત્પત્તિ-વ્યયસાથ;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિજજ્ઞેય ધ્રુવતા અનન્તનોરે, પર્યાયસહ શિવનાથ. જિનવર૦ ૬
પર જાણે પરમાં ન પરિણમેરે, અશુદ્ધભાવ વ્યતીત;
બુદ્ધિસાગર ધ્યાનથીરે, થાવે ધ્યાની અજિત. જિનવર૦ ૭

## શ્રી અજિતનાથ-તારંગાતીર્થ સ્તવન

(ધનાશ્રી)

તારંગા તીર્થ મજાનુંરે, આનંદ કે નિર્ધાર. તારંગા૦
અજીતનાથ મહારાજનુંરે, જિન મન્દિર જયકાર;
અજીતનાથ પ્રભુ ભેટીયારે, સુખ સંપત્તિ દાતાર. તારંગા૦ ૧
કુમારપાળે કરાવિયુંરે, પાછળ જિર્ણોદ્ધાર;
સંવત્ સોળની સાલમાંરે, શોભે સુન્દરાકાર. તારંગા૦ ૨
સિદ્ધિશિલાની ઉપરેરે, બે જિન દેરી સાર;
કોટિ શિલાપર દેરી બેરે, શ્વેતાંબર મનોહર. તારંગા૦ ૩
ધર્મ પાપની બારીએરે, એક દેરી સુખકાર;
જિનપ્રતિમાઓ જિન સમીરે, ભેટી ભાવ વિશાલ. તારંગા૦ ૪
કુદરતી ગુફાઓ ભલીરે, તીર્થ પવિત્ર વિચાર;
કોટિ મનુષ્યો સિદ્ધિયારે, વન્દુ વાર હજાર. તારંગા૦ ૫
તારંગા મન્દિરનીરે, ઊંચાઈ શ્રીકાર;
દેખી શીર્ષ ધુણાવતાંરે, યાત્રાળુ નરનાર. તારંગા૦ ૬
ગુર્જરત્રા પાવન કરુંરે, તીર્થ વડું ગુણકાર;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ્ધિસાગર તીર્થનીરે, યાત્રા જય જયકાર. તારંગા૦ ૭

## શ્રી સંભવનાથ સ્તવન

સંભવજિન! તારશોરે,
તારશો ત્રિભુવનનાથ! સંભવજિન! તારશોરે.
નિમિત્તના પુષ્ટાલંબનેરે, સાધ્યની સિદ્ધિ કરાય;
ઉપાદાનની શુદ્ધતારે, નિમિત્તવિના નહિ થાય. સંભવ૦ ૧
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથીરે, નિમિત્તના બહુ ભેદ;
જ્ઞાન દર્શન ચારિત્રનારે, નિમિત્ત ટાળે ખેદ. સંભવ૦ ૨
શુદ્ધદેવગુરુ હેતુ છેરે, ઉપાદાન કરે શુદ્ધિં;
ઉપાદાન અભિન્ન છેરે, કાર્યથી જાણો બુદ્ધ. સંભવ૦ ૩
કાર્ય દ્રવ્યથી ભિન્ન છેરે, નિમિત્ હેતુ વ્યવહાર;
શુદ્ધાદિક ષટ્ ભેદ છેરે, વ્યવહાર નયના ધાર. સંભવ૦ ૪
ભિન્ન નિમિત્ત પણ કાર્યમાંરે, ઉપાદાન કરે પુષ્ટિ;
નિમિત્તવણ ઉપાદાનથીરે, થાય ન સાધ્યની સૃષ્ટિ. સંભવ૦ ૫
પુષ્ટાલંબન જિનવિભુરે, આદર્યો મન ધરી ભાવ;
ઉપાદાનની શુદ્ધિમાંરે, બનશે શુદ્ધ બનાવ. સંભવ૦ ૬
ત્રિકરણયોગથી આદર્યોરે, મન ધરી સાધ્યની દૃષ્ટિ;
બુદ્ધિસાગર સુખ લહેરે, પામી અનુભવ-સૃષ્ટિ. સંભવ૦ ૭

## શ્રી સંભવનાથ સ્તવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે;
ખામી નહીં મુજ ખિજમતે, કદીય હોશો ફળદાતા રે. સંભવ૦ ૧
કર જોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે;
જ મનમાં આણો નહિ, તો શું કહીએ છાનો રે. સંભવ૦ ૨
ખોટ ખજાને કો નહીં, દીજીએ વાંછિત દાનો રે;
કરુણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે. સંભવ૦ ૩
કાળ લબ્ધિ મુજ મતિ ગણો, ભાવ લબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગયવર સાથે રે. સંભવ૦ ૪
દેશો તો તુમ હી ભલું, બીજા તો નવિ જાચું રે;
વાચક યશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે. સંભવ૦ ૫

## શ્રી અભિનંદન સ્તવન

અભિનંદન જિન દરિસણ તરસિએ, દરિસણ દુર્લભ દેવ.
મત મત ભેદે રે જો જઈ પૂછિએ, સહુ થાપે અહમેવ. અભિ.૧.
સામાન્યે કરી દરિસણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ.
મદમેં ઘેર્યો રે અન્ધો કિમ કરે, રવિ-શશિ-રૂપ વિલેખ. અભિ.૨.
હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇએ, અતિ દુરગમ નયવાદ.
આગમ વાદે હો ગુરુગમ કો નહીં, એ સબલો વિખવાદ.અભિ.૩.
ઘાતિ-ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ.
ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગું કોઈ ન સાથ. અભિ.૪.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દરિસણ દરિસણ રટતો જો ફિરું, તો રણ-રોઝ સમાન.
જેહને પિપાસા હો અમૃત-પાનની, કિમ ભાંજે વિષપાન.અભિ.૫.
તરસ ન આવે હો મરણ-જીવન તણો, સીઝે જો દરિસણ કાજ.
દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનન્દઘન મહારાજ. અભિ.૬.

## શ્રી અભિનંદનસ્વામી હમારા

અભિનંદન સ્વામિ હમારા, પ્રભુ ભવ દુઃખ ભંજનહારા;
યે દુનિયા દુઃખ કી ધારા, પ્રભુ ઇનસે કરો નિસ્તારા, અભિ.૧
હું કુમતિ કુટિલ ભરમાયો, દુરનીતિ કરી દુઃખ પાયો;
અબ શરણ લીયો હૈ તારો, મુજે ભવજલ પાર ઉતારો, અભિ.૨
પ્રભુ શીખ હૈયે નવિ ધારી, દુર્ગતિમાં દુઃખ લીયો ભારી;
ઇન કર્મો કી ગતિ ન્યારી, કરે બેર બેર ખુવારી... અભિ.૩
તુમે કરુણાવંત કહાવો, જગતારક બિરુદ ધરાવો,
મેરી અરજીનો એક દાવો, ઇન દુઃખ સે ક્યું ન છુડાવો... અભિ.૪
મે વિરથા જનમ ગુમાયો, નહી તન ધન સ્નેહ નિવાર્યો;
અબ પારસ પ્રસંગ પામી, નહી વીરવિજય કું ખામી... અભિ.૫

## શ્રી અભિનંદન સ્તવન

અભિનંદનજિનરૂપને, ધ્યાનમાં સ્મરણથી લાવું રે;
ધ્યાનમાં લીનતાયોગથી, સુખ અનન્ત ઘટ પાવું રે. અભિ૦ ૧
મન-વચન-કાયાના યોગની, સ્થિરતા જેહ પ્રમાણ રે;
તદ્નુગત વીર્યતા ઉલ્લસે, ભાવ ક્ષયોપશમ સુખખાણરે. અભિ૦ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસંખ્યપ્રદેશમયી વ્યક્તિમાં, ધ્યાનથી એકતા થાયરે;
પંડિત-વીર્ય ત્યાં સંપજે, ઉજ્જવલ અધ્યવસાયરે. અભિ૦ ૩
ક્ષણક્ષણ ઉજ્જવલ ધ્યાનમાં, પ્રગટતો સહજ આનન્દરે;
બાહ્ય જડ વિષયના સુખનો, વેગથી નાશતો ફન્દરે. અભિ૦ ૪
અન્તરશુદ્ધ પરિણતિથકી, ભાવથી હોય નિજ મુક્તિ રે;
શુદ્ધનયસ્થાપના સહજથી, પ્રગટતો એ તત્ત્વની યુક્તિ રે.અભિ૦૫
ક્ષયોપશમ જ્ઞાન-વીર્યથી, ક્ષાયિક ધર્મ ગ્રહાયરે;
નિર્વિકલ્પ ઉપયોગમાં, શ્રુતજ્ઞાન એક સ્થિર થાયરે. અભિ૦ ૬
ભાવશ્રુતજ્ઞાન આલંબને, જીવ તે જિનરૂપ થાયરે;
બુદ્ધિસાગર શિવસંપદા, મંગલશ્રેણિ પમાયરે. અભિ૦ ૭

## શ્રી સુમતિનાથ સ્તવન

સુમતિજિનેશ્વર શુદ્ધતા, બુદ્ધતા પરમ સ્વભાવરે;
અસ્તિતા નાસ્તિતા એકતા, જ્ઞાતૃતા નહિ પરભાવરે. સુમતિ૦ ૧
ભિન્ન અભિન્નતા નિત્યતા, તેમ અનિત્ય પર્યાયરે;
એક સમયમાંહી સંપજે, પર્યાય ઉપજે વિલાયરે. સુમતિ૦ ૨
અગુરૂલઘુ પર્યાયનો, શક્તિ અનન્તી સદાયરે;
પરિણમે અસંખ્યપ્રદેશમાં કારક ષટ્ ઉપજાયરે. સુમતિ૦ ૩
આદિ અનાદિ ષટ્કારકો, વ્યક્તિપણે એકેક પ્રદેશ રે;
અનાદિ અનન્ત સ્થિતિ શક્તિથી, કારક ષટ લહો બેશરે.સુમતિ૦ ૪
એક અનેકતા વસ્તુમાં, નિત્ય અનિત્યતા ધારરે;
સમય સાપેક્ષ વિચારતાં, હોય અનેકાન્ત વિસ્તારરે. સુમતિ૦ ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સદસત્ કથ્ય અકથ્ય છે, જિનવર ધર્મ અનન્તરે;
જ્ઞાનમાં જ્ઞેયની ભાસના, જાણે એક સમય ભદન્તરે. સુમતિ૦ ૬
સમ્યગ્જ્ઞાનપ્રભાવથી, પ્રભુ! તુજ રૂપ જણાયરે;
ચાર પ્રમાણ ને ભંગથી, ધર્મ અનેક પરખાયરે. સુમતિ૦ ૭
મન-વચ-કાયઅતીત તું, આદર્યો યોગથી સારરે;
તુજ મુજ એકતા સંપજે, બુદ્ધિસાગર નિર્ધાર રે. સુમતિ૦ ૮

## શ્રી સુમતિનાથ સ્તવન

સુમતિચરણકજ આતમ અરપણા, દરપણ જેમ અવિકાર-સુજ્ઞાની!
મતિતરપણ બહુસંમત જાણીએ, પરિસરપણ સુવિચાર સુ૦ ૧
ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ સુ૦
બીજો અંતરઆતમ, તીસરો-પરમાતમ, અવિચ્છેદ સુ૦ ૨
આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ સુ૦
કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ સુ૦ ૩
જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો. વરજિત સકલ ઉપાધિ સુ૦
અતીંદ્રિય ગુણગણમણિઆગરુ, ઇમ પરમાતમ સાધ સુ૦ ૪
બહિરાતમ તજી અંતરઆતમ-રૂપ થઈ થિરભાવ સુ૦
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ સુ૦ ૫
આતમ અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ સુ૦
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ સુ૦ ૬

## શ્રી સુમતિનાથ સ્તવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુમતિનાથ ગુણશું મિલજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ,
સોભાગી જિન શું લાગ્યો અવિહડ રંગ ૧
સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહીમાંહે મહકાય. સોભાગી૦ ૨
આંગળીએ નવિ મેરુ ઢંકાયે,
છાબડીએ રવિ તેજ;
અંજલીમાં જિમ ગંગ ન માયે,
મુજ મન તિમ પ્રભુ હેજ. સોભાગી૦ ૩
હુઓ છીપે નહીં અધર અરુણ જિમ,
ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા,
તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી૦ ૪
ઢાંકી ઈક્ષુ પરાળશુંજી,
ન રહે લહી વિસ્તાર;
'વાચક યશ' કહે પ્રભુ તણોજી,
તિમ મુજ પ્રેમ પ્રકાર. સોભાગી૦ ૫

## શ્રી પદ્મપ્રભ સ્તવન

પદ્મ પ્રભુ પ્રાણ સે પ્યારા, છુડાવો કર્મ કી ધારા.
કર્મ-ફંદ તોડવા ધોરી, પ્રભુજી સે અરજ હૈ મોરી. પદ્મ.૧.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લઘુ વય એક થે જીયા, મુક્તિ મેં વાસ તુમ કિયા.
ન જાની પીડ થે મોરી, પ્રભુ અબ ખેંચ લે દોરી. પદ્મ.૨.
વિષય સુખ માની મોરે મન મેં, ગયો સબ કાલ ગફલત મેં.
નરક દુઃખ વેદના ભારી, નિકલવા ના રહી બારી. પદ્મ.૩.
પરવશ દીનતા કીની, પાપ કી પોટ સિર લીની.
ભક્તિ નહીં જાણી તુમ કેરી, રહ્યો નિશ દિન દુઃખ ઘેરી. પદ્મ.૪.
ઇણ વિધ વિનતી મોરી, કરૂં મેં દોય કર જોરી.
આતમ આનંદ મુજ દીજો, વીર નું કામ સબ કીજો. પદ્મ.૫.

## શ્રી પદ્મપ્રભ સ્તવન

પદ્મપ્રભુ અલખ નિરંજન, સિદ્ધના આઠ ગુણધારીરે;
સાકાર ઉપયોગે ચેતના, નિરાકાર જયકારીરે. પદ્મ૦ ૧
અજર અમર અગોચર વિભુ, નામ ન રૂપ ન જાતિરે;
જગગુરુ જય શ્રીચિંતામણિ, ત્રણભુવનમાંહી ખ્યાતિરે. પદ્મ૦ ૨
ઉપમાતીત પરમાતમા, અનુભવવિણ ન જણાયરે;
દિશિ દેખાડી આગમ રહે, અનુભવે પ્રભુ પરખાયરે. પદ્મ૦ ૩
સદ્ગુરુ-તીર્થઉપાસના, સ્યાદ્વાદ સૂત્રનો બોધરે;
પરંપર ગુરુગમ જોડતાં, કરે ભવી જિનવરશોધરે. પદ્મ૦ ૪
જ્ઞાનના માનમાં ધ્યાન છે, ધ્યાનથી હોય સમાધિરે;
પરમ પ્રભુ એક તાનમાં, ભેટતાં જાય ઉપાધિરે. પદ્મ૦ ૫
અનુભવ-અમૃત સ્વાદતાં, ચિત્ત અન્યત્ર ન જાયરે;
ચકોર જેમ ચંદ્ર તેમ રાચતું, પરમ પ્રભુરૂપમાંહ્યરે. પદ્મ૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખ અનંતની રાશિમાં, જીવનમુક્તિ પદ પાયરે;
બાહ્યનાં સુખ રુચે નહિ, નિશ્ચયસુખ નિજમાંહ્યરે. પદ્મ૦ ૭
પરપરિણતિરંગ પરિહરી, શુદ્ધ પરિણતિમાંહી રંગરે;
બુદ્ધિસાગર જિનદર્શન, દેખવા પ્રેમ અભંગરે. પદ્મ૦ ૮

## શ્રી પદ્મપ્રભ સ્તવન

પદ્મપ્રભુ જિન! તુજ મુજ આંતરું રે, કિમ ભાજે ભગવંત!?
કર્મવિપાકે કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત પદ્મ૦ ૧
પયઇ ઠિઈ અણુભાગ પ્રદેશથીરે, મૂલ ઉત્તર બહુ ભેદ;
ઘાતી-અઘાતી હો બંધુદય ઉદીરણા રે, સત્તા કર્મ વિચ્છેદ પદ્મ૦ ૨
કનકોપલવત્ પયડિ-પુરુષતણીરે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગી હો જિહાં લગે આતમારે, સંસારી કહેવાય પદ્મ૦ ૩
કારણજોગે હો બાંધે બંધનેરે, કારણ મુગતિ મુકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમેરે, હેય ઉપાદેય સુણાય પદ્મ૦ ૪
યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ;
ગ્રંથયુક્તેં કરી પંડિત જન કહ્યો રે, અંતરભંગ સુઅંગ પદ્મ૦ ૫
તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;
જીવસરોવર અતિશય વાધશેરે, આનંદઘન રસપૂર પદ્મ૦ ૬

## શ્રી સુપાર્શ્વનાથ સ્તવન

સુપાર્શ્વપ્રભુ! જિનરાજ! કૃપાળુ તારશો,
વિનતડી મુજ પ્રેમ ધરીને સ્વીકારશો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાગ-દ્વેષ અન્યાય નૃપતિ જોર ટાળશો,
શુદ્ધરમણતા સન્મુખ દૃષ્ટિ વાળશો. ૧
વિષયવાસનાપાસથી પ્રભુજી! છોડાવજો,
પરમદયાલુ! દેવ! દયા દિલ લાવજો;
અનુભવ-અન્તરદૃષ્ટિની સૃષ્ટિ જગાવજો,
પરમાનન્દનું પાત્ર ચેતન મુજ થાવજો. ૨
કેવલજ્ઞાનની જ્યોતિમાં જ્ઞેય અભિન્ન છે,
પરદ્રવ્યાદિક જ્ઞેયથકી વળી ભિન્ન છે;
જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે જાણજો,
ભિન્નાભિન્નસ્વરૂપ અનેકાંત આણજો. ૩
જ્ઞેયાપેક્ષે જ્ઞાન અનન્તું જિન કહે,
જ્ઞેયની પાસે જ્ઞાન ગયાવણ સહુ લહે;
દર્પણ ક્યાંઈ ન જાય દર્પણમાં સમાય છે,
જ્ઞેયાકારી ભાવો એ દૃષ્ટાંત ન્યાય છે. ૪
દૂરવર્તી જે જ્ઞેય જ્ઞાનમાંહી ભાસતો,
જ્ઞાન અચિન્ત્યસ્વભાવ હૃદયમાં આવતો;
જ્ઞેયવિના સહુ જ્ઞાનની શૂન્યતા જાણીએ,
ષડ્ દ્રવ્યો પર્યાય અનન્ત મન આણીએ. ૫
અસ્તિવિના ન નિષેધ ઘટે કોઈ દ્રવ્યનો,
દ્વિ વણ નહિ અદ્વૈત નિષેધ કેમ દ્રવ્યનો,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વૈતનું જ્ઞાન થયાવણ અદ્વૈત શું કહો,
ભાસે જ્ઞાનમાં દ્વૈત સત્યભાવ સદ્દહો. ૬
દ્રવ્ય અને પર્યાયથી જ્ઞેય અનન્તતા,
વસ્તુધર્મ સ્યાદ્વાદ ત્યાં એકાનેકતા;
ધ્રુવતા જ્ઞેયના દ્રવ્યપણે નિત્યતા ખરી,
ઉત્પત્તિ-વ્યય જ્ઞેયઅનિત્યતા અનુસરી. ૭
જીવદ્રવ્ય એકવ્યક્તિ અનાદિ-અનંત છે,
ગુણ-પર્યવઆધાર ચેતનજી સન્ત છે;
બુદ્ધિસાગર જિનવરવાણી સદ્દહે,
સમકિત-શ્રદ્ધાયોગે અપેક્ષા સહુ લહે. ૮

## શ્રી સુપાર્શ્વનાથ સ્તવન

શ્રી સુપાસ જિન વંદીએ, સુખ સંપત્તિનો હેતુ-લલના,
શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાં હે સેતુ-લલના. શ્રી૦ ૧
સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ લલના,
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ લલના. શ્રી૦ ૨
શિવશંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન લલના,
જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન લલના. શ્રી૦ ૩
અલખ નિરંજન વચ્છલુ, સકળ જંતુ વિસરામ લલના,
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ લલના. શ્રી૦ ૪
વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ લલના,
નિદ્રા-તંદ્રા દુરૂદશા, રહિત અબાધિત યોગ લલના. શ્રી૦ ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન લલના,
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન્ન લલના. શ્રી૦ ૬
વિધિ વિરંચિ વિશ્વંભરુ, ઋષીકેશ જગનાથ લલના,
અધહર અધમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ લલના. શ્રી૦ ૭
એમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર લલના,
જેહ જાણે તેહને કરે, 'આનંદઘન' અવતાર લલના. શ્રી૦ ૮

## શ્રી સુપાર્શ્વનાથ સ્તવન

અહા સુંદર શી છબી તારી રે, શ્રી સુપાર્શ્વ
જિણંદ મનોહારી... ૧
તુજ ચોત્રિસ અતિશય છાજે રે, ગુણ પાંત્રીશવાણી એ ગાજે રે,
તુજ અદ્‌ભુત કાંતિ સારી રે... ૨
પ્રભુ આંખડી કામણગારી, અતિ હર્ષને ઉપજાવનારી
સંસારને છેદનકારી રે... ૩
પ્રભુ માયામાં મનડુ લાગ્યું, મારું ભવનું દુખડુ ભાંગ્યું રે,
હું ભક્તિ કરું નિત્ય તાહરી રે... ૪
હું વિષય રસમાંહી રાચ્યો, આઠે મદમાંહી માચ્યો રે
પ્રભુ આવ્યો શરણ લ્યો ઉગારી રે... ૫
તુજપદ કજ સેવા પામી, વિજય ગુલાબ સવિ દુખ વામી રે,
મણીવિજયને આનંદ ભારી રે... ૬

## શ્રી ચન્દ્રપ્રભસ્વામી સ્તવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેખણ દે રે સખિ મુને દેખણ દે, ચન્દ્રપ્રભુ મુખચંદ સખિ૦
ઉપશમ રસનો કંદ સખિ૦ સેવે સુરનર ઇંદ સખિ૦
ગત કલિમલ દુઃખ દંદ, સખિ મુને દેખણ દે ૧
સુહુમ નિગોદે ન દેખિયો સખિ૦ બાદર અતિહિ વિશેષ સખિ૦
પુઢવી આઉ ન પેખિયો સખિ૦ તેઉ વાઉ ન લેશ સખિ૦ ૨
વનસ્પતિ અતિ ઘણ દીહા સખિ૦ દીઠો નહીંય દીદાર સખિ૦
બિ-તિ-ચઉરિંદિ જલલિહા સખિ૦ ગતસન્નિ પણ ધાર સખિ૦ ૩
સુરતિરિ નિરય નિવાસમાં સખિ૦ મનુજ અનારજ સાથ સખિ૦
અપજ્જત્તા પ્રતિભાસમાં સખિ૦ ચતુર ન ચઢીયો હાથ સખિ૦ ૪
એમ અનેક થલ જાણિયે સખિ૦ દરિસણ વિણુ જિનદેવ સખિ૦
આગમથી મતિ આણીયે સખિ૦ કીજે નિર્મલ સેવ સખિ૦ ૫
નિર્મલ સાધુ ભગતિ લહી સખિ૦ યોગઅવંચક હોય સખિ૦
કિરિયાઅવંચક તિમ સહી સખિ૦ ફળઅવંચક જોય સખિ૦ ૬
પ્રેરક અવસર જિનવરુ સખિ૦ મોહનીય ક્ષય થાય સખિ૦
કામિતપૂરક સુરતરુ સખિ૦ આનંદઘન પ્રભુપાય સખિ૦ ૭

## શ્રી ચંદ્રપ્રભસ્વામી સ્તવન

ચંદ્રપ્રભુ! પદ રાચું હો ચિદ્‌ઘન! ચંદ્રપ્રભુ! પદ રાચું;
મન માન્યું એ સાચું હો ચિદ્ઘન! ચંદ્રપ્રભુ! પદ રાચું.
શુદ્ધ અખંડ અનન્ત ગુણ-લક્ષ્મી, તેના પ્રભુ! તમે દરિયા;
સત્તાએ જ્ઞાનાદિક લક્ષ્મી, વ્યક્તિપણે તમે વરિયા. હો ચિ૦ ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનાદ્યાનન્ત, ને આદિ-અનન્ત, સત્તા-વ્યક્તિ સુહાયા;
અસ્તિનાસ્તિમય ધર્મ અનન્તા, સમય સમયમાં પાયા. હો ચિ૦ ૨
ક્ષપકશ્રેણિયે ઉજ્જવલધ્યાને, ઘાતક કર્મ ખપાવ્યાં;
દગ્ધરજ્જુવત્ કર્મ અઘાતી, તેરમે ચૌદમે નસાવ્યાં. હો ચિ૦ ૩
કેવલજ્ઞાને જ્ઞેય અનન્તા, સમય સમય પ્રભુ! જાણો;
અવ્યાબાધ અનન્તુ વીર્ય, સમય પ્રભુ! માણો. હો ચિ૦ ૪
ઋદ્ધિ તમારી તે વીજ મારી, કદીય ન મુજથી ન્યારી;
ચંદ્રપ્રભુ-આદર્શ નિહાળી, આત્મિકઋદ્ધિ સંભારી. હો ચિ૦ ૫
નિજસ્વજાતીય સિંહ નિહાળી, અજવૃન્દગત હરિચેત્યો;
નિજ સ્વજાતીય સિદ્ધ સંભારી, જીવ સ્વપદમાં વહેતો. હો ચિ૦ ૬
અન્તર-દૃષ્ટિ અનુભવ-યોગે, જાગી નિજપદ રહિયો;
બુદ્ધિસાગર પરમ મહોદય, શાશ્વતલક્ષ્મી લહિયો. હો ચિ૦ ૭

## શ્રી સુવિધિનાથ સ્તવન

સુવિધિનિજિનેશ્વર! દેવ! દયા દીનપર કરો,
કરુણાવંત મહંત વિનતિ એ દિલ ધરો;
ભવસાગરની પાર ઉતારો કર ગ્રહી,
શક્તિ અનન્તના સ્વામી કહાવોછો મહી. ૧
તમનો શો છે ભાર કહો રવિ આગળે,
કીડીનો શો ભાર કે કુંજરને ગળે;
કર્મતણો શો ભાર પ્રભુજી! તુમ છતે,
સિંહતણે શો ભાર અષ્ટાપદ ત્યાં જતે. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શું ખદ્યોતનું તેજ કે ઉપયોગ નીકળે;
તેમ શું મોહનું જોર કે ઉપયોગ નીકળે;
સસલાનું શું જોર સિંહ આગળ અહો!
અનેકાંત જ્યાં જ્યોતિ એકાંતનું શું કહો. ૩
પરમપ્રભુ વીતરાગ રાગ ત્યાં શું કરે,
દેખી ઇન્દ્રની શક્તિ કે સુર સહુ કરગરે;
પ્રાણજીવન વિતરાગ હૃદયમાં મુજ વસ્યા,
તે દેખી મોહયોધ કે સહુ દૂરે ખસ્યા. ૪
ગુણ-પર્યાયાધાર! સ્મરણ ત્હારું ખરું,
ધ્યાન-સમાધિયોગે અલખ્ નિજપદ વરું;
પરમબ્રહ્મ! જગદીશ્વર! જય જિનરાજજી!
શરણે આવ્યો સેવક રાખો લાજજી. ૫
વાર વાર શી? વિનતિ જાણો સહુ કહ્યું,
વાર લગાડો ન લેશ દુ:ખ મેં બહુ સહ્યું;
બુદ્ધિસાગર સત્ય ભક્તિથી ઉદ્ધારજો,
વન્દન વાર હજાર વિનતી એ સ્વીકારજો. ૬

## શ્રી સુવિધિનાથ સ્તવન

મેં કીનો નહીં, તો વિન ઓરશું રાગ.
દિન દિન વાન ચઢત ગુન તેરો, જ્યું કંચન પરભાગ.
ઓરન મેં હૈં કષાય કી કલિમા, સો ક્યું સેવા લાગ. મેં.૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજહંસ તું માન સરોવર, ઔર અશુચિ રુચિ કાગ.
વિષય ભુજંગમ ગરુડ તુ કહિયે, ઔર વિષય વિષનાગ. મૈં.૨
ઔર દેવ જલ છિલ્લર સરિખે, તું તો સમુદ્ર અથાગ.
તું સુરતરુ જગ વંછિત પૂરણ, ઔર તો સૂકે સાગ. મૈં.૩
તું પુરુષોત્તમ તું હી નિરંજન, તું શંકર વડભાગ.
તું બ્રહ્મા તું બુદ્ધ મહાબલ, તું હી જ દેવ વીતરાગ. મૈં.૪
સુવિધિનાથ તુમ ગુન ફુલનકો, મેરો દિલ હૈ બાગ.
જસ કહે ભ્રમર રસિક હોઇ તામેં, લીજે ભક્તિ પરાગ. મૈં.૫

## શ્રી સુવિધિનાથ સ્તવન

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠીને પૂજીજે રે સુવિધિ૦ ૧
દ્રવ્ય-ભાવશુચિભાવ ધરીને, હરખે દેહરે જઈએ રે;
દહ તિગ, પણ અહિગમ સાચવતાં, એક-મના ધુરિ થઈ રે સુ૦ ૨
કુસુમ, અક્ષત, વર વાસ સુગંધો, ધૂપ, દીપ મન સાખી રે;
અંગપૂજા પણ ભેદ સુણી એમ, ગુરુમુખ આગમ ભાખી રે સુ૦ ૩
એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્તપ્રસન્ની, મુગતિ સુગતિ સુરમંદિર રે સુ૦ ૪
ફૂલ અક્ષત વર ધૂપ પઈવો, ગંધ નૈવેદ્ય જળ ભરી રે;
અંગ અગ્ર પૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભ ગતિ વરી રે.૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્તર ભેદ એકવીશ પ્રકારે, અષ્ટોત્તરશત ભેદે રે;
ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે સુ૦ ૬
તુરિય ભેદ પડિવત્તિપૂજા, ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ઈમ ઉત્તરજ્ઝયણે, ભાખી કેવલભોગી રે સુ૦ ૭
એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લહેશે, આનંદઘન પદ ધરણી રે સુ૦ ૮

## શ્રી શીતલનાથ સ્તવન

શીતલજિન! મોહે પ્યારા સાહિબ! શીતલજિન! મોહે પ્યારા.
ભુવન વિરોચન પંકજ લોચન, જિઉ કે જિઉ હમારા... ૧
જ્યોતિ શું જ્યોત મિલત જબ ધ્યાવે, હોવત નહિ તબ ન્યારા,
બાંધી મુઠી ખુલે ભવ માયા, મીટે મહાભ્રમ ભારા... ૨
તુમ ન્યારે તબ સબહિ ન્યારા, અંતર કુટુંબ ઉદારા,
તુમહી નજીક નજીક હૈ સબહિ, ઋદ્ધિ અનંત અપારા ૩
વિષય લગન કી અગન બુઝાવત, તુમ ગુણ અનુભવ ધારા,
ભઈ મગનતા તુમ ગુણ રસ કી, કુણ કંચન કુણ દારા... ૪
શીતલતા ગુણ હોડ કરત તુમ, ચંદન કાંહી બિચારા?
નામહિ તુમચા તાપ હરત હૈ, વાકું ઘસત ઘસારા... ૫
કરહુ કષ્ટ જન બહુત હમારે, નામ તિહારો આધારા,
જસ કહે જનમ-મરણ ભય ભાંગો, તુમ નામે ભવપારા... ૬

## શ્રી શીતલનાથ સ્તવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રીતલડી બંધાણીરે, શીતલ જિણંદશું,
પ્રભુવિના ક્ષણમાત્ર નહિ સોહાયજો;
પ્રેમીવિના નહિ બીજો તે જાણી શકે,
રૂપ પ્રભુનું દેખી મન હરખાયજો. પ્રીતલડી૦ ૧
અન્તરના ઉપયોગે પ્રભુજી દિલ વસ્યા,
ભક્તિ આધીન પ્રભુજી પ્રાણ સનાથજો;
અનુભવયોગે રંગ મજીઠનો લાગિયો,
ત્રણભુવનના સ્વામી આવ્યા હાથજો. પ્રીતલડી૦ ૨
જેમ પ્રભુનાં દર્શનમાં સ્થિરતા થતી,
તેમ પ્રભુજી આનન્દ આપે બેશજો;
આનન્દદાતા-ભોક્તાની થઈ એકતા,
ચઢી ખુમારી યાદી આપે હંમેશજો. પ્રીતલડી૦ ૩
આત્માઽસંખ્ય પ્રદેશે શીતલતા ખરી,
અવધૂત યોગી પ્રગટાવે સુખકંદજો;
ઔદયિકભાવ નિવારી ઉપશમ આદિથી,
ટાળે સઘળા મોહતણા મહાફંદજો. પ્રીતલડી૦ ૪
ગુણસ્થાનક-નિઃસરણી ચઢતો આતમા,
ઉજ્જ્વલયોગે પામે શિવપુર મ્હેલજો;
ક્ષાયિકભાવે સુખ અનંતું ભોગવે,
નિજપદધ્રુવતા ધારી કરતો સહેલજો. પ્રીતલડી૦ ૫
બાહ્ય-ભાવની સર્વ પાધિ નાસતાં,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુવિરહનો નાશ થશે નિર્ધારજો;
અનુભવયોગે રંગાયો જિનરૂપમાં,
થાશું પ્રભુસમા અન્તે જયકારજો. પ્રીતલડી૦ ૬
નિજગુણસ્થિરતામાં રંગાવું સહજથી,
વસ્તુધર્મ-જ્ઞાનાદિક તું આધારજો;
બુદ્ધિસાગર અનુભવ-વાજાં વાગિયાં,
ભેટ્યા શીતલજિનવર જગ જયકારજો. પ્રીતલડી૦ ૭

## શ્રી શ્રેયાંસનાથ સ્તવન

શ્રેયાંસપ્રભુ! અન્યર્યામી ક્ષાયિક-નવલબ્ધિધણી;
ત્રાતા, ભ્રાતા, પરોપકારી નિર્ભવ યોગી દિનમણિ. શ્રેયાંસ૦ ૧
પ્રભુ શુદ્ધસ્વરૂપ ત્હારું જેવું, પ્રભુ! શુદ્ધસ્વરૂપ મ્હારું તેવું,
ઉજ્જવલધ્યાને ખેંચી લેવું. શ્રેયાંસ૦ ૨
પ્રભુ! નામ-રૂપથી ભિન્ન ખરો, પ્રભુ! અનન્તસુખનો ભવ્ય ઝરો,
મે સ્થિર ઉપયોગે દિલ ધર્યો. શ્રેયાંસ૦ ૩
ઉત્પત્તિ-વ્યય-ધ્રુવતાભોગી, યોગાતીત પણ નિર્મલયોગી,
કર્માતીતથી તું નીરોગી. શ્રેયાંસ૦ ૪
ધ્યાને પ્રભુની પાસે જાવું, સાધનથી સાધ્યપણું પાવું,
જ્ઞાનાદર્શે પ્રભુ ઘટ લાવું. શ્રેયાંસ૦ ૫
પ્રભુ! દર્શન દેજો શિવરસિયા, પ્રભુ પ્રેમે મ્હારા દિલ વસિયા,
સ્થિરઉપયોગે જિન ઉલ્લસિયા, શ્રેયાંસ૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ! પરમમહોદય પદ આપો, પ્રભુ! જિનપદમાં મુજને થાપો,
કર્યાં કર્મ અનાદિ સહુ કાપો, શ્રેયાંસ૦ ૭
પ્રભુ! ઉપાદાન યોગે આવો, ભક્તિથી નિજ ગુણ વિરચાવો;
બુદ્ધિસાગર મળીયો લ્હાવો. શ્રેયાંસ૦ ૮

## શ્રી શ્રેયાંસનાથ સ્તવન

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે.શ્રી૦ ૧
સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિઃકામી રે. શ્રી૦ ૨
નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી૦ ૩
નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી૦ ૪
શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી૦
૫
અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન' મતવાસી રે. શ્રી૦ ૬

## શ્રી વાસુપૂજ્યસ્વામી સ્તવન

સ્વામી! તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાહિબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા.
અમે પણ તુમ શું કામણ કરશું, ભક્તિ ગ્રહી મનઘરમાં ધરશું,
સાહિબા૦ ૧
મનઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત રહેશો થિર શોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભગતે, યોગી ભાખે અનુભવ યુક્તે.
સાહિબા૦ ૨
ક્લેશ વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આયા, પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ
પાયા. સાહિબા૦ ૩
સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા;
અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું.
સાહિબા૦ ૪
ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ક્ષીરનીર પરે તુમ શું મળશું, 'વાચક યશ' કહે હેજે હલશું.
સાહિબા૦ ૫

## શ્રી વાસુપૂજ્યસ્વામી સ્તવન

વાસુપૂજ્ય! ત્રિભુવનધણી, પરમાનન્દ વિલાસીરે;
અકળકળા નિર્ભય પ્રભુ, ધ્યાને નાસે ઉદાસીરે. વાસુપૂજ્ય૦ ૧
જગજીવન જગનાથ છો, પરમબ્રહ્મ મહાદેવારે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યાપક જ્ઞાનથી વિષ્ણુ છો, સુરપતિ કરે પદસેવારે. વાસુપૂજ્ય૦ ૨
આદિ-અનન્ત તું વ્યક્તિથી, એવંભૂતથી યોગીરે.
અનાદ્યનન્ત સત્તાપણે, ગુણપર્યવનો ભોગીરે. વાસુપૂજ્ય૦ ૩
વ્યાપ્ય વ્યાપકતા અભેદતા, જ્ઞાતા જ્ઞેય અભેદીરે;
ભિન્નાભિન્ન સ્વભાવ છે, વેદરહિત પણ વેદીરે. વાસુપૂજ્ય૦ ૪
પરમમહોદય ચિન્મણિ, અજરામર અવિનાશીરે;
નિત્ય નિરંજન સુખમયી, વ્યક્તિ શુદ્ધ પ્રકાશીરે. વાસુપૂજ્ય૦ ૫
નિરક્ષર અક્ષર વિભુ, જગબંધવ જગત્રાતારે;
ક્ષાયિક નવલબ્ધિ ધણી, જ્ઞેય અનન્તના જ્ઞાતારે. વાસુપૂજ્ય૦ ૬
પુરુષોત્તમ પુરાણ તું, તુજ ધ્યાને સુખ લહીશુંરે;
બુદ્ધિસાગર શુદ્ધતા, પામી જિનપદ રહીશુંરે. વાસુપૂજ્ય૦ ૭

## શ્રી વિમલનાથ સ્તવન

વિમલજિનચરણની સેવના, શુદ્ધ ભાવે કરશું;
અન્તર જ્યોતિ ઝળહળે, શિવસ્થાનક ઠરશું. વિમલ૦ ૧
પુદ્ગલભાવના ખેલથી, ચિત્તવૃત્તિ હઠાવું;
પરમાનન્દની મોજમાં, નિર્મલ પદ પાવું. વિમલ૦ ૨
અન્તર રમણતા આદરી, ધ્રુવતા નિજ વરશું;
મનમોહન જગનાથના, ઉપયોગથી તરશું. વિમલ૦ ૩
અસંખ્યપ્રદેશી આતમા, નિત્યાનિત્ય વિલાસી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્યાદ્વાદસત્તામયી સદા, જોતાં ટળતી ઉદાસી. વિમલ૦ ૪
પુદ્ગલ-મમતા ત્યાગીને, અન્તરમાં રહીશું;
અનુભવઅમૃતસ્વાદથી, અક્ષયસુખ લહીશું. વિમલ૦ ૫
કાયા-વાણી-મનથકી, વિમલેશ્વર ન્યારો;
શુદ્ધ પરિણતિભક્તિથઈ, ભેટીશું પ્રભુ પ્યારો. વિમલ૦ ૬
સ્થિરઉપયોગપ્રભાવથી, એક ઘાતથી મળશું;
બુદ્ધિસાગર ભક્તિથી, જ્યોતિ જ્યોતિમાં ભળશું. વિમલ૦ ૭

## શ્રી વિમલનાથ સ્તવન

પ્રભુ મુજ અવગુણ મત દેખો,
રાગ દશાથી તું રહે ન્યારો, હું મન રાગે વાલું.
દ્વેષ રહિત તું સમતા ભીનો, દ્વેષ મારગ હું ચાલું. પ્રભુ.૧.
મોહ લેશ ફરસ્યો નહિ તુંહી, મોહ લગન મુજ પ્યારી.
તું અકલંકી કલંકિત હું તો, એ પણ રહેણી ન્યારી. પ્રભુ.૨.
તું હિ નિરાગી ભાવ-પદ સાધે, હું આશા-સંગ વિલુદ્ધો.
તું નિશ્ચલ હું ચલ, તું સુંધો હું આચરણે ઊંધો. પ્રભુ.૩.
તુજ સ્વભાવથી અવલા મારા, ચરિત્ર સકલ જગે જાણ્યા.
એહવા અવગુણ મુજ અતિ ભારી, ન ઘટે તુજ મુખ આણ્યા.
પ્રભુ.૪.
પ્રેમ નવલ જો હોય સવાઈ, વિમલનાથ મુખ આગે.
કાન્તિ કહે ભવરાન ઉતરતાં, તો વેલા નવિ લાગે. પ્રભુ.૫.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી વિમલનાથ સ્તવન

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ?
વિમલ જિન! દીઠાં લોયણ આજ,
મ્હારાં સિદ્ધ્યાં વાંછિત કાજ. વિમલ૦ ૧
ચરણ કમળ કમળા વસે રે, નિર્મળ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ વિમલ૦ ૨
મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદર ધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગિંદ્ર વિમલ૦ ૩
સાહેબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિશરામી વાલહો રે, મારા આતમચો આધાર વિમલ૦ ૪
દરિશણ દીઠે જિન તણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરતાં રે, અંધકાર પ્રતિષેધ વિમલ૦ ૫
અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંતસુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય વિમલ૦ ૬
એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ!
કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ સેવ વિમલ૦ ૭

## શ્રી અનંતનાથ સ્તવન.

ધાર તલવારની સોહિલી દોહિલી, ચઉદમા જિન તણી ચરણ સેવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા. ધાર.૧.
એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે.
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહિ લેખે. ધાર.૨.
ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે.
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડિયા કલિકાલ રાજે. ધાર.૩.
વચન નિરપેક્ષ વ્યવહાર ઝૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો.
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ,
સાંભલી આદરી કાંઇ રાચો. ધાર.૪.
દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે,
કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી,
છાર પર લીંપણું તેહ જાણો. ધાર.૫.
પાપ નહિં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યું,
ધર્મ નહીં કોઇ જગ સૂત્ર સરિખો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો. ધાર.૬.
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે.
તે નરા દિવ્ય બહુ કાલ સુખ અનુભવી,
નિયત આનંદઘન રાજ પાવે. ધાર.૭.

## શ્રી અનંતનાથ સ્તવન

અનન્ત જિનેશ્વર નાથને, વન્દતાં પાપ પલાયરે;
રવિ આગળ તમ શું? રહે, પ્રભુ ભજે મોહ વિલાયરે. અનન્ત૦ ૧
અનન્ત ગુણપર્યાયપાત્ર તું, વ્યક્તિ એવંભૂત સારરે;
સંગ્રહનય પરિપૂર્ણતા, ધ્યાતા તે વ્યક્તિથી ધારરે. અનન્ત૦ ૨
ઉપશમભાવ ક્ષયોપશમથી, સાધ્યની સિદ્ધિ કરાયરે;
ધર્મ નિજ વસ્તુસ્વભાવમાં, સ્થિર ઉપયોગ સુહાયરે. અનન્ત૦ ૩
જ્ઞાનદર્શનચરણ-ગુણવિના, વ્યવહાર કુલઆચારરે;
સાધ્યલક્ષ્યે શુદ્ધ ચેતના, જાણવો શુદ્ધવ્યવહારરે. અનન્ત૦ ૪
દ્રવ્યક્ષેત્ર કાલ ભાવથી, પર્યાય દ્રવ્ય અનન્તરે;
શુદ્ધ આલંબન આદરી, વ્યક્તિથી થાય ભદંતરે. અનન્ત૦ ૫
સ્વકીય દ્રવ્યાદિકભાવથી, અનંતતા અસ્તિપણે સારરે;
પરદ્રવ્યાદિક અસ્તિની, નાસ્તિતા અનન્ત વિચારરે. અનન્ત૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીર્ય અનન્ત સામર્થ્યથી, ઉત્પાદ-વ્યય પ્રતિદ્રવ્યરે;
છતી પર્યાયથી ધ્રુવતા, સમય સમયમાંહી ભવ્યરે. અનન્ત૦ ૭
ધર્મ અનન્તનો સ્વામી તું, ધ્યાનમાં ધ્યેયસ્વરૂપરે;
બુદ્ધિસાગર નિજ દ્રવ્યની, શુદ્ધિ તે જય! જિનભૂપરે. અનન્ત૦ ૮

## શ્રી ધર્મનાથ સ્તવન

ધર્મજિનેશ્વર વંદું ભાવથી, વસ્તુધર્મદાતાર;
વસ્તુસ્વભાવ તે ધર્મ જણાવતા, ષડ્દ્રવ્યોમાંહી સાર. જગતમાં૦ ૧
જ્ઞેય હેય આદેય જણાવતા, સકલ દ્રવ્ય છેરે જ્ઞેય;
ઉપાદેય ચેતનનો ધર્મ છે, પુદ્ગલઆદિરે હેય. જગતમાં૦ ૨
ભાવકર્મ તે રાગદ્વેષ છે, કાલ અનાદિથી જાણ;
દ્રવ્યકર્મનું કારણ તેહ છે, નોકર્મ નિમિત્ત આણ. જગતમાં૦ ૩
અશુદ્ધપરિણતિયોગે બંધ છે, શુદ્ધપરિણતિથી છે મુક્તિ;
અન્તરચેતનસન્મુખ યોગથી, શુદ્ધ ઉપયોગની યુક્તિ.જગતમાં૦ ૪
કર્તા-હર્તા ચેતન કર્મનો, બાહિર-અન્તર યોગ;
આત્મસ્વભાવે રમણતા આદરે, પ્રગટે શિવસુખભોગ.જગતમાં૦ ૫
સુખ અનન્તની લીલા ધ્યાનમાં, ચેતન અનુભવ પાય;
ધ્રુવતાયોગતણી સ્થિરતા હોવે, વીર્ય અનન્ત પ્રગટાય. જગતમાં૦ ૬
સવિકલ્પસમાધિ શુભઉપયોગમાં, ધ્યાતા ધ્યેયનો ભેદ;
શુદ્ધઉપયોગે શુદ્ધસમાધિમાં, ટળતો વિકલ્પનો ખેદ. જગતમાં૦ ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્તરમાં ઉતરીને પારખો, નિર્મલ સુખનોરે નાથ;
બુદ્ધિસાગર સમતા એકતા, લીનતા યોગે સનાથ. જગતમાં૦ ૮

## શ્રી ધર્મનાથ સ્તવન

ધર્મ જિનેશ્વર! ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર!
બીજા મનમંદિર આણું નહિ, એ અમ કુલવટ રીત જિનેશ્વર!ધર્મ૦
ધર્મ ધર્મ કરતો જગ સહુ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ જિને૦
ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યાં પછી, કોઈ ન બાંધે હો કર્મ જિને૦ ધર્મ૦
પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન જિને૦
હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન જિને૦ ધર્મ૦
દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ જિને૦
પ્રેમ પ્રતીત વિચારો હૂંકડી, ગુરુગમ લેજો રે જોડ જિને૦ ધર્મ૦
એક પખી કિમ પ્રીતિ પરવડે, ઉભય મિલ્યા હુએ સંધ જિને૦
હું રાગી, હું મોહે ફંદિયો, તું નીરાગી નિરબંધ જિને૦ ધર્મ૦
પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય જિને૦
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય જિને૦ ધર્મ૦
નિર્મળ ગુણ મણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ જિને૦
ધન્ય તે નગરી, ધન્ય વેલા ઘડી, માત પિતા કુલવંશ જિને૦ ધર્મ૦
મનમધુકર વર કર જોડી કહે, પદકજ નિકટ નિવાસ જિને૦
ઘનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ જિને૦ ધર્મ૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી શાંતિનાથ સ્તવન

શાંતિ જિન એક મુજ વિનતિ, સુણો ત્રિભુવન રાય! રે,
શાંતિસ્વરૂપ કિમ જાણીએ, કહો મન કિમ પરખાય રે શાંતિ૦ ૧
ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે શાંતિ૦ ૨
ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તિમ અવિતથ સદહે, પ્રથમ એ શાંતિ પદ સેવ રે શાંતિ૦ ૩
આગમધર ગુરુ સમકિતી, ક્રિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવધાર રે શાંતિ૦ ૪
શુદ્ધ અવલંબન આદરે, તજી અવર જંજાળ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી; ભજે સાત્ત્વિકી સાલ રે શાંતિ૦ ૫
ફળ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકળ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધીરે શાંતિ૦ ૬
વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે શાંતિ૦ ૭
દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુગતિ નિદાન રે શાંતિ૦ ૮
માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોય તું જાણ રે શાંતિ૦ ૯
સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુગતિ સંસાર બિહુ સમ ગણે, મુણે ભવજલનિધિનાવ રે શાંતિ૦ ૧૦
આપણો આતમ ભાવ જે, એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રેશાંતિ૦ ૧૧
પ્રભુમુખથી ઈમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સિધ્યાં સવિ કામ રે શાંતિ૦ ૧૨
અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિતફળ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજ રે શાંતિ૦ ૧૩
શાંતિસરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ-પર રૂપ રે;
આગમમાંહિ વિસ્તર ઘણો, કહ્યો શાંતિજિન ભૂપ રે શાંતિ૦ ૧૪
શાંતિસરૂપ ઈમ ભાવશ્ય, ધરિ શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન પદ પામશ્યે, તે લહિશ્યે બહુ માન રે શાંતિ૦ ૧૫

## શ્રી શાંતિનાથ સ્તવન

હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં,
બિસર ગઈ દુવિધા તન-મન કી,
અચિરા સુત ગુણગાન મેં. હમ ૧
હરિહર બ્રહ્મા પુરન્દર કી ઋદ્ધિ, આવત નહીં કોઉ માન મેં;
ચિદાનન્દ કી મોજ મચી હૈ, સમતા રસ કે પાન મેં. હમ.૨
ઇતને દિન તુમ નાહી પિછાન્યો, મેરો જન્મ ગમાયો અજાન મેં;
અબ તો અધિકારી હોઈ બૈઠે, પ્રભુ ગુણ અખય ખજાન મેં.હમ.૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયી દીનતા અબ સબ હી હમારી, પ્રભુ તુઝ સમકિત દાન મેં;
પ્રભુ ગુણ અનુભવ રસ કે આગે, આવત નહીં કોઈ માન મેં. હમ
જિનહીં પાયા તિનહી છિપાયા, ન કહે કોઉ કે કાન મેં;
તાલી લાગી જબ અનુભવ કી, તબ સમઝે કોઇ સાન મેં. હમ.૫
પ્રભુ ગુણ અનુભવ ચન્દ્રહાસ જ્યૂં, સો તો ન રહે મ્યાન મેં;
વાચક જસ કહે મોહ મહા અરિ, જીત લિઓ હે મેદાન મેં.હમ.૬

## શ્રી શાંતિનાથ સ્તંવન

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિ કરણ ઇણ કલિમેં;
હો જિનજી તું મેરા મનમેં તું મેરા દિલમેં,
ધ્યાન ધરું પલ પલમેં સાહેબજી. તું. ૧
ભવમાં ભમતાં મેં દરિશન પાયો, આશા પૂરો એક પલમેં હો. તું. ૨
નિરમલ જ્યોત વદન પર સોહે,નીકસ્યો જ્યું ચંદ બાદલમેં હો.તું૩
મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં હો. તું. ૪
જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલમેં હો.તું. ૫

## શ્રી શાંતિનાથ સ્તવન

મ્હારો મુજરો લ્યોને રાજ, સાહિબ શાંતિ સલુણા.
અચિરાજીના નંદન તોરે, દર્શન હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સ્વામી, ભગતિ ભેટણું લાવ્યો. મ્હારો.૧
દુઃખ ભંજન છે બિરુદ તુમારું, અમને આશા તુમારી;
તુમે નિરાગી થઈને છૂટો, શી ગતિ હોશે અમારી. મ્હારો.૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાલક જો બોલી ન જાણે, તો કેમ વ્હાલો લાગે. મ્હારો.૩
મારે તો તું સમરથ સાહિબ, તો કેમ ઓછું માનું;
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશાનું. મ્હારો.૪
અધ્યાતમ રવિ ઊગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે;
વિમલ વિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે. મ્હારો.૫

## શ્રી શાંતિનાથ સ્તવન

શાંતિ જિનેશ્વર પરમેશ્વર વિભુજી, ગાતાં ને ધ્યાતાં હર્ષ અપારરે;
શાંતિ સ્મરંતાં પ્રગટે શાંતતાજી, સહજ યોગે નિર્ધારરે. શાંતિ૦ ૧
મનમાં છે મોહજ તાવત્ દુઃખ છે જી, મોહ ટળ્યાથી સાચી
શાંતિરે;
તમ ને રજથી નહીં શાંતિ આત્મનીજી, સાત્ત્વિક શાંતિ છેવટે
શાંતિરે શાંતિ૦ ૨
દેહ ને મનમાં શાંતિ નહીં ખરીજી, શાંતિ ન બાહિર ભોગે થાય રે
યાવત્ મનમાં સંકલ્પો જાગતાજી, તાવત્ ન શાંતિ સત્ય સુહાયરે
શાંતિ૦ ૩
શાંતિ અનુભવ આવે સમપણેજી, ઉપશમ આદિ ક્ષાયિકભાવરે;
સહજ સ્વભાવે વિકલ્પો ટળેજી, શાંતિ અનંતી આતમ દાવરે
શાંતિ૦ ૪
દ્રવ્યે ને ભાવથી શાંતિ પામવાજી, જ્ઞાને લગાવો આતમતાનરે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાંતિ પ્રભુમય આતમ થૈ રહેજી, બુદ્ધિસાગર ભગવાન્ રે
શાંતિ૦ ૫

## શ્રી શાન્તિનાથ સ્તવન

શાન્તિનાથજીરે! શાન્તિ સાચી આપો;
ઉપાધિ હરીરે, નિજ પદમાં નિજ થાપો. શાન્તિ૦ ૧
શાન્તિ કેમ લહુંરે, તેનો માર્ગ બતાવો;
વિનતિ માહરીરે, સ્વામી દલિમાં લાવો. શાન્તિ૦ ૨
શાન્તિ પ્રભુ કહેરે, ધન્ય! તું જગમાં ધન્ય પ્રાણી;
શાન્તિ પામવારે, મનમાં ઉલટ આણી. શાન્તિ૦ ૩
જડ તે જડપણેરે, ચેતન જ્ઞાનસ્વભાવે;
ભેદજ્ઞાનના યોગથીરે, સમકિત-શ્રદ્ધા થાવે. શાન્તિ૦ ૪
સદ્ગુરુ પરંપરારે, આગમના આધારે;
ઉપશમભાવથીરે, શાન્તિ ઘટમાં ધારે. શાન્તિ૦ ૫
સાધુસંગતેરે, પામી જ્ઞાનની શક્તિ;
સમતાયોગથીરે, પ્રગટે શાન્તિ-વ્યક્તિ. શાન્તિ૦ ૬
ચેતન દ્રવ્યનુંરે, કરવું ધ્યાન જ ભાવે;
ચંચલતા હરેરે, સાચી શાન્તિ આવે. શાન્તિ૦ ૭
સત્ય-સમાધિમાંરે, શાન્તિ સિદ્ધિ બતાવે;
રસિયા યોગીઓરે, શાન્તિ સાચી પાવે. શાન્તિ૦ ૮
સિદ્ધસમા થઈરે, શાન્તિરૂપ સુહાવે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થિરઉપયોગથીરે, બુદ્ધિસાગર પાવે. શાન્તિ૦ ૯

## શ્રી શાન્તિનાથ સ્તવન

જય જય શાન્તિ જિનન્દ, જગતમાં જય જય શાન્તિ જિનન્દ;
આપ તર્યા ને પરને તારો, સેવે ચોસઠ ઇન્દ્ર. જગતમાં૦ ૧
પૂરણ શાન્તિ પ્રેમે લીધી, દોષ કરી સહુ દૂર; જગતમાં૦
જન્મજરામરણાદિક વારી, સુખ પામ્યા ભરપૂર. જગતમાં૦ ૨
સમવસરણમાં દેશના દેઈ, તાર્યાં પ્રાણી અનેક; જગતમાં૦
સેવક તારો કૃપા કરીને, આપો સત્ય વિવેક. જગતમાં૦ ૩
પાપ કર્યાં મેં ભવમાં ભારે, ગણતાં નાવે પાર; જગતમાં૦
શરણ કર્યું મેં તારું સ્વામી, હાથ ગ્રહીને તાર. જગતમાં૦ ૪
નામ સ્થાપના દ્રવ્ય ભાવથી, ધ્યાતાં શિવસુખ થાય; જગતમાં૦
બુદ્ધિસાગર બે કર જોડી, વન્દે ત્રિભુવન રાય. જગતમાં૦ ૫

## શ્રી કુંથુનાથ સ્તવન

કુંથુજિનેશ્વર જગ જયકારી, ચોત્રીસ અતિશય ધારીરે;
પાંત્રીસ વાણી ગુણથી શોભે, સમવસરણ સુખકારીરે. કુંથુ૦ ૧
વસ્તુધર્મ સ્યાદ્વાદ પ્રરૂપે, કેવલજ્ઞાનથી જાણીરે,
ધર્મ ગ્રહી પાળી શિવ લેવે, જગમાંહી બહુ પ્રાણીરે. કુંથુ૦ ૨
સપ્તભંગીને સાતનયોથી, ષડદ્રવ્યોને જણાવેરે;
ઉપાદેય ચેતનના ધર્મો, બોધી શિવ પરખાવે રે. કુંથુ૦ ૩
શુદ્ધ આત્મસ્વરૂપ બતાવી, મિથ્યા-ભ્રમણા હઠાવેરે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસ્તિનાસ્તિમયધર્મ અનન્તા, દ્રવ્યમાં ભાવેરે. કુંથુ૦ ૪
ચાર નિક્ષેપે ચાર પ્રમાણે, વસ્તુસ્વરૂપને દાખેરે;
દ્રવ્ય ક્ષેત્ર ને કાલ ભાવથી, વસ્તુસ્વરૂપને ભાખેરે. કુંથુ૦ ૫
આનન્દકારી જગહિતકારી, ગુણપર્યાયાધારીરે;
ઉત્પત્તિ-વ્યય-ધ્રુવતામયી પ્રભુ, શાશ્વતપદ સુખકારીરે. કુંથુ૦ ૬
જિનસ્વરૂપ થઈ જિનવર સેવી, લહિએ અનુભવમેવારે;
બુદ્ધિસાગર જ્ઞાનદિવાકર, સહજયોગ પદ સેવારે. કુંથુ૦ ૭

## શ્રી કુંથુનાથ સ્તવન

મનડું કિમ હી ન બાજે હો કુંથુજિન, મનડું કિમ હી ન બાજે;
જિમ જિમ જતન કરીએ રાખું, તિમ તિમ અળગું ભાજે.હો.કુંથુ૦ ૧
રજની વાસર વસતી ઉજ્જડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય હો. હો.કુંથુ૦ ૨
મુક્તિતણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાંખે અવળે પાસે હો. હો.કુંથુ૦ ૩
આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું તો વ્યાલ તણી પરે વાંકું હો;
હો.કુંથુ૦ ૪
જો ઠગ કહું તો ઠગતો ન દેખુ, શાહુકાર પણ નાહિ;
સર્વ માંહે ને સહુથી અલગું, એ અચરિજ મનમાંહિ હો.હો.કુંથુ૦૫
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુરનર પંડિત જન સમજાવે, સમજે ન મારો સાલો હો.હો.કુંથુ૦૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે હો. હો.કુંથુ૦ ૭
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત અહીં ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એહિ જ વાત છે મોટી.હો.કુંથુ૦ ૮
મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું,
આનંદઘન પ્રભુ! માહરું આણો, તો સાચું કરી જાણું. હો.કુંથુ૦ ૯

## શ્રી અરનાથ સ્તવન

અરનાથકું સદા મોરી વંદના મેરે નાથકું સદા મોરી વંદાના.
જગ ઉપકારી ઘન જ્યોં વરસે, વાણી શીતલ ચંદના. અર૦ ૧
રૂપે રંભા રાણી શ્રી દેવી; ભૂપ સુદર્શન નંદના. અર૦ ૨
ભાવ ભગતિ શું અહનિશ સેવે, દુરિત હરે ભવ ફંદના. અર૦ ૩
છ ખંડ સાધી ભીતિ દ્વેધા કીધી, દુર્જય શત્રુ નિકંદના. અર૦ ૪
'ન્યાયસાગર' પ્રભુ સેવા-મેવા, માગે પરમાનંદના. અર૦ ૫

## શ્રી અરનાથ સ્તવન

અરજિનવર! પ્રભુ! વન્દના, હોજો વારંવાર;
ક્ષાયિક-રત્નત્રયી વર્યો, શુદ્ધ બુદ્ધાવતાર. અર૦ ૧
અષ્ટકર્મના નાશથી, અષ્ટ ગુણોને ધરંત;
ગુણ એકત્રીસને તેં ધર્યા, સાધ્યસિદ્ધિ વરંત. અર૦ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષપકશ્રેણી-રણક્ષેત્રમાં, હણ્યો મોહ પ્રચંડ;
ત્રિભુવનમાં સામ્રાજ્યની, ચલવી આણ અખંડ. અર૦ ૩
ઘાતિકર્મ-પ્રકૃતિ હરિ, પામ્યા કેવલજ્ઞાન;
પુરુષોત્તમ અરિહા પ્રભુ, દીધું દેશના દાન. અર૦ ૪
યોગવિકાર શમાવીને, શેષ કર્મ જે ચાર;
હણીને શિવપુર પામિયા, ધન્ય! ધન્ય! અવતાર. અર૦ ૫
તુજ પગલે અમે ચાલશું, પામીને પરમાર્થ;
અનુભવ રંગે ભેટીને, પ્રભુ થઈશું સનાથ. અર૦ ૬
પ્રેમ ભક્તિ ઉત્સાહમાં, શ્રુતજ્ઞાને દિલ લાય;
બુદ્ધિસાગર ધ્યાનમાં, પ્રભુતા ઘટમાંહી પાય. અર૦ ૭

## શ્રી મલ્લિનાથ સ્તવન

મલ્લિજિન સહજ સ્વરૂપનું, વર્ણન કહો કેમ થાયરે;
વૈખરી વર્ણન શું કરે, કંઇ પરામાંહી પરખાયરે. મલ્લિ૦ ૧
પરમબ્રહ્મ પુરુષોત્તમ, અનંગી અનાશી સદાયરે;
વિમલ પરમ વિતરાગતા, અક્ષય અચલ મહારાયરે. મલ્લિ૦ ૨
નિર્ભયદેશના વાસી જે, અજર અમર ગુણખાણરે;
સહજ સ્વતંત્ર આનન્દમાં, ભોગવો શિવ નિર્વાણરે. મલ્લિ૦ ૩
ચેતન અસંખ્યપ્રદેશમાં, વીર્ય અનંત પ્રદેશરે;
છતી શું સામર્થ્ય ભાવથી, વાપરો સમયે નિઃક્લેશરે. મલ્લિ૦ ૪
ત્રિભુવનમુકુટશિરોમણિ, પરમ મહોદય ધર્મરે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગગુરુ પરમબંધુ વિભુ, સાદિ-અનન્ત સુશર્મરે. મલ્લિ૦ ૫
અલખ અગોચર દિનમણિ, અવિચલ પુરુષ પુરાણરે;
સત્ય એક દેવ! તું જગધણી, ધારું હું શિર તુજ આણરે.મલ્લિ૦ ૬
મલ્લિજિન શુદ્ધ આલંબને, સેવક જિનપણું પાયરે;
બુદ્ધિસાગર રસ રંગમાં, ભેટિયા ચિદ્‌ઘનરાયરે. મલ્લિ૦ ૭

## શ્રી મલ્લિનાથ સ્તવન

સેવક કિમ અવગણીએ? હો મલ્લિજિન! એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી હો. મ૦ ૧
જ્ઞાનસ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાનદશા રીસાવી, જાતાં કાણ ન આણી. હો મ૦ ૨
નિદ્રા-સુપન-જાગર-ઉજાગરતા, તુરિય અવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ! મનાવી. હો મ૦ ૩
સમકિત સાથે સગાઈ કીધી, સ્વપિરવારશું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બહાર કાઢી. હો મ૦ ૪
હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી;
નોકષાય શ્રેણી ગજ ચ્હડતાં, શ્વાનતણી ગતિ ઝાલી. હો મ૦ ૫
રાગદ્વેષ અવિરતિની પરિણતિ, (એ) ચરણમોહના યોદ્ધા;
વીતરાગપરિણતિ પરિણમતાં, ઉઠી નાઠા બોદ્ધા. હો મ૦ ૬
વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;
નિષ્કામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદપાગી. હો મ૦ ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાનવિઘન વારી સહુ જનને, અભયદાનપદ દાતા;
લાભવિઘન જગવિઘન નિવારક, પરમ લાભ સમાતા. હો મ૦ ૮
વીર્યવિઘન પંડિતવીર્યે હણ્યો, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણભોગ સુભોગી.હો મ૦ ૯
એ અઢાર દૂષણ વરજિત તનુ, મુનિજનવૃંદે ગાયા;
અવિરતિરૂપક દોષનિરૂપણ નિરદૂષણ મન ભાયા. હો મ૦ ૧૦
ઈણવિધ પરખી મનવિશરામી, જિનવરગુણ જે ગાવે;
દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે. હો મ૦ ૧૧

## શ્રી મુનિસુવ્રતસ્વામી સ્તવન

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનોપમ નિરખતાં, મારાં ભવ ભવનાં દુઃખ જાય રે;
મારાં ભવ ભવનાં દુઃખ જાય, જગતગુરુ જાગતો સુખકંદ રે;
સુખકંદ અમંદ આનંદ, પરમગુરુ દીપતો સુખકંદ રે.
પ૦ જ૦ સુ૦ ૧

નિશદિન સુતાં જાગતાં, હૈડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીએ, તવ ઉપજે આનંદપૂર રે.
તે૦ જ૦ સુ૦ ૨

પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન માય રે;
ગુણ ગુણઅનુબંધી હુઆ, તે તો અક્ષયભાવ કહાય રે.
તે૦ જ૦ સુ૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અક્ષય પદ દીએ પ્રેમ જે, પ્રભુનું તે અનુભવરૂપ રે;
અક્ષર-સ્વર-ગોચર નહિ, એ તો અકલ અમાય અરૂપ રે.
તે૦ જ૦ સુ૦ ૪
અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે;
વાચકયશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે. તે૦ જ૦ સુ૦ ૫

## શ્રી મુનિસુવ્રતસ્વામી સ્તવન

મુનિસુવ્રત જિનરાય! એક મુજ વિનંતિ નિસુણો,
આતમતત્ત્વ ક્યું જાણ્યું જગતગુરુ! એહ વિચાર મુજ કહિયો;
આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમલ, ચિત્તસમાધિ નવિ લહિયે. ૧
કોઈ અબંધ આતમતત્ત્વ માને, કિરિયા કરંતો દીસે;
ક્રિયા તણું ફલ કહો કુણ ભોગવે? ઇમ પૂછ્યું ચિત્ત રીસે. મુ૦ ૨
જડ ચેતન એ આતમ એકજ, થાવર જંગમ સરિખો;
દુઃખ સુખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો. મુ૦ ૩
એક કહે 'નિત્યજ આતમતત્ત', આતમ દરશન લીનો;
કૃત-વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિ હીનો. મુ૦ ૪
સુગત મતિરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ-મોક્ષ સુખદુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. મુ૦ ૫
ભૂત ચતુષ્ક વરજિત આતમતત્ત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે? મુ૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમ અનેકવાદી મતવિભ્રમ, સંકટ પડિયા ન લહે;
ચિત્તસમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે. મુ૦ ૭
વલતું જગગુરુ! ઇણિ પરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગ-દ્વેષ-મોહપખ વર્જિત, આતમશું રઢ મંડી. મુ૦ ૮
આતમધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;
વાગ્જાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે. મુ૦ ૯
જેણે વિવેક ધરી એ પખ વહિયો, તે તત્ત્વજ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘન પદ લહિયે. મુ૦ ૧૦

## શ્રી મુનિસુવ્રતસ્વામી સ્તવન

તાર હો તાર પ્રભુ! શુદ્ધ દિનકર વિભુ!
શરણ તું એક છે મુજ સ્વામી;
જ્ઞાન-દર્શન ધણી, સુખ ઋદ્ધિ ઘણી,
નામી પણ વસ્તુતઃ તું અનામી. તાર૦ ૧
ભોગી પણ ભોગના ફંદથી વેગળો,
યોગી પણ યોગથી તું નિરાળો;
જાણતો અપર ને અપરથી ભિન્ન તું,
વિગતમોહી પ્રભુ! શિવ મહાલો. તાર૦ ૨
દ્રવ્ય ક્ષેત્ર અને કાલ ને ભાવથી,
આત્મદ્રવ્યે પ્રભુ! તું સુહાયો;
સ્વગુણની અસ્તિતા, નાસ્તિતા પરતણી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુદ્ધાકારકમયી વ્યક્તિ પાયો. તાર૦ ૩
શુદ્ધ પરબ્રહ્મની પૂર્ણતા પામીને,
વિષ્ણુ જગમાં પ્રભુ! તું ગવાયો;
કર્મદોષો હરી હર પ્રભુ! તુ થયો,
સત્ય મહાદેવ તું છે સવાયો. તાર૦ ૪
શુદ્ધરૂપે રમી રામ તું જગ થયો,
શુદ્ધ આનન્દતાનો વિલાસી;
રહેમ કરતાં થયો શુદ્ધ રહેમાન તું,
શુદ્ધ ચૈતન્યતા ધર્મકાશી. તાર૦ ૫
નામ ને રૂપથી ભિન્ન તું છે પ્રભુ!
જાણતો તત્ત્વ સ્યાદ્વાદજ્ઞાની;
શરણ તારું ગ્રહ્યું, ચરણ તારું લહ્યું,
રહી નહીં વાત હે નાથ! છાની. તાર૦ ૬
ભક્તિના તોરના જોરમાં પ્રભુ મળ્યા,
સહજ આનંદના ઓઘ પ્રગટ્યા;
જાણું પણ કહી શકું કેમ નિર્વાચ્યને,
સકલ વિષયોતણા ફંદ વિઘટ્યા. તાર૦ ૭
એકતા લીનતા ભક્તિના તાનમાં,
ઘેન આનંદની દિલ છવાઇ;
બુદ્ધિસાગર પ્રભુ ભેટીયા ભાવથી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુક્તિની ઘેર આવી વધાઈ. તાર૦ ૮

## શ્રી મુનિસુવ્રતસ્વામી સ્તવન

જીણંદજી એહ સંસારથી તાર
શ્રી મુનિસુવ્રત ભવજલપાર ઉતાર
પદ્માવતીજી કી નંદન નીરખી
હરખીત તન મન થાય,
કચ્છપ લંછન પ્રભુ પદ ધારે
શ્યામલ વર્ણ સોહાય ૧
લોકાંતિક સુર અવસર દેખી, પ્રતિબોધ ન આય
રાજકાજ સબ છોડ દેઈ પ્રભુ, સંયમશું ચીત્ત લાય ૨
તપ જપ સયંમ ધ્યાનાનલથી, કર્મ ઇંધન જલ જાય
લોકાલોક પ્રકાશ અદ્દભુત, કેવલજ્ઞાની તું થાય ૩
જ્ઞાનમે ભારી કરુણાધારી, જીવદયા ચિત્તલાય
મિત્રઅશ્વ ઉપકાર કરન કું, ભરુઅચ્છ નગરમેં આય ૪
અશ્વ ઉગારી બહુજન તારી, અજર અમર પદ પાય
જ્ઞાનવિમલ કહે મહેર કરો તો, હમને તે સુખ થાય ૫

## શ્રી નમિનાથ સ્તવન

નમિજિનવર! પ્રભુ! ચરણમાં લાગું, શુદ્ધ રમણતા માગુંરે;
બાહ્યપરિણતિ ટેવ નિવારી, શુદ્ધાપયોગે જાગુંરે. નમિ૦ ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્તરદષ્ટિ અમૃતવૃષ્ટિ, સહજાનન્દ સ્વરૂપરે;
તન્મયતા પ્રભુ સાથે કરતી, શુદ્ધ સમાધિ અનુપરે. નમિ૦ ૨
અસંખ્યપ્રદેશી ચેતન ક્ષેત્ર, ગુણ અનંત આધારરે;
ઉત્પત્તિ વ્યય ધ્રુવતા સમયે, દ્રવ્યપણું જયકારરે. નમિ૦ ૩
જ્ઞાન-ચરણપર્યાયની શુદ્ધિ, મુક્તિ પ્રભુ મુખ ભાખેરે;
અસ્તિ નાસ્તિની સપ્તિભંગીથી, ષડ્દ્રવ્યોને દાખેરે. નમિ૦ ૪
શબ્દાદિક નય શુદ્ધ પરિણતિ, ઉત્તર ઉત્તર સારરે;
કારણે કાર્યપણું નીપજાવે, દ્રવ્યભાવે નિર્ધારરે. નમિ૦ ૫
નિમિત્ત પુષ્ટાલંબન સેવી, ઉપાદાન ગુણ શુદ્ધિરે;
શુદ્ધ રમણતા યોગ્ કરતો, પામે ક્ષાયિક ઋદ્ધિરે. નમિ૦ ૬
સુખસાગર કલ્લોલે ચઢિયો, લહી સામર્થ્ય પર્યાયરે;
શુદ્ધ પરિણતિ-ચંદ્ર પ્રકાશે, આનન્દ ક્યાંયે ન માયરે. નમિ૦ ૭
શુદ્ધ પરિણતિ-ચરણ શરણમાં, શુદ્ધોપયોગે રહીશુંરે;
બુદ્ધિસાગર જ્ઞાનદિવાકર, સ્વપર પ્રકાશી થઈશુંરે. નમિ૦ ૮

## શ્રી નમિનાથ સ્તવન

ષટ્ દરિષણ જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;
નમિ જિનવરનાં ચરણ ઉપાસક, ષટ દરિશન આરાધે રે. ષ૦ ૧
જિન સુર પાદપ પાય વખાણું, સાંખ્ય-યોગ દોય ભેદે રે;
આતમસત્તા વિવરણ કરતા, લહો દુગ અંગ અખેદેરે. ષ૦ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભેદ-અભેદ સુગત-મિમાંસક, જિનવર દોય કર ભારીરે;
લોકાલોક અવલંબન ભજિયેં, ગુરુગમથી અવધારીરે. ષ૦ ૩
લોકાયતિક કૂખ જિનવરની, અંશ વિચાર જો કીજેરે;
તત્ત્વવિચાર સુધા રસ-ધારા, ગુરુગમ વિણ કિમ પીજેરે? ષ૦ ૪
જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગેરે;
અક્ષર-ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગેરે. ષ૦ ૫
જિનવરમાં સઘળા દરિશણ છે, દર્શને જિનવર ભજનારે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિની સાગર ભજનારે. ષ૦ ૬
જિનસરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભંગી જગ જોવેરે. ષ૦ ૭
ચૂર્ણિ, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવેરે,
સમય પુરુષના અંગ કહ્યાં એ, જે છેદે તે દુરભવ્ય રે. ષ૦ ૮
મુદ્રા, બીજ, ધારણા, અક્ષર, ન્યાસ, અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે, તે નવિ વંચીજે, ક્રિયાઅવંચક ભોગે રે. ષ૦ ૯
શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલેરે;
ક્રિયા કરી નવિ સાધી શકિયેં, એ વિખવાદ ચિત્ત સઘળે રે.ષ૦૧૦
તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહિયે રે;
સમય ચરણસેવાશુચિ દીજે, જિમ આનંદઘન લહિયેરે. ષ૦ ૧૧

## શ્રી નેમિનાથ જિન સ્તવન

રહો રહો રે યાદવ! દો ઘડીયાં, રહો૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દો ઘડીયાં, દો ચાર ઘડીયાં-
રહો રહો રે યાદવ! દો ઘડીયાં.
શિવામાત મલ્હાર નગીનો,
ક્યું ચલીએ હમ વિછડીયાં? રહો૦
યાદવવંશ વિભૂષણ સ્વામી!
તુમે આધાર છો અડવડીયાં રહો૦ ૧
તો બિન ઓરસે નેહ ન કીનો,
ઔર કરનકી આખડીયાં રહો૦
ઇતને બીચ હમ છોડ ન જઈએ,
હોત બુરાઈ લાજડીયાં રહો૦ ૨
પ્રીતમ પ્યારે! નેહ કર જાનાં,
જો હોત હમ શિર બાંકડીયાં રહો૦
હાથસેં હાથ મિલાદે સાંઈ!
ફૂલ બિછાઉં સેજડીયાં રહો૦ ૩
પ્રેમકે પ્યાલે બહુત મસાલે,
પીવત મધુરે સેલડીયાં રહો૦
સમુદ્રવિજય-કુલ-તિલક નેમિકું,
રાજુલ ઝરતી આંખડીયાં રહો૦ ૪
રાજુલ છોડ ચલે ગિરનારે,
નેમ યુગલ કેવલ વરીયાં રહો૦
રાજિમતી પણ દીક્ષા લીની,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવના રંગ રસે ચડીયાં રહો૦ ૫
કેવલ લઈ કરી મુગતિ સીધારે,
દંપતી મોહન વેલડીયાં રહો૦
શ્રી શુભવીર અચલ ભઈ જોડી,
મોહરાય શિર લાકડીયાં રહો૦ ૬

## શ્રી નેમિનાથ સ્તવન

નેમિજિનેશ્વર! વન્દના, હોશો વાર હજાર;
ત્રિકરણયોગેરે સેવના, પ્રીતિ ભક્તિ ઉદાર. નેમિ૦ ૧
સાલંબન ધ્યાને પ્રભુ! દિલમાં આવો સનાથ;
ઉપયોગે તુજ ધારણા, આવાગમન તે નાથ! નેમિ૦ ૨
નામાદિક નિક્ષેપથી, આલંબન જયકાર;
નિરાલંબન કારણે, તુજ વ્યક્તિ સુખકાર, નેમિ૦ ૩
સવિકલ્પ સમાધિમાં, ભાસો હૃદયમઝાર;
અન્તરઅનુભવ-જ્યોતિમાં, નિર્વિકલ્પ વિચાર. નેમિ૦ ૪
ભેદાભેદ સ્વભાવમાં, અનન્ત ગુણ-પર્યાય;
છતિ સામર્થ્ય પર્યાયની, શક્તિ-વ્યક્તિ સુહાય. નેમિ૦ ૫
ઝળહળજ્યોતિ જ્યાં જાગતી, ભાસે સર્વપદાર્થ;
બુદ્ધિસાગર જ્ઞાનમાં, સિદ્ધ બુદ્ધ પરમાર્થ. નેમિ૦ ૬

## શ્રી નેમિનાથ સ્તવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નેમિ જિનેશ્વર વંદીએ, ધ્યાઈજે સુખકાર;
દ્રવ્યકર્મ ને ભાવકર્મ જેણે હણ્યાં, ધર્મચક્રી નિર્ધાર. નેમિ૦ ૧
ચોત્રીસ અતિશયે શોભતા, બારગુણે ગુણવંત;
વાણી ગુણ પાંત્રીસના ધારક જિનપતિ, રૂપારૂપી ભદંત.નેમિ૦ ૨
વીસ સ્થાનકમાંહી એકનું, આરાધન કરી બેશ;
પૂર્વે ભવે તીર્થંકર નામને બાંધિયું, ટાળ્યા સર્વે ક્લેશ. નેમિ૦ ૩
ચઉનિક્ષેપે ધ્યાવતાં, સાતનયેકરી જ્ઞાન;
નિજઆતમ અરિહંતપણ જલ્દી વરે,
ટાળી મોહવું તાન. નેમિ૦ ૪
તુજ અનુભવ જેણે કર્યો, તે નહીં બાંધે કર્મ;
શાતા અશાતા ભોગવે તે સમભાવથી,
વેદે આતમ શર્મ. નેમિ૦ ૫
તિરોભાવ નિજશક્તિનો, આવિર્ભાવ જે અંશ;
તે અંશે મુક્તિ ને મુક્તતા આત્મમાં, વર્તે છે સાપેક્ષ. નેમિ૦ ૬
ધ્યાતા ધ્યેય ને ધ્યાનના, પરિણામે છે અભેદ;
બુદ્ધિસાગર એકતા પ્રભુની સાથમાં, પામ્યો અનુભવે. નેમિ૦ ૭

## શ્રી નેમિનાથ સ્તવન

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ.
પૂરણ દૃષ્ટિ નિહાલિયે, ચિત્ત ધરિયે હો અમચી અરદાસ.પરમા૧
સર્વ દેશ ઘાતી સહું, અઘાતી હો કરી ઘાત દયાલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાસ કિયો શિવ-મંદિરે, મોહે વિસરી હો ભમતો જગજાલ. ૨
જગ-તારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર.
તાત કહો મોહે તારતાં, કિમ કીની હો ઇણ અવસર વારપરમા.૩
મોહ મહામદ છાકથી, હું છકિયો હો નહીં શુદ્ધિ લગાર.
ઉચિત સહી ઇણ અવસરે, સેવકની હો કરવી સંભાલ. પરમા.૪
મોહ ગયે જો તારશો, તિણ વેલા હો કિહાં તુમ ઉપગાર.
સુખ વેલા સજ્જન ઘણા, દુઃખ વેલા હો વિરલા સંસાર. પરમા.૫
પણ તુમ દરિસણ જોગથી, થયો હૃદયે હો અનુભવ પરકાશ.
અનુભવ અભ્યાસી કરે, દુખદાયી હો સહુ કર્મ-વિનાશ. પરમા.૬
કર્મ કલંક નિવારી ને, નિજરૂપે હો રમે રમતા રામ.
લહત અપૂરવ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશરામ. પરમા.૭
ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ.
ચિદાનંદ મન મેં સદા, તુમે આવો હો પ્રભુ નાણ દિણંદ. પરમા.૮

## શ્રી નેમિનાથ સ્તવન

નિરખ્યો નેમિ જિણંદને અરિહંતાજી,
રાજીમતી કર્યો ત્યાગ ભગવંતાજી,
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો અરિ., અનુક્રમે થયા વીતરાગ ભગ. ૧
ચામર ચક્ર સિંહાસન અરિ., પાદપીઠ સંયુક્ત ભગ.;
છત્ર ચાલે આકાશમાં અરિ., દેવ દુંદુભિ વર ઉત્ત ભગ. ૨
સહસ જોયણ ધ્વજ સોહતો અરિ., પ્રભુ આગલ ચાલંત ભગ.;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કનક કમલ નવ ઉપરે અરિ., વિચરે પાય ઠવંત ભગ. ૩
ચાર મુખે દીયે દેશના અરિ., ત્રણ ગઢ ઝાક-ઝમાલ ભગ.;
કેશ રોમ શ્મશ્રુ નખા અરિ., વાધે નહીં કોઇ કાલ ભગ. ૪
કાંટા પણ ઊંધા હોય અરિ., પંચ વિષય અનુકૂલ ભગ.;
ષટ્ ઋતુ સમકાલે ફલે અરિ., વાયુ નહિં પ્રતિકૂલ ભગ. ૫
પાણી સુગંધ સુર કુસુમની અરિ., વૃષ્ટિ હોય સુરસાલ ભગ.;
પંખી દીયે સુપ્રદક્ષિણા અરિ., વૃક્ષ નમે અસરાલ ભગ. ૬
જિન ઉત્તમ પદ પદ્મની અરિ., સેવ કરે સુર કોડી ભગ.;
ચાર નિકાયના જઘન્યથી અરિ., ચૈત્ય વૃક્ષ તેમ જોડી ભગ. ૭

## શ્રી નેમિનાથ સ્તવન

રહો રહો રે યાદવ! દો ઘડીયાં, દો ચાર ઘડીયાં.
શિવામાત મલ્હાર નગીને, ક્યું ચલીએ હમ વિછડીયાં? રહો.
યાદવ વંશ વિભૂષણ સ્વામી!, તુમે આધાર છો અડવડીયાં રહો.૧
તો બિન ઓરસે નેહ ન કીનો, ઔર કરનકી આખડીયાં. રહો.
ઇતને બીચ હમ છોડ ન જઇએ, હોત બુરાઇ લાજડીયાં. રહો.૨
પ્રીતમ પ્યારે! નેહ કર જાનાં, જે હોત હમ શિર બાંકડિયાં. રહો.
હાથસેં હાથ મિલાદે સાંઇ!, ફૂલ બિછાઉં સેજડીયાં. રહો.૩
પ્રેમકે પ્યાલે બહુત મસાલે, પીવત મધુરે સેલડીયાં. રહો.
સમુદ્ર વિજય કુલ તિલક નેમિકું,રાજુલ ઝરતી આંખડીયાં.રહો૪
રાજુલ છોર ચલે ગિરનારે, નેમ યુગલ કેવલ વરીયાં. રહો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજીમતી પણ દીક્ષા લીની, ભાવના રંગ રસે ચડીયાં. રહો.૫
કેવલ લઈ કરી મુગતિ સિધારે, દંપતી મોહન વેલડીયાં. રહો.
શ્રી શુભ વીર અચલ ભઈ જોડી, મોહરાય શિર લાકડીયાં. રહો.૬

## શ્રી નેમિનાથ સ્તવન

દ્વારિકા નગરીનો નેમરાજીયો, તજી છે જેણે રાજુલ જેવી નારરે
ગિરનારી નેમ સંયમ લીધુ છે, બાળાવેશ માં ૧
ભામીએ મેણું માર્યુ નેમને, પરણવા ચાલ્યા શ્રી કૃષ્ણના વીર રે ૨
મંડપરચ્યો છે મધ્ય ચોકમાં, હરખાય સૌ દ્વારિકા નગરીના લોક રે૩
ગોખે થી રાજુલ સખી જોઈ રહ્યા, ક્યારે આવે જાદવકુળનો દીપરે૪
સાસુએ પોકણ કર્યા નેમને, વાલો મારો તોરણ છબાય રે ૫
પશુએ પોકાર કર્યો નેમને, ઉગારો વાલા રાજિમતી કેરા કંથ રે ૬
નેમજી એ સાળાને પૂછીયું, શાને કાજે પશુ કરે પોકાર રે ૭
રાતે રાજુલ બેની પરણશે, પ્રભાતે દેશુ ગૌરવના ભોજન રે ૮
નેમજી એ રથ પાછો વાળીયો, જઈ ચઢ્યા ગિરિગુહા મોઝારરે ૯
રાજુલરુવે મેલી ધ્રુસકે, રુવે રુવે દ્વારિકા નગરીના લોક રે ૧૦
હીરવિજય ગુરુ હીરલો, વીરવિજય ગુણ ગાય રે ૧૧

## શ્રી નેમિનાથ સ્તવન

અરજ સુણો હો નેમ નગીના, રાજુલનાં ભરથાર,
ભજલો-ભજલો હો જગનાં પ્રાણી, ભજો સદા કિરતાર... ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાન લઈને આવ્યા ત્યારે, હર્ષ તણો નહીં પાર,
પશુતણો પોકાર સુણીને, પાછા વળ્યા તત્કાલ... ૨
રાજુલ ગોખે રાહ નીરખતી, રડતી આંસુધાર;
પિયુજી મારા કેમ રિસાયાં, મુજ હૈયાનાં હાર... અરજ...૩
મન તલસતુ તન તલસતુ, તલ સે રાજુલનાર,
રાજવૈભવને ઠોકર મારી, લીધો સંયમભાર... અરજ...૪
નેમ બન્યા તીર્થંકર સ્વામિ બાવીશમાં જિનરાજ;
માયા છોડી મનડું સાધ્યું, નમો નમો શિરતાજ... અરજ...૫
નેમિ નિરંજન નાથ હમારો, અમ નયનોનાં તારા;
બાળક તુમ ભક્તિને માટે, રડતો આંસુધાર... અરજ...૬
પરદુઃખભંજન નાથ નિરંજન, જગપાલક કીરતાર;
જ્ઞાનવિમલ કહે ભવસિન્ધુથી, મુજને પાર ઉતાર... અરજ...૭

## શ્રી નેમિનાથ સ્તવન

પ્યારા નેમ પ્રભુ મુજ મન મન્દિરિયે પધારજોરે;
કર્માષ્ટક ક્રોધાદિક શત્રુ, ધ્યાનથી દૂર નિવારજોરે. પ્યારા૦ ૧
જન્મ મરણના ફેરા, ટાળી, પામ્યા મુક્તિ સ્ત્રી લટકાળી;
વ્હાલા દીનદયાળુ સેવકને સંભાળજોરે. પ્યારા૦ ૨
કર્મ ન લાગે પ્રભુજી તમને, સમય સમય લાગે પ્રભુ અમને;
વેગે દુઃખનાં વાદળ મુજથી દૂરે ટાળજોરે. પ્યારા૦ ૩
શી ગતિ થાશે ઓ!!! પ્રભુ મારી, ચારગતિ ભટક્યો દુઃખભારી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેગે તુજ પદપંકજ શરણ ગ્રહ્યાને ઉગારજોરે. પ્યારા૦ ૪
શરણાગતવત્સલ ભયભગગ્જન, અકલગતિ તું દેવનિરંજન;
પ્રેમે બુદ્ધિસાગર ભવજલ પાર ઉતારજોરે. પ્યારા૦ ૫

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

ૐ નમો પાર્શ્વપ્રભુ પંકજે, વિશ્વચિંતામણી રત્ન રે,
ૐ હ્રીં ધરણેન્દ્ર પદ્માવતી વૈરુટ્યા કરો મુજ યત્ન રે ૧
અબ મોહે શાંતિ તુષ્ટિ મહાપુષ્ટિ, ધૃતિ કિર્તિ વિધાયી રે
ૐ હ્રીં અક્ષર શબ્દથી આધિ વ્યાધિ સબ જાયરે ૨
ૐ હ્રીં શ્રી પ્રભુ પાર્શ્વજી, મુલના મંત્રનું બીજ રે
પાર્શ્વથી સર્વ દુરિત ટલે, આય મિલે સવિ ચીજ રે ૩
ૐ હ્રીં અસિઆઉસા નમો નમઃ તુ ત્રૈલોક્ય નો નાથરે
ચોસઠ ઇંદ્રો ટોલે મલી, સેવે પ્રભુ જોડી હાથ રે ૪
ૐ અજિતા દુરિઆ તથા, અપરાવિજયા જયા દેવી
દશ દિશીપાલ ગૃહ યક્ષ એ, વિદ્યાદેવી પ્રસન્ન હોય સેવી રે ૫
ગોડી પ્રભુ પાર્શ્વચિંતામણી, થંભણો અહિ છતો દેવ રે
જગવલ્લભનું જગ જગતો, અંતરિક્ષ વચકાણા કરુ સેવ ૬
શ્રી શંખેશ્વર પુરી મંડણો, પાર્શ્વ જિન પ્રણત તરુ કલ્પ રે
વારજો દુષ્ટના વૃંદને સુજસ સૌભાગ્ય સુખ કંદ રે ૭

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

આઈબસો ભગવાન મેરે મન આઈ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેં નિર્ગુણી ઇતના માંગત હું હો વે મેરો કલ્યાણ ૧
મેરે મન કી તુમ સબ જાણો, ક્યા કરું આપશો ધ્યાન
વિશ્વહિતૈષીદિન દયાલુ રખીયે મુજપર ધ્યાન
હો વે મેરો કલ્યાણ. ૨
ભોગાધીન હોવત મન મેલુ બિસરી તુમ ગુણગાન
વહાંસે છુડાઓ, હૃદયે આયી અરિભંજનક ભગવાન
હો વે મેરો કલ્યાણ. ૩
આપ કૃપાસે તર ગયે કેઈ રહ ગયા મે દર્દવાન
નિગાહ રખકે નિર્મલ કીજીએ ધનવંતરી ભગવાન
હો વે મેરો કલ્યાણ. ૪
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર દીજીએ તુમ ગુણગાન
ઇનહી સહારે ચિદ્ઘન સેવા બનુંગાં આપસમાન
હો વે મેરો કલ્યાણ. ૫

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

પૂર્ણાનન્દમાંરે, પાર્શ્વપ્રભુ! જયકારી;
ધ્રુવતા શુદ્ધતારે, શાશ્વત સુખ ભંડારી. પૂર્ણા૦ ૧
કેવલજ્ઞાનથીરે, લોકાલોક પ્રકાશો;
ધ્યાતા ધ્યાનમાંરે, સાહિબ! નિજ ઘર વાસો. પૂર્ણા૦ ૨
સહજાનન્દનારે સમયે સમયે ભોગી;
રત્નત્રયી પ્રભુરે! ક્ષાયિક ગુણગણયોગી. પૂર્ણા૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યક્તિ તુજ સમીરે, ભક્તિ તુજ મુજ કરશે;
તુજ આલંબનેરે, ચેતન શિવપુર ઠરશે. પૂર્ણા૦ ૪
સાચા ભાવથીરે, જિનવરસેવા કરશું;
શુદ્ધ સ્વભાવમાંરે, ક્ષાયિક સદ્દગુણ વરશું. પૂર્ણા૦ ૫
ઝટપટ ત્યાગીનેરે, ખટપટ મનની કાચી;
મળશું ભાવથીરે, અનુભવ યુક્તિ એ સાચી. પૂર્ણા૦ ૬
હળીયો દેવશુંરે, તે જન શિવસુખ પાવે;
સાચી ભક્તિથીરે, આવિર્ભાવ સુહાવે. પૂર્ણા૦ ૭
પાસ જિનેશ્વરારે, આપોઆપ સ્વભાવે;
આતમ ભાવથીરે, બુદ્ધિસાગર ગાવે. પૂર્ણા૦ ૮

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

રાતાં જેવાં ફૂલડાં ને, શામલ જેવો રંગ.
આજ તારી આંગીનો કાંઇ, રૂડો બન્યો રંગ.
પ્યારા પાસજી હો લાલ, દીન દયાલ મુજને નયને નિહાલ. ૧.
જોગીવાડે જાગતો ને, માતો ધિંગડ મલ્લ.
શામલો સોહામણો કાંઇ, જીત્યા આઠે મલ્લ. પ્યારા.૨.
તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ.
આશા પૂરો દાસની કાંઇ, સાંભલી અરદાસ. પ્યારા.૩.
દેવ સઘલા દીઠા તેમાં, એક તું અવલ્લ.
લાખેણું છે લટકું તારું, દેખી રીઝે દિલ્લ. પ્યારા.૪.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઇ નમે પીરને, ને કોઇ નમે રામ.
ઉદય-રત્ન કહે પ્રભુ, મારે તુમશું કામ. પ્યારા.૫.

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

અબ મોહે ઐસી આય બની;
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, મેરો તું એક ધની. અબ.૧.
તુમ બિન કોઉ ચિત્ત ન સુહાવે, આવે કોડી ગુણી;
મેરો મન તુઝ ઊપર રસિયો, અલિ જિમ કમલ ભણી. અબ.૨.
તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ધરની;
નામ જપું નિશિ વાસર તેરો, એ મુઝ શુભ કરની. અબ.૩.
કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરની;
નામ જપું જલધાર તિહાં તુઝ, ધારું દુઃખ હરની. અબ.૪.
મિથ્યામતિ બહુજન હે જગમેં, પદ ન ધરત ધરણી;
ઉનસેં અબ તુઝ ભક્તિ પ્રભાવે, ભય નહીં એક કણી. અબ.૫.
સજ્જન નયન સુધારસ અંજન, દુરજન રવિ ભરણી;
તુઝ મૂરતિ નિરખે સો પાવે, સુખ જશ લીલ ઘની. અબ.૬.

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

સમય સમય સો વાર સંભારું, તુજશું લંગની જોર રે.
મોહન મુજરો માની લેજે, જ્યું જલધર પ્રીતિ મોર રે. સમય.૧.
માહરે તન ધન જીવન તુંહી, એહમાં જૂઠ ન માનો રે.
અંતરજામી જગજન નેતા, તું કિહાં નથી છાનો રે. સમય.૨.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેણે તુજને હિયડે નવિ ધાર્યો, તાસ જનમ કુણ લેખે રે.
કાચે રાચે તે નર મૂરખ, રતનને દૂર ઉવેખે રે. સમય.૩.
સુરતરુ છાયા મૂકી ગહરી, બાઊલ તલે કુણ બેસે રે.
તાહરી ઓલગ લાગે મીઠી, કિમ છોડાય વિશેષે રે. સમય.૪.
વામા નંદન પાસ પ્રભુજી, અરજી ચિત્તમાં ધારો રે.
રૂપ વિબુધનો મોહન પભણે, નિજ સેવક કરી જાણો રે. સમય.૫.

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

કોયલ ટહુકી રહી મધુવન મેં,
પાર્શ્વ શામલીયા વસો મેરે દિલમેં.
કાશી દેશ વાણારસી નગરી,
જન્મ લીયો પ્રભુ ક્ષત્રિય કુલમેં. કોયલ.૧.
બાલપણામાં પ્રભુ અદ્‌ભુત જ્ઞાની,
કમઠકો માન હર્યો એક પલમેં. કોયલ.૨.
નાગ નિકાલા કાષ્ઠ ચિરાકર,
નાગકું સુરપતિ કીયો એક છીન મેં. કોયલ.૩.
સંયમ લઈ પ્રભુ વિચરવા લાગ્યા,
સંયમમેં ભીંજ ગયો એક રંગ મેં. કોયલ.૪.
સમેત-શિખર પ્રભુ મોક્ષે સિધાવ્યા,
પાર્શ્વજી કો મહિમા તીન જગત મેં. કોયલ.૫.
ઉદય રતન કી એહી અરજ હૈ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિલ અટકો તોરા ચરણ કમલ મેં. કોયલ.૬.

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો;
સાંભલીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો.
સેવક અર્જ કરેછે રાજ, અમને શિવસુખ આપો. ૧
સહુકોનાં મનવંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો;
એહવું બિરુદ છે રાજ તમારું, કેમ રાખો છો દૂરે. સેવક.૨
સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો;
કરુણા સાગર કેમ કહેવાશો, જો ઉપગાર ન કરશો. સેવક.૩
લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિશન દીજે;
ધુંઆડે ધીજું નહિ સાહિબ, પેટ પડ્યાં પતીજે. સેવક.૪
શ્રી શંખેશ્વર મંડણ સાહિબ, વિનતડી અવધારો;
કહે જિનહર્ષ મયા કરી મુજને, ભવ સાગરથી તારો. સેવક.૫

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

તું પ્રભુ મારો હું પ્રભુ તારો ક્ષણ એક મુજને નાહિ વિસારો,
મહેર કરી મુજ વિનતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો.
તું પ્રભુ૦ ૧
લાખચોરાશી ભટકી પ્રભુજી, આવ્યો હું તારે શરણે જિનજી,
દુરગતિ કાપો શિવસુખ આપો, સ્વામી સેવકને નિજપદ સ્થાપો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તું પ્રભુ૦ ૨

અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે, આપો કૃપાળુ મેં હાથ ધર્યો છે
વામાનંદન જગનંદન પ્યારો, દેવ અનેરા માંહિ તું હી ન્યારો.

તું પ્રભુ૦ ૩

પલપલ સમરું નાથ શંખેશ્વર, સમરથ તારણ તું હી જિનેશ્વર,
પ્રાણથકી તું અધિકો વ્હાલો, દયા કરી મુજને નેહે નિહાળો.

તું પ્રભુ૦ ૪

ભક્ત વત્સલ તારું બિરુદ જાણી, કેડ ન છોડું એમ લેજો જાણી,
ચરણોની સેવા નિતનિત ચાહું, ઘડી ઘડી મનમાંહી ઉમાહું.

તું પ્રભુ૦ ૫

જ્ઞાન વિમલ તુજ ભક્તિ પ્રભાવે, ભવોભવનાં સંતાપ સમાવે,
અમીય ભરેલી તારી મૂરતિ નિહાળી, પાપ અંતરના લેજો પખાળી.

તું પ્રભુ૦ ૬

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

પાર્શ્વ શ્રી શંખેશ્વરા ઓ...! તારે દ્વારે આવ્યો છું
ભાવ ભરેલા હૃદયે સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો છું

પાર્શ્વ શ્રી શંખેશ્વરા...૧

મારુ મારુ કરતા રહીને, જનમ-જનમ ખોવાના છે
તારા શરણે આવીને પ્રભુ, પાપમેલ ધોવાના છે.

પાર્શ્વ શ્રી શંખેશ્વરા... ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુણથી ભરેલો નાથ તું છે, હું અવગુણથી ભરેલો છું,
જેવો સમજે તેવો સ્વામી! તારી આણ વરેલો છું.
પાર્શ્વ શ્રી શંખેશ્વરા... ૩
કોણ મૂકી કલ્પવેલી, આંક ધતૂરાને લહે,
કોણ તજે ચિંતામણીને, કાચ કટકા સંગ્રહે.
પાર્શ્વ શ્રી શંખેશ્વરા... ૪
શ્રી 'શંખેશ્વર' પાર્શ્વ મુજને, પૂર્વ પુન્યોદયે મલ્યા,
"નય" ભવોભવ દાસ તાહરો, મનમનોરથ સવી ફલ્યા...
પાર્શ્વ શ્રી શંખેશ્વરા... ૫

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

તમે બોલો બોલો ને પારસનાથ, બાળક તમને બોલાવે,
તમે આંખલડી ખોલોને એકવાર, બાળક તમને બોલાવે. ૧
મારા કીધેલા કર્મો આજે નડ્યા,
મારા અવળા તે લેખો કોણે લખ્યા,
મારા પૂર્વના પ્રગટ્યા છે પાપ... બાળક તમને... ૨
કંઠ સુકાય મુખેથી બોલાતું નથી,
શ્વાસ રુંધાય આંખેથી દેખાતું નથી,
હું તો રડું છું હૈયા ભાર... બાળક તમને... ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારી આશાનો દિપક બુઝાઈ ગયો,
ચારે કોર અંધકાર છવાઈ ગયો,
મારા જીવનમાં પડી છે હડતાળ... બાળક તમને...૪
તમે શાંતિની ગોદમાં પોઢી ગયા,
છોડી જતા ન આવી કેમ દયા,
હવે ક્યાં સુધી કરશો વિશ્રામ? બાળક તમને...૫
તારા વિના આ આંસુ કોણ લુ છે...?
તારા ભક્તોના ભાવ કોણ પૂછે...?
"વીરવિજય" ના પ્રાણ આધાર... બાળક તમને...૬

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

તારા નયનાં રે, પ્યાલા પ્રેમનાં ભર્યાં છે,
દયારસનાં ભર્યાં છે;
અમી છાંટનાં ભર્યાં છે. તારા નયનાં રે... તારા૦ ૧
જે કોઈ તારી નજરે ચઢી આવે,
કારજ તેના તે સફલ કર્યાં છે. તારા૦ ૨
પ્રગટ થઈ પાતાળથી પ્રભુ તેં,
જાદવનાં દુઃખ દૂર કર્યાં છે. તારા૦ ૩
પન્નગ-પતિ પાવકથી ઉગાર્યો,
જનમ-મરણ ભયતેહનાં હર્યાં છે. તારા૦ ૪
પતિતપાવન શરણાગત તુહિં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દરિશન દીઠે મારાં ચિત્તડાં ઠર્યાં છે. તારા૦ ૫
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર,
તુજ પદ પંકજ આજથી ધર્યા છે. તારા૦ ૬
જે કોઈ તુજને ધ્યાને ધ્યાવે,
અમૃત સુખનાં રંગથી ભર્યા છે. તારા૦ ૭

## શ્રી પંચાસર પાર્શ્વનાથ સ્તવન

પાર્શ્વ પંચાસરા જગત્‌માં જયકરા,
પૂર્ણ આનંદ દરિયો સુહાયો;
શુદ્ધ આત્મપ્રભુ વીતરાગી વિભુ,
પૂર્ણ જ્યોતિસ્વરૂપે મેં ધ્યાયો. પાર્શ્વ૦ ૧
રોગ નહિ, શોક નહિ, સર્વ ચિંતા રહિત,
સર્વ ભીતિ રહિત આત્મ વરવા;
શુદ્ધ ક્ષાયિક તુજ રૂપ સંભારતાં,
તત્ક્ષણ મોહ નહીં શોક પરવા. પાર્શ્વ૦ ૨
જેવું છે તાહરું રૂપ આવિઃ ભલું,
માહરું તેહવું રૂપ નક્કી;
માહરી તાહરી એકતા અનુભવી,
જીવતાં મુક્તિની ઝાંખી વકી. પાર્શ્વ૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાંર શો? દુઃખનો, જ્ઞાન આગળ ટકે,
ભાનુ ત્યાં 'તમ' રહે કેમ ક્યારે;
તુજ દેખે થતો આત્મઉપયોગ મુજ,
પૂર્ણ આનંદ વહેતો જ ત્યારે. પાર્શ્વ૦ ૪
માહરો તાહરો ભેદ જ્યાં છે નહીં,
એક આનંદરૂપે પ્રકાશ્યો;
બુદ્ધિસાગર પરિપૂર્ણ શક્તિમયી,
આતમા આત્મરૂપેજ ભાસ્યો. પાર્શ્વ૦ ૫

## શ્રી મહાવીર સ્વામી સ્તવન

કરુણા સાગર જીવજીવન પ્રભુ વીરજી,
અનંત ગુણના ધારક પ્રાણ આધાર જો,
મુજને મૂકી ભવ અટવીમાં એકલો,
આપ સિધાવ્યા મુક્તિપુરીમાં નાથ જો. કરુણા સાગર ૧
સિદ્ધ-બુદ્ધ અવિનાશી પદના ભોગી છો,
હું છું પામર મોહજાળમાં મગ્ન જો,
નાથ નિહાળી શરણે આવ્યો આપના,
તાર તાર હે તારક દેવ દયાળ જો. કરુણા સાગર ૨
સમવસરણે બેસી અમીરસ વાણીથી,
જ્યારે કરતા પ્રભુજી ભવિ ઉપકાર જો,
તે વેળા હું ભાગ્ય વિહુણો કઈ ગતિ?
જેથી ન પામ્યો ભવ સાગરનો અતં જો. કરુણા સાગર ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાન અનંતુ સુખ અનંતુ તાહરે,
ક્ષાયિક ભાવે વર્તે છે તુજ ગુણ જો,
પણ હું પાપી રમણ કરુ પર ભાવમાં,
તો કિમ પામું સ્વરૂપ રમણનું સુખ જો. કરુણા સાગર ૪
સિદ્ધારથ કુલ ચરણ પ્રભુ મહાવીરજી,
ત્રિશલાનંદન ત્રિજગ વંદન નાથ જો,
મનમંદિરમાં આવો પ્યારા વીરજી,
તુમ વિના સૂનો છે આ દરબાર જો. કરુણા સાગર ૫
અનેક જીવોને તાર્યા તેં કરુણાનિધિ,
તો શું મુજને મૂકી જશો ભગવાન જો?
મનોહર મુદ્રા જોવા તલશે તાહરી,
'ઉદયરત્ન' કહે દ્યો દરીશન આજ જો. કરુણા સાગર ૬

## શ્રી મહાવીર સ્વામી સ્તવન

સિદ્ધારથના રે નન્દન વિનવું, વિનતડી અવધાર.
ભવ મણ્ડપમાં રે નાટક નાચિયો, હવે મુજ પાર ઉતાર. સિદ્ધા.૧
ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવેરે સન્તાપ.
દાન દિયંતા રે પ્રભુ કોસર કીસી, આપો પદવી રે આપ. સિદ્ધા.૨
ચરણ-અંગૂઠે રે મેરુ કંપાવિયો, મોડ્યાં સુરનાં રે માન.
અષ્ટ કરમના રે ઝગડા જીતવા, દીધાં વરસી રે દાન. સિદ્ધા.૩
શાસન નાયક શિવસુખ દાયક, ત્રિશલા કૂખે રતન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિદ્ધારથનો રે વંશ દીપાવિયો, પ્રભુજી તુમે ધન્ય ધન્ય. સિદ્ધા.૪
વાચક શેખર કીર્તિ વિજય ગુરુ, પામી તાસ પસાય.
ધરમ તણા જિન ચોવીસમા, વિનય વિજય ગુણ ગાય. સિદ્ધા.૫

## શ્રી મહાવીર સ્વામી સ્તવન

જિણંદા પ્યારા મુણિંદા પ્યારા, દેખો રે જિણંદા ભગવાન,
દેખો રે જિણંદા પ્યારા. .૧
શુદ્ધ રૂપ સ્વરૂપ વિરાજે, જગ નાયક ભગવાન. દેખો.૨
દરશ સરસ નિરખ્યો જિનજીકો, દાયક ચતુર સુજાણ. દેખો.૩
શોક સંતાપ મિટ્યો અબ મેરો, પાયો અવિચલ ભાણ. દેખો.૪
સફલ ભઈ મેરી આજ કી ઘડીયાં, સફલ ભયે નૈન પ્રાણ. દેખો.૫
દરિસણ દેખ મીટ્યો દુઃખ મેરો, આનંદઘન અવતાર. દેખો.૬

## મ્હને હો શ્રી વીરનું શરણું

(કવ્વાલિ)

જગતના સર્વ યોદ્ધામાં, પ્રભુ મહાવીર તું મોટો;
હઠાવ્યો મોહને જલ્દી, મ્હને હો વીરનું શરણું. જગતના૦ ૧
અતિ ગંભીરતા ત્હારી, ગમન શાળાવિષે કીધું;
જણાવ્યું નહિ સ્વયં જ્ઞાની, મ્હને હો વીરનું શરણું. જગતના૦ ૨
જણાવી માતૃભક્તિ બહુ, અરે જનની ઉદરમાંહી;
પ્રતિજ્ઞા પ્રેમ જાળવવા, મ્હને હો વીરનું શરણું જગતના૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અરે ઓ જ્યેષ્ઠ બન્ધુની, ખરી દાક્ષિણ્યતા રાખી;
ગુણો ગણતા લહ્યું નહિ પાર, મ્હને હો વીરનું શરણું. જગતના૦
૪
યશોદા સાથ પરણીને, રહ્યો નિર્લેપ અન્તરથી;
થશે ક્યારે દશા એવી, મ્હને હો વીરનું શરણું. જગતના૦ ૫
જગત ઉદ્ધાર કરવાને, યતિનો ધર્મ લીધો ત્હેં;
સહ્યા ઉપસર્ગ સમભાવે, મ્હને હો વીરનું શરણું. જગતના૦ ૬
અલૌકિક ધ્યાન ત્હેં કીધું, ગયા દોષો થયો નિર્મલ;
થયો સર્વજ્ઞ ઉપકારી, મ્હને હો વીરનું શરણું. જગતના૦ ૭
ઘણા ઉપદેશ દીધા ત્હેં, ચતુર્વિધ સંઘને સ્થાપ્યો;
ત્હને મેં ઓળખી લીધો, મ્હને હો વીરનું શરણું. જગતના૦ ૮
અનન્તાનન્દ લીધો ત્હેં, જીવન ત્હારૂં વિચારૂં હું;
બુદ્ધયબ્ધિ ભાળ હું ત્હારો, શરણ ત્હારૂં શરણ ત્હારૂં.જગતના૦ ૯

## શ્રી મહાવીર સ્વામી સ્તવન

### (રાગ-સોરઠ)

વ્હાલા ત્રિશલાનંદન વીરજિનેશ્વર તારજો રે;
જાણી બાલ તમારો વિનતડી અવધારજો રે વ્હાલા૦ ૧
રમતગમતમાં જીવન ગાળું, કામક્રોધથી મનડું બાળું;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્યારા! કરૂણામૃત સિંચનથી, તાપ નિવારજો રે વ્હાલા૦ ૨
જ્ઞાન વિના હૃદયે અંધારૂં, કરશે તુમ વિણ કોણ આજવાળું?;
સુખકર! કામક્રોધ વિષયાદિક, અરિ સંહારજો રે વ્હાલા૦ ૩
ભક્તિ કરૂં ભાવે શિર સાટે, વળવા મોક્ષ નગરની વાટે;
બાળક કહીને મુજને, તુજ અંકે બેસાડજો રે વ્હાલા૦ ૪
પ્રેમ વિના લુખી છે ભક્તિ, ગુમ પર્યાય વિના જેમ વ્યક્તિ;
પ્રભુજી દીનદયાળુ, અશુભ વૃત્તિ સંહારજો રે વ્હાલા૦ ૫
શરણ એક તારૂં છે સાચું, નિશદિન તુજ ભક્તિથી રાચું;
પ્રેમે બુદ્ધિસાગર, બાળકને ઉગારજો રે વ્હાલા૦ ૬

## શ્રી મહાવીર સ્વામી સ્તવન

(એ ગુણ વીર તણો ન વિસારુ, સંભારુ દિન રાત રે-એ ચાલ)
ૐ અર્હં મહાવીર જિનેશ્વર, જાપ જપું દિન રાત રે;
પ્રભુ વિણ બીજુ કાંઈ ન ઇચ્છું, માત પિતા તું ભ્રાત રે. ૐ અર્હં૦ ૧
પરા પશ્યંતિ મધ્યમા વૈખરી, જાપે ટળે સહુ પાપ રે;
રાગ દ્વેષ ન પાસે આવે, જાપ જપંતાં અમાપ રે. ૐ અર્હં૦ ૨
જ્યાં ત્યાં અંતર બાહિર ધારણા, ત્રાટક તુજ ઉપયોગે રે;
જીભ ન હાલે માનસ જાપે, પ્રગટે આનંદ ભોગ રે. ૐ અર્હં૦ ૩
જડ ચેતન સહું વિશ્વમાં પ્રભુની, સત્તા ધારણા યોગ રે;
આત્મ મહાવીર સત્તા પ્રંગટે, થાતો કર્મ વિયોગ રે. ૐ અર્હં૦ ૪
પ્રભુ તુજ જાપના ધૂપથી નાસે, દુર્બુદ્ધિ દુર્ગંધ રે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષણ ક્ષણ આતમ શુદ્ધિ વૃદ્ધિ, આતમ થાય અબંધ રે.ૐ અર્હં૦ ૫
પ્રભુ જાપે પ્રભુ ઘટમાં પ્રકાશ્યા, પ્રગટી સુખની ખુમારી રે;
બુદ્ધિસાગર મહાવીર લગની, પ્રગટી ન ઉતરે ઉતારી રે. ૐ અર્હં૦
૬

## શ્રી મહાવીર સ્વામી સ્તવન

દીન દુઃખીયાનો તું છે બેલી... તું છે તારણહાર...
તારા મહિમાનો નહી પાર...(૨)
રાજપાટને વૈભવ છોડી, છોડી દીધો સંસાર...
તારા મહિમાનો નહી પાર...(૧)... ૧
'ચંડકોશીયો' ડસીયો જ્યારે, દૂધની ધારા પગથી નિકળે
વિષને બદલે દૂધ જોઈને, ચંડકોશીયો આવ્યો શરણે
'ચંડકોશીયા' ને તેં તારી, કીધો ઘણો ઉપકાર...
તારા મહિમાનો નહી પાર... ૨
કાનમાં ખીલા ઠોક્યા જ્યારે, થઈ વેદના પ્રભુને ભારે,
તોયે પ્રભુજી શાન્ત વિચારે, ગોવાળનો નહી વાંક લગારે,
ક્ષમા આપીને તે જીવોનો તારી દીધો સંસાર...
તારા મહિમાનો નહી પાર... ૩
મહાવીર, મહાવીર! ગૌતમ પુકારે,
આંખેથી અશ્રુની ધારા વહાવે
ક્યાં ગયા મુજને એકલા છોડીને?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે નથી કોઈ જગમાં મારે! પશ્ચાતાપ કરતા કરતા...
ઉપન્યું કે કેવળજ્ઞાન... તારા મહિમાનો નહી પાર... ૪
"જ્ઞાનવિમલ" ગુરુ વયણે આવે, ગુણ તુમારા ભાવે ગાવે,
થઈ સુકાની તું પ્રભુ આવે, ભવ જલ નૈયા પાર ઉતારે,
અરજી અમારી, દિલમાં ધારી... વંદુ વારંવાર
તારા મહિમાનો નહી પાર, તારા ગુણોનો નહી પાર,
તારા વૈભવનો નહી પાર, તારી કરુણાનો નહી પાર. ૫

## શ્રી મહાવીર સ્વામી સ્તવન

તારહો તાર મહાવીર જગદિનમણિ, ભક્તને એક શરણું તમારું;
સકલ નિર્ભય પ્રભુ શુદ્ધ સ્વામી વિભુ, શરણથી શુદ્ધવ્યક્તિ સમારૂ.
તારહો૦ ૧
નિત્ય નિરંજન ધર્મ સ્યાદ્વાદમય, શુદ્ધવ્યક્તિ અસંખ્યપ્રદેશી;
જ્ઞાનથી જાણતા દર્શને દેખતા, શુદ્ધ પર્યાયમયને અલેશી.
તારહો૦ ૨
છતિપણે કેવલજ્ઞાનના પર્યવા, સમયમાં જાણતા તે અનંતા;
તેથી પણ જાણતા અનંત સામર્થ્યના; જ્ઞાનને જ્ઞેયરૂપે સુહંતા.
તારહો૦ ૩
પરમ ઇશ્વર સદા ઋદ્ધિ ક્ષાયિકધણી, પૌદ્‌ગલિક ભાવથી દેવ ન્યારો;
શર્મ અનંતનો ભોગ તું ભોગવે, પૂજ્ય તું પ્રાણથી મુજ પ્યારો.
તારહો૦ ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્રવ્યથી ભાવથી શરણ છે તાહરું, શુદ્ધ ઉપયોગમાં તું પ્રભાસે;
બુદ્ધિસાગર પ્રભો તારશો બાપજી, ધ્યાનના યોગમાં દેવ પાસે.
તારહો૦ ૫

## બોરીજ મંડણ શ્રી વર્ધમાન જિન સ્તવન

પ્રભુની શક્તિનો નહિ પાર, ત્રિશલાનન્દન છો બળવાન,
ચરણે મેરુને ધ્રુજાવ્યો, એવા બળશાળી ભગવાન, ટેક.
યોદ્ધા નિરખ્યા સહુ જગના, જે અતિશય શક્તિ ધરાવે,
યોદ્ધા શ્રેષ્ઠ જગતમાં આપ, યોદ્ધા સર્વે મૂકે માન. પ્રભુ૦ ૧
આત્મશક્તિના પાઠો, પ્રભુએ જગને ઉપદેશ્યા,
જે શક્તિ આપે મોક્ષ, એવા શીખવ્યાં ઉત્તમ ગાન. પ્રભુ૦ ૨
તપ ધાર્યું ઉગ્રવનમાં, પ્રભુ કેવલજ્ઞાનને માટે,
સહતા ઘોર અતિ ઉપસર્ગ, તાર્યા જનને આપી જ્ઞાન. પ્રભુ૦ ૩
પ્રગટ્યા પ્રભુ બોરીજ ગામે, મહાવીર પ્રભુને નામે,
મનહર મૂર્તિ કલા અપાર, કરતા ગુણીજન જેનું ધ્યાન. પ્રભુ૦ ૪
અમૃતથી મીઠી વાણી, અતિ હર્ષ હૃદય ઉભરાવે,
હેમેન્દ્ર હૃદય પ્રગટાવે, જનકલ્યાણક આત્મજ્ઞાન. પ્રભુ૦ ૫
(આ.શ્રી અજિતસાગરસૂરિના શિષ્ય ઉપાધ્યાય હેમેન્દ્રસાગરજી કૃત)

## બોરીજ મંડણ શ્રી વર્ધમાન જિન સ્તવન

તમારી શક્તિ તણો નહીં પાર, ત્રિશલાનંદન પ્રાણાધાર,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંગુઠે મેરુ હલાવ્યો, હું શરણ તમારે આવ્યો.
સ્વામી સેવકના સુખકાર. ત્રિશલા...૧
બિરાજ્યા બોરીજ ગામે, જગ તરે પ્રભુને નામે,
ભવિજનના હૈયાહાર. ત્રિશલા...૨
યોજન લગી ગંભીરવાણી, તમો જ્ઞાનીતણાં પણ જ્ઞાની,
ઉત્તમ આપો આત્મ વિચાર ત્રિશલા...૩
અજિતપદે પ્રભુ સ્થાપો, અંતરના ક્લેશો કાપો,
વસાવો જ્ઞાન-નગર મોઝાર ત્રિશલા...૪
સિંહ લંછન ચરણે રાજે, દેખીને રતિપતિ લાજે,
છો સત્ય વસ્તુમાં સાર ત્રિશલા...૫
સિદ્ધાર્થ પિતાને ભાવ્યા, જગતારણ માટે આવ્યા,
નિર્મળ પાળો પંચાચાર ત્રિશલા...૬
શુચિ માતૃભક્તિને સાધી, નિવારી વ્યાધિ ઉપાધિ,
ટહેમેન્દ્ર' કરો ભવપાર ત્રિશલા...૭
(આ. શ્રી અજિતસાગરસૂરિના શિષ્ય ઉપાધ્યાય હેમેન્દ્રસાગરજી કૃત)

## શ્રી મહાવીરસ્વામી હાલરડું

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરવાનાં ગીત;
સોના રૂપા ને વલી રત્ને જડિયું પારણું,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત;
હાલો હાલો હાલો હાલો મારા નન્દને રે. .૧
જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરે રે,
હોશે ચોવીસમો તીર્થંકર જિન પરિમાણ;
કેશી સ્વામી મુખથી એહવી વાણી સાંભલી રે,
સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ. હાલો.૨
ચૌદે સપને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહીં હવે ચક્રીરાજ;
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીસમા જિનરાજ.
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મારી કૂખે આવ્યા તરણ-તારણ જહાજ;
હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઈ આજ. હાલો.૩
મુઝને દોહલો ઊપન્યો બેસું ગજ અંબાડિયે રે,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નન્દન તારા તેજનાં રે,
તે દિન સંભારું ને આનંદ અંગ ન માય. હાલો.૪
કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે રે,
તેહથી નિશ્ચિત જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ વિરાજતો રે,
મેં તો પહેલે સપને દીઠો વિસવા વીશ. હાલો.૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે,
નંદન ભોજાઈઓના દેવર છો સુકુમાલ;
હસશે ભોજાઇઓ કહી દીયર માહરા લાડકા રે,
હસશે રમશે ને વલી ચુંટી ખણશે ગાલ.
હસશે રમશે ને વલી ઠૂંસા દેશે ગાલ.હાલો.૬
નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલી પાંચસેં મામીના ભાણેજ છો;
નંદન મામલિયાના ભાણેજા સુકુમાલ,
હસસે હાથે ઉછાલી કહીને નાના ભાણેજા રે.
આંખો આંજીને વલી ટપકું કરશે ગાલ.હાલો.૭
નંદન મામા મામી લાવશે ટોપી આંગલા રે,
રતને જડિયાં ઝાલર કસબી કોર;
નીલાં પીલાં ને વલી રાતાં સરવે જાતિનાં રે,
પહેરાવશે મામી મારા નંદકિશોર.હાલો.૮
નંદન મામા મામી સુખલડી બહુ લાવશે રે,
નંદન ગજવે ભરવા લાડૂ મોતીચૂર;
નંદન મુખડા જોઇને લેશે મામી ભામણાં રે,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર.હાલો.૯
નંદન નવલા ચેડા મામાની સાતે સતી રે,
મારી ભત્રીજી ને બહેન તમારી નંદ;
તે પણ ગજવે ભરવા લાખણસાઈ લાવશે રે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનન્દ.હાલો.૧૦
રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો રે,
વલી સૂડા મેના પોપટ ને ગજરાજ;
સારસ હંસ કોયલ તીતર નેં વલી મોરલી રે,
મામા લાવશે રમવા નંદ તમારે કાજ.હાલો.૧૧
છપ્પન કુમરી અમરી જલ કલશે નવરાવિયા રે,
નંદન તમને અમને કેલી ઘરની માંહિ;
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને અંતરે,
બહુ ચિરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહિ.હાલો.૧૨
તમને મેરુગિરિ પર સુરપતિએ નવરાવિયા,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારુ કોટિ કોટિ ચંદ્રમા,
વલી તન પર વારુ ગ્રહ-ગણનો સમુદાય.હાલો.૧૩
નંદન નવલા ભણવા નિશાલે પણ મૂકશું રે,
ગજ પર અંબાડી બેસાડી મોટે સાજ;
પસલી ભરશું શ્રીફલ ફોફલ નાગર વેલશું રે,
સુખલડી લેશું નિશાલિયાને કાજ. હાલો.૧૪
નંદન નવલા મોટા થાશો ને પરણાવશું રે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખા વેવાઈ વેવાણોને પધરાવશું રે,
વર વહુ પોખી લેશું જોઈ જોઈને દેદાર.હાલો.૧૫
પીયર સાસરું મારા બેહું પખ નંદન ઊજલા રે,
મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;
માહરે આંગણ વૂઠ્યા અમૃત દૂધે મેહુલા,
મહારે આંગણે ફલીયા સુરતરુ સુખના કંદ.હાલો.૧૬
એણી પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું રે,
જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ્ય;
બિલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરું રે,
જય જય મંગલ હોજો દીપ વિજય કવિરાજ.હાલો.૧૭

## સામાન્ય જિન સ્તવન

ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી... ક્યું
ક્રોધ લોભ મદ માન વિષયરસ, છાંડત ગેલ ન મેરી... ક્યું ૧
કર્મ નચાવે તિમહિ નાચત, માયાવશ નટ ચેરી... ક્યું ૨
દૃષ્ટિ રાગ દૃઢ બંધન બાંધ્યો, નીકસન ન લહી સેરી... ક્યું ૩
કરત પ્રશંસા સબ મિલ આપની, પરનિંદા આધિ કેરી... ક્યું ૪
કહત માન જિન ભાવ ભગતિ બિન, શિવગતિ હોત ન મેરી... ક્યું ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સામાન્ય જિન સ્તવન

પ્રભુજી તવ દર્શન સુખકારી, તવ દર્શનથી આનન્દ પ્રગટે,
જગજનમંગલકારી. પ્રભુજી૦ ૧
તપ જપ કિરિયા સંયમ સર્વે, તવ દર્શનને માટે;
દાન ક્રિયા પણ તુજ અર્થે છે, મળતો નિજ ઘર વાટે. પ્રભુજી૦ ૨
અનુભવ વિણ કથની સહુ ફીકી, દર્શન અનુભવ યોગે;
ક્ષાયિકભાવે શુદ્ધ સ્વભાવે, વર્તે નિજગુણ ભોગે. પ્રભુજી૦ ૩
દેશ વિદેશે ઘરમાં વનમાં, દર્શન નહિ પામીજે;
દર્શન દીઠે દૂર ન મુક્તિ, નિશ્ચયથી સમજીજે. પ્રભુજી૦ ૪
ચેતન દર્શન સ્પર્શન યોગે, આનન્દ અમૃતમેવા;
બુદ્ધિસાગર સાચો સાહિબ, કીજે ભાવે સેવા. પ્રભુજી૦ ૫

## સામાન્ય જિન સ્તવન

અબોલડા શાના લીધા છે રાજ? જીવજીવન પ્રભુ માહરા
તમે અમારા અમે તમારા, વાસ નિગોદમાં રહેતા
કાલ અનંતના સ્નેહી પ્યારા, કદીએ ન અંતર કરતા
અબોલડા ૧
બાદર સ્થાવરમાં બેઉ આપણ, કાલ અસંખ્ય નિગમતા
વિકલેન્દ્રિયમાં કાલ સંખ્યાતા, વિસર્યાં નવી વિસરતા
અબોલડા ૨
નરક સ્થાને રહ્યા બેઉ સાથે, તિહાં પણ બેઉ દુઃખ સહેતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરમાધામી સન્મુખ આપણ, ટગટગ નજરે જોતા,

અબોલડા ૩

દેવના ભવમાં એક વિમાને, દેવના સુખ અનુભવતા
એકણ પાસે દેવ શૈયામાં થેઈ થેઈ નાટક સુણતા,

અબોલડા ૪

તિહાં પણ તમે અને અમે બેઉ સાથે,
જિન જન્મ મહોત્સવ કરતા.
તિર્યંચગતિમાં સુખ દુઃખ અનુભવતા,
તિહાં પણ સંગ ચલંતા અબોલડા... ૫
એક દિન સમવસરણમાં આપણ, જિન ગુણ અમૃત પીતા.
એક દિન સંજમ ઘર થઈ આપણ બેઉ સાથે વિચરંતા

અબોલડા...૬

એક દિન તમે અને અમે બેઉ સાથે, વેલડીએ વળગીને ફરતા
એક દિન બાળપણમાં આપણ, ગેડી દડે નિત્ય રમતા.

અબોલડા...૭

તમે અને અમે બેઉ સિદ્ધ સ્વરૂપી, એવી કથા નિત્ય કરતા,
એક કુલ, એક ગોત્ર, એક ઠેકાણે, એક જ થાળીમાં જમતા.

અબોલડા...૮

એક દિન હું ઠાકોર તમે ચાકર, સેવા માહરી કરતા,
આજ તો આપ થયા જગ ઠાકુર, સિદ્ધિ વધૂના પનોતા.

અબોલડા...૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાલ અનંતનો સ્નેહ વિસારી, કામ કીધા મનગમતા,
હવે અંતર કેમ કીધું પ્રભુજી...! ચૌદ રાજ જઈ પહોતાં.
અબોલડા...૧૦

"દીપ વિજય" કવિરાજ પ્રભુજી...! જગતારણ જગનેતા,
નિજ સેવકને યશ પદ દીજે, અનંત ગુણી ગુણવંતા
અબોલડા...૧૧

## સામાન્ય જિન સ્તવન

જિન તેરે ચરણ કી શરણ ગ્રહું,
હૃદય કમલમેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહું... જિન ૧
તુમ સમ ખોળ્યો દેવ ખલક મેં, પેખ્યો નહિ કબહું... જિન ૨
તેરે ગુણ કી જપું જપ માલા, અહોનિશ પાપ દહું... જિન ૩
મેરે મન કી તુમ સબ જાનો, ક્યા મુખ બહોત કહું... જિન ૪
કહે 'જસ વિજય' કરો ત્યું સાહિબ, જ્યું ભવ દુઃખ ન લહું...જિન ૫

## શ્રી સીમંધરસ્વામી સ્તવન

તુમે મહા વિદેહે જઈને કહેજો ચાંદલિયા
(૨) સીમંધર તેડાં મોકલે
તુમે ભરતક્ષેત્રના દુઃખ કહેજો ચાંદલિયા
(૨) સીમંધર તેડાં મોકલે,
અજ્ઞાનતા અહીં છવાઈ ગઈ છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તત્ત્વોની વાતો ભુલાઈ ગઈ છે.
હાંરે એવા કર્મોના દુઃખ મારા, કહેજો ચાંદલિયા
(૨) સીમંધર૦ ૧

પુદ્‌ગલના મોહમાં ફસાઈ ગયો છું,
કર્મોની ઝાળમાં જકડાઈ ગયો છું
હાંરે એવા આત્માના દુઃખ મારા, કહેજો ચાંદલિયા
(૨) સીમંધર૦ ૨

મારું નહતું તેને મારું કરી જાણ્યું,
મારું હતું તેને ના રે પિછાણ્યું
હાંરે એવા મૂર્ખતાના દુઃખ મારા, કહેજો ચાંદલિયા
(૨) સીમંધર૦ ૩

સીમંધર સીમંધર હૃદયમાં ધારતો,
પ્રત્યક્ષ દરિશનની આશ હું કરતો
હાંરે એવા વિજોગના દુઃખ મારા, કહેજો ચાંદલિયા
(૨) સીમંધર૦ ૪

સંસારી સુખ મને કારમું લાગે,
પ્રભુ તુમ વિણ જઈ કહું કોની પાસે,
હાંરે એવા વીરવિજયના દુઃખ, કહેજો ચાંદલિયા
(૨) સીમંધર૦ ૫

## શ્રી સીમંધરસ્વામી સ્તવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુણો ચંદાજી!, સીમંધર પરમાતમ પાસે જાજો;
મુજ વિનતડી પ્રેમ ધરીને, એણી પેરે તુમ સંભલાવજો.
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇન્દ્ર પાયક છે;
નાણ-દરિસણ જેહને ખાયક છે, સુણો.૧.
જેની કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરીગિણી નગરીનો રાયા છે, સુણો.૨.
બાર પર્ષદા માંહી વિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે, સુણો.૩.
ભવિ-જનને જે પડિબોહે છે, તુમ અધિક શીતલ ગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે, સુણો.૪.
તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયો છું;
મહા મોહ-રાય કર ફસિયો છું, સુણો.૫.
પણ સાહિબ ચિત્તમાં ધરિયો છે, તુમ આણા ખડગ કર ગ્રહીયો છે;
તો કાંઇક મુજથી ડરિયો છે, સુણો.૬.
જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે પદ્મ-વિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો, સુણો.૭.

## શ્રી સીમંધરસ્વામી સ્તવન

તારી મૂરતિએ મન મોહ્યું રે, મનના મોહનીયા;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારી સૂરતિએ જગ સોહ્યું રે, જગના જીવનીયા.
તુમ જોતાં સવિ દુરમતિ વિસરી, દિન રાતડી નવિ જાણી;
પ્રભુ ગુણ ગણ સાંકલશું બાંધ્યું, ચંચલ ચિત્તડું તાણી રે.મનના.૧.
પહેલાં તો એક કેવલ હરખે, હેજાલુ થઇ હલિયો;
ગુણ જાણીને રૂપે મિલિયો, અભ્યંતર જઇ ભલિયો રે.મનના.૨.
વીતરાગ ઇમ જસ નિસુણીને, રાગી રાગ ધરેહ;
આપ અરૂપી રાગ નિમિત્તે, દાસ અરૂપ કરેહ. મનના.૩.
શ્રી સીમંધર તું જગબન્ધુ, સુંદર તાહરી વાણી;
મંદર ભૂધર અધિક ધીરજ ધર, વન્દે તે ધન્ય પ્રાણી રે.મનના.૪.
શ્રી શ્રેયાંસ નરેસર નંદન, ચંદન શીતલ વાણી;
સત્યકી માતા વૃષભ લંછન પ્રભુ,
જ્ઞાન વિમલ ગુણખાણી રે.મનના.૫.

## શ્રી સીમંધરસ્વામી સ્તવન

શ્રી સીમંધર જગધણી, રાય શ્રેયાંસકુમાર રે,
માતા સત્યકી નંદનો રે, રુક્ષ્મણીનો ભરથાર રે. શ્રી૦ ૧
સુખકારક સ્વામી સુણો રે, મુજ મનની આ વાતરે,
જગતે જોતાં કોઈ નવિ જડે, સ્વામી તુમ્હારી જોડરે. શ્રી૦ ૨
સ્વજન કુટુંબ કારમો રે, કારમો સૌ સંસાર રે,
ભવોદધિ પડતાં માહરે રે, તું તારક નિરધાર રે. શ્રી૦ ૩
ધન્ય તિહાંના લોકને રે જે સેવે તુમ પાયરે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રહ ઊઠીને વાંદવાને, મુજ મનડું નિત્ય ધ્યાયરે. શ્રી૦ ૪
કાગળ પણ પહોંચે નહિ રે, કિમ કહું મુજ મન અવદાતરે,
એકવાર આવો અહીંજી, કરું દિલની સવિ વાતરે. શ્રી૦ ૫
મનડામાં ક્ષણ ક્ષણ રમે રે, તુજ દરિશનના કોડરે,
વાચક જશ કહે વિનતી રે, અહનિશ બે કર જોડરે. શ્રી૦ ૬

## શ્રી સીમંધરસ્વામી સ્તવન

સીમંધર જિનરાજ કૃપાળુ તારજો,
જન્મજરાના દુ:ખથી પ્રભુજી ઉગારજો;
વિદ્યમાન પ્રભુ વાત હૃદયની જાણતા,
સાચા સ્વામી સુખકર વિનતિ માનતા. ૧
કાલ અનાદિ મોહવશે બહુ દુ:ખ લહ્યાં,
ચાર ગતિનાં દુ:ખ વિચિત્ર સહુ સહ્યાં;
મોહવશે ધામધૂમમાં ધર્મપણું ગ્રહ્યું,
શુદ્ધસ્વરૂપ સ્યાદ્વાદ તત્ત્વથી સહ્યું. ૨
ગાડરિયા પ્રવાહમાં દૃષ્ટિરાગે રહ્યો,
બાહ્યક્રિયા રુચિ ધામધૂમમાં હું પડ્યો,
લોકોત્તર જિનધર્મ પરખીને નવિ લહ્યો;
ગુરુગમ જ્ઞાન વિના હું ભવોભવ લડથડ્યો. ૩
પ્રભુ તુજ શાસન, પુણ્યથી પામી મેં જાણિયું,
મિથ્યાદર્શન જોર કુમતિનું વ્યાપિયું;
પરખ્યું સત્ય સ્વરૂપ જિનેશ્વર ધર્મનું,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહેશે જોર હવે કેમ આઠે કર્મનું. ૪
તુજ કરુણા એક શરણ સેવકને જાણશો,
જાણી બાળક ત્હારો કરુણા આણશો,
મ્હારો શરણું એક જિનેશ્વર જગધણી,
તારો કરુણાવંત મહેશ્વર દિનમણિ. ૫
બુદ્ધિસાગર બાળ તમારો કરગરે,
સાચા સ્વામી પસાયે સેવક સુખવરે;
ઉપાદાનની શુદ્ધિ પ્રભુતા જાગશે,
જિત નગારૂં અનુભવજ્ઞાને વાગશે. ૬

## શ્રી સીમંધરસ્વામી સ્તવન

સીમંધર જિન રૂપમાં, હુંતો રહીયો રાચી;
ભાવ કર્મને ટાળવા, શુદ્ધ પરિણતિ સાચી. ૧
ભાવકર્મના નાશથી, દ્રવ્ય કર્મ ટળે છે.
નાયક મરવાથી યથા, સૈન્ય પાછું વળે છે. ૨
રાગ દ્વેષ ભાવ કર્મ છે, દ્રવ્યકર્મ ગ્રહાવે;
રાગ દ્વેષ ટળવાથકી, દ્રવ્ય કર્મ ન આવે. ૩
નિશ્ચય શુદ્ધ ચારિત્રથી રાગદ્વેષ ટળે છે
રાજદ્વેષ ટળવા થકી નિજલક્ષ્મી મળે છે ૪
ચેતન શુદ્ધ સ્વભાવમાં, લીનતા ક્ષણ થાવે;
ત્યારે સહજાનંદનો, અનુભવ મન આવે. ૫
ક્ષયોપશમજ્ઞાને કરી, પ્રભુ શ્રેણિ ચડિયો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુક્લ ધ્યાન મહાશસ્ત્રથી, મોહસાથે લઢિયો. ૬
જયલક્ષ્મી અંગીકરી, નવ ઋદ્ધિ પાયો;
બુદ્ધિસાગર ધ્યાનથી, પ્રભુ અંતર આયો. ૭

## સિદ્ધાચલ તીર્થ સ્તવન

મનના મનોરથ સવી ફળ્યા, શ્રી સિદ્ધાચલ દેખી;
અનુભવ આનંદ ઉછળ્યો, અન્ધ શ્રદ્ધા ઉવેખી. મન૦ ૧
સહજાનન્દ શ્રીનાથજી, વિશ્વાનન્દ વખાણો;
શત્રુંજય શાશ્વતગિરૂ, ત્રણ્ય ભુવનનો રાણો. મન૦ ૨
મુક્તિરાજ વિજયી સદા, અજરા સુખવાસી;
વિમલાચલને વન્દતાં, મટે સકલ ઉદાસી. મન૦ ૩
પાપી દુરભવી પ્રાણિયા, દેખે નહિ શુદ્ધિ સ્થાન;
ગુરુ ભક્તિમંત પ્રાણિયા પામે અમૃતપાન. મન૦ ૪
દ્રષ્ટા દૃશ્યપણું વરે, થાય પૂજક પોતે;
રત્નચિન્તામણિ હસ્તમાં, ક્યાં તું પરમાં ગોતે. મન૦ ૫
દર્શન દુર્લભ તાહરાં; વિરલા કોઈ પામે;
બુદ્ધિસાગર ધ્યાવતાં, મળિયા નિશ્ચય ઠામે. મન૦ ૬

## સિદ્ધાચલ તીર્થ સ્તવન

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા.
માનું હાથ એ ધર્મનો, શિવ-તરુ-ફલ લેવા. વિમલા.૧.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉજ્જ્વલ જિન-ગૃહ-મંડલી, તિહાં દીપે ઉત્તંગા.
માનું હિમગિર-વિભ્રમે, આઈ અંબર-ગંગા. વિમલા.૨.
કોઇ અનેરું જગ નહીં, એ તીરથ તોલે.
એમ શ્રીમુખ હરિ આગલે, શ્રી સીમન્ધર બોલે. વિમલા.૩.
જે સઘલાં તીરથ કર્યા, જાત્રા-ફલ કહીએ.
તેહથી એ ગિરિ ભેટતાં, શત-ગણું ફલ લહીએ. વિમલા.૪.
જનમ સફલ હોય તેહનો, જે એ ગિરિ વન્દે.
સુજસ વિજય સંપદ લહે, તે નર ચિર નન્દે. વિમલા.૫.

## સિદ્ધાચલ તીર્થ સ્તવન

સિદ્ધાચલ ગિરિ ભેટ્યા રે, ધન ભાગ્ય હમારાં.
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા;
રાયણ-રૂખ સમોસર્યા સ્વામી, પૂરવ નવાણું વારા રે. ધન.૧
મૂલ નાયક શ્રી આદિ જિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચારા;
અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂલ આધારા રે. ધન.૨
ભાવ ભક્તિશું પ્રભુ ગુણ ગાવે, અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિ જન શુભ ભાવે,નરક તિર્યંચ ગતિ વારા રે. ધન.૩
દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તારા;
પતિત ઉદ્ધારણ બિરુદ તમારું, એ તીરથ જગ સારા રે. ધન.૪
સંવત અઢાર ત્યાસી માસ અષાઢા,
વદિ આઠમ ભોમવારા;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુજી કે ચરણ પ્રતાપ કે સંઘમેં,
ખિમા રતન પ્રભુ પ્યારા રે. ધન.૫

## સિદ્ધાચલ તીર્થ સ્તવન

જાત્રા નવાણું કરીએ વિમલગિરિ, જાત્રા નવાણું કરીએ;
પૂરવ નવાણું વાર શત્રુંજય ગિરિ,
ઋષભ જિણંદ સમોસરીએ. વિમલ.૧
કોડિ સહસ ભવ પાતક તૂટે,
શત્રુંજા સામો ડગ ભરીયે. વિમલ.૨
સાત છટ્ઠ દોય અટ્ઠમ તપસ્યા,
કરી ચઢીયે ગિરિવરીયે. વિમલ.૩
પુણ્ડરીક પદ જપીએ મન હરખે,
અધ્યવસાય શુભ ધરીયે. વિમલ.૪
પાપી અભવિ નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરીયે. વિમલ.૫
ભૂમિ સંથારો ને નારીતણો સંગ, દૂર થકી પરિહરીયે. વિમલ.૬
સચિત પરિહારી ને એકલ આહારી, ગુરુ સાથે પદ ચરીયે. ૭
પડિક્કમણા દોય વિધિશું કરીયે, પાપ-પડલ વિખરીયે. વિમલ.૮
કલિકાલે એ તીરથ મોહટું, પ્રવહણ જિમ ભરદરીયે. વિમલ.૯
ઉત્તમ એ ગિરિવર સેવંતાં, પદ્મ કહે ભવ તરીયે. વિમલ.૧૦

## સિદ્ધાચલ તીર્થ સ્તવન

એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂછે શ્રી આદિ જિણંદ સુખકારી રે;
કઇયે તે ભવજલ ઊતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવવારી રે. એક.૧
કહે જિન ઇણ ગિરિ પામશો રે લાલ,
નાણ અને નિરવાણ જયકારી રે;
તીરથ મહિમા વાધશે રે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારી રે. એક.૨
ઇમ નિસુણી ઇહાં આવીયા રે લાલ,
ઘાતી કરમ કર્યાં દૂર તમ વારી રે;
પંચ કોડી મુનિ પરિવર્યા રે લાલ,
હુઆ સિદ્ધિ હજૂર ભવવારી રે. એક.૩
ચૈત્રી પૂનમ દિન કીજિએ રે લાલ,
પૂજા વિવિધ પ્રકાર દિલધારી રે;
ફલ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ,
લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે. એક.૪
દશ વીશ ત્રીશ ચાલીસ ભલાં રે લાલ,
પચાસ પુષ્પની માલ અતિ સારી રે;
નરભવ લાહો લીજિએ રે લાલ,
જેમ હોય જ્ઞાન વિશાલ મનોહારી રે. એક.૫

## સિદ્ધાચલ તીર્થ સ્તવન

શત્રુંજય ગઢનો વાસી, પ્યારો લાગે મોરા રાજિંદા;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇણ રે ડુંગરીયામાં ઝીણી ઝીણી કોરણી,
ઉપર શિખર વિરાજે. મોરા.૧
કાને કુંડલ માથે મુગટ બિરાજે, બાહે બાજુબંધ છાજે. મોરા.૨
ચોમુખ બિંબ અનુપમ વિરાજે, અદ્‌ભુત દીઠે દુઃખ ભાંજે. મોરા.૩
ચુઆ ચુઆ ચંદન ઔર અગરજા, કેશર તિલક બિરાજે. મોરા.૪
ઇણ ગિરિ સાધુ અનંતા સિદ્‌ધ્યા, કહેતાં પાર ન આવે. મોરા.૫
જ્ઞાન વિમલ પ્રભુ ઇણિ પરે બોલે, આ ભવ પાર ઉતારો. મોરા.૬

## સિદ્ધાચલ તીર્થ સ્તવન

સિદ્ધાચલ યાત્રા કરો, ભવી સાચા ભાવે;
શત્રુંજયને સેવતાં, રોગ શોક ન આવે. સિદ્ધાચલ૦ ૧
દ્રવ્યથી શત્રુંજયગિરિ, ભાવે આતમ પોતે;
ધ્યાનસમાધિયોગથી, મળો જ્યોતિજ્યોતે. સિદ્ધાચલ૦ ૨
શત્રુંજયગિરિ નામ સહુ, આતમનાં પ્રમાણો;
દ્રવ્ય તે ભાવનો હેતુ છે, એવો નિશ્ચય આણો. સિદ્ધાચલ૦ ૩
આત્મા અસંખ્યપ્રદેશ છે, તેમ ગિરિ પ્રદેશો;
સમકિત પ્રગટે આદિમાં, આદિનાથ મહેશો. સિદ્ધાચલ૦ ૪
દ્રવ્ય ને ભાવ સાપેક્ષથી, જેવા ભાવે ભક્તિ;
તેવા ફલને પામશો, તેવી થાશે વ્યક્તિ. સિદ્ધાચલ૦ ૫
ઔદયિકભાવથી સેવતા, કોઈ ઉપશમ ભાવે;
ક્ષયોપશમ ક્ષાયિકથી, ભાવ સમફલ પાવે. સિદ્ધાચલ૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્રવ્ય તીર્થ જેથી થયાં, ભાવ તીર્થાધાર;
વિમલાચલ વેગે વસો, જ્ઞાની થૈ નરનાર. સિદ્ધાચલ૦ ૭
આત્મિક શુદ્ધોપયોગથી, પોતે તીર્થ છે દેહે;
બુદ્ધિસાગર તીર્થ છે, શુદ્ધ આતમસ્નેહે. સિદ્ધાચલ૦ ૮

## રાયણ પગલાંનું સ્તવન

નીલુડી રાયણ તરુતળે-સુણ સુંદરી,
પીલુડા પ્રભુના પાય રે-ગુણ મંજરી;
ઉજ્જવલ ધ્યાને ધ્યાઈએ, સુણ૦
એહી જ મુક્તિ ઉપાય રે. ગુણ૦૧
શીતળ છાયાએ બેસીએ, સુણ૦
રાતડો કરી મનરંગ રે, ગુણ૦
પૂજીએ સોવન ફૂલડે, સુણ૦
જેમ હોય પાવન અંગ રે. ગુણ૦ ૨
ખીર ઝરે જેહ ઉપરે, સુણ૦
નેહ ધરીને એહ રે, ગુણ૦
ત્રીજે ભવે તે શિવ લહે, સુણ૦
થાયે નિર્મળ દેહ રે, ગુણ૦૩
પ્રીત ધરી પ્રદક્ષિણા, સુણ૦
દીએ એહને જે સાર રે, ગુણ૦
અભંગ પ્રીતિ હોય તેહને, સુણ૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવોભવ તુમ આધાર રે, ગુણ૦ ૪
કુસુમ પત્ર ફળ મંજરી, સુણ૦
શાખા થડ ને મૂળ રે, ગુણ૦
દેવ તણા વાસાય છે, સુણ૦
તીરથને અનુકૂળ રે; ગુણ૦ ૫
તીરથ ધ્યાન ધરો મુદા, સુણ૦
સેવો એહની છાંય રે, ગુણ૦
"જ્ઞાનવિમલ" ગુણ ભાખીયો, સુણ૦
શત્રુંજય મહાત્મ્ય માંય રે. ગુણ૦ ૬

## શ્રી પુંડરીકસ્વામીનું સ્તવન

એક દિન પુંડરીક ગણધરું રે લાલ,
પૂછે શ્રી આદિજિણંદ-સુખકારી રે;
કહીયે તે ભવજલ ઊતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવવારી રે. એક૦ ૧
કહે જિન ઇણ ગિરિ પામશો રે લાલ,
જ્ઞાન અને નિરવાણ જયકારી રે;
તીર્થ મહિમા વાધશે રે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારી રે. એક૦ ૨
ઇમ નિસુણીને ઇહાં આવીયા રે લાલ,
ઘાતી કરમ કર્યાં દૂર તમવારી રે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ,
હુઆ સિદ્ધિ હજૂર ભવવારી રે. એક૦ ૩
ચૈત્રી પૂનમ દિન કીજીયે રે લાલ,
પૂજા વિવિધ પ્રકાર દિલધારી રે;
ફળ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ,
લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે. એક૦ ૪
દશ વીશ ત્રીશ ચાળીશ ભલા રે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારી રે;
નરભવ લાહો લીજીયે રે લાલ,
જેમ હોય "જ્ઞાન" વિશાલ મનોહારી રે. એક૦ ૫

## નવપદ સ્તવન

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરતાં, પામે જીવ વિશ્રામ. ભવિ.૧
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકલ ગુણ ખાણ; ભવિ.
દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન. ભવિ.૨
આસો ચૈત્રની સુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ; ભવિ.
એમ એકાશી આંબિલ કીજે, વરસ સાડા ચારનું માન. ભવિ.૩
પડિક્કમણાં દોય ટંકનાં કીજે, પડિલેહણ બે વાર; ભવિ.
દેવ વંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો ત્રિકાલ. ભવિ.૪
બાર આઠ છત્રીશ પચવીશનો, સત્તાવીશ અડસઠ સાર; ભવિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકાવન સિત્તેર પચાસનો, કાઉસગ્ગ કરો સાવધાન. ભવિ.૫
એક એક પદનું ગણણું, ગણીએ દોય હજાર; ભવિ.
એણી વિધે જે એ તપ આરાધે, તે પામે ભવ પાર. ભવિ.૬
કર જોડી સેવક ગુણગાવે, મોહન ગુણ મણિ માલ; ભવિ.
તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુઃખ વાર. ભવિ.૭

## નવપદ સ્તવન

સિદ્ધચક્રને ભજીયે રે, કે ભવિયણ ભાવ ધરી;
મદ માનને તજીએ રે, કે કુમતિ દૂર કરી.
પહેલે પદે રાજે રે, કે અરિહંત શ્વેત તનુ;
બીજે પદે છાજે રે, કે સિદ્ધ પ્રગટ ભણું. સિદ્ધ.૧
ત્રીજે પદે પીલા રે, કે આચાર્ય કહીએ;
ચોથે પદે પાઠક રે, કે નીલ વર્ણ લહીએ. સિદ્ધ.૨
પાંચમે પદે સાધુ રે, કે તપ સંયમ શૂરા;
શ્યામ વર્ણે સોહે રે, કે દર્શન ગુણે પુરા. સિદ્ધ.૩
દર્શન જ્ઞાન ચારિત્ર રે, કે તપ સંયમ શુદ્ધ વરો;
ભવિયણ ચિત્ત આણી રે, કે હૃદયમાં ધ્યાન ધરો. સિદ્ધ.૪
સિદ્ધચક્રને ધ્યાને રે, કે સંકટ સર્વ ટલે;
કહે ગૌતમ વાણી રે, કે અમૃત પદ મલે. સિદ્ધ.૫

## નવપદ સ્તવન

ચૌદ પૂરવનો સાર, મંત્ર માંહે નવકાર;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જપતાં જય જય કાર, ઓ સયરો હૃદય ધરો નવકાર. ૧
અડસઠ અક્ષર ઘડીઓ, ચૌદ રતનસું જડીઓ;
શ્રાવકને ચિત્ત ચડીઓ, ઓ.૨
અક્ષર પંચ રતન્ન, જીવદયા સુજતન્ન;
જે પાલે તેને ધન્ય, ઓ.૩
નવપદ નવસરો હાર, નવપદ જગમાં સાર;
નવપદ દોહીલો આધાર, ઓ.૪
જે નર નારી જાણશે, તે સુખ સંપદ લહેશે;
સેવકને સુખ થાશે, ઓ.૫
હીર વિજયની વાણી, સુણતાં અમિય સમાણી;
મોક્ષ તણી નિરસણી, ઓ.૬

## નવપદ સ્તવન

અહો ભવિ પ્રાણી રે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહિ મેવો;
જે સિદ્ધચક્ર આરાધે, તેહની કીરતિ જગમાં વાધે. અહો.૧
પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદે રે સૂરીશ્વર, ચોથે ઉવજ્ઝાય ને પાંચમે મુનીશ્વર.અહો.૨
છટ્ઠે દરિસણ કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે;
આઠમે ચારિત્ર પાલો, નવમે તપથી મુક્તિ ભાલો. અહો.૩
ઓલી આયંબિલની કીજે, નોકારવાલી વીશ ગણીજે;
ત્રણે ટંકના રે દેવ, પડિલેહણ પડિક્કમણું કીજે. અહો.૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુરુમુખ કિરિયા રે કીજે, દેવગુરુ ભક્તિ ચિત્ત ધરીજે;
એમ કહે રામનો શિષ્ય, ઓલી ઊજવીએ જગીશ. અહો.૫

## નવપદ સ્તવન

અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ દેખા ગુણ રૂપ ઉદારી;
નવપદ ધ્યાન સદા જયકારી. ૧
દર્શન જ્ઞાન ચારિત્ર હે ઉત્તમ, તપ દોય ભેદે હૃદય વિચારી. નવ.૨
મંત્ર જડી ઔર તંત્ર ઘણેરા, ઉન સબકું હમ દૂર વિસારા. નવ.૩
બહોત જીવ ભવ જલસે તારે,
ગુણ ગાવત હે બહુત નરનારી. નવ.૪
શ્રી જિન ભક્ત મોહન મુનિ વંદન,
દિન દિન ચડતે હરખ અપારી. નવ.૫

## નવપદ ઓળી સ્તવન

નવપદ ઓળી તપ આરાધન - કરતાં શિવસુખ થાવે રે;
રોગ શોક દુર્બુદ્ધિ વિઘટે, અષ્ટસિદ્ધિ ઘર આવે રે. નવ૦ ૧
દ્રવ્ય ને ભાવથી નવનિધિ પ્રગટે, નવપદ ધ્યાનને ધરતાંરે;
બ્રહ્મચર્ય નવ વાડો ધારી, નરનારી સુખ વરતાંરે. નવ૦ ૨
નવપદરૂપી આતમ પોતે, ઉપાદાનથી જાણીરે;
નિમિત્તથી પર જાણી ભાવે, આરાધંતો જ્ઞાનીરે. નવ૦ ૩
ષટ્ચક્રોમાં નવપદધ્યાને, આત્મસમાધિ પ્રગટેરે;
એકતા સ્થિરતા લીનતા યોગે, ઘાતી કર્મો વિઘટેરે. નવ૦ ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનવર મહાવીર દેવે ભાખી, નવપદ ગુણ ગુણી ભાવેરે;
બુદ્ધિસાગર આત્મસ્વરૂપી, નવપદ સત્ય સુહાવેર રે. નવ૦ ૫

## વર્ધમાન આંબિલતપ સ્તવન

વર્ધમાન જિન વંદું હો ભાવે વર્ધમાન જિન વંદું;
આતમ ભાવે આણંદ હો ભાવે વર્ધમાન જિન વંદું.
વર્ધમાન આંબિલ તપ ભાખ્યું, પરમાતમ પદ વરવા;
એકાદિક આંબિલ એમ ચઢતાં, શત આંબિલ એમ કરવાં,
હો ભાવે૦ ૧
એક આંબિલ કરી ઉપવાસ પશ્ચાત્, બે આંબિલ ઉપવાસે;
ચઢતે આંબિલ ઉપવાસ અંતર, વિશે વિશ્રામ વાસે. હો ભાવે૦ ૨
નવપદમાંથી ગમે તે પદનો, જાપ તે વીસ હજાર;
બાર ખમાસમણ લોગસ્સ બારનો, કાયોત્સર્ગ વિચાર. હો ભાવે૦
૩
ગુરુમુખથી વિધિપૂર્વક ઉચ્ચરી, પૂર્ણ થતાં ઉઝવીએ;
તદ્ભવ ત્રીજા ભવમાં મુક્તિ, જૂઠું કાંઈ ન લવીએ. હો ભાવે૦ ૪
ચૌદ વર્ષ ત્રણ માસ ને ઉપરે, વીસે દિવસે પૂરો;
વિશ્રામવણ તપ આરાધંતાં, તપ ન રહે અધૂરો. હો ભાવે૦ ૫
પાંચ હજાર પચ્ચાસ છે આંબિલ, ઉપવાસ શત નિર્ધાર;
પૂર્ણ કરે વડભાગી તપિયા, લબ્ધિ શક્તિ ભંડાર. હો ભાવે૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આહારાદિ વિષયોમાં રસવણ, આતમ આનંદ રસિયા;
ક્ષણમાં મુક્તિ પામે નિશ્ચય, ભાવ તપે ઉલ્લસિયા. હો ભાવે૦ ૭
અંતગડ સૂત્ર ને આચારદિનકરે, શ્રીચંદ કેવલી સાધ્યું;
બુદ્ધિસાગર આત્મોલ્લાસે; મહાસેનજીએ આરાધ્યું. હો ભાવે૦ ૮

## બીજનું સ્તવન

બીજ તિથિએ જૈનધર્મનું રે લાલ,
બીજ ગ્રહો સમકિત રે હું વારીલાલ;
દેવ ગુરુ ને જૈનધર્મનીરે લાલ,
શ્રદ્ધા સમકિતરીતરે હુંવારીલાલ. બીજ૦૧
અનંતચાર કષાયનોરેલાલ,
ત્રણ મોહની તેમરે, હુંવારીલાલ;
સાત પ્રકૃતિ ઉપશમે યદારેલાલ,
ત્રણ મોહની તેમરે, હુંવારીલાલ. બીજ૦ ૨
સાતનો ક્ષયોપશમ ક્ષયેરેલાલ,
ક્ષયોપશમ ક્ષાયિકરે હુંવારીલાલ;
વ્યવહાર સમકિત સાધતાંરે લાલ,
નિશ્ચય સમકિત એકરે હુંવારીલાલ. બીજ૦ ૩
નિશ્ચય સમકિત મુનિપણેરેલાલ,
ચારિત્ર ભેગું સુહાય રે હુંવારીલાલ;
ચાર નિક્ષેપે સાતનયે કરીરેલાલ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમકિતગુણ પ્રગટાયરે હુંવારીલાલ. બીજ૦ ૪
ચારિત્રમોહ નિવારતોરેલાલ,
ચૂકે ન ઉદ્યમ તેહરે હુંવારીલાલ;
સમકિત તે દર્શન ભલુંરેલાલ,
ચરણે લહે શિવગેહરે હુંવારીલાલ. બીજ૦ ૫
સમકિત ઉત્કૃષ્ટ ભાવથીરેલાલ,
ક્ષણમાંહી મુક્તિ થાયરે હુંવારીલાલ;
સમકિત સડસઠ બોલછે રેલાલ,
જ્ઞાને નિશ્ચય પાયરે હુંવારીલાલ. બીજ૦ ૬
નિશ્ચયના ષડ્ભેદ છેરેલાલ,
પામે રહે નહીં ખેદરે હુંવારીલાલ;
સમકિતરૂચિ દશ જાતનીરેલાલ,
જાણી ટાળો ભેદરે હુંવારીલાલ. બીજ૦ ૭
જલપંકજવત્ સમકિતરેલાલ,
નિર્લેપી કર્તવ્યરે હુંવારીલાલ;
ગુરૂશ્રદ્ધા-ભક્તિવડેરેલાલ,
શ્રવણાદિકથી ભવ્યરે હુંવારીલાલ. બીજ૦ ૮
શુદ્ધાતમ નિશ્ચય થતાંરેલાલ,
અનુભવ આનંદ થાયરે હુંવારીલાલ
બુદ્ધિસાગર સમકિતરેલાલ,
સમ્યગ્ જ્ઞાને સુહાયરે હુંવારીલાલ. બીજ૦ ૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પંચમી તિથિ સ્તવન

પાંચમે જ્ઞાન આરાધના કરતાં, જ્ઞાનાવરણ પલાયરે;
મતિ શ્રુત અવધિ ને મનપર્યવ, કેવલ પ્રગટ સુહાયરે. પાંચમે૦ ૧
ચક્ષુ અચક્ષુ અવધિ ને કેવલ-દર્શન પ્રગટી સુહાયરે;
મતિ-શ્રુતનું અજ્ઞાન ટળે ને, વિભંગ ઝટ વિણસાયરે. પાંચમે૦ ૨
મતિ અઠ્ઠાવીશ ત્રણસેં ચાલીસ-ભેદે ઘટ પ્રગટાય રે;
ચૌદ વીસ ભેદે શ્રુતજ્ઞાની, કેવલી સરખો થાયરે. પાંચમે૦ ૩
અવધિજ્ઞાન અસંખ્ય પ્રકારે, મનપર્યવ બે ભેદરે;
કેવલજ્ઞાનમાં ભેદ નબીજો, પ્રગટે ફળતી ઉમેદરે. પાંચમે૦ ૪
ગુરુગમથી મતિ-શ્રુત બે પ્રગટે, આત્માનુભવ થાયરે;
બુદ્ધિસાગર ગુરુની સેવા, કરતાં જ્ઞાન સુહાયરે. પાંચમે૦ ૫

## પંચમી તિથિ સ્તવન

પંચમી તપ તમે કરો રે, પ્રાણી, જેમ પામો નિર્મલ જ્ઞાન રે;
પહેલું જ્ઞાન ને પછી ક્રિયા, નહીં કોઇ જ્ઞાન સમાન રે.પંચમી.૧
નંદી સૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકાર રે;
મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ, કેવલ એક જ્ઞાન રે. પંચમી.૨
મતિ અટ્ઠાવીશ શ્રુત ચઉદહ વીશ, અવધિ છ અસંખ્ય પ્રકાર રે;
દોય ભેદે મનઃપર્યવ દાખ્યું, કેવલ એક ઉદાર રે. પંચમી.૩
ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપાર રે;
કેવલજ્ઞાન સમું નહીં કોઇ, લોકલોક પ્રકાશ રે. પંચમી.૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પારસનાથ પ્રસાદે કરીને, મ્હારી પૂરો ઉમેદ રે;
સમય સુંદર કહે હું પણ પામું,
જ્ઞાનનો પાંચમો ભેદ રે. પંચમી.૫

## પંચમી તિથિ સ્તવન

પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને, ગાજે જગમાં જેહ સુજ્ઞાની;
શુભ ઉપયોગે ક્ષણમાં નિર્જરે, મિથ્યા સંચિત ખેહ સુજ્ઞાની.
પ્રણમો.૧
સંત પદાદિક નવ દ્વારે કરી, મતિ અનુયોગ પ્રકાશ સુજ્ઞાની;
નવ વ્યવહારે આવરણ ક્ષય કરી,
અજ્ઞાની જ્ઞાન ઉલ્લાસ સુજ્ઞાની.પ્રણમો.૨
જ્ઞાની જ્ઞાન લહે નિશ્ચય કહે, દો નય પ્રભુજીને સત્ય સુજ્ઞાની;
અંતર મૂહૂર્ત રહે ઉપયોગથી,એ સર્વ પ્રાણીને નિત્ય સુજ્ઞાની. ૩
લબ્ધિ અંતર મુહૂર્ત લઘુ પણે, છાસઠ સાગર જિટ્ઠ સુજ્ઞાની;
અધિકો નરભવ બહુ વિધ જીવને,
અંતર કદીએ ન દીઠ સુજ્ઞાની.પ્રણમો.૪
સંપ્રતિ સમયે એક બે પામતા, હોય અથવા નવિ હોય સુજ્ઞાની;
ક્ષેત્ર પલ્યોપમ ભાગ અસંખ્યમાં,
પ્રદેશ માને બહુ જોય સુજ્ઞાની.પ્રણમો.૫
મતિજ્ઞાન પામ્યા જીવ અસંખ્ય છે, કહ્યા પડિવાઇ અનંત સુજ્ઞાની
સર્વ આશાતના વારજો જ્ઞાનની,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજય લક્ષ્મી લહો સંત સુજ્ઞાની. પ્રણમો.૬

## ૨. અષ્ટમી તિથિ સ્તવન

ઢાલ-૧ શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દિવાજે રે;
વિચરંતા વીર જિણંદ, અતિશય છાજે રે.
ચોત્રીશ અને પાંત્રીશ, વાણી ગુણ લાવે રે,
પાઉં ધાર્યા વધામણી જાય, શ્રેણિક આવે રે. ૧
તિહાં ચોસઠ સુરપતિ આવી, ત્રિગડું બનાવે રે;
તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવે રે.
સુર નર ને તિર્યંચ, નિજ નિજ ભાષા રે;
તિહાં સમજીને ભવતીર, પામે સુખ ખાસા રે. ૨
તિહાં ઇન્દ્રભૂતિ ગણધાર, શ્રીગુરુ વીરને રે;
પૂછે અષ્ટમીનો મહિમાય, કહો પ્રભુ અમને રે.
તવ ભાખે વીર જિણંદ, સુણો સહુ પ્રાણી રે;
આઠમ દિન જિનનાં કલ્યાણ, ધરો ચિત્ત આણી રે. ૩

### ઢાલ-૨

શ્રી ઋષભનું જન્મ-કલ્યાણ રે, વલી ચારિત્ર લહ્યું ભલે વાણ રે
ત્રીજા સમ્ભવનું ચ્યવન કલ્યાણ. ભવિ તુમે અષ્ટમી તિથિ સેવો રે,
એ છે શિવ-વધૂ વરવાનો મેવો. ભવિ૧
શ્રી અજિત-સુમતિ નમિ જન્મ્યા રે, અભિનંદન શિવપદ પામ્યા રે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિન સાતમા ચ્યવન દીપાવ્યા. ભવિ.૨
વીશમા મુનિસુવ્રત સ્વામી રે, જેહનો જનમ હોય ગુણ ધામી રે;
બાવીસમા શિવ વિસરામી. ભવિ.૩
પારસનાથજી મોક્ષ મહંતા રે, ઇત્યાદિક જિન ગુણવન્તા રે;
કલ્યાણક મુખ્ય કહન્તા. ભવિ.૪
શ્રી વીર જિણંદની વાણી રે, નિસુણી સમજ્યા ભવિ પ્રાણી રે;
આઠમ દિન અતિ ગુણ ખાણી. ભવિ.૫
અષ્ટ કર્મ તે દૂર પલાય રે, એથી અડ-સિદ્ધિ અડ-બુદ્ધિ થાય રે;
તે કારણ સેવો ચિત્ત લાય. ભવિ.૬
શ્રી ઉદય સાગર સૂરિરાયા રે, ગુરુ શિષ્ય વિવેકે ધ્યાયા રે;
તસ ન્યાય સાગર ગુણ ગાયા. ભવિ.૭

## એકાદશી તિથિ સ્તવન.

ઢાલ-૧ જગપતિ! નાયક નેમિ જિણંદ, દ્વારિકા નગરી સમોસર્યા;
જગપતિ! વંદવા કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવર્યા. ૧
જગપતિ! ધી ગુણ ફૂલ અમૂલ, ભક્તિ ગુણે માલા રચી;
જગપતિ! પૂજી પૂછે કૃષ્ણ, ક્ષાયિક સમકિત શિવરુચિ. ૨
જગપતિ! ચારિત્ર ધર્મ અશક્ત, રક્ત આરંભ પરિગ્રહે;
જગપતિ! મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે. ૩
જગપતિ! તુમ સરિખો મુજ નાથ, માથે ગાજે ગુણનીલો;
જગપતિ! કોઇ ઉપાય બતાવ, જેમ વરે શિવવધૂ કંતલો. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નરપતિ! ઉજ્જ્વલ માગશિર માસ, આરાધો એકાદશી;
નરપતિ! એકસો ને પચાસ, કલ્યાણક તિથિ ઉલ્લસી. ૫
નરપતિ! દશ ક્ષેત્રે ત્રણ કાલ, ચોવીશી ત્રીશે મલી;
નરપતિ! નેવું જિનનાં કલ્યાણ, વિવરી કહું આગલ વલી. ૬
નરપતિ! અર દીક્ષા નમિ નાણ, મલ્લી જન્મ વ્રત કેવલી;
નરપતિ! વર્તમાન ચોવીશી માંહે, કલ્યાણક કહ્યાં વલી. ૭
નરપતિ! મૌન પણે ઉપવાસ, દોઢસો જપમાલા ગણો;
નરપતિ! મન વચ કાય પવિત્ર, ચરિત્ર સુણો સુવ્રત તણો. ૮
નરપતિ! દાહિણ ધાતકી ખંડ, પશ્ચિમ દિશિ ઇક્ષુકારથી;
નરપતિ! વિજય પાટણ અભિધાન, સાચો નૃપ પ્રજાપાલથી. ૯
નરપતિ! નારી ચન્દ્રાવતી તાસ, ચન્દ્રમુખી ગજ ગામિની;
નરપતિ! શ્રેષ્ઠી શૂર વિખ્યાત, શિયલ સલીલા કામિની. ૧૦
નરપતિ! પુત્રાદિક પરિવાર, સાર ભૂષણ ચીવર ધરી;
નરપતિ! જાયે નિત્ય જિનગેહ, નમન સ્તવન પૂજા કરી. ૧૧
નરપતિ! પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પૌષધ કરે;
નરપતિ! દેવવંદન આવશ્યક, કાલ વેલાએ અનુસરે. ૧૨

## એકાદશી તિથિ સ્તવન

પંચમ સુર લોકના વાસી રે, નવ લોકાંતિક સુવિલાસી રે;
કરે વિનતિ ગુણની રાશિ.
મલ્લિ જિન નાથજી વ્રત લીજે રે, ભવિ જીવને શિવસુખ દીજે. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તમે કરુણા રસ ભંડાર રે, પામ્યા છો ભવજલ પાર રે;
સેવકનો કરો ઉદ્ધાર. મલ્લિ.૨
પ્રભુ દાન સંવત્સરી આપે રે, જગનાં દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વ પણે તસ સ્થાપે. મલ્લિ.૩
સુરપતિ સઘલા મલી આવે રે, મણિ રયણ સોવન વરસાવે રે;
પ્રભુ ચરણે શીશ નમાવે. મલ્લિ.૪
તીર્થોદક કુંભા લાવે રે, પ્રભુને સિંહાસન ઠાવે રે;
સુરપતિ ભગતે નવરાવે. મલ્લિ.૫
વસ્ત્રાભરણે શણગારે રે, ફૂલમાલા હૃદય પર ધારે રે;
દુઃખડાં ઇંદ્રાણી ઉવારે. મલ્લિ.૬
મલ્યા સુર નર કોડા કોડી રે, પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભક્તિ યુક્તિ મદ મોડી. મલ્લિ.૭
મૃગશિર શુદિની અજુઆલી રે, એકાદશી ગુણની આલી રે;
વર્યા સંયમ વધુ લટકાલી રે. મલ્લિ.૮
દીક્ષા કલ્યાણક એહ રે, ગાતાં દુઃખ ન રહે રેહ રે;
લહે રૂપ વિજય જસ નેહ. મલ્લિ.૯

## એકાદશીનું સ્તવન

મહાવીર જિનવરે ઉપદિશ્યું, એકાદશી તપ બેશરે;
કૃષ્ણે આરાધન આદર્યું, ટાળવા રાગ ને દ્વેષ રે. મહાવીર૦ ૧
બહુ જિનવર કલ્યાણકો, એકાદશી દિન જાણરે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિષ્કામભાવથી સેવતાં, પ્રગટ થતું શુદ્ધ જ્ઞાનરે. મહાવીર૦ ૨
જ્ઞાન પ્રથમ દયા છે પછી, જ્ઞાન પછી ક્રિયા જોયરે;
જ્ઞાન પછી તપ પ્રગટતું, જ્ઞાનથી ચારિત્ર હોયરે. મહાવીર૦ ૩
શુદ્ધોપયોગથી જ્ઞાનીને, કર્મનો હોય ન બંધરે;
સર્વ કરે છતાં સંવરી, કર્મ ક્રિયામાં અબંધરે. મહાવીર૦ ૪
એકાદશી તપ સેવતાં, અષ્ટસિદ્ધિ નવનિધિરે;
બુદ્ધિસાગર ગુરુ સેવતાં, ક્ષાયિકલબ્ધિ સમૃદ્ધિરે. મહાવીર૦ ૫

## પર્યુષણ પર્વ સ્તવન

સુણજો સાજન સંત, પજુસણ આવ્યાં રે;
તમે પુણ્ય કરો પુણ્યવંત, ભવિક મન ભાવ્યાં રે.
વીર જિણેસર અતિ અલવેસર, વાલા મારા પરમેસર એમ બોલે રે;
પર્વ માંહે પજુસણ મોટાં, અવર ન આવે તસ તોલે રે. પજુસણ.૧
ચૌપદ માંહે જેમ કેશરી મોટો વાલા..,ખગમાં ગરુડ તે કહીએ રે.
નદી માંહે જેમ ગંગા મોટી, નગમાં મેરુ લહિયે રે. પજુસણ.૨
ભૂપતિમાં ભરતેસર ભાખ્યો વાલા.., દેવ માંહે સુર ઇંદ્ર રે.
સકલ તીરથ માંહે શેત્રુંજો દાખ્યો,
ગ્રહ-ગણમાં જેમ ચંદ્ર રે. પજુસણ.૩
દશેરા દીવાલી ને વલી હોલી વાલા.., અખાતીજ દિવાસો રે.
બલેવ પ્રમુખ બહુલાં છે બીજાં, એ નહિ મુક્તિનો વાસો રે.
પજુસણ.૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે માટે તમે અમારી પલાવો વાલા.., અટ્ઠાઇ મહોત્સવ કીજે રે.
અટ્ઠમ તપ અધિકાઇએ કરીને, નર ભવ લાહો લીજે રે.
પજુસણ.૫
ઢોલ દદામા ભેરી નફેરી વાલા.., કલ્પસૂત્ર ને જગાવો રે.
ઝાંઝરનો ઝમકાર કરીને,ગોરીની ટોલી મલી આવો રે.પજુસણ.૬
સોના રૂપાને ફૂલડે વધાવો વાલા.., કલ્પસૂત્ર ને પૂજો રે.
નવ વખાણ વિધિએ સાંભલતાં, પાપ મેવાસી ધ્રુજ્યો રે.પજુસણ.૭
એમ અટ્ઠાઈ મહોત્સવ કરતાં વાલા.., બહુ જગજન ઉદ્ધરિયા રે.
વિબુધ વિમલ વર સેવક નય કહે, નવનિધિ ઋદ્ધિ સિદ્ધિ વર્યા રે
પજુસણ.૮

## પર્યુષણ પર્વ સ્તવન

રીઝો રીઝો શ્રી વીર દેખી, શાસનના શિરતાજ;
હરખો હરખો આ મોસમ આવી, પર્વ પર્યુષણા આજ. રીઝો.૧
પ્રભુજી દેવે પર્ષદામાંહે, ઉત્તમ શિક્ષા એમ;
આલસમાં બહુ કાલ ગુમાવ્યો, પર્વ ન સાધો કેમ?. રીઝો.૨
સોનાનો રજકણ સંભાલે, જેમ સોની એક ચિત્ત;
તેથી પણ આ અવસર અધિકો, કરો આતમ પવિત્ર. રીઝો.૩
જેને માટે નિશદિન રખડો, તજી ધરમના નેમ;
પાપ કરો તો શિર પર બોજો, તો વ્યાજબી કેમ. રીઝો.૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઇ ન લેશે ભાગ પાપનો, ધનનો લેશે સર્વ;
પરભવ જાતાં સાથ ધર્મનો, સાધો આ શુભ પર્વ. રીઝો.૫
સંપીને સમતાએ સુણજો, અટ્ઠાઇ વ્યાખ્યાન;
છટ્ઠ કરજો શ્રી કલ્પસૂત્રનો, વાર્ષિક અટ્ઠમ જાણ. રીઝો.૬
નિશીથ સૂત્રની ચૂર્ણિમાંહે, આલોચના વખણાય;
ખમીએ હોંશે સર્વ જીવને, જીવન નિર્મલ થાય. રીઝો.૭
ઉપકારી શ્રી પ્રભુની કીજે, પૂજા અષ્ટ પ્રકાર;
ચૈત્ય જુહારો ગુરુ વંદીજે, આવશ્યક બે કાલ. રીઝો.૮
પૌષધ ચોસઠ પ્રહરી કરતાં, જાયે કર્મ જંજાલ;
પદ્મ વિજય સમતા રસ ઝીલે, ધર્મે મંગલમાલ. રીઝો.૯

## અષ્ટાપદ સ્તવન

અષ્ટાપદ ગિરિ સેવના, ભવી ભાવથી પામે;
અષ્ટકર્મને જીતીને, ઠરે મુક્તિ ઠામે. અષ્ટાપદ૦ ૧
દ્રવ્યથી અષ્ટાપદ ગિરિ, ભાવે આતમ પોતે;
આઠ પગથિયાં યોગનાં, આરોહવાં જ્યોતે. અષ્ટાપદ૦ ૨
યમ નિયમ આસન અને, પ્રાણાયામ એ ચાર;
હઠનાં પગથિયાં ચાર છે, ચાર સહજનાં ધાર. અષ્ટાપદ૦ ૩
પ્રત્યાહાર ને ધારણા, ધ્યાન સત્ય સમાધિ;
શુદ્ધાત્મદર્શને પ્રાપ્તિ છે, નાસે આધિ ઉપાધિ. અષ્ટાપદ૦ ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચૌવીસ તીર્થંકરતણી, મૂર્તિઓ દેખે;
દર્શન વંદન ધ્યાનથી, મોહભાવ ઉવેખે. અષ્ટાપદ૦ ૫
આઠ પગથિયાં પર ચઢી, પરમાત્તમ જોવે;
બુદ્ધિસાગર આતમા, સિદ્ધ મહાવીર હોવે. અષ્ટાપદ૦ ૬

## આબુ જિનચૈત્ય સ્તવન

આબુ પર્વત રળિયામણો રે લોલ, જિનમંદિર જયકારરે;
વિમળાશાહે કરાવિયાંરે લોલ, જિન પ્રતિમા સુખકારરે.આબુ૦ ૧
વસ્તુપાલ ને તેજપાલનાંરે લોલ, મંદિરદેવ વિમાન રે;
જિનપ્રતિમાને વંદતાંરે લોલ, પ્રગટે હર્ષ અમાનરે. આબુ૦ ૨
અવચલગઢ જિનમંદિરોરે લોલ, વંદો પૂજો ભવ્ય રે;
આતમ ગુણ પ્રગટાવવારે લોલ, માનવભવ કર્તવ્યરે. આબુ૦ ૩
જિનમંદિર બીજાં ભલાંરે લોલ, દર્શનથી દુઃ જાયરે;
ધ્યાન સમાધિ સ્થિરતા વેધેરે લોલ, આરોગ્ય આનંદ થાયરે.આબુ૦ ૪
દ્રવ્ય ને ભાવ બે ભેદથીરે લોલ, યાત્રા કરંતાં બેશરે;
બુદ્ધિસાગર આત્મમાં રે લોલ, સહજાનંદ હમેશરે. આબુ૦ ૫

## સમ્મેતશિખર સ્તવન

સમ્મેતગિરિ અતિ શોભતારે લોલ, સિદ્ધા તીર્થંકર વીસરે;
દ્રવ્યભાવ યાત્રા કરેરે લોલ, વિઘટે રાગ ને રીસરે. સમ્મેત૦ ૧
જિનમંદિર પ્રભુ વંદતાંરે લોલ, આનંદ પ્રગટે અપારરે;
યાત્રા કરે અનુભવ થતોરે લોલ, નાસે કર્મ વિકારરે. સમ્મેત૦ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવ સમ્મેત શુદ્ધાતમારે લોલ, દર્શન સ્પર્શન થાયરે;
અનુભવજ્ઞાને ધ્યાવતાંરે લોલ, પોતે પ્રભુપદ પાય રે. સમ્મેત૦ ૩
સાધનયોગે સાધ્ય સિદ્ધિ છે રે લોલ, મનશુદ્ધિના ઉપાય રે;
જે જે દ્રવ્યથી કરવા ઘટેરે લોલ, કરવા તે હિત લાયરે.સમ્મેત૦ ૪
દ્રવ્ય ને ભાવથી જિનપ્રતિમા ભલીરે લોલ, દ્રવ્ય ને ભાવથી સેવરે;
બુદ્ધિસાગર નિજ આતમા રે લોલ, આવિર્ભાવ દેવરે. સમ્મેત૦ ૫

## ગિરનાર નેમિજિન સ્તવન

ગિરનાર પર્વત નેમિ વંદતાંરે, ધ્યાવતાં શિવસુખ થાયરે;
દીક્ષા કેવલ ને મુક્તિ નેમિનીજી, કલ્યાણ ભૂમિ સુહાયરે.ગિરનાર૦૧
નેમિનાથ ગુણ ગાવતાંજી ગુણ પ્રકટે નિર્ધારરે;
કારણ પામી કારજ સંપજેજી; યાત્રા કરો સુખકારરે. ગિરનાર૦ ૨
નેમિજિનેશ્વર મંદિર શોભતુંજી, સ્વર્ગવિમાન સમાનરે;
નેમિ પ્રતિમા દર્શન કરેજી, નાસે દોષની ખાણ રે. ગિરનાર૦ ૩
નેમિજિનેસ્વર સરખો આતમાજી, નેમિના ધ્યાનથી થાયરે;
ટળે ઉપાધિ આધિ યાત્રથીજી, નિવૃત્તિ સત્ય પ્રકટાયરે. ગિરનાર૦ ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવૃત્તિ માટે તીર્થની સેવનાજી, આતમ નિઃસંગ થાયરે;
બુદ્ધિસાગર નિજ આત્મનીજી, શુદ્ધદશા પ્રગટાયરે. ગિરનાર૦ ૫

## દીપાવલી પર્વ સ્તવન

મારે દીવાલી થઈ આજ, પ્રભુ-મુખ જોવાને;
સર્યાં સર્યાં રે સેવકનાં કાજ, ભવ દુઃખ ખોવાને.
મહાવીર સ્વામી મુગતે પહોંતા, ગૌતમ કેવલ જ્ઞાન રે;
ધન્ય અમાવસ્યા ધન્ય દીવાલી, મહાવીર પ્રભુ નિરવાણ.જિન.૧.
ચારિત્ર પાલી નિરમલું રે, ટાલ્યાં વિષય-કષાય રે.
એવા મુનિને વન્દીએ, જે ઉતારે ભવપાર. જિન.૨.
બાકુલ વહોર્યા વીરજિને, તારી ચન્દનબાલા રે.
કેવલ લઈ પ્રભુ મુગતે પહોંચ્યા, પામ્યા ભવનો પાર. જિન.૩.
એવા મુનિને વન્દીએ, જે પંચજ્ઞાન ને ધરતા રે.
સમવસરણ દઈ દેશના, પ્રભુ તાર્યા નર ને નાર. જિન.૪.
ચોવીસમા જિનેસરૂ રે, મુક્તિતણા દાતાર રે.
કર જોડી કવિ એમ ભણે, પ્રભુ ભવનો ફેરો ટાલ. જિન.૫.

# સ્તુતિ વિભાગ

## શ્રી ઋષભદેવ સ્તુતિ

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મરુદેવી માયા, ધોરી લંછન પાયા.
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા;
કેવલ સિરી રાયા, મોક્ષ નગરે સિધાયા. ૧
સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી;
દુરગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી.
શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી;
નમીએ નરનારી, જેહ વિશ્વોપકારી. ૨
સમવસરણ બેઠા, લાગે જે જિનજી મિટ્ઠા;
કરે ગણપ પઇટ્ઠા, ઇન્દ્ર ચન્દ્રાદિ દિટ્ઠા.
દ્વાદશાંગી વરિટ્ઠા, ગુંથતાં ટાલે રિટ્ઠા;
ભવિજન હોય હિટ્ઠા, દેખી પુણ્યે ગરિટ્ઠા. ૩
સુર સમકિતવંતા, જેહ રિદ્ધે મહંતા;
જેહ સજ્જન સંતા, ટાલીએ મુજ ચિંતા.
જિનવર સેવંતા, વિઘ્ન વારે દુરંતા;
જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા. ૪

## શ્રી ઋષભદેવ સ્તુતિ

પ્રહ ઊઠી વંદું, ઋષભ દેવ ગુણવંત;
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત.
ત્રણ છત્ર વિરાજે, ચામર ઢાલે ઇંદ્ર;
જિનના ગુણ ગાવે, સુર નર નારીના વૃંદ. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાર પરષદા બેસે, ઇંદ્ર ઇંદ્રાણી રાય;
નવ કમલ રચે સુર, જિહાં ઠવતા પ્રભુ પાય.
દેવ દુંદુભિ વાજે, કુસુમ વૃષ્ટિ બહુ હુંત;
એવા જિન ચોવીસ, પૂજો એકણ ચિત્ત. ૨
જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર;
પ્રભુ અરથ પ્રકાશે, રચના ગણધર સાર.
સો આગમ સુણતાં, છેદીજે ગતિ ચાર;
જિન વચન વખાણી, લહીયે ભવનો પાર. ૩
યક્ષ ગોમુખ ગિરુઓ, જિનની ભક્તિ કરેવ;
તિહાં દેવી ચક્કેસરી, વિઘન કોડી હરેવ.
શ્રી તપગચ્છ નાયક, વિજયસેન સૂરિરાય;
તસ કેરો શ્રાવક, ઋષભદાસ ગુણ ગાય. ૪

## ભક્તામર પાદપૂર્તિ ઋષભદેવ સ્તુતિ

ભક્તામર-પ્રણત-મૌલિમણિ-પ્રભાણા-,
મુદ્દીપકં જિન! પદામ્બુજ-યામલં તે;
સ્તોષ્યે મુદાહ-મનિશં કિલ મારુદેવ,
દુષ્ટાષ્ટ-કર્મરિપુ-મણ્ડલભિત્! સુધીર!. ૧
શ્રીમજ્જિનેશ્વર-કલાપમહં ત્રિલોક્યા-,
મુદ્દ્યોતકં દલિત-પાપતમો-વિતાનમ્;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવ્યામ્બુ-જાત-દિનનાથ-નિભં સ્તવીમિ,
ભક્ત્યા નમસ્કૃત-મર્મત્ય-નરાધિ-રાજૈઃ.૨
વર્યાં જિન-ક્ષિતિપતે-સ્ત્રિપદી-મવાપ્ય,
ગચ્છેશ્વરૈઃ પ્રકટિતા કિલ વાઙ્મુદા યા;
સમ્યક્ પ્રણમ્ય જિન-પાદયુગં યુગાદા-,
વાઢ્યા શુભાર્થ-નિકરૈ-ર્ભુવિ સાસ્તુ લક્ષ્મ્યૈ. ૩
યક્ષેશ્વર-સ્તવ જિનેશ્વર! ગોમુખાલ્વઃ,
સેવાં વ્યધત્ત કુશલ-ક્ષિતિ-ભૃત્પયોદઃ;
ત્વત્પાદ-પંકજ-મધુવ્રતતાં દધાનો-,
વાલબનં ભવજલે પતતાં જનાનામ્.૪

## કલ્લાણ-કંદં પાદપૂર્તિ ઋષભદેવ સ્તુતિ

ભાવાનયા-નેગ-નરિંદ-વિંદં, સવ્વિંદ-સંપુજ્જ-પયારવિંદં;
વંદે જસો-નિજ્જિય-ચારુચંદં, કલ્લાણ-કંદં પઢમં જિણિંદં. ૧
ચિત્તેગહારં રિઉદપ્પ-વારં, દુક્ખગ્ગિ-વારં સમ-સુક્ખકારં;
તિત્થેસરા દિંતુ સયા નિવારં, અપાર-સંસાર-સમુદ-પારં. ૨
અન્નાણ-સત્તુ-ક્ખલણે સુવપ્પં, સન્નાય-સંહીલિય-કોહદપ્પં;
સંસેમિ સિદ્ધંતમહો અણપ્પં, નિવ્વાણ-મગ્ગે વરજાણ-કપ્પં. ૩
હંસાધિરૂઢા વરદાણ-ધન્ના, વાએસિરી દાણ-ગુણોવ-વણ્ણા;
નિચ્ચંપિ અમ્હં હવઉ પ્પસન્ના, કુંદિંદુ-ગોક્ખીર-તુસાર-વન્ના. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુગાદિ-પુરુષેન્દ્રાય, યુગાદિ-સ્થિતિ-હેતવે!
યુગાદિ-શુદ્ધધર્માય, યુગાદિ-મુનયે નમઃ . ૧
ઋષભાદ્યા વર્દ્ધમાનાન્તા, જિનેન્દ્રા દશ પઞ્ચ ચ;
ત્રિકવર્ગ-સમાયુક્તા દિશન્તુ પરમાં ગતિમ્ . ૨
જયતિ જિનોક્તો ધર્મઃ, ષડ્-જીવ-નિકાય-વત્સલો નિત્યમ્;
ચૂડામણિરિવ લોકે, વિભાતિ યઃ સર્વ-ધર્માણામ્ . ૩
સા નો ભવતુ સુપ્રીતા, નિર્દ્ધૂત-કનક-પ્રભા;
મૃગેન્દ્ર-વાહના નિત્યં, કૂષ્માણ્ડી કમલેક્ષણા . ૪

## શ્રી ઋષભદેવ સ્તુતિ

ઋષભજિનેશ્વર સમ નિજ આતમ, સત્તાએ છે ધ્યાવવો,
તિરોભાવને દૂર કરીને, વ્યક્તિભાવે લાવવો;
આતમને પરમાતમ કરવા, અસંખ્યયોગો ભિન્ન છે,
સમ ઉપયોગે સર્વે મળતાં, સાપેક્ષાથી અભિન્ન છે. ૧
ભિન્ન ભિન્ન મત દર્શન પંથો, નિરપેક્ષે મિથ્યા સદા,
સાતનયોની સાપેક્ષાએ, જાણે સમ્યક્ત્વ જ તદા;
જૈનધર્મમાં સર્વે ધર્મો, સાપેક્ષે સમાય છે,
જૈન ધર્મ સેવે સહુ ધર્મો, સેવ્યા દેવો ગાય છે. ૨
જિનવાણી જાણંતાં જાણ્યું, સર્વે એ નિશ્ચયને ખરો;
જગ જાણ્યું સહુ આતમ જાણે, એવા નિશ્ચયને ધરો;
આતમશુદ્ધિ માટે સર્વે, બાહ્યાંતર ઉપાય છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેને જેથી શુદ્ધિ થાતી, તેને તે જ સુહાય છે. ૩
બહિરાતમને અંતરઆતમ, કરવો આતમજ્ઞાનથી,
અંતરઆતમને પરમાતમ, કરવો ધ્યાનના તાનથી;
અંતરઆતમ તે પરમાતમ, જાણી પ્રભુને સેવતા,
તેથી જૈનો જિનતા પામે, સ્હાય કરંતા દેવતા. ૪

## શ્રી અજિતનાથ સ્તુતિ

અજિતજિનેન્દ્રે અજિત થવાને, સમ્યગ્જ્ઞાન પ્રકાશ્યુંજી,
સાપેક્ષાએ ભવ્ય લોકના, મનમાં પ્રેમે વાસ્યુંજી;
આતમજ્ઞાન સમ જ્ઞાન નહીં કો, ક્ષણમાં થાવે મુક્તિજી,
આતમજ્ઞાની નિર્લેપી થૈ, કર્મ કરે સહુયુક્તિથી. ૧

## શ્રી અજિતનાથ થોય

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો,
શીતલતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો;
મુખ જિમ અરવિંદો, જાસ સેવે સુરિંદો,
લહો પરમાણંદો, સેવતાં સુખ કંદો.

## શ્રી સંભવનાથ થોય

સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા,
ષટ્ જીવના ત્રાતા, આપતા સુખશાતા;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માતા ને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા,
દુઃખ દોહગ વ્રાતા, જાસ નામે પલાતા.

## શ્રી સંભવનાથ સ્તુતિ

આત્મ સ્ભાવે સંભવવું તે, સંભવ જિનની સેવાજી,
ગુણપર્યાયો આવિર્ભાવે થાતાં પોતે દેવાજી;
અભેદભાવે સંભવ કરતા જ્ઞાનાનંદ સ્વભાવેજી,
નિજઆતમ સંભવરૂપી છે વ્યક્ત કરે ભવી ભાવેજી. ૧

## શ્રી અભિનંદન સ્તુતિ

આત્માનંદ પ્રગટ કરી અભિનંદે જેહ,
અભિનંદન છે આતમા ગુણપર્યાય ગેહ;
આતમ અભિનંદન થતો અભિનંદન ધ્યાઈ,
ધ્યાન સમાધિ એકતા લીનતા પદ પાઈ. ૧

## શ્રી અભિનંદન થોય

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો,
થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો;
પ્રભુ ગુણગણ માચો, એહના ધ્યાને રાચો,
જિનપદ સુખ સાચો, ભવ્ય પ્રાણિ નિકાચો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સુમતિનાથ ભગવાનની થોય

સુમતિ સુમતિદાયી, મંગલા જાસ માઈ,
મેરુને વલી રાઈ, ઓર એહને તુલાઈ;
ક્ષય કીધાં ઘાઈ, કેવલજ્ઞાન પાઈ,
નહિ ઉણિમ કાંઈ, સેવિયે તે સદાઈ.

## સુમતિનાથ સ્તુતિ

સન્મતિ ધારે દુર્મતિ, ત્યાગી જે નરનારી,
સુમતિ પ્રભુ ભક્તો ખરા, નીતિરીતિ ધારી;
સુમતિ ગ્રહી શુદ્ધ ભાવથી, આત્મભાવે રમંતા,
નિશ્ચયનય સુમતિ પ્રભુ, આપોઆપ નમંતા. ૧

## પદ્મપ્રભુ સ્તુતિ

પદ્મપ્રભુને દેખતાં દેખવાનું ન બાકી,
પદ્મપ્રભુને ધ્યાવતાં બને આતમ સાખી;
પદ્મપ્રભુમય થઈ જાતાં, કોઈ કર્મ ન લાગે.
દેહ છતાં મુક્તિ મળે, જીત ડંકો વાગે. ૧

## પદ્મપ્રભુની થોય

અઢીશેં ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા,
સુસીમા જસ માયા, શુક્લ જે ધ્યાન ધ્યાયા;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા,
સેવે તુર રાયા, મોક્ષ નગરે સિધાયા.

## સુપાર્શ્વનાથ ભગવાનની થોય

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી,
હૃદયે પહેંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી,
ષટ્ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી.

## ચંદ્રપ્રભુ સ્તુતિ

ચંદ્રપ્રભુ વિભુ ઉપદેશે, જૈનધર્મ તે સાચો,
નય સાપેક્ષાએ ખરો, તેમાં ભવ્યો રાચો;
આત્મજ્ઞાન ને ધ્યાનથી, કરો આત્મની શુદ્ધિ,
શુદ્ધાતમ ચંદ્રપ્રભુ, થાતાં આનંદ ઋદ્ધિ. ૧

## ચંદ્રપ્રભ ભગવાનની થોય

સેવે સુર વૃંદા, જાસ ચરણારવિંદા,
અષ્ટમ જિન ચંદા, ચંદવર્ણે સોહંદા;
મહસેન નૃપ નંદા, કાપતા દુઃખ દંદા,
લંછન મિષ ચંદા, પાય માનું સેવિંદા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સુવિધિનાથ ભગવાનની થોય

નરદેવ ભાવ દેવો, જેહની સારે સેવો,
જેહ દેવાધિદેવો, સાર જગમાં જ્યું મેવો;
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો,
'સુવિધિ' જિન જેહવો, મોક્ષ દે તતખેવો.

## સુવિધિનાથ સ્તુતિ

આત્મિક શુદ્ધિની સુવિધિ, દ્રવ્યભાવથી સાચી,
બાહ્યાંતર કિરિયા ભલી, સ્વાધિકારે રાચી;
કરતાં ચિદાનંદ પરિણતિ, એક સુવિધિ સોહે,
ત્રણ જગતના લોકાને, મન સુવિધિ મોહે. ૧

## શીતલનાથ સ્તુતિ

શીતલ પ્રભુ શીતલ કરે ભજે શીતલભાવે,
શમ શીતલતા ધારતાં સહું સંતાપ જાવે;
રાગદ્વેષ નિવારીને આપ શીતલ થાવો,
આતમને શીતલ કરો સત્ય નિશ્ચય લાવો. ૧

## શીતલનાથ ભગવાનની થોય

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી,
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી,
સવિ શિવસુખ કામી, પ્રણમીએ શીશ નામી.

## શ્રી શ્રેયાંસનાથ ભગવાનની થોય

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત,
પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત;
સુરપતિ સંઘાત, જાસ નિકટે આયાત,
કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ શાત.

## શ્રેયાંસનાથ સ્તુતિ

દ્રવ્ય-ભાવથી શ્રેયને, નિજ આત્મનું જાણો,
જાણી આચરે મૂકશો, પૂરુષાર્થને આણો;
આત્મજ્ઞાન ને સત્ક્રિયા, વડે શ્રેયને સાધો,
શ્રેયાંસ પ્રભુની પેઠ સહુ, પૂર્ણ શ્રેયેજ વાધો. ૧

## વાસુપૂજ્ય સ્તુતિ

આતમ વાસુપૂજ્ય છે કરો આવિર્ભાવે,
નિશ્ચય નયદૃષ્ટિબળે, બ્રહ્મભાવના દાવે;
વાસુપૂજ્યના ધ્યાનથી, વાસુપૂજ્યજી થાવો,
ધ્યાન સમાધિ એકતા લીનતાથી સુહાવો. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી વાસુપૂજ્ય ભગવાનની થોય

વિશ્વના ઉપકારી, ધર્મના આદિકારી,
ધર્મના દાતારી, કામક્રોધાદિ વારી;
તાર્યા નરનારી, દુઃખ દોહગ હારી,
વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી.

## વિમલનાથ ભગવાનની થોય

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો,
શ્યામાંબ મલ્હારો, વિશ્વ કીર્તિ વિફારો,
યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો,
ગુણગણ આધારો, પુણ્યના એ પ્રકારો.

## વિમલનાથ સ્તુતિ

આર્તરૌદ્રને વારીને મન નિર્મલ કરવું,
એવી પ્રભુની પૂજના એહ ધ્યાન છે ધરવું;
વિમલ પ્રભુ જગ ઉપદિશે સહુ નિર્મલ થાવો,
વિમલ થવું નિજ હાથમાં શાને વાર લગાવો. ૧

## અનંતનાથ સ્તુતિ,

અનંત આતમ દ્રવ્યથી ક્ષેત્ર કાલ ને ભાવે,
જાણે અંત ન થાય છે આઠ કર્મ અભાવે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી અનંત કર્મનો આવે,
અનંતનાથ જણાવતા બ્રહ્મ અંત ન થાવે. ૧

## અનંતનાથ ભગવાનની થોય

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી,
સુર નર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી;
એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી,
તર્યા તે ગુણ ખાણી, પામીઆ સિદ્ધિ રાણી.

## શ્રી ધર્મનાથ ભગવાનની થોય

ધરમ ધમર ધોરી, કર્મના પાસ તોરી,
કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી;
દર્શન મદ છોરી, જાય ભાગ્યા સટોરી,
નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી.

## ધર્મનાથ સ્તુતિ

ધર્મ પ્રભુ કહે આત્મનો ધર્મ ગુણ પર્યાયો
સમજે વર્તે સહજથી તેહ ધર્મી સુહાયો;
ધર્મનાથ નિજ આતમા કરે આવિર્ભાવે,
અજ્ઞાની ધર્મ પન્થ સહુ ટળે આત્મસ્વભાવે. ૧

## શાંતિનાથ સ્તુતિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાંતિ મળે નહીં લક્ષ્મીથી નહીં રાજ્યના ભોગે,
શાંતિ મળે નહીં કામથી બાહ્યસત્તાપ્રયોગે;
શાંતિ ન રાગ-દ્વેષથી સહુ વિષયને વામે,
શાંતિ જિનેશ્વર ભાખતા શાંતિ આતમઠામે. ૧
શાંતિ ન ક્રોધ ને માનથી તેમ માયા ને લોભે,
શાંતિ ન શાસ્ત્રાભ્યાસથી જડમાં મન થોભે;
શાંતિ ન બાહ્ય પદાર્થથી હું ને મારું માને,
સર્વ જિનેશ્વર ભાખતા શાંતિ આતમ સ્થાને. ૨
સંકલ્પો ને વિકલ્પથી મન શાંત ન થાવે,
અજ્ઞાન ને મોહભાવથી કોઈ શાંતિ ન પાવે;
નામરૂપનિર્મોહથી જિનવાણી જણાવે,
શાંતિ આતમમાં ખરી અનુભવથી આવે. ૩
મનને મારતાં આત્મમાં સત્ય શાંતિ સ્વભાવે,
મન સંસાર ને મુક્તિ છે સમજે શિવ થાવે;
આતમમાં મન ઠારતાં નિજ પાસ છે શાંતિ,
શાસનદેવી સહાયથી રહે નહિ કોઈ ભ્રાન્તિ. ૪

## શાંતિનાથ સ્તુતિ

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે;
સુમિત્રને ઘેર પારણું, ભવ પાર ઉતારે.
વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે. ૧
પાસ વીર વાસુપૂજ્ય ને, નેમ મલ્લિકુમારી;
રાજ્ય વિહુણા એ થયા, આપે વ્રતધારી.
શાંતિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી;
મલ્લિ નેમ પરણ્યા નહિ, બીજા ઘરબારી. ૨
કનક કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરીજે;
રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે.
યોગાવંચક પ્રાણીયા, ફલ લેતાં રીજે;
પુષ્કરાવર્તના મેઘમાં, મગસેલ ન ભીંજે. ૩
ક્રોડ વદન શુકરારૂઢો, શ્યામ રૂપે ચાર;
હાથ બીજોરૂં કમલ છે, દક્ષિણ કર સાર.
જક્ષ ગરુડ વામ પાણિએ, નિકુલાક્ષ વખાણે;
નિર્વાણીની વાત તો, કવિ વીર તે જાણે. ૪

## શાંતિનાથ સ્તુતિ

વંદો જિન શાંતિ, જાસ સોવન કાંતિ;
ટાલે ભવ ભ્રાન્તિ, મોહ મિથ્યાત્વ શાંતિ.
દ્રવ્યભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ;
ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ. ૧
દોય જિનવર નીલા, દોય ધોલા સુશીલા;
દોય રક્ત રંગીલા, કાઢતા કર્મ કીલા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન કરે કોઈ હીલા, દોય શ્યામ સલીલા;
સોલ સ્વામીજી પીલા, આપજો મોક્ષલીલા. ૨
જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી;
સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી.
અરથે ગૂંથાણી, દેવ મનુષ્ય પ્રાણી;
પ્રણમો હિત આણી, મોક્ષની એ નિસાણી. ૩
વાઘેસરી દેવી, હર્ષ હિયડે ધરેવી;
જિનવર પાય સેવી, સાર શ્રદ્ધા વરેવી.
જે નિત્ય સમરેવી, દુઃખ તેહના હરેવી;
પદ્મ વિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી. ૪

### ૩. સકલ કુશલ વલ્લી પાદપૂર્તિ શાંતિ જિન સ્તુતિ

સકલ-કુશલ-વલ્લી-પુષ્કરાવર્ત-મેઘો,
મદન-સદૃશરૂપઃ પૂર્ણ-રાકેન્દુ-વક્ત્રઃ;
પ્રથયતુ મૃગ-લક્ષ્મા શાન્તિનાથો જનાનાં,
પ્રસૃત ભુવન-કીર્તિઃ કામિતં કમ્રકાન્તિઃ. ૧
જિનપતિ-સમુદાયો દાયકો-ભીપ્સિતાનાં,
દુરિત-તિમિર-ભાનુઃ કલ્પ-વૃક્ષોપમાનઃ;
રચયતુ શિવશાન્તિં પ્રાતિહાર્ય-શ્રિયં યો,
વિકટ-વિષય-ભૂમી-જાતહેતિં બિભર્તિ.૨
પ્રથયતુ ભવિકનાં જ્ઞાન-સમ્પત્-સમૂહં,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમય ઇહ જગત્યામાપ્ત-વક્ત્ર-પ્રસૂતઃ;
ભવજલ-નિધિપોતઃ સર્વ સમ્પત્તિ-હેતુઃ,
પ્રથિત-ઘન-ઘટાયાં સૂર્યકાન્ત-પ્રકાશઃ.૩
જયવિજય-મનીષા-મન્દિરં બ્રહ્મ-શાન્તિઃ,
સુરગિરિ-સમધીરઃ પૂજિતો ન્યક્ષયક્ષૈઃ;
હરતિ સકલ-વિઘ્નં યો જનૈ-શ્ચિન્ત્ય-માનઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ. ૪

## શાંતિનાથ સ્તુતિ

સુકૃત-કમલ-નીરં, કર્મ્મ-ગોસાર-સીરં,
મૃગ-રુચિર-શરીરં, લબ્ધ-સંસાર-તીરમ્;
મદન-દહન-વીરં, વિશ્વ-કોટીરહીરં,
શ્રયતુ ગિરિપ-ધીરં, શાન્તિદેવં ગભીરમ્. ૧
જલધિ-મધુર-નાદા, નિસ્સદા નિર્વિષાદાઃ,
પરમ-પદર-માદા-સ્ત્યક્ત-સર્વ-પ્રમાદાઃ;
દલિત-પર-વિવાદા, ભુક્ત-દત્ત-પ્રસાદા,
મદ-કજ-શશિ-પાદાઃ, પાન્તુ જૈનેન્દ્ર-પાદાઃ. ૨
દુરિત-તિમિર-સૂરં, દુર્મ્મતા-સ્કન્દ-શૂરં,
કુહઠ-ફણિ-મયૂરં, સ્વાદુજિહ્વ હારહૂકમ્;
અશિવ-ગમન-તૂરં, તત્ત્વ-ભાજા-મદૂરં,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શૃણુત વચન-પૂરં, ચાર્હતાં કર્ણ-પૂરમ્. ૩
જિન-પનવન-સારા, નશ્ચમત્કાર-કારાઃ,
શ્રુત-મિત-સુર-વારાઃ, કર્મ-પાથોધિ-તારા;
શુભ-તરુ-જલ-ધારાઃ, સારા-સાદશ્ય-ધારા,
દદતુ સપરિવારા, મઙ્ગલં સૂપકારાઃ. ૪

## કુંથુનાથ સ્તુતિ

કુથુનાથમય થૈ ને ભવ્યો, કુંથુનાથ આરાધોજી,
આતમરૂપે થૈ ને આતમ, સિદ્ધિપદને સાધોજી;
આસકિતવણ કર્મો કરતાં, આતમ નહીં બંધાયજી,
કરે ક્રિયા પણ અક્રિય પોતે, ઉપયોગે પ્રભુ થાયજી. ૧

## શ્રી કુંથુનાથ ભગવાનની થોય

કુંથુ જિનનાથ, જે કરે છે સનાથ,
તારે ભવ પાથ, જે ગ્રહી ભવ્ય હાથ,
એહનો તજે સાથ, બાવળ દીએ બાથ,
તરે સુરનર સાથ, જે સુણે એક ગાથ.

## શ્રી અરનાથ ભગવાનની થોય

અર જિનવર રાયા, જેહની દેવી માયા,
સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદાવર્ત પાયા, દેશના શુદ્ધ દાયા,
સમવસરણ વિરચાયા, ઇંદ્ર-ઇંદ્રાણી ગાયા.

## અરનાથ સ્તુતિ

કર્મ કરો પણ કર્મથી, રહો નિર્લેપ ભવ્યો,
જિન થાતાં પરમાર્થનાં, થાતાં કર્તવ્યો;
જૈન દશામાં કર્મને, કરો સ્વાધિકારે,
અર જિનવર એમ ભાખતા, શક્તિ પ્રગટે છે ત્યારે. ૧

## મલ્લિનાથ સ્તુતિ

મલ્લિનાથ ઘટ જેહના, સર્વ મલ્લને જીતે,
આતમમલ્લ જે જાણતો, શુદ્ધધર્મ પ્રતીતે;
હારે ન જગમાં કોઈથી, કોઈ તેને ન મારે
મોહશત્રુને મારતો, તેને દેવ છે વ્હારે. ૧

## શ્રી મલ્લિનાથ ભગવાનની થોય

મલ્લિજિન નમીયે, પૂરવલાં પાપ ગમીયે,
ઇંદ્રિય ગણ દમીયે, આણં જિનની ન ક્રમીયે;
ભવમાં નવિ ભમીયે, સર્વ પરભાવ વમીયે,
નિજ ગુણમાં રમીયે, કર્મ મલ સર્વ ધમીયે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મુનિસુવ્રત ભગવાનની થોય

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે,
સવિ સંપત્તિ પામે, સ્વર્ગનાં સુખ જામે;
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે,
સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે.

## મુનિસુવ્રત સ્તુતિ

સમકિત ને ચારિત્રથી, મુનિસુવ્રત થાવે,
ઘાતીકર્મ વિનાશતાં, પ્રભુતા ઘટ પાવે;
રાજયોગ ચારિત્રમાં, શુદ્ધ ઉપયોગ સમતા,
મન વચ કાયની ગુપ્તિથી, પરમાત્મ રમણતા. ૧

## નમિનાથ સ્તુતિ

નમિ જિનેશ્વર સેવા ભક્તિ, જગની સેવા ભક્તિજી,
નિજ આતમની સેવા ભક્તિ, એક સ્વરૂપે શક્તિજી;
નામ રૂપથી ભિન્ન નિજાતમ, ધારી પ્રભુ જે ધ્યાવેજી,
પ્રારબ્ધે કર્મનો ભોગી, તો પણ ભોગી ન થાવેજી. ૧

## નેમિનાથ સ્તુતિ

દ્રવ્ય ભાવથી નેમિ સરખા, બળિયા જૈનો થાવેજી,
જૈનધર્મ પ્રસરાવે જગમાં, શુભપરિણામના દાવેજી;
શુભ તે ધર્મ પ્રશસ્ય કષાયો, કરતાં પુણ્યને બાંધેજી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુદ્ધ પરિણામે વર્તતાં, મુક્તિ ક્ષણમાં સાધેજી. ૧
શુભ પરિણામી સમ્યગ્દૃષ્ટિ, શુદ્ધ ભાવેને પામેજી,
અશુભ કષાયા પ્રગટ્યા વારે, દેહાધ્યાસને વામેજી;
નિર્ભય નિઃસંગી બળિયો થૈ, કાર્ય કરે નહિ હારેજી,
તીર્થંકર સર્વે ઉપદેશે, પ્રભુપણું ઘટ ધારેજી. ૨
નામ રૂપમાં નિર્મોહી થૈ, પ્રભુભુક્તો શિવ વરતાજી,
સર્વ કાર્ય કરતા અધિકારે, ભયથી ન પાછા પડતાજી;
મર્દ બનીને દર્દ સહે સહુ, ધર્મ કર્મ નહીં મૂકેજી,
જ્ઞાન કર્મ ને ભક્તિઉપાસન, યોગને અંતર ધારેજી. ૩
મુક્તિ ભવમાં સમભાવી થૈ, ધર્મ કર્મ નહીં મૂકેજી,
જીવનમુક્ત બને ત્હોયે, પણ, કર્તવ્યો નહીં ચૂકેજી;
દેવગુરૂને કરીને સ્વાર્પણ, જૈનો જિન થૈ જાતાજી,
શાસનદેવી સેવા સારે, ધર્મની સેવા ચ્હાતાજી. ૪

## નેમિનાથ સ્તુતિ

કમલ-વલ્લપનં તવ રાજતે, જિનપતે! ભુવનેશ! શિવાત્મજ!;
મુકુરવદ્ વિમલં ક્ષણદા-વશાદ્ હૃદય-નાયકવત્ સુમનોહરમ્. ૧
સકલ-પારગતાઃ પ્રભવન્તુ મે, શિવ-સુખાય કુકર્મ-વિદારકાઃ;
રુચિર-મંગલ-વલ્લિવને ઘના, દશ-તુરંગમ-ગૌર-યશોધરાઃ. ૨
મદન-માન-જરા-નિધનોજ્ઝિતા, જિનપતે! તવ વાગ-મૃતોપમા;
ભવભૃતાં ભવતાચ્છિવ-શર્મણે, ભવ-પયોધિ પતજ્જન-તારકા. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનપપાદ-પયોરુહ-હંસિકા, દિશતુ શાસન-નિર્જર-કામિની;
સકલદેહ ભૃતામમલં સુખં, મુખ-વિભાભર-નિર્જિત-ભાધિપા. ૪

## નેમિનાથ સ્તુતિ

પ્રચણ્ડ-માર-વારકં, કુદર્પ-વાર-દારકમ્
સુરેન્દ્ર-સેવિતં સદા, શિવાસુતં ભજે મુદા. ૧
અનન્ત-શર્મ-દાયકાઃ પ્રશસ્ત-ધર્મ-નાયકાઃ,
અવદ્ય-ભેદકા ઇના, જયન્તિ તે સમે જિનાઃ. ૨
અનેક-તાપ-નાશનં, કુવાસના-વિનાશનમ્।
સુપર્વ-રાજ-સંશ્રુતં, સ્તુવે જિનોદિતં શ્રુતમ્. ૩
વિશાલ-લોચનામ્બિકા, કજાનના વરાઙ્ગના।
નતાપ્ત-પત્કજા-ચલાં, શ્રિયં દધાતુ વોમલામ્. ૪

## નેમિનાથ સ્તુતિ

સુર અસુર વંદિત પાય-પંકજ, મયણ-મલ્લ-મક્ષોભિતં;
ઘન સુઘન શ્યામ શરીર સુંદર, શંખ લંછન શોભિતમ્.
શિવાદેવિ નંદન ત્રિજગ-વંદન, ભવિક કમલ દિનેશ્વરં;
ગિરનાર ગિરિવર શિખર વંદું, શ્રી નેમિનાથ જિનેશ્વરમ્. ૧
અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરિ વરુ;
વાસુપુજ્ય ચંપા નયર સિદ્ધ્યા, નેમિ રૈવત ગિરિવરુ.
સમ્મેત શિખરે વીસ જિનવર, મુક્તિ પહોતા મુનિવરુ;
ચોવીસ જિનવર નિત્ય વંદું, સયલ સંઘ સુહંકરુ. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અગિયાર અંગ ઉપાંગ બાર, દશ પયન્ના જાણીયે;
છ છેદ ગ્રંથ પસત્થ-સત્થા, ચાર મૂલ વખાણીયે.
અનુયોગ દ્વાર ઉદાર, નંદીસૂત્ર જિનમત ગાઈયે;
વૃત્તિ ચૂર્ણિ ભાષ્ય, પિસ્તાલીશ આગમ ધ્યાઈયે. ૩
દોય દિશિ બાલક દોય જેહને, સદા ભવિયણ સુખકરુ;
દુખ હરિ અંબાલુંબ સુંદર, દુરિત દોહગ અપહરું.
ગિરનાર મંડણ નેમિ જિનવર, ચરણ-પંકજ સેવિયે;
શ્રી સંઘ સુપ્રસન્ન મંગલ, કરો તે અંબા દેવીએ. ૪

## નેમિનાથ ભગવાનની થોય

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી,
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવલશ્રી સારી, પામીઆ ઘાતિ વારી.

## પાર્શ્વનાથ ભગવાનની થોય

પાસજિણંદા વામાનંદા, જબ ગરભે ફળી,
સુપના દેખે અર્થ વિશેષે, કહે મઘવા મળી;
જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે,
નેમિ રાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીએ.

## પાર્શ્વ જિન સ્તુતિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શંખેશ્વર પાસજી પૂજીએ, નર ભવનો લાહો લીજિએ.
મન વાંછિત પૂરણ સુર-તરુ, જય વામાસુત અલવેસરુ. ૧
દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોલા જિનવર ગુણ-નીલા.
દોય નીલા દોય શ્યામલ કહ્યા, સોલે જિન કંચન-વર્ણ લહ્યા. ૨
આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હઇડે રાખીયો.
તેહનો રસ જેણે ચાખીયો, તે હુવો શિવ-સુખ સાખીયો. ૩
ધરણેંદ્ર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ-તણા ગુણ ગાવતી.
સહુ સંઘના સંકટ ચૂરતી, નય-વિમલનાં વાંછિત પૂરતી. ૪

## પાર્શ્વ જિન સ્તુતિ

ભીડ ભંજન પાસ પ્રભુ સમરો, અરિહંત અનંતનું ધ્યાન ધરો;
જિનાગમ અમૃત પાન કરો, શાસન દેવી સવિ વિઘ્ન હરો. ૧
(ઇસ ગાથા કો ચાર બાર બોલ સકતે હૈં.)

## પાર્શ્વ જિન સ્તુતિ

શ્રી ચિંતામણિ કીજે સેવ, વલી વંદુ ચોવીશે દેવ;
વિનય કહે આગમથી સુણો, પદ્માવતીનો મહિમા ઘણો. ૧
(ઇસ ગાથા કો ચાર બાર બોલ સકતે હૈ.)

## શ્રેયઃ શ્રિયાં મંગલ પાદપૂર્તિ પાર્શ્વ જિન સ્તુતિ

શ્રેયઃ શ્રિયાં મંગલ-કેલિસદ્મ!, શ્રીયુક્ત-ચિન્તામણિ-પાર્શ્વનાથ!;
દુર્વાર-સંસાર-ભયાચ્ચ રક્ષ, મોક્ષસ્ય માર્ગે વર-સાર્થવાહ!. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનેશ્વરાણાં નિકર! ક્ષમાયાં, નરેન્દ્ર-દેવેન્દ્ર-નતાંઘ્રિ-પદ્મ!;
કુરુષ્વ નિર્વાણ-સુખં ક્ષમાભૃત્!, સત્કેવલ-જ્ઞાનરમાં દધાન!. ૨
કૈવલ્ય-વામા-હૃદયૈકહાર!, ક્ષમા-સરસ્વ-દ્રજનીશ-તુલ્ય!;
સર્વજ્ઞ! સર્વાતિશય-પ્રધાન!, તનોતુ તે વાગ્ જિનરાજ! સૌખ્યમ્..૩
શ્રી-પાર્શ્વનાથ-ક્રમણામ્બુ-જાત-, સારંગ-તુલ્યઃ કલધૌત-કાન્તિઃ;
શ્રી-યક્ષરાજો ગરુડાભિધાનઃ, ચિરં જય જ્ઞાન-કલાનિધાન!. ૪

## મહાવીર સ્વામી સ્તુતિ

વીર પ્રભુમય જીવન ધારો, સર્વ જાતિ શક્તિથી,
દોષો ટાળી સદ્ગુણ લેશો, બનશો મહાવીર વ્યક્તિથી;
સ્વપ્ને પણ હિમ્મત નહિ હારો, કાર્યોની સિદ્ધિ કરો,
વીર પ્રભુ ઉપદેશે કાંઈ, અશક્ય નહિ નિશ્ચય ધરો. ૧

## મહાવીર સ્વામી સ્તુતિ

જય! જય! ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ;
સુર-નરના નાયક, જેહની સારે સેવ;
કરુણા રસ કંદો, વંદો આણંદ આણી,
ત્રિશલા સુત સુંદર, ગુણ-મણિ કેરો ખાણી. ૧
જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે;
પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે.
તે ચ્યવન જન્મ વ્રત, નાણ અને નિર્વાણ;
સવિ જિનવર કેરાં, એ પાંચે અહિઠાણ. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિહાં પંચ સમિતિ યુત, પંચ મહા-વ્રત સાર;
જેહમાં પરકાશ્યા, વલી પાંચે વ્યવહાર.
પરમેષ્ઠિ અરિહંત, નાથ સર્વજ્ઞ ને પાર;
એહ પંચ પદે લહ્યો, આગમ અર્થ ઉદાર. ૩
માતંગ સિદ્ધાઇ, દેવી જિન-પદ સેવી;
દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાલે નિતમેવી.
શાસન સુખદાયી, આઇ સુણો અરદાશ;
શ્રી જ્ઞાન વિમલ ગુણ, પૂરો વાંછિત આશ. ૪

### ૩. કલ્યાણ મંદિર પાદપૂર્તિ મહાવીર સ્વામી સ્તુતિ

કલ્યાણ-મન્દિર-મુદાર-મવદ્ય-ભેદિ,
દુષ્કર્મ-વારણ-વિદારણ-પંચ-વક્ત્રમ્;
યત્પાદ-પદ્મ-યુગલં પ્રણમન્તિ શક્રા,
સ્તોષ્યે મુદા જિનવરં જિન-ત્રૈશલેયમ્. ૧
ક્ષીણાષ્ટ-કર્મ-નિકરસ્ય નમોસ્તુ નિત્યં,
ભીતાભય-પ્રદ-મનિન્દિત-મંઘ્રિપદ્મમ્;
ઇષ્ટાર્થ-મણ્ડલ-સુસર્જન-દેવવૃક્ષં,
નિત્યોદયં દલિત-તીવ્ર-કષાય-મુચ્ચૈઃ. ૨
જૈનાગમં દિશતુ સર્વ સુખૈક-દ્વારં,
શ્રીનન્દન-ક્ષિતિજ-હવ્યહતિ પ્રકારમ્;
સંસાર-સાગર-નિમજ્જદ-શેષજન્તુ-,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોહિત્થ-સન્નિભ-મભીષ્ટદ-માશુ મુગ્ધમ્. ૩
માતંગ-યક્ષ-રમલાં પ્રકરોતિ સેવાં,
પૂર્વાન્ત-મારસમ-ભીપ્સિત-દં વિશાલમ્;
ઉત્પત્તિ-વિસ્તર-નદીશ-પતજ્જનાનાં,
પોતાયમાન-મભિનમ્ય જિનેશ્વરસ્ય. ૪

## ૩. સંસારદાવા પાદપૂર્તિ મહાવીર સ્વામી સ્તુતિ

નમ્રેન્દ્ર-મૌલિ-પ્રપતત્-પરાગ-, પુંજ-સ્ફુરત્કર્બુરિત-ક્રમાબ્જમ્;
વીરં ભજે નિર્જિત-મોહવીરં, સંસાર-દાવાનલ-દાહનીરમ્. ૧
પુષ્પૌઘ-પદ્મદલ-સૌરભ-ગુણ્ઠિતાનિ,
સ્વર્ણામ્બુજૈઃ સુરકૃતૈઃ પરિ-મણ્ડિતાનિ;
વન્દેર્હતાં-વરપદાનિ નતા-ન્યજેન,
ભાવાવનામ-સુર-દાનવ-માનવેન. ૨
નાનારત્નૈઃ સુભગ-મતુલ-પ્રૌઢ-સાદશ્ય-પાઠૈર્-,
વિજ્ઞજ્ઞાતૈ-ર્બહુનય-ભરૈઃ સત્તરંગૈ-રુપેતમ્;
યુક્ત્યા જૈનં સમય-મુદધિં કીર્તયામ્યસ્મિ કામં,
બોધાગાધં સુપદ-પદવી-નીર-પૂરાભિરામમ્. ૩
શ્રીમદ્વીર-ક્રમામ્ભો-રુહ-રસિક-મના રાજહંસીવ રમ્યા,
સિદ્ધા સિદ્ધા વિરુદ્ધા વિશદગુણ-લસદ્-ભક્ત હૃત્પદ્મ-રુદ્ધા;
યા ધત્તે સ્વીયકણ્ઠે ઘન-સુરભિરસાં પુષ્પમાલાં વિશાલા-,
મામૂલાલોલ-ધૂલી-બહુલ-પરિમલા-લીઢ-લોલાલિમાલા. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ૩. સ્નાતસ્યા પાદપૂર્તિ મહાવીર સ્વામી સ્તુતિઃ.

સ્ફૂર્જદ્દભક્તિ-નતેન્દ્ર-શીર્ષ વિલસત્-કોટીર-રત્નાવલી,
રંગત્કાન્તિ-કરમ્બિતાદ્-ભુત-નખ-શ્રેણી-સમુ-જ્જૃમ્ભિતમ્;
સિદ્ધાર્થાંગ-રુહસ્ય કીર્તિત-ગુણસ્યાંઘ્રિ-દ્વયં પાતુ વઃ,
સ્નાતસ્યા-પ્રતિમસ્ય મેરુ-શિખરે શચ્યા વિભોઃ શૈશવે. ૧
શ્રેયઃ શર્મકૃતે ભવન્તુ ભવતાં સર્વેપિ તીર્થાધિપા,
યેષાં જન્મમહઃ કૃતઃ સુરગિરૌ વૃન્દારકૈઃ સાદરૈ;
પૌલોમી-સ્તન-ગર્વ-ખણ્ડન-પરૈઃ કુમ્ભૈઃ સુવર્ણોદ્-ભવૈ-,
હંસાં-સાહત-પદ્મરેણુ-કપિશ-ક્ષીરાર્ણ-વામ્ભો-ભૃતૈઃ. ૨
સેવે સિદ્ધાન્ત-મુદ્યત્-સકલ-મુનિજન-પ્રાર્થિતા-મર્ત્ય-રત્નં,
ગર્જદ્વા-ચાટવાદિ-દ્વિરદ-ઘનઘટા-દર્પ-કણ્ઠી-રવાભમ્;
મિથ્યા-ધર્માન્ધકારે સ્ફુટ-વિકટ-કરાદિત્ય-મલ્પપ્રભં નો,
અર્હદ્વક્ત્ર-પ્રસૂતં ગણધર-રચિતં દ્વાદશાંગં વિશાલમ્. ૩
દક્ષો યક્ષાધિરાજો મહિમ-ગુણનિધિ-શ્ચણ્ડ-દોર્દણ્ડધારી,
સર્વં સર્વાનુભૂતિ-ર્વિદલયતુ મુદા સંઘ-વિઘ્નં મહૌજાઃ;
અધ્યારૂઢો દ્વિપેન્દ્રં વરભવન-ગતસ્તમ્ભ-હસ્તોત્કટાસ્યં,
નિષ્પંક-વ્યોમ-નીલ-દ્યુતિમલ-સદૃશં બાલચન્દ્રા-ભદંષ્ટ્રમ્. ૪

## મહાવીર સ્વામી સ્તુતિ

નમત ત્રિભુવન-સારં જિતમારં હારતાર-ગુણવારમ્.
વીરં કાન્ત-શરીરં ગીરિધીરં પાપ-મલ-નીરમ્. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમ-દમ-રવિ-સર-મણિ-મુકુટ-કોટિ-તટ-ઘટિત-મસૃણ-નખ-મુકુરાન્.
જિનરાજઃ શિવભાજઃ સ્મરત ત્રૈલોક્ય-સમ્રાજઃ. ૨
વિલસત્-કુબોધ-સન્તમસ-સઞ્ચયા-પચય-કરણ-ખર-કિરણ્.
ધ્યાયત જૈન-કૃતાન્તં નિતાન્તં તતભવ-કૃતાન્તમ્. ૩
વિદલન્-નવીન-સરસીરુહ-કૃતનિવાસા વિકાસ-કમલકરા.
વિમલયતુ મમ મનીષાં, હર-હસિત-સિત-પ્રભાદેવી. ૪

## મહાવીર સ્વામી સ્તુતિ

વીરં દેવં નિત્યં વંદે. ૧
જૈનાઃ પાદા યુષ્માન્ પાન્તુ. ૨
જૈનં વાક્યં ભૂયાદ્ ભૂત્યૈ. ૩
સિદ્ધા દેવી દદ્યાત્ સૌખ્યમ્. ૪

## શાશ્વતા અશાશ્વતા જિનની સ્તુતિ

શાશ્વત પ્રતિમાઓ સહુ વંદો, સ્વર્ગ મૃત્યુ પાતાલેજી,
આતમના ઉપયોગે રહેવા, નિજગુણ જે અજવાળેજી;
નામાદિનિક્ષેપા ચારે, અવલંબન હિતકારીજી,
નિશ્ચય ને વ્યવહારે વંદી, પામો સુખ નરનારીજી. ૧
શાશ્વતી ને અશાશ્વતી પ્રતિમા, નયનિક્ષેપે જાણોજી,
અર્હત્ પ્રતિનિધિ ક્ષયોપશમના, ભાવે મનમાં આણોજી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકમાં સર્વે સર્વમાં એકજ, એકાનેક વિચારોજી,
ચઢતા ભાવે સાપેક્ષાએ, વંદીને ઘટ ધારોજી. ૨
પ્રભુ મહાવીર જિનવરવાણી, આગમ શાસ્ત્ર પ્રમાણીજી,
કલિયુગમાં આધાર ખરો એ, જાણી મનમાં આણીજી;
સૂત્રોમાં જિનપ્રતિમા ભાખી, આરાધો ભવી પ્રાણીજી,
પ્રભુની વાણી મુક્તિનિશાની, અનંત ગુણની ખાણીજી. ૩
સમ્યગ્દૃષ્ટિ દેવો સઘળા, દેવીઓ પ્રભુ ગાવેજી,
પ્રભુપ્રતિમાઓને તે વંદે, પૂજે ઘટમાં ધ્યાવેજી;
દ્રવ્ય ને ભાવથી વ્યવહાર નિશ્ચય, ઉપાદાન નિમિત્તેજી.
બુદ્ધિસાગર તીર્થ પ્રતિમા, પૂજો નિર્મલ ચિત્તેજી. ૪

## પંચ જિન સ્તુતિ

શ્રી આદિ શાન્તિ નેમિ પાસ વીર શાસનપતિ વલી,
નમો વર્તમાન અતીત અનાગત ચોવીશે જિન મન રલી;
જિનવરની વાણી ગુણની ખાણી પ્રેમે પ્રાણી સાંભલી,
થયા સમકિતધારી ભવ નિટ્ઠારી સેવે સુરવર લલી લલી. ૧
(ઇસ ગાથા કો ચાર બાર બોલ સકતે હૈ.)

## સ્તુતિ

કલ્લાણકંદં પઢમં જિણિંદં સંતિંતઓ નેમિજિણં મુણિંદં
પાસં પયાસં સુગુણિક્કઠાણં ભત્તીઈ વંતે સિરિવદ્ધમાણં. ૧

## ચાર સ્તુતિની એક સ્તુતિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુમહાવીરદેવજિનેશ્વરમ્,
સકલતીર્થપતિમચલેશ્વરમ્;
પ્રતિદિનં પ્રણમામિ જિનાગમમ્,
કુરુ હિ યક્ષિણી સંઘસહાયતામ્. ૧

## સીમંધર જિન સ્તુતિ

શ્રી સીમન્ધર જિનવર!, સુખકર સાહિબ દેવ!
અરિહંત સકલની, ભાવ ધરી કરું સેવ!
સકલાગમ-પારગ, ગણધર-ભાષિત વાણી;
જયવંતી આણા, જ્ઞાન-વિમલ ગુણ ખાણી. ૧

## સીમંધર જિન સ્તુતિ

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી, સોનાનું સિંહાસન જી;
રૂપાનું ત્યાં છત્ર વિરાજે, રત્ન મણિના દીવા દીપે જી.
કુમકુમ વરણી ત્યાં ગહુંલી વિરાજે, મોતીના અક્ષત સાર જી;
ત્યાં બેઠા સીમંધર સ્વામી, બોલે મધુરી વાણી જી.
કેસર ચન્દન ભર્યા કચોલાં, કસ્તૂરી બરાસો જી;
પહેલી પૂજા અમારી હોજો, ઊગમતે પ્રભાતે જી. ૧

## સીમંધર જિન સ્તુતિ

મહાવિદેહે સીમંધરજિન, વૈદેહી દેહે છતા,
કેવલજ્ઞાની આતમરામી, ઉપકારી જગમાં છતા;
દ્રવ્યભાવથી અંતર બાહિર, ઉપશમ આદિ ભાવથી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સીમંધરજિન વંદું ધ્યાવું, આત્મિક સીમાદાવથી. ૧

## સિદ્ધાચલની સ્તુતિ

દ્રવ્યભાવથી સિદ્ધાચલગિરિ, બાહિર અંતર જાણોજી,
સાત નયોની સાપેક્ષાએ, સમજી મનમાં આણોજી;
નિમિત્ત કારણ ઉપાદાનથી, સિદ્ધાચલને સેવોજી,
બુદ્ધિસાગર વીરપ્રભુજી, ભાખે ત્રિભુવનદેવોજી. ૧

## સિદ્ધાચલ તીર્થ સ્તુતિ

શ્રી શત્રુંજય આદિ જિન આવ્યા, પૂરવ નવાણું વારજી;
અનંત લાભ ઇહાં જિનવર જાણી, સમોસર્યા નિરધારજી.
વિમલ ગિરિવર મહિમા મોટો, સિદ્ધાચલ ઇણે ઠામજી;
કાંકરે કાંકરે અનંતા સિદ્ધ્યા, એકસો આઠ ગિરિ નામજી. ૧

## સિદ્ધાચલ તીર્થ સ્તુતિ

પુંડરીક ગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ;
વિમલાચલ ભેટી, લહીએ અવિચલ ઋદ્ધ.
પંચમી ગતિ પહોંતા, મુનિવર કોડાકોડ;
ઇણે તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ૧

## સિદ્ધાચલ તીર્થ સ્તુતિ

સિદ્ધાચલ-મંડન, ઋષભ જિણંદ દયાલ;
મરુદેવા-નન્દન, વન્દન કરૂં ત્રણ કાલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર;
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧

## સિદ્ધાચલ તીર્થ સ્તુતિ

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરુ ઉદાર,
ઠાકુર રામ અપાર;
મંત્રમાંહી નવકાર જ જાણું, તારામાં જેમ ચન્દ્ર વખાણું,
જલધર જલમાં જાણું.
પંખીમાંહે જિમ ઉત્તમ હંસ, કુલમાંહે જિમ ઋષભનો વંશ,
નાભિ તણો એ અંશ;
ક્ષમાવન્તમાં શ્રી અરિહન્ત, તપશૂરા મુનિવર મહન્ત,
શત્રુંજય ગિરિ ગુણવન્ત. ૧

## સિદ્ધાચલ તીર્થ સ્તુતિ

પુંડરીક ગણધર પાય પ્રણમીજે, આદીશ્વર જિનચંદાજી;
નેમ વિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચઢિઆ આનંદાજી.
આગમ માંહિ પુંડરીક મહિમા, ભાખ્યો જ્ઞાન દિનંદાજી;
ચૈત્રી પૂનમ દિન દેવી ચક્કેસરી, સૌભાગ્ય દ્યો સુખકંદાજી. ૧

## સિદ્ધાચલ તીર્થ સ્તુતિ

શ્રી શત્રુંજય મંડણ, ઋષભ જિણંદ દયાલ;
મરુદેવા નંદન, વંદન કરૂં ત્રણ કાલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ તીરથ જાણી, પૂરવ નવાણું વાર;
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧
ત્રેવીશ તીર્થંકર, ચડિયા ઇણ ગિરિરાય;
એ તીરથનાં ગુણ, સુર અસુરાદિક ગાય.
એ પાવન તીરથ, ત્રિભુવન નહીં તસ તોલે;
એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે. ૨
પુંડરીક ગિરિ મહિમા, આગમમાં પરસિદ્ધ;
વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ.
પંચમ ગતિ પહોંતા, મુનિવર કોડા કોડ;
ઇણે તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ૩
શ્રી શત્રુંજય કેરી, અહોનિશ રક્ષાકારી;
શ્રી આદિ જિનેશ્વર, આણ હૃદયમાં ધારી.
શ્રી સંઘ વિઘનહર, કવડ યક્ષ ગણભૂર;
શ્રી રવિ બુધ સાગર, સંઘના સંકટ ચૂર. ૪

## ચૈત્રી પૂનમની ચાર સ્તુતિની એક સ્તુતિ

ચૈત્રી પૂનમ વિમલાચરે, તપ વીરે ભાખ્યું,
તીર્થંકર સર્વે ભલું, મુક્તિફલ દાખ્યું;
સિદ્ધાચલના ધ્યાનથી શુદ્ધજ્ઞાન ને મુક્તિ,
શાસનદેવો સારતા, યાત્રીઓની ભક્તિ. ૧

## શ્રી રાયણ પગલાંની થોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શેત્રુંજય આદિજિન આવ્યા, પૂર્વ નવાણું વારજી,
અનંત લાભ ઇહાં જિનવર જાણી, સમોસર્યા નિરધારજી;
વિમલગિરિવર મહિમા મોટો, સિદ્ધાચલ ઇણે ઠામજી;
કાંકરે કાંકરે અનંતા સીધ્યા, એકસો ને આઠ ગિરિનામજી.

## નવપદ સ્તુતિ

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરીયાજી;
એક દિન આણા વીરની લઇને, રાજગૃહી સંચરીઆજી.
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી;
પર્ષદા આગલ ચાર વિરાજે, હવે સુણો ભવિ પ્રાણીજી. ૧
માનવ ભવ તુમે પુણ્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી;
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી.
દરશન નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી;
ધુર આસોથી કરવાં આયંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨
શ્રેણિક રાય ગૌતમ ને પૂછે, સ્વામી એ તપ કેણે કીધોજી?;
નવ આયંબિલ તપ વિધિશું કરતાં, વાંછિત સુખ કેણે લીધોજી?.
મધુર ધ્વનિ બોલ્યા શ્રી ગૌતમ, સાંભલો શ્રેણિક રાય વયણાજી;
રોગ ગયો ને સંપદા પામ્યાં, શ્રી શ્રીપાલ ને મયણાજી. ૩
રુમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલીજી;
નામ ચક્કેસરીને સિદ્ધાઈ, આદિ વીર જિન વર રખવાલીજી.
વિઘ્ન કોડ હરે સહુ સંઘના, જે સેવે એના પાયજી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાણ વિજય કવિ સેવક નય કહે, સાન્નિધ્ય કરજો માયજી. ૪

## નવપદ સ્તુતિ

પ્રહ ઉઠી વન્દું, સિદ્ધચક્ર સદાય;
જપીએ નવપદનો, જાપ સદા સુખદાય.
વિધિ પૂર્વક એ તપ, જે કરે થઇ ઉજમાલ;
તે સવિ સુખ પામે, જિમ મયણા શ્રીપાલ. ૧
માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત;
તસ કર્મ સંયોગે, કોઢી મિલિયો કંત.
ગુરુ વયણે તેણે, આરાધ્યું તપ એહ;
સુખ સમ્પદ વરીયાં, તરીયાં ભવ જલ તેહ. ૨
આંબિલ ને ઉપવાસ, છટ્ઠ વલી અટ્ઠમ;
દશ અટ્ઠાઇ પંદર, માસ છ માસ વિશેષ.
ઇત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર;
જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ૩
તપ સાન્નિધ્ય કરશે, શ્રી વિમલેશ્વર યક્ષ;
સહુ સંઘનાં સંકટ, ચૂરે થઈ પ્રત્યક્ષ.
પુંડરીક ગણધાર, કનક વિજય બુધ શિષ્ય;
બુધ દર્શન વિજય કહે, પહોંચે સકલ જગીશ. ૪

## નવપદ સ્તુતિ

અરિહંત નમો વલી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧
અરિહંત અનંત થયા થાશે, વલી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં દેવવંદન વિધિશું,
આંબિલ તપ ગણણું ગણવું વિધિશું ૨
છહરી પાલી જે તપ કરશે, શ્રીપાલ તણી પરે ભવ તરશે;
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે. ૩
સાડાચાર વરસે તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો;
સિદ્ધચક્રને મનમંદિર થાપો, નય વિમલેસર વર આપો. ૪

## નવપદ સ્તુતિ

જિન શાસન વંછિત પૂરણ દેવ રસાલ,
ભાવે ભવિ ભણીયે સિદ્ધચક્ર ગુણમાલ;
તિહું-કાલે એહની પૂજા કરે ઉજમાલ,
તે અજર અમર પદ સુખ પામે સુવિશાલ. ૧
અરિહંત સિદ્ધ વંદો આચારજ ઉવજ્ઝાય,
મુનિ દરિસણ નાણ ચરણ તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિનાં ભવકોટિ દુઃખ જાય. ૨
આસો ચૈતરમાં શુદિ સાતમથી સાર,
પૂનમ લગે કીજે નવ આંબિલ નિરધાર;
દોય સહસ ગણણુ પદ સમ સાડા ચાર,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકાશી આંબિલ તપ આગમ અનુસાર. ૩
સિદ્ધચક્રનો સેવક શ્રી વિમલેસર દેવ,
શ્રીપાલ તણી પરે સુખ પૂરે સ્વયમેવ;
દુઃખ દોહગ નાવે જે કરે એહની સેવ,
શ્રી સુમતિ સુગુરુનો રામ કહે નિત્યમેવ. ૪

## નવપદ સ્તુતિ.

વિપુલ કુશલ-માલા, કેલિગેહં વિશાલા;
સમ-વિભવ-નિધાનં, શુદ્ધમન્ત્ર-પ્રધાનમ્.
સુર-નરપતિ સેવ્યં, દિવ્ય-માહાત્મ્ય-ભવ્યં;
નિહત-દુરિત-ચક્રં, સંસ્તુવે સિદ્ધચક્રમ્. ૧
દમિત-કરણવાહં, ભાવતો યઃ કૃતાહં;
કૃતિ-નિકૃતિ-વિનાશં, પૂરિતાઙ્ગિ-વ્રજાશમ્.
નમિત-જિન-સમાજં, સિદ્ધચક્રાદિ-બીજં;
ભજતિ સગુણ-રાજિઃ, સોનિશં સૌખ્યરાજી. ૨
વિવિધ-સુકૃત-શાખો, ભંગ-પત્રોઘ-શાલી;
નય-કુસુમ-મનોજ્ઞઃ, પ્રૌઢ-સંપત્ફલાઢ્યઃ.
હરતુ વિનુવતાં શ્રી, સિદ્ધચક્રં જનાનાં;
તરુરિવ ભવતાપા-, નાગમઃ શ્રી જિનાનામ્. ૩
જિનપતિ-, પદસેવા-સાવધાના ધુનાના;
દુરિત-રિપુ-કદમ્બં, કાન્ત-કાન્તિં દધાનાઃ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દદતુ તપસિ પુંસાં, સિદ્ધચક્રસ્ય નવ્યં;
પ્રમદમિ-હરતાનાં, રોહિણી-મુખ્ય-દેવ્યઃ. ૪

## દીપાવલી પર્વ સ્તુતિ

મનોહર મૂર્તિ મહાવીર તણી, જેણે સોલ પહોર દેશના પભણી;
નવ મલ્લી નવ લચ્છવી નૃપતિ સુણી,
કહે શિવ પામ્યા ત્રિભુવન ધણી. ૧
શિવ પહોત્યા ઋષભ ચઉદશ ભત્તે,બાવીશ લહ્યા શિવ માસ તિથે;
છટ્ઠે શિવ પામ્યા વીર વલી,કાર્તિક વદી અમાવાસ્યા નિરમલી.૨
આગામી ભાવી ભાવ કહ્યાં, દીવાલી કલ્પે જે લહ્યાં;
પુણ્ય પાપ ફલ અજ્ઝયણે કહ્યાં, સવિ તહત્તિ કરીને સદહ્યા. ૩
સવિ દેવ મલી ઉદ્યોત કરે, પ્રભાતે ગૌતમ જ્ઞાન વરે;
જ્ઞાન વિમલ સદા ગુણ વિસ્તરે, જિન શાસનમાં જયકાર કરે. ૪

## પર્યુષણ પર્વ સ્તુતિ

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી;
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી.
કુંવર ગયવર ખન્ધ ચઢાવી, ઢોલ નિશાન વગડાવોજી;
સદ્‌ગુરુ સંગે ચઢતે રંગે, વીર-ચરિત્ર સુણાવોજી. ૧
પ્રથમ વખાણ ધર્મ સારથિ પદ, બીજે સુપનાં ચારજી;
ત્રીજે સુપન પાઠક વલી ચોથે, વીર જનમ અધિકારજી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચમે દીક્ષા છટ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી;
આઠમે થિરાવલી સંભલાવે, પિઉડા પૂરો જગીશજી. ૨
છટ્ઠ અટ્ઠમ અટ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજેજી;
વરસી પડિક્કમણું મુનિ વન્દન, સંઘ સકલ ખામીજેજી.
આઠ દિવસ લગે અમર પલાવી, દાન સુપાત્રે દીજેજી;
ભદ્રબાહુ ગુરુ વચન સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩
તીરથમાં વિમલાચલ, ગિરિમાં મેરુ મહીધર જેમજી;
મુનિવર માંહી જિનવર મોટા, પરવ પજુસણ તેમજી.
અવસર પામી સાહમ્મિ-વચ્છલ, બહુ પકવાન વડાઈજી;
ખીમા વિજય જિનદેવી સિદ્ધાઈ, દિન-દિન અધિક વધાઈજી. ૪

## બીજ તિથિ સ્તુતિ

અજુવાલી તે બીજ સોહાવે રે, ચંદા રૂપ અનુપમ ભાવે રે;
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, સીમંધરને વંદણા કહેજો રે. ૧
વીશ વિહરમાણ જિનને વંદો રે, જિન શાસન પૂજી આણંદો રે;
ચંદા એટલું કામ મુજ કરજો રે,શ્રી સીમંધરને વંદણા કહેજો રે. ૨
શ્રી સીમંધર જિનની વાણી રે, તે તો પીતાં અમીય સમાણી રે;
ચંદા તુમે સુણી અમને સુણાવો રે, ભવ સંચિત પાપ ગમાવો રે. ૩
શ્રી સીમંધર જિનની સેવા રે, જિન શાસન ભાસન મેવા રે;
તુમે હોજો સંઘના ત્રાતા રે, મૃગ લંછન ચંદ્ર વિખ્યાતાં રે. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## બીજ તિથિ સ્તુતિ

દિન સકલ મનોહર, બીજ દિવસ સુવિશેષ;
રાય રાણા પ્રણમે, ચન્દ્ર તણી જિહાં રેખ.
તિહાં ચન્દ્ર વિમાને, શાશ્વતા જિનવર જેહ;
હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ. ૧
અભિનન્દન ચન્દન, શીતલ શીતલનાથ;
અરનાથ સુમતિ જિન, વાસુપૂજ્ય શિવસાથ.
ઇત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિરવાણ;
હું બીજ તણે દિન, પ્રણમું તે સુવિહાણ. ૨
પરકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત;
જેમ વિમલ કમલ દોય, વિપુલ નયન વિકસંત.
આગમ અતિ અનુપમ, જહાં નિશ્ચય વ્યવહાર;
બીજે સવિ કીજે, પાતકનો પરિહાર. ૩
ગજ-ગામિની કામિની, કમલ સુકોમલ ચીર;
ચક્કેસરી કેસરી, સરસ સુગંધ શરીર.
કર જોડી બીજે, હું પ્રણમું તસ પાય;
એમ લબ્ધિ વિજય કહે, પૂરો મનોરથ માય. ૪

## બીજની ચાર સ્તુતિની એક સ્તુતિ

મહાવીર સમકિત બીજને, કહે કેવલજ્ઞાને,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તીર્થંકર સર્વે કહે, ચંદ્ર સરખી પ્રમાણે;
સર્વ ધર્મનું બીજ છે, જૈનધર્મ અનાદિ,
સિદ્ધાયિકા ટાળતી, સર્વ સંઘ ઉપાધિ. ૧

## પંચમીની ચાર સ્તુતિની એક સ્તુતિ

સમવસરણમાં બેસીને, પ્રભુ વીરે પ્રકાશી,
પંચમી સહુ તીર્થંકરે, કથી જ્ઞાનવિલાસી;
જિનવાણી સહુ વેદના, સત્ય વેદ સમાની,
શાસનદેવીઓ સંઘની, કરે ભક્તિ વખાણી. ૧

## પંચમી તિથિ સ્તુતિ

શ્રાવણ સુદિ દિન પંચમી એ, જનમીયા નેમિ જિણંદ તો;
શ્યામ વરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચન્દ તો.
સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો;
અષ્ટ કરમ હેલે હણી એ, પહોંતા મુક્તિ મહંત તો. ૧
અષ્ટાપદ પર આદિ જિન એ, પહોંતા મુક્તિ મોઝાર તો;
વાસુપૂજ્ય ચમ્પાપુરી એ, નેમ મુક્તિ ગિરનાર તો.
પાવાપુરી નગરીમાં વલી એ, શ્રી વીરતણું નિર્વાણ તો;
સમેત-શિખર વીશ સિદ્ધ હુઆ એ, શિર વહું તેહની આણ તો. ૨
નેમિનાથ જ્ઞાની હુઆ એ, ભાખે સાર વચન તો;
જીવદયા ગુણ વેલડી એ, કીજે તાસ જતન તો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો;
અનન્ત તીર્થંકર એમ ભણે એ, પરિહરીએ પરનાર તો. ૩
ગોમેધ નામે જક્ષ ભલો એ, દેવી શ્રી અમ્બિકા નામ તો;
શાસન સાન્નિધ્ય જે કરે એ, કરે વલી ધર્મનાં કામ તો.
તપગચ્છ નાયક ગુણનીલો એ, શ્રી વિજય સેન સૂરિરાય તો;
ઋષભદાસ પાય સેવતાં એ, સફલ કરો અવતાર તો. ૪

## પંચમી તિથિ સ્તુતિ

પંચાનન્તક-સુપ્રપંચ-પરમાનન્દ-પ્રદાન-ક્ષમં,
પંચાનુત્તર-સીમ-દિવ્ય-પદવી-વશ્યાય મન્ત્રોપમમ્;
યેન પ્રોજ્જ્વલ-પંચમી-વરતપો વ્યાહારિ તત્કારણં,
શ્રી-પંચાનન-લાંછનઃ સ તનુતાં શ્રી વર્દ્ધમાનઃ શ્રિયમ્. ૧
યે પંચાશ્રવ-રોધ-સાધન-પરાઃ પંચ-પ્રમાદા-હરાઃ,
પંચાણુ-વ્રત પંચ-સુવ્રત-ધરાઃ પ્રજ્ઞાપના-સાદરાઃ;
કૃત્વા પંચ-હૃષીક-નિર્જ્જય-મથો પ્રાપ્તા ગતિં પંચમીં,
તેમી-સંયમ પંચમી-વ્રતભૃતાં તીર્થંકરાઃ શંકરાઃ. ૨
પંચાચાર-ધુરીણ-પંચમ-ગણાધીશેન સંસૂત્રિતં,
પંચજ્ઞાન-વિચાર-સાર-કલિતં પંચેષુ-પંચત્વદમ્;
દીપાભં ગુરુ-પંચમાર-તિમિરે-ષ્વેકાદશી-રોહિણી-,
પંચમ્યાદિ-ફલ-પ્રકાશન પટું ધ્યાયામિ જૈનાગમમ્. ૩
પંચાનાં પરમેષ્ઠિનાં, સ્થિરતયા શ્રી પંચમેરુ-શ્રિયં,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભક્તાનાં ભવિનાં ગૃહેષુ બહુશો યા પંચદિવ્યં વ્યધાત્;
પ્રસ્વે પંચ-જગન્-મનોમતિ-કૃતૌ સ્વારત્ન-પાંચાલિકા,
પંચમ્યાદિ-તપોવતાં ભવતુ સા સિદ્ધાયિકા ત્રાયિકા. ૪

## આઠમની ચાર સ્તુતિની એક સ્તુતિ

અષ્ટમી અષ્ટમી ગતિ દિયે, મહાવીર પ્રકાશે,
સર્વે તીર્થંકર કથે, આઠ કર્મ વિનાશે;
કેવલજ્ઞાન પ્રકાશતી, શ્રુતજ્ઞાને આરાધે,
શાસનદેવની સહાયથી, સંત મુક્તિને સાધે. ૧

## અગિઆરશની ચાર સ્તુતિની એક સ્તુતિ

એકાદશી અતિ ઉજળી, વીરદેવે પ્રકાશી,
કૃષ્ણ પાળી નેમના, ઉપદેશથી ખાસી;
જ્ઞાનવરણને ટાળીને, શુદ્ધજ્ઞાન પ્રકાશે,
દેવ-દેવીઓ સંઘની, ભક્તિ ઉજાસે. ૧

## એકાદશી તિથિ સ્તુતિ

અરસ્ય પ્રવ્રજ્યા નમિ-જિનપતે-ર્જ્ઞાન-મતુલં,
તથા મલ્લે-ર્જન્મ-વ્રત-મપમલં કેવલમલમ્;
વલ-ક્ષૈકાદશ્યાં સહસિલ-સદુદામ-મહસિ,
ક્ષિતૌ કલ્યાણાનાં ક્ષપતિ વિપદઃ પંચક-મદઃ. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુપર્વેન્દ્ર શ્રેણ્યાગ-મનગમનૈ-ર્ભૂમિ-વલયં,
સદા-સ્વર્ગત્યા-વાહમહ-મિકયા-યત્ર-સલયમ્;
જિનાના-મપ્યાપુઃ ક્ષણમતિ-સુખં નારક-સદઃ,
ક્ષિતૌ કલ્યાણાનાં ક્ષપતિ વિપદઃ પંચકમદઃ. ૨
જિના-એવં યાનિ-પ્રણિજગ-દુરાત્મીય સમયે,
ફલં-યત્કર્ત્તૃણા-મિતિ ચ વિદિતં શુદ્ધ-સમયે;
અનિષ્ટા-રિષ્ટાનાં-ક્ષિતિ-રનુભવેયુ-ર્બહુમુદઃ,
ક્ષિતૌ કલ્યાણાનાં ક્ષપતિ વિપદઃ પંચકમદઃ. ૩
સુરાઃ સેન્દ્રાઃ સર્વે સકલ-જિનચન્દ્ર-પ્રમુદિતા-,
સ્તથા ચ જ્યોતિષ્કા-ખિલ ભવનનાથા-સમુદિતાઃ;
તપો યત્કર્તૃણાં-વિદધતિ સુખં વિસ્મિત-હૃદં,
ક્ષિતૌ કલ્યાણાનાં ક્ષપતિ વિપદઃ પંચકમદઃ. ૪

## એકાદશી તિથિ સ્તુતિ

નિરુપમ નેમિ જિનેશ્વર ભાખે, એકાદશી અભિરામજી;
એક મને જેહ આરાધે, તે પામે શિવ ઠામજી.
તે નિસુણી માધવ પૂછે, મન ધરી અતિ આનંદજી;
એકાદશીનો એહવો મહિમા, સાંભલી કહે જિણંદજી. ૧
એકશત અધિક પચાસ પ્રમાણ, કલ્યાણક સવિ જિનનાજી;
તેહ ભણી તે દિન આરાધો, છંડી પાપ સવિ મનનાજી.
પોસહ કરીએ મન આદરીએ, પરિહરીએ અભિમાનજી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે દિન માયા મમતા તજીએ, ભજીએ શ્રી ભગવાનજી. ૨
પ્રભાતે પડિક્કમણું કરીને, પોસહ પણ તિહાં પારીજી;
દેવ જુહારી ગુરુને વાંદી, દેશના નીસુણો વાણીજી.
સાહમી જમાડી કર્મ ખપાવી, ઊજમણું ઘર માંડુજી;
અશનાદિક ગુરુને વહોરાવી, પારણું કરો પછી વારુજી. ૩
બાવીસમા જિન એણી પરે બોલે, સુણ તું કૃષ્ણ નરિંદાજી;
એમ એકાદશી જેહ આરાધે, તે પામે સુખ વૃંદાજી.
દેવી અંબાઈ પુણ્ય પસાયે, નેમીસર હિતકારીજી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંડિત હરખ વિજય તસ શિષ્ય, માન વિજય જયકારીજી. ૪

સર હરર...

(કલ્યાણકની થોય)

સર હરર ખલ ખલ, પ્રસંગ છબ છબ, ન્હવણ જલ ક્રોડો મણો,
ખણ ખણણ ત્રોટ્ ત્રોટ્, ટનાક ટન્ ટન્, ઘોષ કળશાઓ તણો,
સુર સંઘ નાચે છનન છુમ્ છુમ્, રણણ ઝૂમ ઝૂમ્ જયકરો,
શ્રી વીર પ્રભુનો જન્મ મહોત્સવ, જગતનું મંગલ કરો... ૧
પીંપીવ પૂં પૂં ત્રણણ ત્રુમ્ ત્રુમ્, ભણણ ભું ભું વાગતાં,
ધપ ખણણ ખલ બલ તડાક ત્રું ત્રું, ધડાક ધ્રું ધ્રું ગાજતાં,
જય જયઉ નંદા જયઉ ભદ્દા, જયઉ ખત્તિય બલ ધરો,
ચોવીસ જિનનો દીક્ષા ઉત્સવ, શાંતિ સદ્‌ગુણ પાથરો... ૨
ગમસારી ધપણી, તું તીણી તું, વીણા વાગે સુસ્વરે,
ધા ધા તતક ધીં, ધપં દ્રોં દ્રોં, દેવવાજા અનુસરે,
સ્યાદ્વાદનય નિક્ષેપ ભંગી, દ્રવ્ય ગુણનો સાગરો,
શ્રી વીરવાણી ધોધ સહુનો, કર્મ મલ દૂરે કરો... ૩
કડ કડડ ભુસ્ કડડાટ કરી, ભડભીર ભૈરવ ચૂરતો,
ધમ્ ધમ્ અવાજે ચાલતો, જિનભક્ત પરચા પુરતો,
ચારિત્ર-દર્શન વિઘ્નભંજન, ધર્મરક્ષા તત્પરો,
માણિભદ્રજી કલ્યાણમાળા, સંઘને કંઠે ઠવો... ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મંગલ-પાઠ

ચત્તારિમંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલમ્,
સાહુ મંગલં, કેવલિ પન્નતો ધમ્મો મંગલમ્.
ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,
સાહુ લોગુત્તમા, કેવલિ પન્નતો ધમ્મો લોગુત્તમો.
ચત્તારિ શરણં પવજ્જામિ, અરિહંતે શરણં પવજ્જામિ,
સિદ્ધે શરણં પવજ્જામિ, સાહુ શરણં પવજ્જામિ,
કેવલિ પન્નતં ધમ્મં શરણં પવજ્જામિ,
શિવમસ્તુ સર્વજગત; પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ
દોષા પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ.
સર્વથા સહુ સુખી થાઓ, પાપ કોઈ ન આચરો;
રાગદ્વેષથી મુક્ત થઈને, મોક્ષ સુખ સહુ જગ વરો.

## પાંચ તીરથ વંદના

આબુ અષ્ટાપદ ગિરનાર, સમેતશિખર શત્રુંજય સાર,
પાંચે તીરથ ઉત્તમ ઠામ, સિદ્ધિ વર્યા તેને કરું પ્રણામ.
પ્રભાતે ઊઠીને કરું પ્રણામ, શિયળવંતના લીજે નામ,
પહેલા નેમિ જિનેશ્વરરાય, બાળ બ્રહ્મચારી લાગું પાય.
બીજી જંબુ હોય વૈરાગ, અષ્ટ રમણીનો કીધો ત્યાગ,
ત્રીજા સ્થૂલિભદ્ર સાધુ સુજાણ, કોશ્યા પ્રતિબોધિ ગુણખાણ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોથા સુદર્શન શેઠ ગુણવંત, જેણે કીધો ભવનો અંત,
પાંચમા વિજય શેઠ નરનાર, વ્રત પાળી ઉતર્યા ભવપાર.
એહની જે જન સ્તુતિ કરે, શિવરમણીને વહેલા વરે,
પ્રભાતે ઊઠીને જે ગુણ ગાય, તસ ઘર લક્ષ્મી લ્હેરે થાય.

## ચાર શરણાં

અરિહા શરણં સિદ્ધાં શરણં સાહુ શરણં વરીએ
ધમ્મો શરણં પામી વિનયે, જિન આણા શિર ધરીએ.
ધમ્મો શરણં મુજને હોજો, આતમ શુદ્ધિ કરવા.
સિદ્ધા શરણં મુજંને હોજો, રાગદ્વેષને હણવા,
સાહુ શરણં મુજને હોજો, સંયમશૂરા બનવા.
ધમ્મો શરણં મુજને હોજો, ભવોદધિથી તરવા,
મંગલમય ચારેનુ શરણું, સઘળી આપદા ટાળે.
ચિદ્ઘન કેરી ડૂબતી નૈયા, શાશ્વત નગરે વાળે,
ભવોભવના પાપોને મારા, અંતરથી હું નિંદું છું.
સર્વ જીવોના સુકૃતોને, અંતરથી અનુમોદું છું.

## મૈત્રી ભાવના

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ સંતોના ચરણ કમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે.
દીન ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.
વીર પ્રભુની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેરઝેરના પાપ ત્યજીને, મંગલ ગીતો સૌ ગાવે.

## રાત્રે સૂતા પૂર્વે

સૌ પ્રથમ રાત્રે સૂતા પૂર્વે પરમાત્માની સ્તુતિઓ બોલી પ્રાર્થના કરવી, પ્રાર્થના પૂર્ણ થતાં બધાંએ નીચે મુજબનો પાઠ બોલવો.

હે પરમાત્મા! 'નિંદામિ' દિવસ દરમ્યાન કરેલા પાપોની સાચા દિલથી નિંદા કરું છું.

હે ભગવાન! 'ગરિહામિ' દિવસ દરમ્યાન કરેલા પાપોની ખરા હૃદયથી ગર્હા કરું છું.

હે દેવાધિદેવ! 'મિચ્છામિ દુક્કડમ્' દિવસ દરમ્યાન કરેલા પાપોનો-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂલોનો ભાવપૂર્વક મિચ્છામિ દુક્કડમ માગું છું.
હે જિનેશ્વર! 'અણુમોએમિ' દિવસ દરમ્યાન વિશ્વમાં જે કોઈ પણ સત્કાર્યો થયા હોય તે બધાની સાચા દિલથી અનુમોદના કરું છું.
હે પરમેશ્વર! 'વંદામિ' પરમ વંદનીય એવા પંચ પરમેષ્ઠી ભગવંતોના પાવન ચરણારવિંદમાં મસ્તક નમાવીને ભૂત, ભાવિ, વર્તમાનના ત્રણ કાળના અનંતાનંત પરમેષ્ઠી ભગવંતોને વંદન કરું છું સાચા દિલથી તેમનું શરણ સ્વીકારું છું. ચત્તારિ મંગલ આદિ ગાથાઓ બોલવી પછી બાર નવકાર ગણવા

માથે મલ્લિનાથ, કાને કુંથુનાથ,
હૈયે પાર્શ્વનાથ, સહાય કરે શાંતિનાથ.
એ ચારેને હાથ જોડવા કર્યા કર્મ તોડવા.
આદીશ્વર ભગવાનને દેહરે, સોનાનું કોડીયું રૂપાની વાટ.
આદીશ્વર ભગવાનનું ધ્યાન ધરું તો સુખે જાય રાત.
શિયળ મારે સંથારે, જ્ઞાન મારે ઓશીકે, ભર નિદ્રામાં કાળ
કરું તો આહાર ઉપધિ ને દેહ સર્વે મારે વોસિરે વોરિસે વોસિરે.
નવકાર મારો ભાઈ, આપણા બેઉની સાચી સગાઈ;
અંતકાળે આવી જા, મોક્ષમાર્ગ બતાવી જા.
આહાર શરીર ને ઉપધિ, પચ્ચક્ખું પાપ અઢાર;
મરણ થાય તો વોસિરે, જીવું તો આગાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રભુ તારું ગીત

પ્રભુ તારું ગીત મારે ગાવું છે,
પ્રેમનું અમૃત પાવું છે... પ્રભુ તારું૦
થાય જીવનમાં તડકા ને છાયા,
માગું હું તારી એક જ માયા
ભક્તિના રસમાં ન્હાવું છે... પ્રભુ તારું૦
ભવસાગરમાં નાવ ઝુકાવી,
ત્યાં તો ભયાનક આંધી ચડી આવી,
સામે કિનારે મારે જાવું છે... પ્રભુ તારું૦
તું વીતરાગી હું અનુરાગી,
તારા જીવનની રટ મને લાગી,
પ્રભુ તારા જેવું મારે થાવું છે... પ્રભુ તારું૦
હે કિરતાર મને આધાર તારો, જોજે ના તૂટી જાય.
હે પ્રભુ તારા પ્રેમનો ખજાનો, જોજે ના ખૂટી જાય.
તારો વિશ્વાસ મને આ અવનીમાં,
આપે પ્રકાશ જ્યોત આ રજનીમાં,
શ્રદ્ધાથી વાળી છે ગાંઠો મેં સ્નેહની, જોજે ના છૂટી જાય
શક્તિ પ્રમાણે ભક્તિ કરું છું,
આ જીવન તુજ ચરણે ધરું છું,
પ્રેમનો પ્યાલો પીવા જાઉં ત્યાં જોજે ના ફૂટી જાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગાઈ રહ્યો છું ગીત તુજ પ્રીતના,
સ્નેહથી ભરેલા સુરો સંગીતના,
લાખના હીરાને હાથમાંથી કોઈ, જોજે ના લૂંટી જાય.

## તમે મન મૂકીને વરસ્યા

તમે મન મૂકીને વરસ્યા, અમે જનમ જનમના તરસ્યા,
તમે મૂશળ ધારે વરસ્યા, અમે જનમ જનમના તરસ્યા.
હજારે હાથે તમે દીધું પણ, ઝોળી અમારી ખાલી,
જ્ઞાન ખજાનો તમે લૂંટાવ્યો, અમે રહ્યા અજ્ઞાની
તમે અમૃત રૂપે વરસ્યા, અમે જનમ જનમનાં તરસ્યા. ૧
સ્નેહની ગંગા તમે વહાવી, જીવન પાવન કરવા
પ્રેમની જ્યોતિ તમે જલાવી, આતમ ઉજ્જવળ કરવા
તમે સૂરજ થઈને ચમક્યા અમે અંધારામાં ભટક્યા. ૨
શબ્દે શબ્દે શાતા પામે, એવી આગમ વાણી
એ વાણીની પાવનતા ને, અમે શક્યા ના પિછાણી
તમે મહેરામણ થઈને મળીયા, અમે કાંઠે આવી અટક્યા. ૩

## પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર

પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર, તારા બાળકડાને કાજે,
કોઈ પ્રભુ પ્રભુ કરતો આવે, કોઈ પાર્શ્વની ધૂન મચાવે,
કરુણા કરજે કિરતાર, તારા બાળકડાને કાજે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ રાખજે૦ ૧

કોઈ ભાવે પુષ્પે પૂજે, કોઈ પ્રેમ દીપક પ્રગટાવે,
રક્ષા કરજે તારણહાર, તારા બાળકડાને કાજે.

પ્રભુ રાખજે૦ ૨

કોઈ ટળવળતા દુઃખ માટે, કોઈ રોતા હૈયા ફાટે,
તુમથી જેમ જોઈ શકાય, તારા બાળકડાને કાજે.

પ્રભુ રાખજે૦ ૩

પ્રભુ પારસનાથ અમારા, અમને પ્રાણ થકી છો પ્યારા,
મોક્ષ મારગના દેનારા, તારા બાળકડાને કાજે.

પ્રભુ રાખજે૦ ૪

## હે શંખેશ્વર સ્વામી

હે શંખેશ્વર સ્વામી, પ્રભુ જગ અંતરયામી
તમને વંદન કરીયે (૨) શિવ સુખના સ્વામી. હે૦૧
મારો નિશ્ચય એક જ સ્વામી, બનું તમારો દાસ(૨)
તારા નામે ચાલે (૨) મારા શ્વાસો શ્વાસ. હે૦ ૨
દુઃખ સંકટને કાપો સ્વામી, વાંછિતને આપો (૨)
પાપ હમારા હરજો (૨) શિવસુખને દેજો. હે૦ ૩
નિશદિન હું માંગુ છું સ્વામી, તુમ શરણે રહેવા (૨)
ધ્યાન તમારું ધ્યાવું (૨) સ્વીકારજો સેવા. હે૦ ૪
રાત દિવસ ઝંખું છું સ્વામી, તમને મળવાને (૨)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આતમ અનુભવ માગું (૨) ભવદુઃખ ટળવાને. હે૦ ૫
કરુણાના છો સાગર સ્વામી, કૃપાતણા ભંડાર (૨)
ત્રિભુવનના છો નાયક (૨) જગતના તારણહાર. હે૦ ૬

## અમી ભરેલી નજરુ

અમી ભરેલી નજરુ રાખો, મહાવીર શ્રી ભગવાન રે,
દર્શન આપો દુઃખડા કાપો, મહાવીર શ્રી ભગવાન હૈ. અમી૦ ૧
ચરણ કમલમાં શીશ નમાવું, વંદન કરું મહાવીરને,
દયા કરીને ભક્તિ લેજો, મહાવીર શ્રી ભગવાન રે. અમી૦ ૨
હું દુઃખિયારો તારે દ્વારે, આવી ઊભો મહાવીર રે,
આશિષ દેજો ઉરમાં લેજો, મહાવીર શ્રી ભગવાન રે. અમી૦ ૩
તારા ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો મહાવીર રે,
બની સુકાની પાર ઉતારો, મહાવીર શ્રી ભગવાન રે. અમી૦ ૪
ભક્તો તમારા કરે વિનંતી, સાંભળજો મહાવીર રે,
મુજ આંગણમાં વાસ તમારો, મહાવીર શ્રી ભગવાન રે.અમી૦ ૫

## હે ત્રિશલાના જાયા

હે ત્રિશલાના જાયા, માંગું તારી માયા,
ઘેરી વળ્યા છે મુજને મારા, પાપોના પડછાયા. હે૦ ૧
બાકુળાની ભિક્ષા વહોરી, ચંદનબાળા તારી (૨)
ચંડકોશીના ઝેર ઉતારી, એને લીધો ઉગારી (૨)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોહિણી જેવા ચોર લૂંટારા, તુજ પંથે પલટાયા. હે૦ ૨
જુદા થઈને પુત્રી જમાઈ, કેવો વિરોધ કરતાં (૨)
ગાળો દે ગોશાળો તોયે, દિલમાં સમતા ધરતાં (૨)
ઝેરના ઘૂંટડા ગળી જઈને, પ્રેમના અમૃત પાયા. હે૦ ૩
સુલસા જેવી શ્રાવિકાને, કરુણા આણી સંભારી (૨)
વિનવું છું હે મહાવીર સ્વામી, લેશો નહિ વિસારી (૨)
સળગંતા સંસારે દેજો, સુખની શીતળ છાયા. હે૦ ૪

## નામ હૈ તેરા

નામ હૈ તેરા તારણહારા, કબ તેરા દરશન હોગા
જિનકી પ્રતિમા ઇતની સુંદર, વો કિતના સુંદર હોગા... વો૦
સુરનર મુનિવર જિનકે આગે, નિશદિન શીશ ઝુકાતે હૈ
જો ગાતે હૈં, પ્રભુકી મહિમા, વો સબ કુછ પા જાતે હૈ
અપને કષ્ટ મિટાનેકો, તેરે ચરણોમેં વંદન હોગા
જિનકી પ્રતિમા૦ ૧

તુમને તારે લાખો પ્રાણી, યે સંતોકી વાણી હૈ
તેરી છબી પર મેરે ભગવન્, યે દુનિયા દિવાની હૈ
રૂમઝૂમ તેરી પૂજા રચાયે, મંદિરમેં મંગલ હોગા
જિનકી પ્રતિમા૦ ૨

તીન લોકકા સ્વામી તૂં હૈ, તૂ જગત કા દાતા હૈ
જન જનમસે યે મેરે ભગવંત, તેરા મેરા નાતા હૈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવસે પાર ઉતરને કો મેરે, ગીતોં કા સરગમ હોગા
જિનકી પ્રતિમા૦ ૩

## મજાનો અવસર

આવો રૂડો રે મજાનો અવસર નહિ રે મળે (૨)
તું તો દેવોનો છે દેવ, પાય પડી કરું સેવ
અવસર નહિ રે મળે. આવો રૂડો રે૦ ૧
મોંઘો રે માનવભવ નહીં રે ગુમાવું
તારી રે ભક્તિમાં ખામી કંઈએ ના રાખું
એકે પળ ના ચુકાય, એ તો કદી ના ભૂલાય
અવસર નહિ રે મળે. આવો રૂડો રે૦ ૨
તારા રે મારગડાનો હું છું પ્રવાસી,
તારી જેમ થાવાનો છું હુંયે અભિલાષી
માંગું છું હું તારો સાથ, પૂરી કરજે તું આશ
અવસર નહિ રે મળે. આવો રૂડો રે૦ ૩
કાળ અનાદિથી જીવડો આ ભટકે,
કંઈ કંઈ ગતિમાં જનમ લઈ રઝળે
આવ્યો નહિ એનો પાર, આખર આવ્યો તારે દ્વારે
અવસર નહિ રે મળે. આવો રૂડો રે૦ ૪
શ્રીસંઘ તારા ગુણલા ગાવે,
ભવોભવ તારું એ તો શરણું માંગે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એના પાપ પલાય, મુક્તિ મારગડે જાય
અવસર નહિ રે મળે. આવો રૂડો રે૦ ૫

## મુક્તિ મળે કે ના મળે

મુક્તિ મળે કે ના મળે, મારે ભક્તિ તમારી કરવી છે
મેવા મળે કે ના મળે, મારે સેવા તમારી કરવી છે
મુક્તિ મળે...૧

મારો કંઠ મધુરો ન હોય ભલે, મારો સૂર બેસૂરો હોય ભલે
શબ્દો મળે કે ના મળે, મારે સ્તવના તમારી કરવી છે
મુક્તિ મળે...૨

હું પંથ તમારો છોડું નહીં, ને દૂર દૂર ક્યાંયે દોડું નહીં
પુણ્ય મળે કે ના મળે, મારે પૂજા તમારી કરવી છે
મુક્તિ મળે...૩

આવે જીવનમાં તડકા છાયા, સુખના દૂર પડે પડછાયા
કાયા રહે કે ના રહે, મારે માયા તમારી કરવી છે
મુક્તિ મળે...૪

## મને જડ્યું રે

મને જડ્યું રે જગતમાં ઉપકારી, જિન શાસન સહુને સુખકારી
મને...૧

મને ગમ્યું રે જગતમાં જયકારી, જિન શાસન સહુને સુખકારી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મને...૨

જ્યાં રાય રંક ભુલાઈ જતાં, ત્યાં પાપીના પાપ ધોવાઈ જતાં

મને...૩

જ્યાં રાગદ્વેષ વિલાઈ જતાં, મોહમાયાના બંધન ભુલાઈ જતાં

મને...૪

જ્યાં ત્યાગી મુનિવર વિચરંતા, જિનવાણી તણાં ઝરણાં ઝરતાં

મને...૫

વિશ્વમંગલની ભાવના નિત્ય રહે, જીવદયા સંયમ તપે શોભી રહે

મને...૬

આવું શરણ સંગ જ્યાં હિતકારી, ગુણ ગાતાં દેતાં બલિહારી

મને...૭

## ભગવાન એક વરદાન આપી દે

તું મને ભગવાન એક, વરદાન આપી દે
જ્યાં વસે છે તું મને, ત્યાં સ્થાન આપી દે
હું જીવું છું એ જગતમાં, જ્યાં નથી જીવન
જિંદગીનું નામ છે બસ, બોજ ને બંધન
આખરી અવતારનું, મંડાણ બાંધી દે. જ્યાં વસે છે૦ ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ભૂમિમાં ખૂબ ગાજે, પાપના પરઘમ
બેસુરી થઈ જાય મારી, પુણ્યની સરગમ
દિલરૂબાના તારનું, ભંગાણ સાંધી દે. જ્યાં વસે છે૦ ૨
જોમ તનમાં જ્યાં લગી છે, સૌ કરે શોષણ
જોમ જાતા કોઈ અહીંયા, ના કરે પોષણ
મતલબી સંસારનું જોડાણ કાપી દે. જ્યાં વસે છે૦ ૩

## રંગાઈ જાને રંગમાં

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં,
મહાવીર તણા સત્સંગમાં, આદિનાથ તણા રંગમાં, રંગાઈ જાને...
આજ ભજશું, કાલે ભજશું, ભજશું આદિનાથ
ક્યારે ભજશું પારસનાથ, શ્વાસ ખૂટશે, નાડી તૂટશે (૨)
પ્રાણ નહીં રે તારા અંગમાં... રંગાઈ જાને...
સૌ જીવ કહેતા પછી જપીશું, પહેલા મેળવી લોને દામ,
રહેવાના કરી લો ઠામ, પ્રભુ પડ્યો છે એમ ક્યાં રસ્તામાં (૨)
સૌ જન કહેતા રંગમાં... રંગાઈ જાને...
ઘડપણ આવશે ત્યારે ભજશું, પહેલા ઘરના કામ તમામ
પછી ફરશું તીરથધામ, આતમ એક દી ઉડી જાશે(૨)
તારી કાયા રહેશે પલંગમાં.... રંગાઈ જાને...
બત્રીસ જાતના ભોજન જમતા, વેળા કરીને ભાઈ,
એમાં ક્યાંથી સાંભળે નાથ, દાનપુન્યથી દૂર રહ્યો તું,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફોગટ ફરે છે ઘમંડમાં... રંગાઈ જાને...

## ઝમગતા તારલાનું

ઝગમગતા તારલાનું દેરાસર હોજો
એમાં મારા પ્રભુજીની પ્રતિમા હોજો
ઝગમગતા...

અમે અમારા પ્રભુજીને... ફૂલોથી વધાવીશું
ફૂલો નહિ મળે તો અમે... કળીઓથી સજાવીશું
કળીઓથી સુંદર ડમરો હોશે... એમાં મારા૦
અમે અમારા પ્રભુજીને... સોનાથી સજાવીશું
સોનું ના મળે તો... અમે રૂપાથી સજાવીશું
રૂપાથી સુંદર હિરલા હોશે... એમાં મારા૦
અમે અમારા પ્રભુજીને... મંદિરમાં પધરાવીશું
મંદિર ના મળે તો... અમે હૃદયમાં પધરાવીશું
હૃદય સિંહાસન પર બિરાજો... એમાં મારા૦

## મારી આંખોમાં શંખેશ્વર

મારી આંખોમાં શંખેશ્વર આવજો રે,
હું તો પાંપણના પુષ્પે વધાવું
મારા હૈયાના હાર બની આવજો...
તમે વામાદેવીના જાયા, ત્રણ લોકમાં આપ છવાયા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારા મનનાં મંદિરમાં પધારજો...
ભવસાગર છે બહુ ભારી, ઝોલા ખાતી રે નાવડી મારી
નૈયાના સુકાની બની આવજો...
મને મોહરાજાએ હરાવ્યો, મને મારગ તારો ભુલાવ્યો
જીવનના સારથિ બની આવજો...
મારા દિલમાં રહ્યા છો આપ, મારા મનમાં ચાલે તારો જાપ
મારા મનમાં મયૂર બની આવજો...

## શબ્દમાં સમાય નહીં

શબ્દમાં સમાયે નહિ એવો તુ મહાન
કેમ કરી ગાવા મારે તારા ગુણગાન
ગજુ નથી મારું એવું કહે આ જબાન
કેમ કરી ગાવા પ્રભુ તારા ગુણગાન.
હો ફૂલડાના બગીચામાં ખીલે ઘણાં ફૂલો
સૂંઘવા આવેલ ભ્રમર પડે ભૂલો
એમ તારી સુરભિ ભુલાવે મને ભાન. કેમ કરી૦
હો અંબરમાં ચમકે અસંખ્ય સિતારા,
પાર કદી પામે નહિ એને ગણનારા,
ગુણ તારા ઝાઝા ને થોડું મારું જ્ઞાન. કેમ કરી૦
હો વણથંભ્યા મોજાં આવે સરોવરને તીરે
જોતાં ધરાયે નહીં મનડું લગીરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક થકી એક ઊંચા તારાં પરિણામ, કેમ કરી૦
હો પૂરું તો પુરાય નહિ કલ્પનાના રંગો
હારી જાય મારા તર્કના તરંગો
અટકીને ઊભું રહે મારું અનુમાન. કેમ કરી૦

## યહ હૈ પાવન ભૂમિ

યહ હૈ પાવન ભૂમિ, યહાં બાર બાર આના,
પ્રભુ વીરકે ચરણોંમેં, આકર કે ઝૂક જાના. યહ૦
તેરે મસ્તક પેં મુગટ હૈ... તેરે કાનોમેં કુંડલ હૈ,
તું તો કરુણા સાગર હૈ, મુજ પર કરુણા કરના. યહ૦
તું જીવન સ્વામી હૈ, તું અંતર્યામી હૈ,
મેરી બિનતી સુન લેના, ભવ પાર કર દેના. યહ૦
તેરી સાવલી સૂરત હૈ, મેરે મનકો લુભાતી હૈ,
મેરે પ્યારે પ્યારે જિનરાજ, યુગ-યુગ મેં અમર રહેના. યહ૦
તેરા શાસન સુંદર હૈ, સભી જીવો કા તારક હૈ,
મેરી ડૂબ રહી નૈયા, નૈયા પાર લગા દેના. યહ૦

## તારા શરણે આવ્યો છું...

તારા શરણે આવ્યો છું સ્વીકારી લે
મને લઈ જા પ્રભુ તારા ધામમાં;
તારું શરણું પ્રભુજી, સ્વીકારું છું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મને લઈ જા પ્રભુ તારા ધામમાં.
લાવી દો નૈયા પ્રભુજી કિનારે
ફસાયો છું હું પ્રભુજી આ ચકરાવે
મારા તારણહાર મને તારી લ્યો
મને લઈ જા પ્રભુ તારા ધામમાં.
તારે મંદિરીએ દેવતાઓ આવે
દેવતાઓ આવે તારી ધૂન મચાવે
મારે પ્રભુ તારું ગીતડું ગાવું છે
મને લઈ જા પ્રભુ તારા ધામમાં.
તારે મંદિરીએ નોબત વાગે
નોબત વાગે સૌનો આતમ જાગે
મારે પ્રભુ તારી ભક્તિમાં ભીંજાવું છે
મને લઈ જા પ્રભુ તારા ધામમાં.

## ચાર દિવસનાં ચાંદરણાં પછી

ચાર દિવસના ચાંદરણાં પર જૂઠી મમતા શા માટે?
જે ના આવે સંગાથે, તેની માયા શા માટે?
આ વૈભવ સાથે ના આવે... પ્યારા સ્નેહીઓ સાથે ના આવે,
તું ખૂબ મથ્યો જેને મેળવવા... આ જોબન સાથે ના આવે,
અહીંનું છે તે અહીં રહેવાનું... તેની માયા શા માટે?
મ્હેં બાંધેલી મહેલાતોને... એ દોલતનું ત્યારે શું થાશે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાવું પડશે જો અણધાર્યું... પરિવારનું ત્યારે શું થાશે
સહુનું ભાવી સહુની સાથે... તેની ચિંતા શા માટે?
સુંવાળી દોરીના બંધન... આજે સહુ પ્રેમ થકી બાંધે
તૂટે તંતુ આયુષ્યનું... એમાં કોઈ ત્યારે ના સાંધે,
ભીડ પડે ત્યારે તડ તડ તૂટે... એવા બંધન શા માટે?

## એક ઘડી પ્રભુ...

એક ઘડી પ્રભુ ઉર એકાન્તે, આવીને સ્નેહે મળે,
સોનામાં સુગંધ ભળે... ૧
ખોયું હોય જીવનમાં જે જે, પાછું આવી મળે,
જ્યાં જ્યાં હાર થઈ જીવનમાં, ત્યાં ત્યાં જીત મળે.
સોનામાં સુગંધ ભળે... ૨
ના કઈ લેવું ના કઈ દેવું, ચિંતા એની ટળે,
ના હોય મૃત્યુ, ના હોય જીવન, ફેરા જગના ટળે.
સોનામાં સુગંધ ભળે... ૩
કર્મ કીધા હોય જે જીવનમાં, સઘળા સાથે બળે,
કરૂણા સાગર વીર પ્રભુનો, સાચો સંબંધ મળે.
સોનામાં સુગંધ ભળે... ૪

## અમે જનમ જનમના તરસ્યા

પ્રભુ મન મૂકીને વરસ્યા, તમે મન મૂકીને વરસ્યા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમે જનમ જનમના તરસ્યા, તમે મન...
હજાર હાથે તમે દીધું પણ, જોળી હમારી ખાલી,
જ્ઞાન ખજાનો તમે લુંટાવ્યો, તો પણ અમે અજ્ઞાની,
તમે સૂરજ થઈને ચમક્યાં, અમે અંધારે અટવાયા,
તમે મન...

શબ્દે શબ્દે શાતા આપે, એવી તમારી વાણી,
એ વાણીની પાવનતાને, અમે કદીના પીછાણી,
તમે મહેરામણ થઈ ઉમટ્યાં, અમે કાંઠે આવી અટક્યા,
તમે મન...

સ્નેહની ગંગા તમે વહાવી, જીવન નિર્મળ કરવા,
પ્રેમની જ્યોતિ તમે જગાવી, આતમ ઉજ્જવળ કરવા,
તમે અમૃતરૂપે વરસ્યા, અમે જનમ જનમના તરસ્યા.
તમે મન...

## પ્રભુ તારું મંદિર, પ્રભુ તારી પૂજા

પ્રભુ તારું મંદિર, પ્રભુ તારી પૂજા,
પ્રભુ તારી ભક્તિ, અમોને ગમે છે.
જીવનમાં નિરાશાના તિમિર છવાયા,
અમે સ્વાર્થ વૃત્તિના શસ્ત્રે ઘવાયા,
જીવનમાં નિરાશા, તમે એક આશા,
મિટાવો નિરાશા મિટાવો પિયાશા... પ્રભુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યો છુ દ્વારે તમારે સહારે,
લાવી દો નૈયા પ્રભુજી કિનારે.
તમે છો દયાળુ, તમે છો કૃપાળુ,
શીશ આ ઢાળું તને એક ભાળુ... પ્રભુ.
ભવો ભવ ભટકું મળે ના કિનારો,
તમારા વિના પ્રભુ કોઈના સહારો.
ભટકે છે રાહી, બને માર્ગદાયી,
તમે સુખદાયી ને મંગળદાયી... પ્રભુ

## મારો હેલો સાંભળો

શત્રુંજયના રાજા, નાભિરાયાના બેટા,
માતા મરૂદેવીના નંદ... મારો હેલો સાંભળો રે.
હુકમ કરો તો દાદા જાત્રાએ આવું,
ભવોભવના કર્મ ખપાવી,
મોક્ષપુરીમાં જાવું... મારો હેલો સાંભળો રે.
ઉંચા ઉંચા ડુંગરોને, વસમી છે વાટ,
કેમ કરીને આવું દાદા,
પકડો મારો હાથ... મારો હેલો સાંભળો રે.
નર અને નારી તારી જાત્રાએ આવે,
જનમો જનમ ના કર્મ ખપાવી,
મોક્ષપુરીમાં જાવે... મારો હેલો સાંભળો રે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આદિશ્વર દાદા અદ્‌ભૂત લીલા તારી,
આ સેવકને હાથ પકડી,
લઈ લો તમે ઉગારી... મારો હેલો સાંભળો રે.

## અજવાળાં દેખાડો

અજવાળાં દેખાડો... અંતર દ્વાર ઉઘાડો.
પ્રભુજી... અજવાળાં દેખાડો...
પ્રભુજી... અંતરદ્વાર ઉઘાડો.
કામ ક્રોધ મને ભાન ભુલાવે
માયા મમતા નાચ નચાવે
સત્ય માર્ગ ભૂલી ભટકું છું
રાત સૂઝે ના દહાડો... પ્રભુજી.
વિપદાના વાદળ ઘેરાતા
મને અશુભ ભણકારા થાતા
ચારેકોર સંભળાતી મુજને
આજ ભયંકર રાડો... પ્રભુજી.
નરક નિગોદથી તેં પ્રભુ તાર્યો
અનંત દુઃખોથી મુજને ઉગાર્યો
એક ઉપકાર કરો હજી મુજ પર
જનમ મરણ ભય ટાળો... પ્રભુજી.
જન્મ જીવનના તમે છો ત્રાતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુમે પ્રભુ મારા ભાગ્ય વિધાતા
એક ઉપકાર કરો હજી મુજ પર
નહિ ભૂલું ઉપકારો... પ્રભુજી.

## અહિંસાના આદેશો...

અહિંસાના આદેશો અપનાવીને
શાંતિના માર્ગે જાવું રે
મહાવીર પ્રભુ તમારા જેવા મારે થાવું
ઓ વીર પ્રભુ તમારા જેવા મારે થાવું
ચંડકૌશિકના નાગના જેવા
ઝેરી ને વેરી નથી થાવું... ઓ વીર.
અને રે... દુશ્મનને પણ દોસ્ત બનાવીને
ત્યાગી વીતરાગી મારે થાવું રે મહાવીર પ્રભુ.
ભરવાડે ખીલા કાનમાં ઠોક્યા-
એવા અનાડી નથી થાવું... ઓ વીર.
અને રે... તમારા જેવા ધ્યાન ધરીને
સમતાધારી મારે થાવું રે... મહાવીર પ્રભુ.
જૂઠી દુનિયામાં રાગ ને દ્વેષમાં
મારે નથી અટવાવું... ઓ વીર.
અને રે... દીન દુઃખિયારાની સેવા કરીને
સેવાભાવી મારે થાવું રે... મહાવીર પ્રભુ.
તમારે શરણે આવીને મારે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજે ક્યાં હવે જાવું... ઓ વીર.
અને રે... ચંદના જેવી ટેક ધરીને
એવા ટેકધારી મારે થાવું રે
નેમ રાજુલ જેવા સંયમ ધરીને
સંયમધારી મારે થાવું... એ વીર

## અમી ભરેલી નજરું

અમી ભરેલી નજરું રાખો... મહાવીર શ્રી ભગવાન રે
દર્શન આપો દુઃખડાં કાપો... મહાવીર શ્રી ભગવાન રે
ચરણ કમળમાં શીશ નમાવું... વંદન કરું મહાવીર રે
દયા કરીને ભક્તિ દેજો... મહાવીર શ્રી ભગવાન રે
હું દુઃખિયારો તારે દ્વારે... આવી ઊભો મહાવીર રે
આશિષ દેજો ઉરમાં લેજો... મહાવીર શ્રી ભગવાન રે
તારા ભરોસે જીવન નૈયા... હાંકી રહ્યો મહાવીર રે
બની સુકાની પાર ઉતારો... મહાવીર શ્રી ભગવાન રે
ભક્તો તમારા કરે વિનંતી... સાંભળજો મહાવીર રે
મુજ આંગણમાં વાસ તમારો... મહાવીર શ્રી ભગવાન રે

## આશા ભરીને...

આશ ભરીને આવ્યો સ્વામી
ભક્તિમાં નવિ રાખું ખામી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂરજો મારી આશ... ઓ શંખેશ્વરા
રાખજો મારી લાજ.. ઓ શંખેશ્વરા
તાર હો તાર હો પ્રભુજી
હું તો જેવો છું તેવો તમારો
કોઈ નથી અહીં મારું
પ્રભુ આપી દે મુજને સહારો
પાર કરો... ઉદ્ધાર કરો...
મુજ જીવન નૈયાને... ઓ શંખેશ્વરા
ભાન ભૂલીને ગયો છું
સન્મતિ તું મુજને દેજે
રાહ ભૂલી ગયો છું
મને રાહ બતાવી દેજે
માયા કેરી આ દુનિયામાં
રઝળી પડ્યો છું આજ... ઓ શંખેશ્વરા

## આશરા ઇસ જહાં કા...

આશરા ઈસ જહાં કા મિલે ના મિલે
મુજ કો તેરા સહારા સદા ચાહિયે... આશરા.
યહાં ખુશીયાઁ હૈ કમ ઔર જ્યાદા હૈ ગમ
જહાં દેખો વહાં હૈ ભરમ હી ભરમ
મેરી મહેફીલ મેં (૨) શમાં જલે ના જલે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુજકો તેરા ઉજાલા સદા ચાહિયે
મેરી ધીમી હૈ ચાલ ઔર પથ હૈ વિશાલ
હર કદમ પર મુસીબત હૈ... અબ તો સંભાલ
પૈર મેરે થકે હૈ... (૨) ચલે ના ચલે...
મુજકો તેરા ઇશારા સદા ચાહિયે
કભી વૈરાગ હૈ કભી અનુરાગ હૈ
જહાં બદલતે હૈ માલી વો હી બાગ હૈ
મેરી ચાહત કી દુનિયા બસે ના બસે
મેરે દિલમેં બસેરા તેરા ચાહિયે... આશરા ઇસ જહાઁ કા

## એક જન્મ્યો રાજદુલારો...

એક જન્મ્યો રાજ દુલારો દુનિયાનો તારણહારો,
વર્ધમાનનું નામ ધરીને... પ્રગટ્યો તેજ સિતારો.
પૃથ્વી પરથી અંધકારનાં... વાદળ જાણે વીખરાયાં
ગાયે ઉમંગે (૨) ગીત અપ્સરા દેવોનાં મન હરખાયાં
નારકીનાં જીવોએ નીરખ્યો; તેજ-તણો ઝબકારો... એક જન્મ્યો.
ધાન વધ્યાં ધરતીનાં પેટે... નીર વધ્યાં સરવરિયાનાં
ચંદ્ર સૂરજનાં (૨) તેજ વધ્યાંને, સંપ વધ્યા સૌ માનવના
દુઃખના દિવસો દૂર ગયાં ને... આવ્યો સુખનો વારો... એક જન્મ્યો.
રંક જનોના દિલમાં પ્રસર્યું... આશ ભરેલું અજવાળું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બેલી આવ્યો (૨) દીનદુઃખિયાનો, રહેશે ના કોઈ નોધારું
ભીડ જગતની ભાંગે એવો સૌનો પાલનહારો... એક જન્મ્યો.
વાગે છે શરણાઈ ખુશીની સિદ્ધારથનાં આંગણિયે
હેતે હીંચોળે ત્રિશલારાણી... બાલકુંવરને પારણિયે
પ્રજા બની આનંદે ઘેલી... ઘર ઘર ઉત્સવ પ્યારો... એક જન્મ્યો.

## એવી લાગી લગન

એવી લાગી લગન... બન્યો ધ્યાનમાં મગન
હું તો ઘડી ઘડી... વીર! વીર ગાયા કરું એવી લાગી.
હૈયે તારું સ્મરણ... હોઠે તારું રટણ,
હું તો પળે પળે... પ્રભુ તને યાદ કરું! એવી લાગી.
આંખ મીચું સ્વપ્નમાં તું આવ્યા કરે
મારું રોમ રોમ સદા તને ગાયા કરે
હું તો વીર, વીર, વીર ગાયા કરું એવી લાગી.
મારા જીવનનો પ્રાણ... મારા મનનો તું મિત
તને પામીને કર્મોથી કરવી છે જીત
હું તો ફરી ફરી તારી પાસે આવ્યા કરું! એવી લાગી.

## ઓ વીર તારું શાસન...

(રાગ: આવો બચ્ચોં તુમે દીખાએ...)

ઓ વીર! તારું શાસન મુજને... પ્રાણ થકી પણ પ્યારું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારા શાસન કાજે મરી ફીટવાની હિંમત ધારુ
જૈન જયતિ શાસનમ્...(૨)
વૈશાખ સુદ અગિયારસ દિવસે શાસન સ્થપાયું તેં તો
ભવ તરવા કાજે એ નાવડું... તરતું મૂક્યું તેં તો
જન્મ્યા અમે જિનશાસન માંહી... ગૌરવ એનું ધારું
ઓ વીર! તારું શાસન.

ચોર લૂંટારું ડાકુ તર્યા... તારા આ શાસનથી
આશા છે નિશ્ચય અમે તરીશું. ભીમ ભયંકર ભવથી
લોહી તણાં આ બુંદે બુંદે... શાસન પ્રેમ વધારું
ઓ વીર!

તુજ શાસનની રક્ષા કાજે... કુરબાની છે મારી
અંગે અંગે વ્યાપી ગઈ છે... જિનશાસન ખુમારી
પ્રાણ અમારો ઋણ અમારું... હે વીર! શાસન તારું
ઓ વીર!

વિષયો કેરી આગને ઠારે... શાસનરૂપી પાણી
પાપીને પણ પુનિત કરતી... વીરની મધુરી વાણી
રગરગમાંહી નસનસ માંહી... વસજો શાસન તારું
ઓ વીર!

જુગ જુગ સુધી જગહિત કાજે જીવો આ જિનશાસન
એના ચરણે ધરશું અમે આ તનમન ને નરજીવન
શાસન કેરી જ્યોતિ કાપે... પાપતણું અંધારું...



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓ વીર!

શાસનકેરી ભક્તિ કરતાં... દેહ ભલે છૂટી જાતો
મોત મળે શાસન ખાતર તો... અંગે હરખ ન માતો
જયવંતુ જિનશાસન પામી... લાગે જગ આ ખારું

ઓ વીર!

## ઓ વીર તારા ચરણકમળમાં

ઓ વીર તારા ચરણકમળમાં આ જીવન કુરબાન છે,
મારા જીવનની નૌકાનું તુજ હાથે સુકાન છે.
સુખ આવે કે દુઃખ આવે મને કંઈ નહીં ભાન રે,
તારી ભક્તિમાં મસ્ત બનીને આ કાયા કુરબાન છે... ઓ વીર!
ભવસાગરમાં આવી છે આંધી એમાંથી મને તારજે,
મને તો તારી એક જ આશા તું મારો આધાર છે... ઓ વીર!
તારી સેવામાં મસ્ત બનું ને બીજું મારે નહીં કામ રે,
તારી પૂજામાં મસ્ત બનીને તારા ગુણલા ગાવા છે... ઓ વીર!
તારી ભક્તિમાં આંચ ન આવે એટલું મારું ધ્યાન છે,
આ દુનિયાની મોહમાયામાં તું એક તારણહાર છે... ઓ વીર!
ભવના મુસાફર પ્રેમે વિનવે, ભક્તોને તમે તારજો,
ભક્ત અંતરથી આગ્રહ કરતો પ્રેમે વહેલા આવજો.... ઓ વીર!

## આવ્યો દાદાને દરબાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યો દાદાને દરબાર કરો ભવોદધિ પાર
ખરો તું છે આધાર... મોહે તાર તાર તાર.
આત્મ ગુણોનો ભંડાર તારા મહિમાનો નહિપાર
દેખ્યો સુંદર દેદાર... કરો પાર પાર પાર.
તારી મૂર્તિ મનોહર હરે મનનાં વિકાર
ખરો હૈયાનો હાર... વંદુ વાર વાર વાર.
આવ્યો દેરાસર મોજાર કર્યા જિનવર જુહાર
પ્રભુચરણ આધાર... ખરો સાર સાર સાર.
તુજ બાળને સુધાર તારી લબ્ધિ છે અપાર
એની ખૂબીનો નહિ પાર... વિનતી ધાર ધાર ધાર

## કરૂણાના કરનારા

ઓ કરૂણાના કરનારા! તારી કરૂણાનો કોઈ પાર નથી,
મારા સંકટને હરનારા... તારી.
મેં પાપ કર્યા છે એવા, હું ભૂલ્યો તારી સેવા,
મારી ભૂલોના ભૂલનારા... તારી.
હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી,
અવળી સવળી કરનારા... તારી.
ઓ પરમકૃપાળુ વ્હાલા, મેં પીધા વિષના પ્યાલા,
વિષને અમૃત કરનારા... તારી.
ભલે છોરું કછોરું થાયે, તું માવિતર કહેવાયે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મીઠી છાયાના દેનારા... તારી.
મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો,
મોક્ષ મારગના દેનારા... તારી.
છે ભક્તનું જીવન ઉદાસી, તારા શરણે લે વીતરાગી,
ભક્તોના દિલ હરનારા... તારી.

## ઇતની શક્તિ હમેં દેના...

ઇતની શક્તિ હમેં દે ના દાતા
મન કા વિશ્વાસ કમજોર હો...ના
હમ ચલે નેક રસ્તે પે હમસે
ભૂલકર ભી કોઈ ભૂલ હો ના...
દૂર અજ્ઞાન કે હો અંધેરે
તૂં હમેં જ્ઞાન કી રોશની દે
હર બુરાઈ સે બચક રહે હમ
જિતની ભી દે ભલી જિંદગી દે...
વૈર હો ના કિસી કા કિસીસે
ભાવના મન મેં બદલે કી હો ના... ૧
હમ ન સોચેં હમેં ક્યા મિલા હૈ
હમ યે સોચે કિયા ક્યા હૈ અર્પણ...
ફૂલ ખુશીયોં કે બાટે સદા હમ
સબકા જીવન બન જાયે મધુવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપની કરુણા કા જલ તૂં બહા કે
કર દે પાવન હર ઇક મન કા કોના... ૨

## ક્યારે બનીશ હું સાચો રે સંત...

ક્યારે બનીશ હું સાચો રે સંત
ક્યારે થશે મારા ભવનો રે અંત
લાખ ચોરાશીના ચોરે ચૌટે
ભટકી રહ્યો છું મારગ ખોટે
ક્યારે મળશે મુજને મુક્તિનો પંથ... ક્યારે થશે.
કાળ અનાદીની ભૂલો છૂટે ના
ઘણુંયે મથું તોયે પાપો ખૂટે ના
ક્યારે તોડીશ એ પાપોનો તંત... ક્યારે થશે.
છકાય જીવની હું હિંસા રે કરતો
પાપો અઢારે જરી ના વિસરતો
મોહ માયાનો હું રટતો રે મંત્ર... ક્યારે થશે.
પતિત પાવન ઓ પ્રભુજી ઉગારો
રત્નત્રયીનો હું યાચક તારો
ભક્ત બની મારે થાવું મહંત... ક્યારે થશે.

## ગમે તે સ્વરૂપે...

ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ મારા વંદન... પ્રભુ મારા વંદન
ભલે ના નિહાળું... નજરથી તમોને
મળ્યા ગુણ તમારા... સફળ મારું જીવન... ગમે તે સ્વરૂપે.
જન્મ અસંખ્ય મળ્યા તે ગુમાવ્યા
ન કર્યો ધર્મ કે... તમોને સંભાર્યા
હવે આ જીવનનાં... કરું હું વિનંતિ
સ્વીકારો તમે તો... તૂટે મારાં બંધન... ગમે તે સ્વરૂપે.
મને હોંશ એવી... ઊજાળું જગતને
મળે જો કિરણ મારા... મનના દીપકને
તેથી તેજ આપો... જલાવું હું જ્યોતિ
અમરપંથે સહુને... કરાવે તું દર્શન... ગમે તે સ્વરૂપે.

## જીવનના મહાસાગરમાં...

જીવનના મહાસાગરમાં એવું... આવ્યું પાપનું પૂર રે
મહાવીર તારા મારગથી... અમે લાખો જોજન દૂર રે
સિદ્ધિના શિખરે સ્થાન ક્યાં તારુંને, ક્યાં છે અમારી તળેટી
વિરાટને કહો કેમ કરીને જંતુ શકે ના ભેટી
સૂરજના તેજ પાસે પેલા તારલિયાનું શું નૂર રે ...મહાવીર.
સંકટને ઉપસર્ગો સામે કેવી સમતા તારી
મોહને મમતામાં અમે રમતાં... કરીએ મારામારી
તું વીતરાગી... અમે રંગરાગી... વિલાસમાં ચકચૂર રે...મહાવીર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિર્મળ ગંગા જેવી તારી... પાવનકારી વાણી
કાળાધોળા કૂડકપટથી... કરીએ કાળી કમાણી
તું કરુણાસાગર ને અમે તો કાળજાના નિષ્ઠુર રે ...મહાવીર.
તારા ને અમારા વચ્ચે... અંતર કેટલું મોટું
તોયે નિરંતર ભરિયે અમે તો... પગલું ખોટું ને ખોટું
તેમ છતાંયે ઉર અમારા. ઝંખે તને જરૂર... મહાવીર.

## તારે દ્વારે આવીને...

તારે દ્વારે આવીને કોઈ ખાલી હાથે જાય ના
કરુણાનિધાન... (૨) ૧
આ દુનિયામાં કોઈ નથી રે તુજ સરીખો દાતાર
અપરંપાર દયા છે તારી, તારા હાથ હજાર
તારી જ્યોતિ પામીને કોઈ અંધારે અટવાય ના...
કરુણાનિધાન... (૨) ૨
શરણે આવેલાનો સાચો તું છે રક્ષણહાર
ડગમગતી જીવનનૈયાનો તું છે તારણહાર
તારે પંથે જનારો કદીયે ભવરણમાં ભટકાય ના...
કરુણાનિધાન... (૨) ૩
ખૂટે નહિ કદાપિ તારો પ્રેમખજાનો
મુક્તિનો મારગ બતલાવે, એવો પંથ મજાનો
તારે શરણે જે કોઈ આવે, રંક પણ રહી જાય ના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાપ કરતાં માપ રાખ્યું હોય તો...

### (રાગ - આંખડી મારી પ્રભુ)

પાપ કરતાં માપ રાખ્યું હોત તો
આજ મારી હાલત આ ન હોત જો... પાપ કરતાં
કર્મરાજા કોઈને મૂકતા નથી
સત્ય એ મેં યાદ રાખ્યું હોત તો... પાપ કરતાં.
સુખમાં રહેવું ગમે છે સર્વને
અન્યને મેં દુઃખ દીધું ના હોત જો... પાપ કરતાં.
જંતુને પણ જીવ વ્હાલો હોય છે
કોઈનો મેં જીવ લીધો ના હોત તો... પાપ કરતાં.
અન્ન ખાતા-બોલતાં કે ચાલતાં
કાળજી થોડી રાખી હોત જો... પાપ કરતાં.
સો ગણો બદલો મળે છે પાપનો
એ વચનને માન આપ્યું હોત તો... આજ.

## મહામંત્ર છે મોટો જગમાં

મહામંત્ર છે મોટો જગમાં, એક જ શ્રી નવકાર રે
ધૂન લગાવો સાથે મળી સહું, એ છે તારણહાર રે...
નમો અરિહંતાણં કહેતા, તરિયે સાગર પાર રે (૨)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમસ્કાર હોજો સિદ્ધોને, કોટિ કોટિ વાર રે (૨)
આચાર્ય ભગવંતો ને હું, વંદુ વારંવાર રે... ધૂન.
ઉપાધ્યાય સ્વાધ્યાય દઈને, કરે સદા ઉપકાર રે...(૨)
સાધુની સેવા કરવાને, થાજો સૌ તૈયાર રે...(૨)
એ પાંચેની ભક્તિ કરીને, સફળ કરો અવતાર રે... ધૂન
નવકારના અનેક ગુણો, ગણતા નાવે પાર રે...(૨)
એમાં પૂર્ણપણે સમાયો ચૌદ પૂર્વનો સાર રે...(૨)
ધન્ય ધન્ય અવતાર જેનો, સમરે શ્રી નવકાર રે... ધૂન

## મારા હૈયા વિરાજતા આદિનાથ

મારા હૈયે વિરાજતા આદિનાથજી, જિનવરજી, મહાવીરજી
જેના દર્શન કરીને થયું પાવન આ મન
જેના મુખડાં ને જોઈ બન્યું જીવન આ ધન્ય
મારા વીર રે પ્રભુ...
હું તો વીર પ્રભુજીની ભક્તિ રે કરું
મારું જીવન આખું એના ચરણે ધરું
તારા મુખડાંને જોઈ દાદા નમન કરું, મારું મોહી લીધું મન...
હું તો નામ રટણ કરું ઘડી રે ઘડી
હવે સાંભળજો દાદા મારે ભીડ રે પડી
તારી આંખોમાં જોઈ છે મેં પ્રેમની જડી, મારા તારણતરણ...
મારો આતમ બન્યો છે આજ બડભાગી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેં તો હૈયા મેલ્યાં છે આજ શણગારી
તમે વહેલા પધારો ઉરના આંગણીયે... મારા વીર રે પ્રભુ.

## શંખેશ્વર કા નાથ હૈ હમારા...

શંખેશ્વર કા નાથ હૈ હમારા તુમ્હારા...(૨)
ઇસ તીરથ મેં જો ભી આયે
મિલે ન જનમ દુબારા... શંખેશ્વર કા.
કાન મેં કુંડલ ડોલે... મસ્તક મુગટ સુહાયે
કૈસી સુંદર કાયા... ભક્તો કે મન ભાયે
મન કી ઇચ્છા પૂરી હોવે... આયે દ્વાર તિહારા... શંખેશ્વર કા.
મુક્તિ સે ભક્તિ પ્યારી... કહતે જ્ઞાની ધ્યાની
ઇસકે ચરણકમલ મેં... બીતે સારી જિંદગાની
સચ્ચે દિલસે ધ્યાન લગા દો... હોવે વારા ન્યારા... શંખેશ્વર કા.
ઇસ તીરથ કે કંકર... પથ્થર હમ બન જાયે
ભક્તો હમ પે ચલકર... દર્શન તેરા પાયે
અંતિમ ઇચ્છા પૂરી હોવે... જીવન હો સુખકારા... શંખેશ્વર કા.
શંખેશ્વર કા પારસ લીલા અજબ દીખાતા
ઇસકે ચરણ મેં જો ભી આયે, બેડા પાર લગાતા
રાય ઔર રંક કો ભી તારે
જગ કે તારણ હારા ...શંખેશ્વર કા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હે શંખેશ્વર સ્વામી... પ્રભુ જગ અંતર્યામી
તમને વંદન કરીએ... શિવશુખના સ્વામી
મારો નિશ્ચય એક જ સ્વામી... બનું તમારો દાસ
તારા નામે ચાલે... મારા શ્વાસોશ્વાસ...
દુઃખ સંકટને કાપો સ્વામી... વાંછિતને આપો
પાપ અમારા હરજો... શિવસુખને દેજો...
નિશદિન હું માગું છું સ્વામી... તુમ ચરણે રહેવા
ધ્યાન તમારું ધ્યાવું... સ્વીકારજો સેવા...
રાત-દિવસ જંખું છું સ્વામી... તમને મળવાને
આતમ અનુભવ માગું... ભવદુઃખ ટળવાને...
કરુણાના છો સાગર સ્વામી... કૃપા તણા ભંડાર
ત્રિભુવનના છો નાયક... જગના તારણહાર...

## હે કિરતાર મને...

હે કિરતાર મને આધાર તારો, જોજે ના છૂટી જાય...
હે પ્રભુ! તારા પ્રેમનો ખજાનો, જોજે ના ખૂટી જાય...
તારો આધાર મને આ અવનિમાં, આપે પ્રકાશ જ્યોત આ રજનીમાં
શ્રદ્ધાથી બાંધી છે ગાંઠો મેં સ્નેહની, જો જે ના છૂટી જાય...
શક્તિ પ્રમાણે ભક્તિ કરું છું, આ જીવન તું જ ચરણે ધરું છું
પ્રેમનો પ્યાલો પીવા જાઉં ત્યાં, જો જે ના છૂટી જાય...



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગાઉં છું હે પ્રભુ ગીત તુજ પ્રીતના, સ્નેહથી ભરેલા સૂરો સંગીતના
લાખના હીરાને હાથમાંથી કોઈ, જોજે ના લૂંટી જાય...

## હે વીર! મહાવીર

હે વીર! મહાવીર,
જગમાં સાચું તારું નામ હે વીર!...
તું છે માતા, તુજ પિતા છો(૨)
તું તો છે તારણહાર હે વીર!....
તું અંતર્યામી જગનો સ્વામી(૨)
તારા ચરણોમાં મોક્ષધામ હે વીર!...
તું તો નૈયા, જીવતરની હંકારે (૨)
તું ઉગારે તું સંભાળે હે વીર!...
તું જગત્રાતા, વિશ્વ વિધાતા (૨)
તું તો છે હૈયાનો હાર હે વીર!...
તું તો મારો આતમરામ હે વીર!...

## આજ વગડાવો...

આજ વગડાવો વગડાવો રૂડાં શરણાયુંનો ઢોલ,
હે... શરણાયુંનાં ઢોલ રૂડાં નગરાનાં ઢોલ... આજ.
આજ નાચે રે ઉમંગ રંગ અંગમાં રે લોલ
હું તો એવો રે રંગાણો પ્રભુ રંગમાં રે લોલ
હે... હું તો ગાવું ને ગવડાવું, રૂડાં ગીતડાં ના બોલ... આજ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આતો આવ્યો અવસર આજ આંગણે રે લોલ
બાંધો આસોપાલવનાં તોરણિયાં રે લોલ
હે... આજ હૈયે આનંદ છે તન મનમાં રે લોલ... આજ.
આવો આવો સ્નેહીઓ અમ આંગણે રે લોલ
અમે વાટલડી જોતાં બેઠાં બારણે રે લોલ
પ્રેમે પધારી બોલો પ્રભુજીનાં બોલ... આજ.

## ઢોલીડા ઢોલ ધીમો...

ઢોલીડા ઢોલ ધીમો... ધીમો વગાડ ના
પ્રભુ ભક્તિનો જોજે...
મહિમા વહી જાય ના... ઢોલીડા.
હો... વીર પ્રભુની વાણી મેં અંતરથી જાણી
પ્રભુજીના ગુણલા ગાતાં, હૈયું આ ધરાય ના... પ્રભુ ભક્તિનો જોજે.
હે પલ પલ સમરું હૈયે, આવું હું ઉમંગે
દર્શન કરતાં મારી, આંખડી ધરાય ના... પ્રભુ.
હો... કરવી તો છે મારે, આ સંયમની સાધના
હો... મુક્તિના પંથે છે, મારી એક જ ભાવના
આતમ દર્શન કેરો રંગ ઊડી જાય ના... પ્રભુ ભક્તિનો જોજે.

## મારા દાદાને દરબારે...



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારા દાદાને દરબારે ઢોલ વાગે છે
વાગે છે ઢોલ વાગે છે;
ગામ-ગામનાં સોનીડા આવે છે
આવે છે શું-શું લાવે છે?
મારા દાદાનો મુગટ ભરાવે છે.
ગામ-ગામનાં માળીડા આવે છે
આવે છે શું-શું લાવે છે?
મારા દાદાના ફૂલડાં લાવે છે?
ગામ-ગામનાં શ્રાવકો આવે છે
આવે છે શું-શું લાવે છે?
સાચા અંતરની ભાવના લાવે છે.

## દીક્ષા પ્રસંગનાં ગીતો

### ઓઘો છે અણમૂલો

ઓઘો છે અણમૂલો... એનું ખૂબ જતન કરજો
મોંઘી છે મુહપત્તિ... એનું રોજ રટણ કરજો...
આ વેશ આપ્યો તમને... અમે એવી શ્રદ્ધાથી
ઉપયોગ સદા કરજો... તમે પૂરી નિષ્ઠાથી
આધાર લઈ એનો... ધર્મારાધન કરજો... ઓઘો છે
આ વેશ વિરાગીનો... એનું માન ઘણું જગમાં
મા-બાપ નમે, તમને પડે રાજા પણ પગમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ માન નથી મુજને... એવું અર્થઘટન કરજો... ઓઘો છે
આ ટુકડા કાપડના કદી ઢાલ બની રહેશે
દાવાનળ લાગે તો દીવાલ બની રહેશે
એના તાણાવાણામાં... તપનું સિંચન કરજો... ઓઘો છે
આ પાવન વસ્ત્રો છે તારી કાયાનું ઢાંકણ
બની જાયે ના જો જો એ માયાનું ઢાંકણ
ચોખ્ખું ને ઝગમગતું દિલનું દર્પણ કરજો... ઓઘો છે
મેલાં કે ધોયેલાં લીસાં કે ખરબચડાં
ફાટેલાં કે આખાં સૌ સરખાં છે કપડાં
જ્યારે મોહદશા જાગે ત્યારે આ ચિંતન કરજો... ઓઘો છે
આ વેશ ઉગારે છે, એને જે અજવાળે છે
ગાફેલ રહે એને આ વેશ ડુબાડે છે
ડૂબવું છે કે તરવું મનમાં મંથન કરજો... ઓઘો છે

## જા સંયમ પંથે દીક્ષાર્થી

જા સંયમ પંથે દીક્ષાર્થી... તારો પંથ સદા ઊજમાળ બને
જંજીર હતી જે કર્મોની... તે મુક્તિની વરમાળ બને...
જા સંયમ પંથે
હોંશે હોંશે તું વેશ ધરે... તે વેશ બને પાવનકારી
ઉજ્જ્વળતા એની ખૂબ વધે... જેને ભાવથી વંદે સંસારી,
દેવો પણ ઝંખે દર્શનને... તારો એવો દિવ્ય દેદાર બને...



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જા સંયમ પંથે

જે જ્ઞાન તને ગુરુએ આપ્યું તે ઊતરે તારા અંતરમાં
રગરગમાં એનો સ્રોત વહે તે પ્રગટે તારા વર્તનમાં,
તારા જ્ઞાનદીપકના તેજ થકી આ દુનિયા ઝાકઝમાળ બને...

જા સંયમ પંથે

વીતરાગતણાં વચનો વદતી... તારી વાણી હો અમૃતધારા
જે મારગ ઢૂંઢે અંધારે તારાં વેણ કરે ત્યાં અજવાળાં,
વૈરાગ્ય ભરી મધુરી ભાષા... તારા સંયમનો શણગાર બને...

જા સંયમ પંથે

જે પરિવારે તુ આજ ભળે... તે ઉન્નત હો તુજ નામ થકી
જીતે સહુનો તું પ્રેમ સદા... તારા સ્વાર્થ વિહોણા પ્રેમ થકી,
શાસનની જગમાં શાન વધે... તારા એવા શુભ સંસ્કાર બને...

જા સંયમ પંથે

અણગારતણાં જે આચારો... તેનું પાલન તું દિનરાત કરે
લલચાવે લાખ પ્રલોભન પણ... તું ધર્મતણો સંગાથ કરે,
સંયમનું સાચું આરાધન... તારા તરવાનો આધાર બને...

જા સંયમ પંથે

## જેના રોમરોમથી...

જેના રોમરોમથી ત્યાગ અને
સંયમની વિલસે ધારા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ છે અણગાર અમારા
દુનિયામાં જેની જોડ જડે ના
એવું જીવન જીવનારા... આ છે.
સામગ્રી સુખની લાખ હતી... સ્વેચ્છાએ એણે ત્યાગી
સંગાથ સ્વજનનો છોડીને... સંયમની ભિક્ષા માંગી,
દીક્ષાની સાથે પંચમહાવ્રત... અંતરમાં ધરનારા...
આ છે અણગાર અમારા
ના પાંખો વીંઝે ગરમીમાં... ના ઠંડીમાં કદી તાપે
ના કાચા જળનો સ્પર્શ કરે... ના લીલોતરીને ચાપે,
નાનામાં નાના જીવોનું પણ... સંરક્ષણ કરનારા...
આ છે અણગાર અમારા
જૂઠ બોલીને પ્રિય થવાનો... વિચાર પણ ના લાવે
યા મૌન રહે યા સત્ય કહે... પરિણામ ગમે તે આવે,
જાતે ન લે કોઈ ચીજ કદી... જો આપો તો લેનારા!...
આ છે અણગાર અમારા
ના સંગ કરે કદી નારીનો... ના અંગોપાંગ નિહાળે
જો જરૂર પડે તો વાત કરે... પણ નયણાં નીચાં ઢાળે,
મનથી વાણીથી કાયાથી... વ્રતનું પાલન કરનારા...
આ છે અણગાર અમારા
ના સંગ્રહ એને કપડાંનો... ના બીજા દિવસનું ખાણું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ના પૈસા એની ઝોળીમાં... ના એના નામે થાણું,
ઓછામાં ઓછા સાધનમાં... સંતોષ ધરી રહેનારા...
આ છે અણગાર અમારા

## જુઓ રે જુઓ જૈનો...

જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી
કેવા વ્રતધારી આગે થયા નરનારી,
થયા નરનારી તેને વંદના અમારી... જુઓ રે.
જુઓ જુઓ જંબૂસ્વામી-બાળવયે બોધ પામી
તજી ભોગ રિદ્ધિ જેને તજી આઠ નારી
તજી આઠ નારી તેને વંદના અમારી... જુઓ રે.
ગજસુકુમાલ મુનિ... ધખે શિર પર ધૂણી
અડગ રહ્યા જે ધ્યાને ડગ્યા ન લગારી... જુઓ રે.
કોશ્યાના મંદિર મધ્યે... રહ્યા મુનિ સ્થૂલભદ્ર
વેશ્યાસંગ વાસો તોયે... થયા ન વિકારી... જુઓ રે.
સતી તે રાજુલનારી જગમાં ન જોડી એની
પતિવ્રતા કાજે કન્યા... રહી તે કુંવારી... જુઓ રે.
જનકસુતા તે સીતા... બાર વર્ષ વનમાં વીત્યા
ઘણું કષ્ટ વેઠ્યું તો યે... રહ્યા શીલધારી... જુઓ રે.
ધન્ય ધન્ય નરનારી એવા દૃઢ ટેકધારી
જીવિત સુધાર્યું જેણે પામ્યા ભવપારી... જુઓ રે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવું જાણી સુજ્ઞ જૈનો... એવા ઉત્તમ આપ બનો
વીર વિજય ધર્મ પ્રેમ દીયે ગતિ સારી... જુઓ રે.

## રૂડા રાજમહેલને ત્યાગી

રૂડા રાજમહેલને ત્યાગી, પેલો ચાલ્યો રે વૈરાગી...(૨)
એનો આતમ ઉઠ્યો છે આજ જાગી, પેલો ચાલ્યો રે વૈરાગી...(૨)
નથી કોઈ એની, એની રે સંગાથે, નીચે ધરતી ને, આભ છે માથે
એ તો નીકળ્યો છે ખાલી હાથે...(૨)
એણે મુકી જગતની માયા, એની યુવાન છે હજુ કાયા
એણે મુક્તિમાં દીઠો સાર...(૨)
એને સંયમની તલપ જે લાગી, એનો આતમ આજ બન્યો મોક્ષગામી
એની ભવોભવની ભ્રમણા ભાંગી...(૨)

## ગુરુમા તેરે...(૨)

ગુરુમાં તેરે આંસુકે, દો બુંદ જો મિલ જાએ,
યહ બુંદકે પાકર કે, યે જીવન બદલ જાએ...
એક ભટકે રાહી કો, તુને રાહ બતાયા હૈ,
કીચડ મેં પડે ફુલકો, મસ્તક પે ચડાયા હૈ...
અજ્ઞાનકે બિસ્તરસે, મુઝે તુજને ઉઠાયા હૈ,
ઉપશમકે આશન પે, અબ તુજને બિઠાયા હૈ...
દુર્ગતિ કે દુઃખો મેં, મુઝે ગીરતે બચાયા હૈ,
દુર્લભ માનવભવ કો, અબ સફલ બનાયા હૈ...



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નજરોં કે અમૃત શે, પ્રક્ષાલન કર દેના,
યે દોષ ભરે ચિત્તકો, તુંમ નિર્મલ કર દેના...
તેરી અમૃત વાણીને, સંસાર છુડાયા હૈ,
મહાવીરકે મારગ મેં, મુઝે સંત બનાયા હૈ...
તેરે વત્સલરસોસે, મેરે વિષય સફા કરના,
તેરે કૃપાભરે જલ સે, મેરે કષાય દફા કરના...
દીન દીનકી જુદાઈ યે, મુઝે સાલસી લગતી હે,
પલપલ તેરી યાદોંસે, મેરી આંખ ઊભરતી હૈ...
અબ એક અભિલાષા, જબ આખીર દમ મેરા,
તેરે પાવન આંચલમેં, તબ મસ્તક હો મેરા...
આંખોં કી અગ્નિસે, સબ કર્મ જલાદેના,
યે હેમસે આતમ કો, અબ શુદ્ધ બના દેના...

## મને વ્હાલું લાગે

મને વ્હાલુ લાગે, મને વ્હાલુ લાગે
મને વ્હાલું લાગે દાદા તારુ નામ
તન, મન, ધન પ્રભુના ચરણોમાં
નામ તમારુ લેતાં દાદા ભવસાગર તરી જઈએ.
સ્મરણ તમારુ કરતાં દાદા મુક્તિના ડગ ભરીએ
તને જોયા કરુ (૩) દિવસ ને રાત તન, મન, ધન...
સુરવર મુનિવર સૌ કોઈ સમરે નામ તમારુ હૈયે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારા નામે પાપી જીવો પણ પાવન થઈ જાયે
મારા હૈયે વસે (૩) દાદા તારુ નામ તન, મન, ધન...

## આંખ મારી ઉઘડે ત્યાં

આંખ મારી ઉઘડે ત્યાં શંખેશ્વર દેખુ
મંદિરમાં બેઠા મારા પારસનાથ દેખુ
આદિનાથ દેખુ તો મન હરખાતુ
ધન્ય ધન્ય જીવન મારુ કૃપા એની લેખુ
અંતરની આંખોથી દરિશન કરતાં
નયણા અમારા નિશદિન ઠરતાં
તારી રે મૂરતીયે મારુ મન લલચાણું ધન્ય ધન્ય...
નવણ કરાવીને અંતર પખાળું
કેશર ચઢાવી મારા કર્મોને બાળુ
ચંદન ચઢાવી મનને શીતલ બનાવુ ધન્ય ધન્ય...
સોના રૂપાના ફૂલડે વધાવું
અંતરથી હું તારી આરતી ઉતારુ
ભવોભવ મારે શરણુ તમારુ ધન્ય ધન્ય...
નિશદિન તારા ગુણલા હું ગાવું
શિવ મસ્તુ સર્વની ભાવના હું ભાવુ
જ્યારે જ્યારે યાદ કરું તુજને હું દેખું ધન્ય ધન્ય...

ધૂન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતરની શ્રદ્ધા પુકારે મહાવીર શરણં મમ.
દેવો બોલે દેવીઓ બોલે મહાવીર શરણં મમ.
સાધુ બોલે સાધ્વી બોલે મહાવીર શરણં મમ.
શ્રાવક બોલે શ્રાવિકા બોલે મહાવીર શરણં મમ.
યોગી બોલે ભોગી બોલે મહાવીર શરણં મમ.
મારા મનમાં એક જ ભાવ મહાવીર શરણં મમ.
મારા હૈયે એક જ વાત મહાવીર શરણં મમ.
મારા માથે એક જ નાથ મહાવીર શરણં મમ.
મારા અંતરનો એક જ નાદ મહાવીર શરણં મમ.
પ્યારું-પ્યારું એક જ નામ મહાવીર શરણં મમ.
હૃદયની એક જ શ્રદ્ધા મહાવીર શરણં મમ.
મનનું એક જ સમર્પણ મહાવીર શરણં મમ.
વીરપ્રભુનાં ભક્તો બોલે મહાવીર શરણં મમ.
કૈલાસ જેહવી ધીરતા મહાવીર શરણં મમ.
કલ્યાણની છે ભાવના મહાવીર શરણં મમ.
પદ્મ જેવી નિર્લેપતા મહાવીર શરણં મમ.
પ્રશાંત જેહની મુખમુદ્રા મહાવીર શરણં મમ.
પદ્મ-રત્ન બિરાજતા મહાવીર શરણં મમ.
પુનીત પાવન ચરણોમાં મહાવીર શરણં મમ.
સાગર જેહવી ગંભીરતા મહાવીર શરણં મમ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારા શરણે આવ્યો છું સ્વીકારી લે,
પછી લઈજા પ્રભુ તારા ધામમાં, ...તારા શરણે.
તારા દર્શન વિણ મુજને, ચેન ન આવે,
ઘડી ઘડી નાથ તારો વિરહ સતાવે,
હું અહીં સબડું ને તું ત્યાં બિરાજે છે,
ક્યાં રે હોતું હશે આવું પ્રેમમાં, ...તારા. ૧
તારા વિણ સ્વામી મુજથી, એકલું રહેવાય ના,
વિયોગથી વસમી ઘડીઓ મુજથી ગણાય ના,(૨)
પકડ્યો પાલવ છે પાનુ નિભાવી લે પછી... તારા. ૨
તારી મારી પ્રિતડી છે, યુગયુગ પુરાણી,
તારી મારી પ્રિતની આ, અમર કહાની,(૨)
ક્યારે મળવું છે એ તું જણાવી દે પછી. તારા. ૩
અંતરની વાત મારે, કોને જઈને કહેવી,
હૈયાની વેદના મારે, કેમ કરી સહેવી,(૨)
અંતરયામી છે પ્રતીતી કરાવી પછી. તારા. ૪
ક્યારે મળે નાથ હું તો જોઉ તારી વાટડી,
રોઈને રાતી થઈ છે, હવે મારી આંખડી,
પદ્મનંદીની વિનંતી તું માની લે પછી. તારા. ૫

## જબ કોઈ નહી આતા...

જબ કોઈ નહીં આતા, મેરે દાદા આતે હૈ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેરે દુઃખ કે, દિનો મેં વો બડે યાદ આતે હૈ. જબ કોઈ.
મેરી નૈયા ચલતી હૈ, પતવાર નહીં ચલતી,
કિસી ઔર કી અબ મુજકો, દરકાર નહીં ચલતી,
મૈં ડરતા નહીં જગસે, પ્રભુ સાથ હોતે હૈં. મેરે દુઃખ કે૦...૧
કોઈ યાદ કરે ઇનકો, દુઃખ હલકા હો જાયે,
કોઈ ભક્તિ કરે ઇનકી, વો ઇનકે હો જાયે,
યે બિન સોચે કુછ ભી, પહચાન જાતે હૈં. મેરે દુઃખકે૦...૨
યે ઇતને બડે હોકર, ભક્તો સે પ્યાર કરે,
અપને ભક્તો કે દુઃખ કો, યે પલ મેં દૂર કરે,
અપને ભક્તો કા કહના, પ્રભુ માન જાતે હૈં. મેરે દુઃખકે૦...૩
મેરે મનકે મંદિર મેં, દાદા કા વાસ રહે,
કોઈ પાસ રહે ના રહે, મેરે દાદા પાસ રહે,
મેરે વ્યાકુલ મનકો, પ્રભુ જાન જાતે હૈં. મેરે દુઃખકે૦...૪

## હે શારદે મા... (સરસ્વતી દેવીની પ્રાર્થના)

હે શારદે મા... હે શારદે મા
અજ્ઞાનતાસે હમે તાર દે મા
તું સ્વર કી દેવી... યે સંગીત તુજસે
હર શબ્દ તેરે... હર ગીત તુજસે
હમ હૈ અકેલે... હમ હૈ અધૂરે
તેરી શરણ મેં હમે પ્યાર દે મા... હે શારદે મા. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિઓને સમજી, ગુણીઓને જાણી,
સંતો કી ભાષા... આગમો કી વાણી
હમ ભી તો સમજે હમ ભી તો જાને
વિદ્યા કા હમકો અધિકાર દે મા... હે શારદે મા. ૨
તું શ્વેતવર્ણી કમલ પે બિરાજે
હાથો મેં વીણા મુગટ સર પે છાજે
મન સે હમારે મિટાદે અંધેરે
હમ કો ઉજાલે કા પરિવાર દે મા... હે શારદે મા. ૩

## ગુરુ ગુણ સ્તુતિ

આત્મજ્ઞાની મહાનયોગી જ્ઞાની ધ્યાની અધ્યાત્મી
અષ્ટોત્તરશત ગ્રંથ પ્રણેતા જ્ઞાનનિધિ ને ગુણોદધિ
બુદ્ધિસાગરસૂરીશ્વરજી ગુરૂ ભવ્યજીવોના અંતરયામી
શ્રી ગુરૂ ચરણે ભાવે વંદન કરૂં છું કોટી કોટી. ૧
કૈલાસ જેવી ધીરતાને સાગર જેવી ગંભીરતા
ગુણોથી હતી મહાનતાને રહેતી સદાયે પ્રસન્નતા
જેના નયન નીચા, ભાવ ઊંચા હૃદયે હતી કારૂણ્યતા
કૈલાસસાગરસૂરી ગુરૂને ચરણે સૌ કોઈ પ્રણમતા
ગુણવંત ગચ્છાધિપતીને ચરણે કોટી વંદના. ૨
સિંહ સમ જેની ગર્જનાને વચનમાંહિ નીડરતા
હૃદયમાંહી કોમલતાને અદ્‌ભૂત જેની વાત્સલ્યતા
શાસન પ્રભાવક જે કહાયા ગચ્છાધિપતીપદે શોભતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


સાગરસમ સુબોધસાગરસૂરી ગુરૂને વંદના.
પદ્મ જેવી સુવાસ જેહની પદ્મ જેવી નીર્લેપતા
વાણી અમૃતધાર વહેતી લાગે સૌને મધુરતા
રાષ્ટ્રસંતનું બીરૂદ જેહને શાસનધ્વજ લ્હેરાવતા
પદ્મસાગરસૂરીશ્વરચરણે ભાવે કરૂં હું વંદના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


દિવ્યકૃપા



પરમ પૂજ્ય
ગચ્છાધિપતી આચાર્યદેવ
શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા

ગુરુકૃપા

રાષ્ટ્રસંત પ્રવચન પ્રભાવક
પરમ પૂજ્ય આચાર્ય
શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌજન્ય

ઝીંઝુવાડા નિવાસી, હાલ મુંબઈ
પૂજ્ય પિતાશ્રી ની પુણ્યસ્મૃતિમાં તથા
માતૃશ્રી ના સુકૃત કાર્યોની
અનુમોદનાર્થે

**વોરા જસવંતલાલ મણિલાલ**

તથા

**માતૃશ્રી જ્યોતિબેન જસવંતલાલ વોરા**

ના જીવનમાં થયેલા
સુકૃતકાર્યો ની અનુમોદનાર્થે

હસ્તે-હીતેનભાઈ જસવંતલાલ વોરા
હેમંતભાઈ જસવંતલાલ વોરા

બી ૧૦૧,૧૦૨, શંકરપાર્ક,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭

Concept By : BIJAL GRAPHICS : 079-22112392

For Private And Personal Use Only